રાજનૈતિક પ્રપંચ

અથવા

પ્રભુસિંહની પ્રતિજ્ઞા

પ્રયોજક

મગનલાલ બાપુભાઈ ઠક્કર.

રાજનૈતિક ષડયંત્ર

અથવા

મરૂભૂમિની મોહિની.

(ઐતિહાસિક નવલકથા.)

પ્રયોજક અને પ્રકાશક,

વ્રજલાલ જાદવજી ઠક્કર,

તંત્રી—'લુહાણા-બંધુ' અમદાવાદ.

સોલ એજન્ટ,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

બુકસેલર ઍન્ડ પબ્લીશર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૧-૪-૦.

પ્રત ૧૦૦૦.

"Historical novels give us brilliant pictures of history, which from their vividness make a far deeper impression than the duller masses of historical text books."

(ભાવાર્થ:—ઐતિહાસિક નવલકથાઓ આપણા સમક્ષ ઇતિહાસનાં તેજસ્વી ચિત્રો રજૂ કરે છે, અને તે ચિત્રો રસિક હોવાથી ઇતિહાસની ચોપડીઓનાં નિરસ પૃષ્ઠો કરતાં આપણા ઉપર તેથી તે વિશેષ ઉંડી અસર કરે છે.)

વિક્રમાબ્દ ૧૯૭૪

ખ્રિસ્તાબ્દ ૧૯૧૮.

અમદાવાદ—સલાપોસ રોડપર આવેલા ડાયમન્ડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં પરીખ દેવિદાસ છગનલાલે છાપ્યું.

ભક્તિ-પત્ર.

જે પરમપૂજ્ય વિશ્વવંદ્ય સદ્‌ગુરુ સ્વામી શ્રી રામકૃષ્ણ પરમહંસે સમસ્ત ભારતવર્ષમાં પોતાની જ્ઞાનજ્યોતિનો પ્રકાશ ફેલાવી, અજ્ઞાનાંધકારનો નાશ કર્યો છે એ દૈવી મહાત્માના ચરણકમળમાં આ પુસ્તક ભક્તિપૂર્વક સમર્પણ કરવામાં આવે છે.

વિષયાનુક્રમણિકા.

પ્રસ્તાવના.

"We have always thought it strange, that while the history of the Spanish Empire in America is familiarly known to all the nations of Europe the great actions of our countrymen in the East should even among ourselves excite little interest. Every schoolboy knows who imprisoned Montezuma and who strangled Atahaulpa. But we doubt whether one in ten, even among English gentlemen of highly cultivated minds, can tell who won the battle of Buxar, who prepetrated the massacre of Patna, whether Suraj Dowla ruled in Oude or Travancore or whether Holkar was a Hindu or Mussalman."

લૉર્ડ મેકોલે લૉર્ડ ક્લાઇવ સંબંધી નિબંધ લખતાં પોતાના દેશીઓને ઉપર પ્રમાણે ઉપાલંભ આપે છે. એનો ભાવર્થ એવો છે કે, "અમને આશ્ચર્યજનક લાગે છે કે, જ્યારે અમેરિકામાં સ્પેન રાજ્યનો ઇતિહાસ યૂરોપની સર્વ પ્રજાઓને ઘણી સારી રીતે પરિચિત છે, ત્યારે આપણા પોતાના સ્વદેશવાસીઓનાં પૂર્વ કૃત્યોથી પરિચિત થવાની બિલ્કુલ જીજ્ઞાસા આપણને ઉત્પન્ન થતી નથી. મોન્ટીઝમાને કારાગૃહમાં કોણે નાખ્યો અને અટાહલ્પાની ગરદન કોણે દબાવી એ દરેક વિદ્યાર્થી જાણે છે; પરંતુ જે અંગ્રેજોએ ઉત્તમ પ્રકારનું શિક્ષણ સંપાદન કર્યું હશે તેઓમાંના દશમાંથી એક પણ, બક્ષરના રણસંગ્રામમાં કોણે જય મેળવ્યો, પટણાની કત્લ કોણે કરી, સુરાજદૌલા અયોધ્યાનો

નવ્વાબ હતો કે ટ્રાવન્કોરનો નવ્વાબ હતો, હોલ્કર હિન્દુ હતો કે મુસલ્માન તે કહી શકે એ માટે અમને શંકા છે."

આ આક્ષેપ ભારતવાસીઓને માટે અક્ષરસઃ લાગુ પડે છે. અત્યારના આપણા વિદ્યાર્થીઓ, ગૃહસ્થો વગેરેને આપણા દેશીય ઇતિહાસનું કેટલું થોડું જ્ઞાન છે એ પ્રત્યેક વિચારશીલ વ્યક્તિ જાણે છે. બોલિંગબ્રોક જણાવે છે કે, "History is philosophy teaching by example." અર્થાત્ ઇતિહાસ એક દર્શનશાસ્ત્ર છે. જે દૃષ્ટાંતોથી આપણને શિક્ષણ આપે છે. તે આપણને મહાન્ પુરુષોનો સત્સંગ કરાવે છે અને દુર્જનોનાં દુષ્કાર્યોનો તિરસ્કાર કરતાં શીખવે છે. આ વચનોપરથી સાહિત્યસૃષ્ટિમાં સત્યઘટનાપરિપૂર્ણ ઐતિહાસિક નવલકથાઓની કેટલી બધી અગત્ય છે એ સાબિત થાય છે. એક કાલ્પનિક નવલકથાની જનસમાજપર જેટલી અસર નથી થતી તેટલી—બલ્કે તેથી પણ વિશેષ અસર ઐતિહાસિક નવલકથાથી થાય છે એ તદ્દન સત્ય છે.

પ્રસ્તુત નવલકથામાં પણ સત્ય ઐતિહાસિક ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને ઐતિહાસિક વસ્તુને પ્રાધાન્ય આપી કલ્પના ગૌણ રાખવામાં આવી છે; એટલું છતાં આધુનિક નવલકાનકારોએ એટલું અવશ્ય ધ્યાનમાં રાખવાની આવશ્યકતા છે કે, ઇતિહાસ અને ઐતિહાસિક નવલકથામાં કેટલુંક પાર્થક્ય છે. ઐતિહાસિક નવલકથાની પ્રત્યેક લીટી સત્ય ઇતિહાસથી પૂર્ણ હોવી જોઇએ એવી માન્યતા ભ્રમમૂલક છે. ઐતિહાસિક નવલકથા અને કાલ્પનિક નવલકથામાં એવો પ્રભેદ હોય છે કે, ઐતિહાસિક નવલકથાનાં નાયકનાયિકા, સ્થાનાદિ અને તેમના જીવનના મુખ્ય પ્રસંગો વાસ્તવ હોય છે, તથા અત્યાચાર, અવિચાર, ન્યાયાન્યાય, દયા, ધર્મ, વગેરે ઘટનાઓ એ

ઐતિહાસિક પાત્રોના ચારિત્ર્યના ગુણદોષનો વિચાર કરી કલ્પનાની સહાયતાથી વર્ણવવામાં આવે છે; જેથી સત્ય ઇતિહાસને બિલકુલ બાધા આવવાનો સંભવ રહેતો નથી. અસ્તુ.

ઈ૦ સ૦ ૧૮૨૧માં જાલિમસિંહ જ્યારે કોટાના મહારાવ કિશોરસિંહનો રાજપ્રતિનિધિ હતો ત્યારે તેણે પોતાનું રાજપ્રતિનિધિત્વ વંશાનુક્રમિક ચાલૂ રાખવા માટે કેવો શ્રમ ઉઠાવ્યો હતો, સ્વરાજ્યોદ્ધારાર્થે અને પૂર્વજોના ગૌરવનારક્ષણાર્થે કોટાના રાજકુમારોએ કેટલું કષ્ટ વેઠયું હતું, જાલિમસિંહના દાસીપુત્ર ગરધનદાસે જાલોરરાજનન્દિની અલકાસુંદરીને સહધર્મિણી સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે તેના પર કેવો અમાનુષિક અત્યાચાર કર્યો હતો તેમજ જશલમીરરાજનન્દન ગજસિંહે એ ક્ષત્રિયાણીનો સંકટોદ્ધાર કરી તેના મનને કેવી રીતે આકર્ષ્યું હતું, પ્રેમની પ્રતિદ્વન્દ્વિતાથી ગરધનદાસ ગજસિંહ સાથેના દ્વંદ્વયુદ્ધમાં કેવી રીતે અકાળે જ આલોકની જીવનલીલા પૂર્ણ કરી ગયો હતો, ભયંકર રણસંગ્રામમાં સુચતુર જાલિમસિંહના વંશનો ધ્વંસ કેવી રીતે થયો હતો, તથા ન્યાયપરાયણ પરહિતતત્પર અંગ્રેજ સરકારે કેવી કુશળતાથી અંતે ઉભય પક્ષનું સમાધાન કર્યું હતું વગેરે અત્યંત રસિક, ચિત્તચમકપ્રદ, મનોરંજક અને મનોત્તેજક વિષયોનું આ નવલકથામાં યથાશક્તિ વર્ણન કરવામાં આવ્યું છે, તથા આ પ્રયોજકની અન્યાન્ય નવલકથાનો ગુર્જર સાહિત્યવિલાસી સજ્જન વર્ગમાં જેવો સત્કાર થાય છે તેવો જ સત્કાર પ્રસ્તુત નવલકથાનો થશે તો પ્રયોજક પોતાના સકળ શ્રમની સાર્થકતા થઇ સમજશે.

અંતે આ નવલકથા પ્રસિદ્ધ કરવામાં મ્હને ઉત્સાહિત કરનાર અને આવશ્યકીય સહાયતા આપનાર સર્જન સુહૃદ શ્રીયુત રમણલાલ

ત્રિકમલાલનો આ સ્થળે હું આભાર માનું છું, તેમજ જે અંગ્રેજી, હિન્દી અને બંગાળી ગ્રંથકારોના ગ્રંથોની આ ઐતિહાસિક નવલકથા લખવામાં સહાયતા લેવામાં આવી છે તેમનો પણ આભાર માનું છું.

ભાઇશ્રી રમણુલાલ એક આદર્શચરિત યુવક હોઇ હમ્મેશાં ધર્મ-કાર્યોમાં તેઓ આગળ પડતો ભાગ લે છે. સ્વામી રામકૃષ્ણુ પરમહંસના તેઓ એકનિષ્ઠ ભક્ત છે. તેમના ભક્તિમય અંતઃકરણુની પ્રેરણાથી પ્રસ્તુત નવલકથા પરમપૂજ્ય, વિશ્વવંદ્ય આદર્શ સ્થાનીય ગુરુદેવ સ્વામી રામકૃષ્ણુ પરમહંસને સમર્પણુ કરવામાં આવી છે. એ સદ્‌ગુરુદેવ સમસ્ત વિશ્વનું કલ્યાણુ કરો એવી અનન્ય ભાવયુક્ત પ્રાર્થનાસહ આ પ્રસ્તાવના પુર્ણ કરવામાં આવે છે.

માંડવીની પોળમાં-સુરદાસ શેઠની પોળ-અમદાવાદ.
તા. ૧૩-૮-૧૮.

લિ.
સાહિત્યસેવક;
વ્રજલાલ જાદવજી ઠક્કર.

ॐ तत्सत्परमात्मने नमः ।

રાજનૈતિક ષડયંત્ર

અથવા

મરૂભૂમિની મોહિની.

(ઐતિહાસિક નવલકથા.)

પ્રકરણ ૧ લું.

વીર રાજપૂતનો નિશ્ચય.

ઈ. સ. ૧૮૨૧ ના ખ્રિસ્તાબ્દનો જ્યેષ્ઠ માસ હતો. લગભગ બપોરના અગીઆર વાગ્યાનો સમય થયો હતો. પ્રખર સૂર્યકિરણોથી પૃથિવી તપી ગઇ હતી. રસ્તે કોઇ પણ મનુષ્ય નજરે પડતું નહોતું. આવા સોસ તાપમાં સામાન્ય માણસ બ્હાર નીકળી શકે તેમ નહોતો. આવા સમયે એક વખત દિલ્હીથી અગ્રવનના માર્ગે એક ઘોડેસવાર જતો જોવામાં આવતો હતો. તે જેમ જેમ આગળ વધતો હતો તેમ તેમ સૂર્ય ભગવાન્ પણ જાણે કે વિશેષ રોષે ભરાઇ વિશેષ અગ્નિકણોની વૃષ્ટિ વર્ષાવતા હતા. પ્રકૃતિ દેવી હસ્તસંકેત કરીને જાણે કે એ યુવકને પ્રવાસ બંધ કરવાની સૂચના કરતી હતી. માર્ગ તરફ દૃષ્ટિ ફેરતાં ઉજ્વળ શિલાઓપર પડેલાં સૂર્યકિરણો પ્રવાસીનાં નેત્રોને

પીડિત બનાવી દેતાં હતાં. અશ્વારોહીનું સર્વાંગ પસીનાથી ભીંજાઇ ગયેલું હોવાથી તથા તે ઘણો તૃષાતુર બની ગયેલો હોવાથી તે હવે આગળ વધી શકતો નહોતો. બહાદુર અશ્વ પણ શાન્ત બની ગયેલો હોઇ તેનું સર્વાંગ સુદ્ધાં સ્વેદાંબુઓથી ભીંજાઇ ગયું હતું. હવે જો માત્ર એક જ ગાઉ જેટલો માર્ગ કાપવામાં આવે તો ઘોડેસવાર અગ્રવનમાં પહોંચી શકે તેમ હતો; છતાં આ એક ગાઉ જેટલો માર્ગ હવે તેને ઘણો લાંબો લાગતો હતો. આથી પાસે આવેલા એક પાન્થનિવાસમાં તેણે આશ્રય સ્વીકાર્યો. ઘોડાપરથી ઉતરી પડી તેણે પોતે જ ઘોડાનો સામાન છોડી નાખ્યો. એવામાં પાન્થનિવાસના રક્ષકે પાણી લઇ આવી ઘોડાને પાયું. જળપાન કર્યા પછી ઘોડો એટલામાં જ ફરતો ફરતો ચરવા લાગ્યો.

પ્રવાસીએ પાન્થનિવાસમાં પ્રવેશ કર્યો. ત્યાં શરીરપરનાં વસ્ત્રો ઉતારી આરામ લેવા માટે પાસેના એક ઓરડામાં એ ગયો. એ ઓરડામાં ચાર પલંગ બિછાવેલા હોઇ તેમાંના એક પલંગપર એક માણસ સૂઇ રહેલો હતો. પછી પાન્થનિવાસના રક્ષકને ઘોડાની દેખરેખ રાખવાની સૂચના કરી, થાકી ગયેલો—વિહ્વળ બની ગયેલો પ્રવાસી એક પલંગમાં સૂઇ ગયો.

દિવસનો ઘણો ખરો સમય નિદ્રામાં જ પસાર કરી પ્રવાસી પલંગમાંથી ઉઠી બહાર નીકળ્યો ત્યારે તેણે એક દીર્ઘાકૃતિ પુરુષને એક વેત્રાસનપર બેસી રહેલો જોયો. એ પુરુષે સુંદર પોષાક પહેરેલો હોવાથી તે ભદ્રકુળમાં ઉત્પન્ન થયો હોય એવો પ્રથમ દર્શને જ ભાસ થતો હતો. આપણા પ્રવાસીને બહાર આવેલો જોઇ પાન્થનિવાસનો રક્ષક એ સ્થળે બીજું એક વેત્રાસન લઇ આવ્યો. સૂર્યદેવ સમસ્ત દિવસ રાજકાર્યની પર્યાલોચના કરીને વિશ્રામાર્થે ગમન કરતા હતા.

પ્રફુલ્લ વાયુ સ્વચ્છંદતાથી વિહરતો હતો. પ્રવાસી શાન્ત થઇ વેત્રાસનપર બેઠો એટલે પેલા સુંદર પોષાક પહેરીને બેઠેલા પુરુષે તેનો પરિચય પ્રાપ્ત કરવા માટે અત્યંત ઉત્સુક બની જઇને કહ્યું:—"મહાશય! આપ કોઇ ઉચ્ચ વંશમાં ઉત્પન્ન થયા હો એમ મ્હને લાગે છે; તેથી જન્મ ગ્રહણ કરી આપે કયું કુળ ઉજ્વળ કર્યું છે એ જણાવવાની કૃપા કરશો કે?"

આ પ્રશ્નના ઉત્તરમાં પ્રવાસીએ કહ્યું:—"હું જશલમીરાધિપતિ મહારાણા મૂળરાજસિંહજીનો પુત્ર ગજસિંહ છું. કારણવશાત્ હું દિલ્હી ગયો હતો. ત્યાંનું કાર્ય સંપૂર્ણ કરી, અયવન અને ઝાલોર થઇને હું જશલમીર જઇશ."

અપરિચિત પુરુષ ઝાલોરનું નામ સાંભળી ચમકી ઉઠયો. થોડા સમય સુધી સ્થિર દૃષ્ટિથી તેનું વદનમંડળ જોઇને તેણે પૂછ્યું:—"મહાશય! જો મ્હારા પ્રશ્નમાં કિંચિત્ પણ અવિવેક જણાય તો એ માટે આપ ઉદારતાથી મ્હને ક્ષમા આપજો. ઝાલોરનું નામ સાંભળી મ્હારા અંતરમાં અત્યંત કુતૂહલ ઉત્પન્ન થયું છે. ઝાલોરમાં આપને શું પ્રયોજન છે?"

અપરિચિત પુરુષની આવી પ્રશ્નપરંપરાથી ગજસિંહ પણ કુતૂહલાક્રાન્ત થયો. તેણે ઝાલોરમાં પોતાને શું પ્રયોજન છે તે નહિ જણાવતાં, એ પ્રશ્ન પૂછનાર પુરુષના આપાદ મસ્તકનું દર્શન કર્યું. પછીથી તેણે કહ્યું:—"આપના આ પ્રશ્ન ઉપરથી આપ ઝાલોર જતા આવતા હો એમ લાગે છે, તેમજ ઝાલોરમાં કોઇની સાથે આપનો પરિચય હોય એવો ભાસ થાય છે."

જે વ્યક્તિના અંતરમાં પ્રણયકલિકા પ્રસ્ફુટિત થયેલી હોય છે એ વ્યક્તિને જ્યારે પ્રણયકથા કહેવાનો સુયોગ પ્રાપ્ત થાય છે ત્યારે

તે શાન્ત રહી શકતી નથી. ગજસિંહનાં વચનો સાંભળીને એ વ્યક્તિએ ઝાલોરરાજનન્દિની અલકાસુંદરીનું વર્ણન કરવા માંડયું. ગજસિંહ પોતે જેનું દર્શન કરવાની અભિલાષાથી ઝાલોર જવાને અધીર બની ગયો હતો તે જ અલકાસુંદરીનું વર્ણન ઉત્સુક્તાથી એ સાંભળવા લાગ્યો.

અપરિચિત વ્યક્તિએ કહ્યું:—" ઝાલોરનો રાજા મધુરાવને અલકાસુંદરી નામની એક અપૂર્વ સૌન્દર્યમયી પુત્રી છે. હું તેનો પ્રણય પ્રાપ્ત કરવાની અભિલાષાથી ઘણા દિવસ સુધી ઝાલોર રાજમહાલયમાં રહ્યો હતો. મ્હારી સાથે વિવાહિતા થવાને અલકા પણ રાજી હતી, પરંતુ એવામાં કોટાના અધિપતિ જાલિમસિંહ વિરુદ્ધ એક **રાજનૈતિક ષડયંત્ર** થયું. જાલિમસિંહજી મ્હારા પિતા થાય છે. મ્હારું નામ ગરધનદાસ છે. અંગ્રેજોની સલાહથી પિતાએ મ્હને નિર્વાસિત કર્યો છે; તેથી ઝાલોરના રાજાનું શરણ સ્વીકારી મ્હેં પણ એ ષડ્યંત્ર કિંવા કારસ્થાનમાં ભાગ લીધો. વિદ્રોહીઓનો નાયક થઇને જો કદાચ હું પિતાને પરાજિત કરી શક્યો હોત તો અલકાસુંદરીનું પાણિગ્રહણ કરવાને હું સમર્થ થાત; પરંતુ પિતાએ અંગ્રેજોની સહાયતાથી વિદ્રોહીઓનો પરાજય કર્યો. તેઓ વિદ્રોહી નરપતિઓની શોધ કરી, તેમને કેદ પકડી તેમનાં જીવનનો સંહાર કરી નાખવા લાગ્યા. આવા સમાચાર જ્યારથી મ્હારા જાણવામાં આવ્યા છે ત્યારથી હું ઝાલોરના રાજાશ્રયનો ત્યાગ કરી એક પાન્થનિવાસથી બીજા પાન્થનિવાસમાં ભટકયા કરું છું. અલકાસુંદરીના પિતા મધુરાવ અને ભ્રાતા અવન્તીરાવ હમણાં કારાગૃહમાં પડેલા છે. મ્હારા પિતાજી અલકાસુંદરીને કેદ કરવાને પણ તૈયાર થયા હતા; પરંતુ એક સેનાપતિની સલાહ પ્રમાણે તેનો દોષ સાબિત થતાં તેને યોગ્ય સજા

કરવાનું વિચારી, એક સરદારને કેટલાક સૈનિકોસહ તેમણે તેના પર દેખરેખ રાખવા માટે રાખ્યો છે. હમણાં અલકાસુંદરી પણ એ પાષાણુ હૃદયના પહેરેગીરોની દેખરેખમાં, ઝાલોર દુર્ગમાં મહા કષ્ટે પોતાનો કાળ પસાર કરે છે."

"આમ હોવા છતાં આપ આપની ભાવી પત્નીનો આવા સંકટ સમયે ત્યાગ કરી ભીરુ પુરુષની માફક ભટકયા કરો છો?" કિંચિત્ તિરસ્કારમિશ્રિત સ્વરે ગજસિંહે કહ્યું.

"એક સામાન્ય સ્ત્રીને માટે કોણ પોતાનું બહુમૂલ્ય જીવન સંકટમાં નાખે છે?" ગરધનદાસે કહ્યું.

ગરધનદાસની આવી ભીરુતાનો પરિચય પ્રાપ્ત કરી ગજસિંહ ક્રોધે ભરાયો. તેણે કહ્યું:—"આજ શું રાજપૂત વીર્ય છે કે? આજ શું નિસ્વાર્થ સ્નેહ કિંવા આંતરિક અનુરાગ છે કે? જે બહાદુર રાજપૂતોએ પોતાના બાહુબળ અને વીરત્વપર પૂર્ણ વિશ્વાસ મૂકી પ્રબળ પ્રતાપશાળી દિલ્હીશ્વરના દિલમાં પણ ડર ઉપજાવ્યો હતો, જે શૂરવીર ક્ષત્રિયોએ સતી સનારીઓના સ્વધર્મનું સંરક્ષણ કરવા માટે યુદ્ધક્ષેત્રોમાં પોતાનાં બહુમૂલ્ય જીવન સમર્પણ કર્યાં હતાં, જે રાજપૂત વીરનરો બાર વર્ષ સૂધી પર્વતકંદરમાં ભ્રમણ કરી, પોતાના કુટુંબસહ અપાર દુઃખ વેઠી પોતાના રાજ્યનો ઉદ્ધાર કરવાને સમર્થ થયા હતા, માત્ર પુરુષો તો શું; કિન્તુ જે રાજપૂત રમણીએ અસાધારણ બુદ્ધિકૌશલથી, મિયાનાઓમાં ગુપ્ત રીતે સૈન્ય લઇ જઇ, દિલ્હીશ્વરના વિલાસમંદિરમાં ઉપસ્થિત થઇ, આકસ્મિક યુદ્ધવિગ્રહથી તેનો પરાજય કરી પોતાના પતિનો ઉદ્ધાર કર્યો હતો એજ વીર રાજપૂત જાતિમાં ઉત્પન્ન થઇ એક અબળા રમણીને સંકટમય દુર્ગમાં, દુઃખદ અવસ્થામાં રહેવા દઇ શૃગાલની માફક તમે તમારો જીવ બચાવવાને

ક્યાંવે ત્યાં ભટક્યા કરો છો? ગરધનદાસ! તમે રાજપૂત વંશને કલંકિત કરનાર ભીરુ પુરુષ છો. તમારું નામ સાંભળી બહાદુર રાજપૂતો તમારો તિરસ્કાર કર્યા સિવાય રહેશે નહિ."

"ગજસિંહ! બહાદુર રાજપૂતોનું શૌર્ય વીર્ય મ્હારાથી અજાણ્યું છે કે? પરંતુ તમે નિષ્પ્રયોજન મ્હારાપર દોષ મૂકો છો. જે રમણી મ્હારી સાહસિકતા તથા મ્હારું શૌર્ય વીર્ય જોઇ મ્હને સ્વામી તરીકે સ્વીકારવાને સંમતા થઇ હતી તે જ અભિમાનિની અબળા મ્હને જાલિમસિંહનો દાસીપુત્ર સમજી મ્હારો તિરસ્કાર કરવા લાગી. આમ હોવાથી હું પ્રાણહારક સંકટમાં ઝંપલાવી કેવી રીતે તેનો ઉદ્ધાર કરું? જો તમારામાં ઉદારતા, સાહસ, બળ વગેરે હોય તો તમે જ તેનો સંકટમાંથી ઉદ્ધાર કરીને તેને તમારી પ્રિયતમા બનાવો. હું એવી ઉચ્ચાભિમાનિની વંશગૌરવકારિણી સુંદરીને મ્હારી પ્રાણેશ્વરી બનાવવાને ઇચ્છતો નથી." ગરધનદાસે કહ્યું.

"જુઓ ગરધનદાસ! સ્ત્રીજાતિ ઉચ્ચાભિમાનિની તેમજ વંશગૌરવકારિણી થઇ શકે છે; કિન્તુ એમ હોવા છતાં કેટલી વીર રમણીઓ વીર પુરુષના સાહસ, બળ, તેજસ્વિતા આદિ ગુણથી વશીભૂતા થઇ, વંશગૌરવ તરફ દુર્લક્ષ કરી, તેમના કંઠમાં જ વરમાળા આરોપે છે એ તમે જાણો છો કે? જ્યારે રાણો રાયમલ્લ નાન્દુનગરમાં પઠાણોનો બંદીવાન્ બન્યો હતો ત્યારે તેણે બુન્દીના રાજા નારાયણસિંહ પાસે સહાયતા માગી હતી. નારાયણદાસે પઠાણ સૈન્યને પરાજિત કર્યું છે એવા સમાચાર જાણવામાં આવતાં જ રાયમલ્લે તેનું યથાશક્તિ સંમાન કર્યું હતું, તથા મહિલામંડળમાંથી રાયમલ્લની ભત્રિજી કેતુએ તેનો પતિ તરીકે સ્વીકાર કર્યો હતો. ઇતિહાસમાં આવાં અસંખ્ય ઉદાહરણો છે. તમે જો કદાચ વીરત્વ દર્શાવીને અલકાસુંદરીના

પિતા તેમજ ભ્રાતાને બંધનમુક્ત કરી શક્યા હોત તો તમારા વીરત્વથી વશીભૂતા થઇને એ અલકાસુંદરીએ તમારા જ કંઠમાં વરમાળા આરોપી હોત. એ પ્રસંગે તેણે દાસીપુત્રનો વિચાર કરીને તમારો તિરસ્કાર ન જ કર્યો હોત." ગજસિંહે યથાર્થ વચનો ઉચ્ચાર્યાં.

"હવે હું વીરત્વ દર્શાવીને રમણીનો પતિ થવાને ઇચ્છતો નથી. જે રમણી દાસીપુત્ર તરીકે મ્હારો તિરસ્કાર કરે છે, તેનો ઉદ્ધાર કરવાની કામનાથી હું હવે પ્રાણહારક ભીષણ સંકટમાં ઝંપલાવું તેમ નથી જ. તમારી ઇચ્છા હોય તો તમે જ તેનો ઉદ્ધાર કરી તમારા કંઠમાં વરમાળા પહેરો." ગરધનદાસે અનિચ્છા દર્શાવી.

"એ નિરાધાર અબળા સંકટ સાગરમાં ડૂબેલી છે એમ સાંભળી શાન્તિથી બેસી રહેવું એ ક્ષત્રિયનો ધર્મ નથી. જો તમે તેનું પાણિગ્રહણ કરવામાં તથા તેનો ઉદ્ધાર કરવામાં પાછી પ્હાની કરશો તો હું તેના માટે મ્હારું આ જીવન સુદ્ધાં સમર્પણ કરીશ. હવે તમે તમારો ચોક્કસ વિચાર મ્હને જણાવો. જો આ કાર્ય બજાવવા તમે તૈયાર હો તો મ્હારે વચ્ચે પડવાનું પ્રયોજન નથી." ગજસિંહે રાજપૂત કર્તવ્યનું સ્મરણ કરાવ્યું.

"મ્હારે જે કાંઇ કહેવું હતું તે સઘળું હું તમને સ્પષ્ટતાથી કહી ચુક્યો છું. જો એનો ઉદ્ધાર કરવાની તમારી આંતરિક ઇચ્છા હોય તો તમે સત્વર ત્યાં જાઓ. તમે સહેલાઇથી તેને બચાવી શકશો એમ હું ધારતો નથી. અત્યાર સુધીમાં તે તેના પિતા તેમજ ભ્રાતાની પાસે જ બંદિની થઇ ગયેલી હોત; પરંતુ મ્હારા પિતાના કોઇ વિશ્વાસુ નોકરની સલાહથી જ એમ થયું નથી. એ નોકરે તેનું પાણિગ્રહણ કરવાની ઇચ્છાથી જ તેને આટલી છૂટમાં રાખવાની વ્યવસ્થા કિંવા પ્રયત્ન કર્યો હોય એમ લાગે છે. ઝાલોર દુર્ગમાં એવાં કેટલાંક

સાધનો છે કે જેથી અલકાસુંદરી, તેના પિતા અને ભ્રાતા ઉપરોક્ત રાજનૈતિક ષડયંત્રમાં શામિલ હતાં એમ સાબિત થઈ શકે તેમ છે." ગરધનદાસે કહ્યું.

"એ સઘળા વિષયોનો હમણાં વિચાર કરવાની જરૂર નથી. હમણાં તો એ સંકટમાં સપડાયલી સુંદરીનો સત્વર ઉદ્ધાર કરવાની જ જરૂર છે. હવે હું ઝાલોર ચાલ્યો જાઉં છું." આમ કહી પાન્થ-નિવાસના રક્ષકને એક સુવર્ણ મહોરથી સંતુષ્ટ કરીને, ઘોડો સુસજ્જિત કરી, તેના પર સવાર થઇ અધીર ચિત્તે તે ઝાલોર તરફ રવાના થયો.

ગજસિંહના વિદાય થયા પછી ગરધનદાસે સ્વગત વિચાર્યું:—" ખરેખર, એ રમણીરત્ન મેળવવાનો ઉપાય ગજસિંહને બતાવવામાં મ્હેં મૂર્ખાઇ જ કરી છે. મ્હારા તરફ એ સુંદરીનો અનુરાગ નહિ હોવા છતાં મ્હારો તેના તરફ અનુરાગ છે એમાં બિલકુલ સંદેહ નથી. એ ઇચ્છાપૂર્વક જો મ્હને પોતાના પતિ તરીકે નહિ સ્વીકારે તો હું છળ, બળ અને કૌશલનો ઉપયોગ કરીને તેને મ્હારે વશ કરીશ." આવો નિશ્ચય કરી ગરધનદાસ પણ પોતાના અશ્વપર આરોહણ કરી ત્યાંથી વિદાય થઇ ગયો.

પ્રકરણ ૨ જું.

ઇતિહાસ પરિચય.

આ પ્રકરણમાં વાંચકબંધુઓની સગવડતા માટે, જે સમયની આ નવલકથા લખાય છે એ સમયના ઇતિહાસનું સંક્ષિપ્ત વર્ણન અમે કરીએ છીએ. એ સમયે કોટા ભયંકર ષડયંત્રો કિંવા કારસ્થાનોનું કેન્દ્રસ્થળ થઇ પડયું હતું. કોટાધિપતિ ઉમેદસિંહે, પોતાના પરલોક-

પ્રયાણ સમયે સુબેદાર જાલિમસિંહને બોલાવી તેને રાજપ્રતિનિધિના માનનીય અને જોખમદારી ભરેલા પદપર પ્રતિષ્ઠિત કર્યો હતો. તેને એમ લાગ્યું હતું કે, આવા અશાન્તિના સમયમાં પોતાના ત્રણ પુત્રો, કિશોરસિંહ, વિષ્ણુસિંહ અને પૃથ્વીસિંહમાંથી કોઇ રાજ્યનું સંરક્ષણ યથાસ્થિત કરી શકશે નહિ. ઉમેદસિંહના પરલોકપ્રયાણ પશ્ચાત્ રાજપ્રતિનિધિ જાલિમસિંહ તીક્ષ્ણબુદ્ધિબળથી નિર્વિઘ્ને રાજ્ય પ્રતિપાલન કરવા લાગ્યો. શું કરવાથી સ્વરાજ્યની ઉન્નતિ થશે, શા ઉપાયો યોજવાથી પ્રજાજનો સુખસ્વચ્છંદતામાં રહી શકશે, શાથી સ્વરાજ્યમાં સર્વત્ર શાન્તિનો વિસ્તાર થશે એ સઘળી ચિંતામાં જ જાલિમસિંહની પ્રત્યેક ક્ષણ પસાર થતી હતી. જાલિમનો અતિથિસત્કાર સર્વત્ર સુપ્રસિદ્ધ હતો. તેનાં દ્વાર સકળ વર્ગના મનુષ્યોને માટે નિરંતર ખુલ્લાં રહેતાં હતાં. મેવાડ અને મારવાડના સરદારો દેશનિકાલની સજા પામી જાલિમસિંહનો આશ્રય સ્વીકારી શકતા હતા. જાલિમસિંહ તેમને કાંઇ માત્ર આશ્રય આપીને જ શાન્ત થતો નહોતો. એમની સાથે એમના રાજાઓનું પુનઃ મિલન થાય એવા એના પ્રયાસો મુખ્યત્વે સફળ જ થતા હતા. આથી સંધિકર્ત્તાની ઉપાધિ તેને પ્રાપ્ત થઇ હતી. આમ હોવા છતાં જાલિમસિંહની વિરુદ્ધ અઢાર વખત રાજનૈતિક ષડયંત્ર રચાયાં હતાં. જાલિમ જાણતો હતો કે, સત્ય તથા ધર્મના માર્ગપર કંટકનું અસ્તિત્વ હોતું નથી. તેના સત્યનિષ્ઠાના ગુણથી વશીભૂત થઇને એ સમયના અંગ્રેજ રાજ્યના પ્રતિનિધિ સર જૉન માલકમે પણ તેની સાથે સ્નેહસંબંધ સાંધ્યો હતો, તથા બન્ને રાજપ્રતિનિધિઓ મળીને સમસ્ત રાજપૂત નરપતિઓમાં સમતા, એકતા અને શાન્તિ સ્થાપવાનો યથાશક્તિ પ્રયત્ન કરતા હતા.

આ સમયે મરાઠાઓ અને પિંઢારાઓના ઉત્પાતથી જ મધ્ય

ભાગમાં ઘણી અશાન્તિ ઉત્પન્ન થઇ. જાલિમનો એવો દૃઢ વિશ્વાસ હતો કે, અંગ્રેજોની સહાયતા સિવાય રાજ્યની અશાન્તિ તથા અરાજકતા દૂર થવાનો સંભવ નથી. એથી તેને અંગ્રેજોની સહાયતા લેવાની જરૂર પડી. એ સમયનો અંગ્રેજ સેનાપતિ લૉર્ડ લેક જાલિમની ગંભીર ધીરતાનો પરિચય પ્રાપ્ત કરીને, તેને સહાયતા કરવા કબૂલ થયો.

જાલિમના બે પુત્રો હતા. મ્હોટો પુત્ર મધુસિંહ તેની સહધર્મિણીના પેટે જન્મ્યો હતો ત્યારે ન્હાનો ગરધનદાસ તેની ઉપપત્નીના પેટે જન્મ્યો હતો. આ બન્ને પુત્રોએ રાજ્યમાં કામકાજ કરવા માંડયું. જાલિમ પોતાના બન્ને પુત્રોમાંથી ન્હાના ગરધનદાસપર વિશેષ પ્રેમ રાખતો હતો. કિશોરસિંહ રાજા થયો એટલે ગરધનદાસ હમ્મેશાં તેના સહવાસમાં રહી તેને અનુચિત સલાહ આપતો હતો. મધ્યમ વિષણુસિંહ ગરધનની અનુચિત સલાહ લેતો નહિ તેથી તે જાલિમસિંહનો હિતાર્થી થતો ગયો.

જાલિમે વિચાર્યું હતું કે, પોતે વંશાનુક્રમિક સુબેદાર હોવાથી પોતાના વંશજો ક્રમાન્વયે રાજપ્રતિનિધિ થશે તો એમાં કશો દોષ નથી; તેથી વૃદ્ધાવસ્થામાં જાલિમસિંહે મધુસિંહને રાજપ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવા માટે એક શર્ત્તપત્ર તૈયાર કર્યો હતો. આ પ્રકાર ગરધન સહન કરી શકયો નહિ. તેણે કિશોરસિંહ અને પૃથ્વીસિંહને મળી જઇ રાજપ્રાસાદમાં જ પોતાના પિતા વિરુદ્ધ ષડયંત્રનો આરંભ કર્યો. જાલિમસિંહ એ ષડયંત્ર સંબંધી કાંઇ જાણતો નહોતો. જ્યારે આ ષડયંત્રના સમાચાર બ્રિટિશ એજન્ટના જાણવામાં આવ્યા ત્યારે તે તેમણે જાલિમસિંહને જણાવી દીધા. જાલિમસિંહ જાણતો હતો કે અંગ્રેજરાજ કદાપિ તેનો પરિત્યાગ કરશે નહિ. તેણે આથી કિશોરસિંહને વિવિધ

પ્રકારે સમજાવી, મધુસિંહને રાજપ્રતિનિધિના પદપર કાયમ કરવાનો પ્રયત્ન કરવા માંડયો.

ધીમે ધીમે કિશોરસિંહની સાથેનો મધુસિંહનો સદ્ભાવ અદશ્ય થઇ ગયો. તેણે પૃથ્વીસિંહ અને ગરધનદાસે સાથે મળીને દુર્ગદ્વાર રોકીને ષડયંત્રનો આરંભ કર્યો; આથી જાલિમસિંહ વિષમ સમસ્યામાં પડયો.

હમ્મેશાં જાલિમસિંહ રાજભક્ત હતો. તેના પૂર્વજો કોટા રાજ્યના વિશ્વાસુ કર્મચારી હતા. જેથી રાજાનું અહિત થાય તેમ હોય એવું કાર્ય તેઓ કદાપિ કરતા નહિ; કિન્તુ કેવા ઉપાયથી તે આ ષડયંત્રને વિફળ કરી શકે ? બળપૂર્વક દુર્ગમાં પ્રવેશ કરવામાં ભયંકર સંકટ આવી પડવાની સંભાવના હતી. આથી પુષ્કળ વિચાર કરીને તેણે દુર્ગનો અવરોધ કર્યો આહાર સામગ્રી ખૂટશે એટલે કિશોરસિંહ દુર્ગમાંનાં પાંચસો અશ્વારોહીની સાથે બ્હાર નીકળશે એવી તેની ધારણા હતી.

જ્યારે આ સમાચાર બ્રિટિશ એજન્ટના જાણવામાં આવ્યા ત્યારે તેઓ જાલિમસિંહ પાસે આવી પહોંચ્યા. તેમણે સર્વત્ર અંધાધુંધી થયેલી જોઇ. સૈન્ય સકળ આમ તેમ છુટું પડી ગયું હતું. તેમણે જાલિમની મુલાકત કરીને પૂછયું:—“હવે આ અંધાધુંધી દૂર કરવાને માટે કયો માર્ગ સ્વીકારવાનો વિચાર છે ?”

આ સમયે જાલિમ કશો દઢ નિશ્ચય કરી શકયો નહિ. રાજભક્ત જાલિમે બ્રિટિશ એજન્ટના પ્રશ્નના ઉતરમાં માત્ર એટલું જ કહ્યું કે, “હું શું કરું ? વંશપરંપરાથી અમે કોટાધિપતિની સેવા કરતા આવ્યા છીએ. રાજાની ઇચ્છા માન્ય રાખીને હું તેમની સેવા જ કરીશ. પ્રભુ—માલિકની વિરુદ્ધ વિદ્રોહી થઇ આ જીવનને કલંકિત કરવા કરતાં

અવશિષ્ટ આયુષ્ય ભગવદ્‍ભક્તિ કરવામાં જ પસાર કરવામાં મ્હારું કલ્યાણ છે. ''

જાલિમસિંહની આવી એકનિષ્ઠ સ્વરાજ્યભક્તિ જોઇ બ્રિટિશ એજન્ટ તેનાપર અતિ પ્રસન્ન થયા. ત્યાર પછી રંગવાડી નામના સ્થળે કિશોરસિંહની મુલાકાત કરીને તેમણે કહ્યું:—" આપ ભ્રમમાં પડીને જ આવો અનુચિત વ્યવહાર ચલાવો છો." પછી તેમણે કિશોરસિંહના સરદારોને કહ્યું:—" રાજાનું કલ્યાણ કરવાની કામનાથી તમે જે ભ્રમ-મૂલક માર્ગ સ્વીકાર્યો છે તેથી તમારે સર્વને દુઃખી થવું પડશે. મ્હારી સલાહ સ્વીકારી તમે આવા અનુચિત માર્ગનો એકદમ ત્યાગ કરો." આમ કહીને કિશોરસિંહને પોતાની સાથે લઇ એજંટ કોટા ગયા. ત્યાં તેને રાજસિંહાસનપર બેસાડી એવી સલાહ આપી કે:–" રાજપ્રતિનિધિ સાથેના આપના મનોમાલિન્યને આપ દૂર કરો તથા ગરધનદાસને કોટા રાજ્યમાંથી હાંકી કાઢો. " આથી જ આપણી આ નવલકથાના આરંભકાળમાં સ્વયં જાલિમસિંહદ્વારા ગરધનદાસ નિર્વાસિત થયો હતો.

દેશાંતરિત થએલા ગરધનદાસે ઝાલોર રાજ્યમાં જઇને આસપાસના યુવરાજો સાથે મળી જાલિમસિંહ વિરુદ્ધ ષડયંત્ર કરવા માંડ્યું. જાલિમસિંહ અંગ્રેજ સરકારની સહાયતાથી એ ષડયંત્રને વિફળ કરી શક્યો. બ્રિટિશ એજન્ટે ગરધનની સઘળી પ્રાપંચિક હિલચાલ સમજી જઇ એ સંબંધીની હકીકત જાલિમસિંહને જણાવી તેને સાવધાન બનાવી દીધો હતો, તથા ગરધનદાસને ગિરફતાર કરી કેદમાં પૂરી રાખવાની સલાહ આપી હતી. એ સલાહને અનુસરીને જાલિમસિંહે એવું જાહિર કર્યું હતું કે, જે કોઈ ગરધનદાસને પકડી આપશે તેને ઘણું સારું ઇનામ આપવામાં આવશે. આથી ગરધનદાસ સ્વસંરક્ષણ

કરવાના ઉદ્દેશથી એક પાન્થનિવાસ કિંવા પથિકાશ્રમમાંથી બીજા પાન્થનિવાસમાં ભટકતો હતો.

અમવનની સાથે આવેલા પાન્થનિવાસમાં ગરધનદાસ સાથે જશલમીરરાજકુમાર ગજસિંહની જે મુલાકાત થઇ હતી અને તેનું જે પરિણામ આવ્યું હતું તેનું વર્ણન અમે પ્રથમ પ્રકરણમાં કરી ચુકયા છીએ. ગજસિંહના ઝ.લોર તરફ વિદાય થયા પછી, પોતે ભય પ્રદર્શિત કરીને ઝાલોરરાજનન્દિનીને પોતાને વશ કરી શકશે એમ વિચારીને ગરધનદાસ પણ ઝાલોર તરફ વિદાય થયો; પરંતુ તેના દુર્ભાગ્યે તે રસ્તામાં જ બ્રિટિશ એજન્ટના માણસોદ્વારા કેદ પકડાયો.

ગરધનદાસને બ્રિટિશ એજન્ટ પાસે લઇ જવામાં આવ્યો. એજન્ટે તેના આપાદ મસ્તકનું નિરીક્ષણ કર્યું. પછી તેના તરફ જ્વલંત દૃષ્ટિ ફેંકીને કહ્યું:–"પિતૃદ્રોહી ભ્રમાંધ યુવક! જેમના લીધે ત્હેં આ વિશ્વસંસારનું દર્શન કર્યું છે તે પરમપૂજ્ય પિતાના જ સર્વસ્વનો વિનાશ કરવાને તું તૈયાર થયો છે? ત્હેં કોટાધિપતિ કિશોરસિંહને ઉત્સાહિત કરી ત્હારા પિતા વિરુદ્ધ ષડયંત્ર કર્યું હતું. ત્હારા એ દ્રોહને લીધે તને દેશાંતરિત કરવામાં આવેલો હોવા છતાં ત્હારામાં બુદ્ધિ આવી નહિ? પુનઃ ઝાલોરના રાજાને ઉત્તેજિત કરીને ત્હારા પિતાનો સંહાર કરવાને તૈયાર થયો હતો? આવાં કાર્યો કરી તું ત્હારી સ્થિતિને ઉન્નત કરવાની વ્યર્થ આશા શા માટે રાખે છે?"

એજન્ટનાં તિરસ્કારદર્શક વચનો સાંભળવામાં આવતાં ગરધનદાસના મુખમંડળે ગંભીર ભાવ ધારણ કર્યો. તેનાં બન્ને નેત્રો લાલચોળ બની ગયાં. ઓષ્ઠાધર કંપવા લાગ્યા. દાંત સાથે ઓષ્ઠ પીસી તેણે પોતાની તલ્વારને મિયાનમાંથી બ્હાર ખેંચી કાઢવાની તૈયારી કરી. આવો પ્રકાર જોઇ એજન્ટના નોકરોએ તેની પાસેની તલ્વાર પડાવી લીધી,

પછીથી એજન્ટે કહ્યું:-"ગરધનદાસ! હજી પણ સમજી જા. જે માર્ગ ત્હેં સ્વીકાર્યો છે તેનું અનુસરણ કરવાથી કાળાંતરે પણ ત્હારૂં કલ્યાણ થનાર નથી-ત્હારી રાક્ષસી મહત્વાકાંક્ષા સફળ થનાર નથી. પરહિંસા-વૃત્તિનો પરિત્યાગ કરી તું ત્હારા પિતા પાસે જઇ, તેમના ચરણોમાં નમી પડી ક્ષમાયાચના કર. તેઓ ઉદારતાપૂર્વક તને ક્ષમા આપશે જ એવી મ્હારી ખાત્રી છે. તેઓ ત્હારા અપરાધને ભૂલી જશે; છતાં જો તું મ્હારી આ ઉચિત સલાહ નહિ સ્વીકારે તો હું તને પિંઢારાઓની સાથે જ ભારતવર્ષની સીમા બ્હાર હાંકી કાઢીશ."

"મહાશય! આવી રીતે મ્હારો તિરસ્કાર કરવાનું કારણ તથા પ્રયોજન શું છે?" ગરધનદાસે પૂછ્યું.

"ત્હારા પિતાના કઠિન આદેશથી જ મ્હારે ત્હારા તરફ આવો વ્યવહાર ચલાવવો પડે છે. તેઓ સત્ય તેમજ મંગળના પક્ષપાતી છે. તુ એમનો પુત્ર હોવા છતાં ત્હારા ભયંકર અપરાધોની સજા કરવામાં તેઓ પાછી પ્હાની કરે એવા નથી. એક પ્રતિનિધિ તરીકે સમસ્ત રાજપૂત રાજ્યનું ભવિષ્ય અને હિતાહિત તેમના જ હાથમાં અર્પિત થયેલું છે. ત્હારા સુનીતિવિશારદ પિતાએ હજી સુધી ત્હારા પ્રાણનો સંહાર કર્યો નથી એ ત્હારૂં મ્હોટું સૌભાગ્ય છે; છતાં હું તને એટલું કહી રાખું છું કે, સમસ્ત ભારતના હિતાર્થે, શાન્તિ તેમજ એકતા માટે જો ત્હારા પ્રાણનો સંહાર કરવાની તેમને જરૂર જણાશે તો એ કાર્ય તેઓ અવશ્ય કરશે જ. ભારતના કલ્યાણ સમક્ષ તેઓ ત્હારા જેવા પુત્રના જીવનને તુચ્છ સમજે છે." એજન્ટે કહ્યું.

"પિતાની વિરુદ્ધ વર્તવાથી હવે મ્હને અપાર પશ્ચાત્તાપ થાય છે; પરંતુ પશ્ચાતાપ કરીને હું હવે પિતા પાસેથી ક્ષમા મેળવી શકું તેમ નથી. જો કદાચ હું તેમના ચરણોમાં નમી પડીને ક્ષમાયાચના

કરું તો પણ તેઓ મ્હને કેવી રીતે ક્ષમા આપે ? વસ્તુસ્થિતિ આવી હોવાથી સૈયદ્અલીની સાથે દિલ્હી જઇને રહેવાનો મ્હેં વિચાર કર્યો છે.” ગરધનદાસે નમ્રતાપૂર્વક કહ્યું.

“જો ત્હારાં ભૂત કાર્યો માટે વાસ્તવિક રીતે તને પશ્ચાત્તાપ થતો હોય, જો તું ત્હારા પિતા પાસે જઇ તેમના ચરણોમાં નમી પડી ક્ષમાયાચના કરવાને ઇચ્છતો હોય તો તેવી સત્ય હકીકત મ્હને કહે એટલે હું તને પત્ર લખી આપીશ. હું પત્ર લખી આપીશ એટલે તને તેઓ ક્ષમા આપશે જ એવી મ્હારી પૂર્ણ ખાત્રી છે.” એજન્ટે કહ્યું.

ગરધનદાસ સંમત થયો એટલે એજન્ટે તેને એક પત્ર લખી આપ્યો. એ પત્ર લઇને ગરધને જાલિમસિંહ પાસે જઇ, તેના ચરણોમાં નમી પડી ક્ષમાયાચના કરી.

પુત્ર સેંકડો અપરાધથી અપરાધી હોય છે તો પણ જન્મદાતા પિતાના હૃદયમાંથી કદાપિ પુત્ર સ્નેહ વિલુપ્ત થતો નથી. વળી ગરધનદાસ જાલિમસિંહની ઉત્તરાવસ્થાનો પુત્ર હતો—તેના વિશેષ સ્નેહનું પાત્ર હતો. ગરધનદાસને દેશાંતરિત કરીને જાલિમસિંહ અતિ વ્યથિત થયો હતો. આ સમયે પુત્રને પોતાના ચરણોમાં નમી પડેલો જોઇ તેણે તેને તેના સકળ અપરાધની ક્ષમા આપી.

પ્રકરણ ૩ જું.

બંદિનીના ઉદ્ધારનો પ્રસ્તાવ.

આમેર દુર્ગમાં હમણાં નિરાનંદમાં આનંદ ઉપસ્થિત થયો હતો. જો કે અલકાસુંદરીના પિતા અને ભ્રાતા કોટાધિપતિ જાલિમસિં-

હના હાથે કેદ પકડાયા હતા, તેમના મંડળમાં ભળેલા વીરપુરુષોની તેમનો પ્રાણ સંહાર કરવા માટે શોધ કરવામાં આવતી હતી, અલકાસુંદરી પહેરેગીરોની કડક દેખરેખમાં પોતાના દિવસો પસાર કરતી હતી અને તેનાપરનો અપરાધ સાબિત થતાં તેના પિતા ભ્રાતાની સાથે જ એના જીવનનો પણ નાશ થવાનો હતો; તો પણ પહેરેગીરોનો અધ્યક્ષ તેની સાથે સારો વ્યવહાર રાખતો હતો. તે અલકાસુંદરીને બન્દીભાવે નહિ રાખતાં દુર્ગમાં તેની ઇચ્છાનુસાર ફરવા દેતો હતો. તેનો આવો સદ્વ્યવહાર જોઇ અલકાસુંદરી પણ દુર્ગમાંથી પલાયન નહિ કરી જવાને કબૂલ થઈ હતી.

જે દિવસે જાલીમસિંહના માણસો અલકાસુંદરીના ભ્રાતા અને પિતાને કેદ પકડી કોટા લઇ ગયા તેજ દિવસથી અલકાસુંદરી પણ સુંદરસિંહ તથા તેના અનુચરોદ્વારા ઝાલોર દુર્ગમાં જ અવરુદ્ધ થઇ હતી. તેણે પિતા અને ભ્રાતાની સાથે જ કોટા જવાની ઇચ્છા રાખી હતી; પરંતુ એની એ ઇચ્છા ફળવતી થઇ નહોતી. શિવરામ, તેની સ્ત્રી મંગળા અને તેમનો પુત્ર રસિકલાલ અલકાસુંદરીની પરિચર્યા કરવામાં પ્રવૃત્ત થઇ રહેલાં હતાં.

સંધ્યાસમયે જ્યારે સૂર્યભગવાન્ અસ્ત થયા, વસુંધરાપર સુશીતળ શાન્તિ સ્થાપિત થઇ અને પૂર્ણચંદ્ર ગગનમાં ઉદિત થયા ત્યારે સેનાનાયક સુંદરસિંહ, પહેરેગીરો, અલકાસુંદરી વગેરે દુર્ગમાં આવેલા એક બીજા માળના બેઠકખાનામાં એકત્રિત થયાં. જોતજોતાંમાં વાદળાંઓમાં ચંદ્રદેવ છુપાઇ ગયા. વસુંધરાપર અંધકારનો વિસ્તાર થઇ ગયો. ક્વચિત્ ક્વચિત્ વિદ્યુત્ ચમકવા લાગી. શિવરામ સુંદરસિંહ વગેરેને એક એક પ્યાલો ભરીને ભાંગ આપવા લાગ્યો. અલકાસુંદરીએ સુંદરસિંહના સદ્વ્યવહારના પ્રતિદાનાર્થે આજે તેને તથા તેના અનુ-

ચરોને ભોજન આપવાની વ્યવસ્થા કરી હતી. તે જાણતી હતી કે, સુંદરસિંહ અને તેના અનુચરો હમ્મેશાં સિદ્ધિનું પાન કરનારા હતા. તેથી તેઓ પ્રસન્નતાપૂર્વક ભોજન કરી શકે એવા જ ઉદ્દેશથી તેમને માટે ભાંગ તૈયાર કરાવવામાં આવી હતી. એ બેઠકખાનાના મધ્ય ભાગમાં ઉંચે એક ઝમ્મર લટકતું હોઇ તેમાં એક તેજોમય દીપક સળગી રહ્યો હતો. સિદ્ધિપાનની ક્રિયા સમાપ્ત થઈ ગયા પછી અલકાસુંદરીએ સુંદરસિંહને ઉદ્દેશીને કહ્યું:–" સુંદરસિંહજી, સિતાર બજાવવાની મ્હારી ઇચ્છા છે ? કયું વાદ્યયંત્ર વગાડવાની તમારી ઇચ્છા છે એ જણાવશો કે ? "

" હું મૃદંગ બજાવીશ અને વીરસિંહ મંદિરા વગાડશે, તથા બીજા સર્વ સંગીત ગાશે. " સુંદરસિંહે ઉત્તર આપ્યો.

" ત્યારે હવે ચાલવા દ્યો; વિલંબ કરવાની જરૂર નથી. " અલકાએ કહ્યું.

વિના વિલંબે સર્વેએ ગીતવાદ્યનો આરંભ કર્યો. વાદ્ય બરાબર વાગે છે કે કેમ એ તરફ અલકાનું લક્ષ્ય નહોતું. પહેરેગીરો કોઇ પણ રીતે સંતુષ્ટ થાય તો જ તેનો મનોરથ સફળ થાય તેમ હતું. સુંદરસિંહ ભાંગના નીસામાં ને નીસામાં જ અલકાસુંદરીની વાદ્યયંત્ર વગાડવાની ક્રિયાની પ્રશંસા કરતો હતો. થોડા સમય પછી અલકાસુંદરીને ઉદ્દેશીને તેણે કહ્યું:–" આપણા વાદ્ય કરતાં ગાયકોનું ગળું વિશેષ ઉચ્ચતર છે; કિન્તુ તેથી બિલ્કુલ ક્ષતિ નથી. વૃથા સમાલોચના કરી તેમના આનંદનો ભંગ કરવો એ વાસ્તવિક નથી. " વાંચકબંધુઓ ! સમાલોચનાનો ભય માત્ર એકલા ગ્રંથકારો જ રાખે છે એવું કાંઇ નથી. સઘળાં મનુષ્યો સમાલોચનાના પંઝામાંથી બચી જવાની થોડી ઘણી ઇચ્છા રાખે છે.

સુંદરસિંહે ઉપર પ્રમાણે કહ્યું એવામાં જ બેઠકખાનાનું દ્વાર ઉઘડ્યું. સર્વેએ સ્તબ્ધ બની જઇ દ્વાર તરફ દૃષ્ટિ ફેરવી તો તેમણે એક દેખાવડા યુવકને બેઠકખાનામાં આવતો જોયો. તેના પોષાક ઉપરથી એ યુવક ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયો હોય એવો તત્કાળ ભાસ થતો હતો. યુવકે અંદર આવી અલકાસુંદરી તથા પહેરેગીરોને યથોચિત માન આપ્યું. એ યુવકને જોતાં જ સુંદરસિંહ બોલી ઉઠયોઃ—" આ કોઇ વિદ્રોહી યુવક હોય એમ લાગે છે ! "

આ વાક્યના ઉત્તરમાં આવેલા યુવકે કહ્યુંઃ—" હું વિદ્રોહી નથી. હું જશલમીરથી આવું છું. અલકાસુંદરીની મુલાકાત કરવાનો જ મ્હારો વિચાર છે. "

પહેરેગીરો એકાગ્રદૃષ્ટિથી એ યુવક તરફ જોઇ રહ્યા. અલકાસુંદરી પણ અત્યંત આશ્ચર્ય પામી ઉભી થઇ—આ સમયે આવનાર યુવક કે જે ગજસિંહ જ હતો તે તેનું અનુપમ રૂપલાવણ્ય જોઇ મુગ્ધ બની ગયો.

ક્યાંથી, શા માટે એ અપરિચિત યુવક આ સ્થળે ઉપસ્થિત થયો તેનો કશો નિર્ણય અલકાસુંદરી કરી શકી નહિ. તે ઉત્સુકતા—પૂર્ણ દૃષ્ટિથી વૃદ્ધ શિવરામ તરફ જોઈ રહી. શિવરામે કહ્યુંઃ—" તેઓ ઘણા સમયથી અત્રે આવી દ્વારપર હાથ પછાડતા હતા. એ પ્રકાર મ્હારા જાણવામાં આવ્યાથી, મ્હેં ઉઠી દ્વાર ઉઘાડી તેમને અંદર આવવા દીધા છે. એથી વિશેષ હું શું કરી શકું તેમ છું ? "

અલકાએ હસીને કહ્યુંઃ—" હાસ્તો, તમે શું કરી શકો તેમ છો ? " પછી તેણે આવનાર યુવકને ઉદ્દેશીને પૂછ્યુંઃ—" આપ પણ અમારી આ સંગીતની મજલિસમાં ભાગ લેશો કે ? "

" આપના પ્રશ્નનો ઉત્તર આપતાં પૂર્વે હું ક્યાંથી અત્રે આવ્યો

છું તે મ્હારે આપને જણાવવાની જરૂર છે. હું ધારું છું કે, આપ ગરધનદાસને ઓળખતાં હશો. એક સમયે તેની સાથે આપનો સારો સદ્ભાવ હતો એમ પણ હું જાણી શકયો છું." આમ કહી ગરધનદાસનું નામ સાંભળવામાં આવતાં અલકાના મુખભાવમાં કેવો ફેરફાર થાય છે એ જાણવાની ઇચ્છાથી ગજસિંહ એ ત્રિભુવનમોહિની રતિસ્વરૂપિણી સુરસુંદરી અલકાના મુખમંડળ તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોઇ રહ્યો.

અલકાએ મૃદુસ્વરે ગરધનદાસના નામનો બે ત્રણ વખત ઉચ્ચાર કર્યો. એવામાં સુંદરસિંહ ઉત્તેજનાસૂચક સ્વરે બોલી ઉઠયોઃ–" ગરધનદાસ! ક્યાં છે એ? એને કેદ પકડી કોટા લઇ જવાનો છે. આ દુર્ગમાં જે રાજનૈતિક ષડયંત્ર ઉપસ્થિત થયું હતું તેમાં એ શામિલ હતો. જો એને કેદ પકડી કોટારાજ પાસે લઇ જવામાં આવે તો ઘણું સારું ઇનામ મળવાનો સંભવ છે; કેમ કે એજ અત્રેના ષડયંત્રની ઘણી ખરી હકીકત જાણે છે. અલકાસુંદરિ! આપના પિતા ભ્રાતાને કેદ પકડવામાં આવ્યા ત્યારથી જ ગરધનદાસ અહીંથી ગૂમ થઈ ગયો છે. જો ગરધનદાસ એ ષડયંત્રની સઘળી સત્ય હકીકત કોટારાજને નિવેદન કરી એમાં જે જે યુવરાજો ભળેલા હતા તેમનાં નામ જણાવશે તો તે પોતાના સકળ અપરાધની ક્ષમા મેળવી શકશે."

સુંદરસિંહ તરફ ફરીને ગજસિંહે કહ્યુંઃ–" મહાશય! મ્હને ક્ષમા આપો. તમે સર્વેએ શા કારણથી આ દુર્ગમાં આગમન કર્યું છે એ પ્રથમ જાણવાની મ્હારી ઇચ્છા છે."

આ સમયે પોતાના આગમન અને અવસ્થાનની સઘળી સત્ય હકીકત સુંદરસિંહે ગજસિંહને કહી સંભળાવી. એ હકીકત સાંભળી અત્યંત વિસ્મિત બની જઇને ગજસિંહે કહ્યુંઃ–" ત્યારે અલકાસુંદરી તમારાં બંદિની છે કે? વારું, કહો જોઇએ કે કેટલા રૂપિયા લઇને

તમે તેમને મુક્ત કરી શકશો ?" આમ કહી પોતે પહેરેલાં વસ્ત્રોમાંથી સુવર્ણમુદ્રાથી ભરેલી એક કોથળી ગજસિંહે બ્હાર કાઢી. ત્યાર પછી પ્રત્યેક પહેરેગીરના તરફ દૃષ્ટિ ફેરવીને તેણે કહ્યું:–"આપને સર્વને હું મ્હારો ઉદ્દેશ સ્પષ્ટતાથી કહી સંભળાવું છું. ગરધનદાસના મુખે જ મ્હેં એમ સાંભળ્યું છે કે, ઝાલોર દુર્ગમાં અલકાસુંદરી બંદિની તરીકે રહે છે. તેઓ હજી સુધી ગુન્હેગાર ઠરેલાં નહિ હોવાથી તેમનો ઉદ્ધાર સહેલાઇથી થઇ શકે તેમ છે. ગરધનદાસના મુખેથી આવી હકીકત સાંભળી મ્હેં વિચાર્યું કે, અનુપમ રૂપલાવણ્યમયી નિરપરાધિની અબળા યુવતી જ્યારે બંદિની તરીકે પોતાના દુઃખમય દિવસો પસાર કરે છે ત્યારે પછી એ દુઃખમાંથી તેમનો ઉદ્ધાર કરવો એ ક્ષત્રિયનો મુખ્ય ધર્મ છે. બંધુઓ! તમે વિસ્મિત થાઓ છો અને મ્હને ઉન્માદગ્રસ્ત સમજો છો; પરંતુ જ્યાં સુધી હું સઘળી સત્ય હકીકત તમને નહિ કહું ત્યાં સુધી તમે મ્હારો આંતરિક ભાવ સમજી શકશો નહિ. હું જશલમીરમાં રહું છું. થોડા દિવસ પૂર્વે આ અલકાસુંદરી સાથે જ મ્હારો વિવાહ સંબંધ થવાનો હતો. હમણાં હું કાર્યવશાત દિલ્હી ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં માર્ગમાં ગરધનદાસ સાથે મ્હારી મુલાકાત થઇ હતી. તેની પાસેથી અલકાસુંદરીના શિરપર આવેલા પ્રાણહારક સંકટના સમાચાર સાંભળી તેમનો ઉદ્ધાર કરવાનો જ્યારે મ્હેં નિશ્ચય કર્યો ત્યારે ગરધનદાસે અભિમાન દર્શાવીને મ્હને એમ કહ્યું કે, 'અલકાસુંદરી બંદિની છે. તેમનો ઉદ્ધાર કરવા જેટલું સામર્થ્ય તમારામાં નથી.' એ સમયે મ્હેં પણ ગર્વપૂર્વક અલકાસુંદરીનો ઉદ્ધાર કરવાની વાત તેને કહી છે. આ કાર્ય કરવા જતાં જો કદાચ મ્હારા તુચ્છ જીવનનો અંત આવી જશે તો તેની મ્હને બિલકુલ ચિંતા નથી." આમ કહી પુનઃ હાસ્ય કરતાં કરતાં પેલી સુવર્ણમુદ્રાથી

ભરેલી કોથળી ગજસિંહે સહજ આગળ ધરી. પછી તેણે સુંદરસિંહને ઉદ્દેશીને કહ્યું:–" તમે આ સઘળી હકીકત લક્ષ્યપૂર્વક સાંભળી છે ને ? અલકાસુંદરી પણ અત્રે હાજર છે. હવે કહો જોઇએ કે, તમે કેટલી રકમ લઇ તેમનો ઉદ્ધાર કરી શકો તેમ છો ? "

સુંદરસિંહ અને બીજા સઘળા પહેરેગીરો ઉપર્યુક્ત હકીકત સાંભળી અતિ વિસ્મિત બની જઇ ગજસિંહની પ્રભાવશાળી તેજોમય મુખમુદ્રા તરફ જોઇ રહ્યા. આ સમયે અલકાસુંદરી પણ લજ્જાવતી બની જઇ, હાથમાંનું વાદ્યયંત્ર ફેંકી દઇ મુગ્ધદૃષ્ટિથી ગજસિંહ તરફ જોઇ રહી. ગજસિંહ અત્યંત ઉત્તેજિત બની ગયેલો હોય એમ તેને લાગ્યું.

ગજસિંહ પુનઃ કહેવા લાગ્યો:–" તમે એમ ન સમજશો કે, તમને લાંચ આપીને હું તમારા રાજપૂત સંમાનને કલંકિત કરવાના ઉદ્દેશથી અત્રે આવ્યો છું. હું પણ રાજપૂત છું. જે વિષયને પાર ઉતારવાનો મ્હેં મ્હારા મનમાં દૃઢ સંકલ્પ કર્યો છે તે વિષય પાર ઉતારવા જતાં જો કદાચ આ તુચ્છ જીવનનો અંત આવી જશે તો તેની પણ મ્હને બિલકુલ ચિંતા નથી. જો તમે મ્હારાં વચનો અમાન્ય કરશો તો વિના કારણ આપણું ઉભયનું યુદ્ધ થશે. જો અલકાસુંદરી અત્યાર સુધીમાં અપરાધિની ઠર્યાં હોત અને હું તમને આ દ્રવ્ય સ્વીકારી તેમનો ઉદ્ધાર કરવાનું કહેતો હોત તો એ પ્રકાર લાંચ આપવા જેવો જ ગણી શકાત. હમણાં જો તમે આ દ્રવ્ય સ્વીકારશો તો તમારા માલિકનું કાર્ય અનાદર દોષથી દુષિત થશે; કિન્તુ તે સાથે જ એક અસહાય અબળાનું રક્ષણ કરવાનું મહત્ પુણ્ય તમને પ્રાપ્ત થશે. હવે કહો જોઇએ કે, કેટલું દ્રવ્ય લઇને તમે અલકાસુંદરીને મુક્ત કરી શકો તેમ છો ? હું ખાત્રીપૂર્વક કહી શકું છું કે, તમે આટલા બધા છો; છતાં તમારામાંથી કોઇની પણ પાસે એકકે સોનામહોર નથી. વળી જો

અલકાસુંદરીને તમે કોટા લઇ જશો તો તેથી તમને શો લાભ થશે? જો તમે એમને મુક્ત કરશો તો આ દ્રવ્યથી તમે તમારા જીવનનો ઘણો ખરો સમય સુખમાં પસાર કરી શકશો." આમ કહી સોનામહોરોની કોથળીને વચ્ચે પડેલા ટેબલપર મૂકીને પુનઃ તે કહેવા લાગ્યો:—" તમે સર્વે શું આ નિરપરાધિની સુંદરીના જીવનનો સંહાર થાય એવી જ ઇચ્છા રાખો છો? એમના જીવનનો સંહાર થવાથી તમને કશો લાભ થાય તેમ છે? ના ના—તેથી તમને કશો લાભ થવાનો નથી એમ હું ખાત્રીપૂર્વક કહી શકું છું. તમે અલકાસુંદરીનું સંમાન કરો. તેઓ વિદ્રોહી પુરુષનાં પુત્રી અથવા ભગિની હોવાથી તિરસ્કારપાત્રી નથી. વિચાર કરી જુઓ કે, હું કદાચ એમનો ઉદ્ધાર કરી અહીંથી ચાલ્યો જાઉં, તથા તેમને મુક્ત કરવાથી તમને પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત થાય તો તેથી શું નુકસાન છે? તમે દ્રવ્ય લઇને એમને મુક્ત કર્યાં છે એવું કોણ સાબિત કરી શકશે? વળી તમારે પછીથી અહીંથી કોટા જવાની જરૂર નથી; જે દ્રવ્ય તમને મળશે તેથી તમે ઇચ્છિત સ્થળે જઇને સુખાનંદમાં રહી શકશો. આ પ્રમાણે વર્તવામાં જ તમારું શ્રેય છે." આટલું કહી સુંદરસિંહના ખભાપર હાથ મૂકીને તેણે કહ્યું:—" ભાઇ! તમારી મુખમુદ્રાના દર્શનથી તમે ઘણા દયાળુ પુરુષ હો એમ લાગે છે. આવો, આજે આપણે બન્ને સાથે જ ભાંગ પીએ."

આ વાક્ય સાંભળી શિવરામ સિદ્ધિપાત્ર લઇને આગળ આવ્યો.

પ્રકરણ ૪ થું.

હૃદયેશ્વરીનું પ્રથમ દર્શન.

ગજસિંહનું કાર્ય જોઈ વૃદ્ધ નોકર શિવરામના આનંદની સીમા રહી નહિ. તેને એમજ લાગતું હતું કે, દયામય દીનાનાથે દયાભાવથી પ્રેરિત થઈને જ ગજસિંહને અલકાસુંદરીના ઉદ્ધારાર્થે અત્રે ઉપસ્થિત કર્યો હતો. અત્યાર સુધી મૌનાવલંબન કરી વિસ્મિત ભાવથી સુંદરસિંહ ગજસિંહનાં વચનો સાંભળી રહ્યો હતો. અંતે મૌનનો ભંગ કરી ગજસિંહનાં વચનોના ઉત્તરમાં તેણે કહ્યું:–" આપ વિશ્વાસભાજન તથા સત્યપ્રિય પહેરેગીરોને દ્રવ્ય આપવાનો લોભ દર્શાવી કોટાધિપતિથી વિરુદ્ધાચરણ આચરો છો તેથી આપને પણ રાજવિદ્રોહી તરીકે હું ગિરફતાર કરી શકું તેમ છું."

ગજસિંહે પ્રથમ સુંદરસિંહનો પ્યાલો ભાંગથી ભરી દીધો, અને ત્યાર પછી તેણે કહ્યું:–" તમે શું કહ્યું ? વિરુદ્ધાચરણ ? શા માટે હું કોટાધિપતિથી વિરુદ્ધાચરણ આચરું ? હમણાં અત્રે આપણે સર્વે બંધુભાવથી એકત્રિત થયા છીએ. આવો, આપણે સર્વે આનંદ કરીએ."

ગજસિંહ અને સુંદરસિંહે થોડા સમયમાં જ અનેક સિદ્ધિપરિપૂર્ણ પાત્ર ખાલી કર્યા. શિવરામે બીજા પહેરેગીરોને પણ સિદ્ધિ આપવામાં કૃપણતા કરી નહિ. અંતે સુંદરસિંહે કહ્યું:–" ઠીક છે, અમે અલકાસુંદરીને મુક્ત કરી શકીશું કિન્તુ અમને એ કાર્યના બદલામાં પુષ્કળ દ્રવ્ય મળવું જોઇએ. આપની થેલીમાં જે સોનામહોરો છે એથી આપ કાર્યોદ્ધાર કરી શકશો નહિ."

" એ માટે તમે યત્કિંચિત પણ ચિંતા રાખશો નહિ. જશલમીરના રાણાજી પાસે મ્હારી પુષ્કળ સંપત્તિ અનામત પડેલી છે. જો

અલકાસુંદરીની સાથે કોઇ પણ પ્રકારની બાધા સિવાય હું સહિસલામત અન્યત્ર જઇ પહોંચીશ, અને તમારામાંથી કોઇ મ્હારો પત્ર લઇ જશલમીરરાજ પાસે જશે તો તમને એટલી બધી સંપત્તિ પ્રાપ્ત થશે કે, આ જીવનમાં તમારે કદાપિ કોઇનું દાસત્વ કરવું પડશે નહિ. તમે અમને અત્રેથી સત્વર વિદાય કરવાની વ્યવસ્થા કરો. ક્ષત્રિયશોણિતથી જન્મ ગ્રહણ કરી હું એવી પ્રતિજ્ઞા કરું છું કે, હું તમારી સાથે કાળાંતરે પણ વિશ્વાસઘાતકતા કરીશ નહિ.”

આ વચનોપર સુંદરસિંહને સંપૂર્ણ વિશ્વાસ બેઠો નહિ તેથી તેણે સંદિગ્ધ ભાવથી કહ્યું:–“ ઠીક છે, આ વિષયનો પૂર્ણ વિચાર કરી અમે જે નિર્ણયપર આવીશું તે થોડા સમયમાં જ આપને જણાવીશું.”

ત્યારે તમે સર્વે સત્વર વિચાર કરી અમુક ચોક્કસ નિર્ણયપર આવો. વિલંબ કરવાનું શું પ્રયોજન છે ? ત્યાં સુધીમાં હું પણ અલકાસુંદરી સાથે કેટલીક આવશ્યકીય વાતચિત કરવાને ઇચ્છું છું.” ગજસિંહે કહ્યું.

“ભાઇઓ, ચાલો બ્હાર જઇ આપણે નિરાંતે આ વિષયનો વિચાર કરીશું.” સરદારસિંહ નામના એક પહેરેગીરે સર્વને સંબોધીને કહ્યું.

આ પ્રસ્તાવને સુંદરસિંહે સંમતિ દર્શાવી એટલે તેઓ સર્વે ત્યાંથી બ્હાર ચાલ્યા ગયા. શિવરામે પણ એજ સમયે બ્હાર નીકળી જઇ બેઠકખાનાનું દ્વાર બંધ કરી દીધું. માત્ર અલકાસુંદરી અને ગજસિંહ જ એ બેઠકખાનામાં રહ્યાં. આ સમયે અલકાસુંદરી ગજસિંહ તરફ અગ્રગામિની થઇ. તેણે એક સફેદ રેશમી સાડી પહેરેલી હતી. અંગ અલંકારશૂન્ય હતું. બન્ને નેત્રો ઉજ્વળ હતાં. એ ઉજ્વળ તથા ચંચળ લોચનના કટાક્ષ ફેંકીને જ્યારે અલકાએ ગજસિંહ તરફ જોયું ત્યારે

ગજસિંહને એવોજ ભાસ થયો કે, અલકા વિશ્વસંસારમાં અદ્વિતીયા રૂપસુંદરી છે. અલંકાર પહેરેલાં નહિ હોવા છતાં અલકાની અંગકાન્તિ અત્યંત મનોહારિણી, મદનમદોત્પાદિની અને ચિત્તાકર્ષણકારિણી લાગતી હતી. આ સમયે સૌન્દર્યોપાસક ગજસિંહના મુખમાંથી સ્વાભાવિક રીતે જ એવા ઉદ્દગાર નીકળી પડયા કે,

"અમલ કમલ જેવી, જુંવતી તો જણાયે,
નવલ અમલ જામ્યો, એવી આંખ્યો ગણાયે;
અકલ અકલ થાએ, શી મદિરાક્ષી આગે;
તરલ સરલ દષ્ટિ, કામીને અંગ લાગે !!" ૧

વળી,

"આ જો નૂતન તું યુવા યુવતીની કેવી જણાયે કહું,
આહા! શો અતનું વિકાર ઉપજ્યો, ચક્ષુથી જોઇ રહું;
એ તો વામ હશે અપાર રતિમાં, માને મૃદુતા બહુ,
જો જો લક્ષણ લાજનું પ્રિય સખા, પંચે હું પુરાં લહુ." ૨

---

૧ શ્લોક માલિની વૃત્ત. અમલ-નિર્મળ. નવલ-નવીન-નવી કેફ જામી હોય એવી આંખો રક્ત છે, અકલ ઈ૦—આ મદિરાક્ષી (મદિરા સમાન સ્વચ્છ રાતી આંખોવાળી સ્ત્રી)ના આગળ અકલ (બુદ્ધિ) પણ શી (કેવી) અકલ (કળી ન શકે એવી—ગૂમ) થાય છે! તરલ ઇ૦—એની દૃષ્ટિ તરલ (ચંચળ) અને સરળ (સીધી વિકાર વિનાની) છતાં કામીના અંગમાં બાણની પેઠે લાગે છે!

૨ શ્લોક—શાર્દૂલવિક્રીડિત. નૂતન-નવી. અતનુવિકાર—કામવિકાર. વામ-વાંકી, માને ઇ૦-માનમાં ઘણી કોમળ હશે અર્થાત્ એ રીસાઇ છતાં સહેલા ઉપાયથી મનાય એવી હશે. નવી જુવાની, કામવિકારની પ્રકટતા, રતિમાં વાંકાપણું, માનમાં કોમળતા અને લજ્જા એ પાંચ લક્ષણ

તેમજ;

'અંગો અંગે અતિશે લલિતા સુલલના લોલથી દૃષ્ટિ રાજે !
અંગુલી જો અડાડી અધર ઉપર હા, લક્ષ્યતા કેવી લાજે;
સ્કંધો ઉંચા કરે છે, દૃષ કુચ નિરખે, નેણુનાં બાણુ સાજે,
પાદાંગુષ્ટે ખણે છે અવનિ અવિગતા, નાયિકા લાજ કાજે.'' [3]

થોડા સમય સુધી ગજસિંહ અને અલકાસુંદરી: મૌનાવલંબન કરી મુગ્ધભાવથી અને લજ્જાયુક્ત દૃષ્ટિથી એક બીજાં સ્હામે જોઇ રહ્યાં. અંતે સમયનો વિચાર કરી કૃતજ્ઞતા દર્શાવતાં અલકાએ કહ્યું:– "માનવવેશધારી રાક્ષસોના પંઝામાંથી આપ આ રાજનન્દિનીનો ઉદ્ધાર કરવાને આવ્યા છો? કે જો એમજ હશે તો આપને ઘણા રાક્ષસોનો સંહાર કરવો પડશે. વળી મ્હારી પણ આપને એવી જ સ્થિતિ કરવી પડશે."

"તમે આ શું કહો છો?" વિસ્મિત બની જઇ ગજસિંહ બોલ્યો. "હું જે કહું છું તે ખરું જ કહું છું. આપે આ દુર્ગમાં એકાએક ઉપસ્થિત થઇને મ્હારાપર જે પહેરેગીરો દેખરેખ રાખે છે તેમને પુષ્કળ દ્રવ્ય આપી મ્હને મુક્ત કરવાનો પ્રયત્ન કરો છો; છતાં

કામનાં છે તે હું એનામાં પૂરેપૂરાં જોઉં છું. આ સઘળાં લક્ષણ મુગ્ધાનાં છે. (જુઓ દશ ૩૫) "मुग्धा नववयः कामा रतौ वामा मृदु क्रुधि"
"एवमन्येपि लज्जासंवृतानुरागनिबंधना मुग्धाव्यवहारा निबंधनीयाः"

૩ શ્લોક—સ્ત્રગધરા. લલિત-સુંદર. સુલલના-સુંદર સ્ત્રી. લોલ-ચંચળ. અંગુલી ઇ૦—વિતર્ક નામે ભાવનો અનુભવ. લાજના અનુભાવ કહે છે. સ્કંધો ઇ૦ સ્કંધ—ખભા. પાદાંગુષ્ટે—પગના અંગુઠાવડે. અવિગતા-એક જગ્યાએ અટકી ઉભી રહેલી. લાજયુક્ત અનુરાગ પ્રકટ કર્યો છે.

कवि प्रेमानंदकृत दोषदर्शिका सत्यभामाख्यान.

ભ્રમવશાતઃ હજી સુધી આપે મ્હારો મતામત જાણવાનો પ્રયત્ન કર્યો નથી. હું જશલમીર જવાને ઇચ્છું છું એમ આપ કેની રીતે જાણી શક્યા? મ્હેં આપનાપર પૂર્ણ વિશ્વાસ મૂક્યો છે એમ આપ શા ઉપરથી ધારો છો? આપ માત્ર આગંતુક છો. અજ્ઞાત કુળશીલ છો; તેથી આપનો પરિચય પ્રાપ્ત કર્યા સિવાય હું આપની સાથે આ સ્થાનેથી અન્યત્ર પલાયન કરી શકું તેમ નથી. કદાપિ એમ પણ હોઇ શકે કે, જાલિમની તલ્વાર કરતાં આપ મ્હારા ભયંકર શત્રુ હો." આમ કહીને અલકાએ હાસ્ય કર્યું—એ હાસ્યનું દર્શન કરી ગજસિંહ વિશેષ મુગ્ધ બની ગયો.

આ સમયે ગજસિંહે કહ્યું:—"સુંદરિ! તમારો આવો વ્યંગ પ્રશંસનીય છે; કિન્તુ આપણો સમય ઘણો મૂલ્યવાન્ છે. વિલંબ કરવાથી વિપદમાં ફસાઈ પડવાની સંભાવના છે. હું તમારાથી અપરિચિત છું એ સત્ય છે. આવી સ્થિતિમાં હું અત્રે આવું તેથી તમે મ્હને કદાચ ઉન્માદગ્રસ્ત ધારો તો એ પણ બનવા જેવું છે; પરંતુ વિચાર કરી જુઓ, ક્ષત્રિય વીર કદાપિ ક્ષત્રિય રમણીનું અપમાન થતું જોઇને ઉદાસિન રહી શકે ખરો કે? એક ક્ષત્રિય વીરાંગના અકાળે મરણને શરણ થનાર છે એવું જાણવામાં આવ્યા છતાં કયો વીર ક્ષત્રિય તેનો ઉદ્ધાર કરવાને કટિબદ્ધ ન થાય? મ્હેં જ્યારે ગરધનદાસના મુખે એમ સાંભળ્યું કે, તમે સંકટમાં સપડાયલાં છો ત્યારે તત્કાળ મ્હેં તેની પાસે એવી પ્રતિજ્ઞા કરી, 'જો એક અનાથિની નિરપરાધિની કામિનીને સંકટમાંથી મુક્ત કરવા જતાં કદાચ આ તુચ્છ જીવનનો અંત આવશે તો પણ હું મ્હારા કર્તવ્યથી પરાઙ્મુખ નહિ જ થાઉં."

"આપની પ્રતિજ્ઞાનું પાલન કરવાના ઉદ્દેશથી જ આપ અત્રે આવ્યા છો કે?" અલકાસુંદરીએ પૂછ્યું.

"હા—એટલા માટે જ આવ્યો છું. જો એમાં મ્હારો કશો અપરાધ જણાતો હોય તો તેની સજા ભોગવવાને હું તૈયાર છું." ગજસિંહે ઉત્તર આપ્યો.

"આપે એક નીચ, નામર્દ, ક્ષત્રિય કુળકલંક નરાધમ પાસે આવી પ્રતિજ્ઞા કરી છે તેથી આપની પ્રતિજ્ઞા પૂર્ણ થવામાં હું આપને સહાયતા કરીશ એમ આપ ધારો છો ?" અલકાએ કહ્યું.

"સુંદરિ ! ભ્રમમાં પડી શા માટે તમે તમારા જીવનનો અકાળે વિનાશ કરાવવાનો પ્રયત્ન કરો છો ? તમારું સુંદર મસ્તક જાલિમસિંહની સમશેરથી કપાઇ જાય એ કાંઈ સામાન્ય શોકનો વિષય ન કહેવાય. પાપાત્મા ગરધનદાસે મ્હને જે માર્ગ બતાવ્યો હતો એ માર્ગે અત્રે આવવામાં મ્હને ત્રણ ચાર દિવસનો વિલંબ થયો છે; નહિ તો હું સવેળા અત્રે ઉપસ્થિત થઇ ગયો હોત. એ નરપિશાચે ગર્વપૂર્વક જ્યારે એમ કહ્યું હતું કે, 'આ કાર્યમાં તમે ફતેહમંદ થઇ શકશો નહિ; કિન્તુ તમારું જીવન સુદ્ધાં સંકટાધીન કરશો.' ત્યારે જ મ્હારે તેનાં વચનપર અવિશ્વાસ મૂકવો જોઇતો હતો. હશે, બનવાનું બની ગયું છે; એ માટે શોક કરવો વૃથા છે. ઇશ્વરેચ્છાથી હું તમને જીવતાં જોઇ શક્યો છું એ જ મ્હોટા સૌભાગ્યનો વિષય છે. જો અત્રે આવ્યા પછી કદાચ ભાગ્યયોગ્યથી મ્હારા સાંભળવામાં એવા સમાચાર આવ્યા હોત કે, અત્રેથી તમને કોટાધિપતિ પાસે લઇ જવામાં આવ્યાં છે તો હું પણ અન્યત્ર નહિ રોકાતાં તમારું અનુસરણ કરી તમારો ઉદ્ધાર કરવાની કામનાથી કોટા આવત." ગજસિંહે કહ્યું.

"આપની પ્રતિજ્ઞા પણ અદ્દ્ભુત છે!" આશ્ચર્યયુક્ત સ્વરે અલકાસુંદરીએ કહ્યું.

" તમે મ્હારી સાથે જશલમીર ચાલો. જો કદાચ જાલિમસિંહના રાજ્યની સરહદમાંથી જતાં તમારા અંતરમાં ભય ઉપજતો હોય તો હું તમને ચંબલ નદીના રસ્તેથી લઇ જઇશ. જાલિમસિંહ રાજપ્રતિનિધિ છે. કોટાનો રાજકુમાર વિષણુસિંહ આવતી પાંચમના દિવસે પોતાની સ્ત્રી વગેરે સાથે કોટા જનાર છે, તેથી આપણે પણ પાંચમના દિવસે સંધ્યા સમયે એ રસ્તેથી, વિષણુસિંહ અને તેની પત્ની તરીકે આપણો અસત્ય પરિચય આપી પલાયન કરી જઇશું તો આપણને કોઇ પણ પ્રકારની બાધા વેઠવી પડશે નહિ. ઝાલોર અને કોટાના ઘણાખરા પ્રદેશમાં જાલિમસિંહના ઘણાખરા ગુપ્તદૂતો ફર્યા કરે છે; પરંતુ જો આપણે ઉપરોક્ત યુક્તિ અનુસાર વર્તીશું તો નિર્વિઘ્ને જશલમીર જઇ પહોંચીશું."

આ વચનો સાંભળી અલકાએ આનંદિત બની જઇને કહ્યું:— " યુવરાજ ! આપ ઘણા સાહસિક તેમજ હિમ્મતબહાદર જણાઓ છો. આપનાં વચનો સાંભળી હું મ્હારા સકળ દુઃખનું વિસ્મરણ કરી શકી છું. જાલિમસિંહની ભયંકર મૂર્તિ અને તેની શોણિતપિપાસુ તલ્વારનો ભય મ્હારા અંતરમાંથી દૂર થઇ ગયો છે. આપ વિષણુસિંહ થશો અને હું આપની અર્ધાંગના થઇશ તો આપણું રક્ષણ થશે કે ? " છેવટનું વાક્ય બોલતાં અલકાસુંદરીએ લજ્જામિશ્રિત હાસ્ય કર્યું.

" તમે અહીં બંદિની તરીકે રહેલાં છો. તમારું આત્મીય કોઇ અત્રે નથી. જો હોત તો તેની મારફત હું એક પત્ર લખીને જશલમીર મોકલાવત. એમ કરવાથી મ્હારી પાસે પણ કેટલું બધું સૈન્યબળ છે એ તમે સહેલાઇથી જાણી શકત; પરંતુ હમણાં જ્યારે એમ બની શકે તેમ નથી ત્યારે પછી છદ્મવેષ ધારણ કર્યા સિવાય આપણો છુટકો નથી. વળી જો તમે, એક વીર પુરુષની માફક, તમારાપર

જે પહેરેગીરો પહેરો ભર્યા કરે છે તેમનો સંહાર કરી નાખીને પલાયન કરી જવાની ઇચ્છા રાખતાં હો તો તેમ કરવાને પણ હું તૈયાર છું; છતાં એ માર્ગ સ્વીકારવો શ્રેયષ્કર નથી. કદાચ એટલા બધા સાથે યુદ્ધ કરતાં, હું એકલો હોવાથી મ્હારું મૃત્યુ નિપજે તો એ પણ બનવા જેવું છે. વળી એમ થાય તો મ્હારા મૃત્યુ કરતાં તમારા જીવનની ચિંતા જ મ્હારી અસદ્‌ગતિના કારણરૂપ થઇ પડે." ગજસિંહે કહ્યું.

"આપનાં સઘળાં વચનો હું સમજી શકી છું; કિન્તુ કહો જોઇએ કે, મ્હારા અંતઃકરણપર આપનો શો અધિકાર છે? હું કદાચ આપનો તિરસ્કાર કરું, આપનો ભય રાખું કિંવા અવિશ્વાસ રાખું તો આપ શું કહો?" આમ કહી અલકાએ હાસ્ય કર્યું. આ સમયે ગજસિંહે તેનાં ક્ષણપ્રભાના જેવાં વ્યંગસૂચક નેત્રોની જ્યોતિનું પુનઃ અવલોકન કર્યું. ક્ષણકાળ સુધી નિસ્તબ્ધ રહીને ગજસિંહે કહ્યું:—"મ્હારાં પત્ની તરીકે પરિચય આપી, જાલિમસિંહની ભીષણ તલ્વારથી તમે બચી શકો તો એમાં અપમાન જેવું શું છે?"

"અપમાન છે કે કેમ એ પ્રમાણસાપેક્ષ છે. ગમે એમ હોય; કિન્તુ આ વિષયનો ઉત્તર આપવા માટે સમયની જરૂર છે. એ માટે મ્હારે પૂરતો વિચાર કરવો પડશે મ્હને લાગે છે કે આવતી કાલે—"

અલકાનું વાક્ય પૂર્ણ થતાં પૂર્વે જ ગજસિંહે કહ્યું:—"કાલ સુધી રાહ જોવાની શી જરૂર છે? પહેરેગીરો હું જે દ્રવ્ય આપું છું તે જો સ્વીકારી લે અને તમને મુક્તિ આપે તો પછી મ્હારા અભિપ્રાયાનુસાર આ સ્થાનનો ત્યાગ કરવામાં આપણે વિલંબ કરવો જોઇએ નહિ."

"હજી સુધી કાંઈ નક્કી નથી. પહેરેગીરો આપ આપો છો એ દ્રવ્ય સ્વીકારશે કે કેમ એ એક શંકાયુક્ત પ્રશ્ન છે. કદાચ પોતે પકડાઇ જાય

એવા ભયથી ભીત બની જઇને તેઓ આપનો પ્રસ્તાવ અમાન્ય પણ કરે. સુંદરસિંહનું અંતઃકરણ સદય છે. વાસ્તવિક રીતે મ્હારા પિતા અને ભ્રાતાના ગિરફતાર થયા પછી તે મ્હારા તરફ સંપૂર્ણ અનુકંપા દર્શાવે છે. મ્હને એમ લાગે છે કે, જો તેનાથી બની શકે તેમ હોત તો તે મ્હને મુક્તિ આપતાં સંકોચાત નહિ. મ્હને મુક્તિ આપતાં પૂર્વે તેને પોતાનું મસ્તક બચાવવાનો પ્રયત્ન કરવો પડશે, તથા હું પણ જ્યાં સુધી એને નિર્ભય જોઇ શકીશ નહિ ત્યાં સુધી આ સ્થાનનો પરિત્યાગ કરીશ નહિ. તદુપરાંત મ્હારો વિશ્વાસપાત્ર ભૃત્ય શિવરામ તેના કુટુંબસહ પલાયન કરી શકે એવો બંદોબસ્ત કરવો પડશે." અલકાસુંદરીએ કહ્યું.

આ વચનો સાંભળી ગજસિંહ થોડા સમય સુધી ચિંતામગ્ન રહ્યો. અલકાના ચારિત્ર્યમહત્વનો પરિચય પામી તે તેનો ઉદ્ધાર કરવાને વિશેષ વ્યાકુળ બની ગયો. બન્ને જણાં થોડા સમય સુધી ચુપ રહ્યાં. પછી અલકા કહેવા લાગી:–"જુઓ ગજસિંહ! મ્હારાપર જુલ્મી જાલમનો જુલ્મ ન વર્ષે અને મ્હારી જન્મભૂમિસ્વરૂપ આ દુર્ગ ન લૂંટાય એ માટે સુંદરસિંહ ઘણો પ્રયત્ન કરે છે. તેના આવા સદ્‌ગુણો અને પરોપકારવૃત્તિનું દર્શન કરી મ્હેં પણ અહીંથી પલાયન નહિ કરી જવાની તેની પાસે કબૂલત કરી છે. તે મ્હારાપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે. તે કદાચ આવીને આપનું દ્રવ્ય સ્વીકારવાની ઇચ્છા દર્શાવશે તથા શિવરામ અને તેનું કુટુંબ નિર્વિઘ્ન રહી શકશે તો હું અવશ્ય આપની સાથે જશલમીર આવીશ."

આ સંમતિસૂચક ઉત્તર સાંભળી ગજસિંહ અતિ આનંદિત થયો. તે અલકાને ધન્યવાદ આપવા તૈયાર થયો એટલે અલકાએ સંકેતદ્વારા તેને ચુપ રહેવાની સૂચના કરી દ્વાર તરફ જોયું.

દ્વાર ઉઘડતાં જ સુંદરસિંહે વિહ્વળ ભાવથી બેઠકખાનામાં પ્રવેશ કર્યો; તેના હાવભાવ, મુખમુદ્રા વગેરેનું દર્શન કરીને તેનું હૃદય ઉત્તેજિત બની ગયું હોય એમ ગજસિંહ વિચારી શક્યો. તેણે અધીરતાથી પૂછ્યું:–" કેમ, શું છે ? "

સુંદરસિંહે બેઠકખાનાનું દ્વાર બંધ કરી દઇને કહ્યું:–" ગરધનદાસ અત્રે આવી પહોંચ્યો છે ! "

પ્રકરણ ૫ મું.

પ્રણય સંચાર.

ન લાગે કૈં વેળા પ્રણયી પ્રણયીથી મળી જતાં,
રહે ના કૈં ભીતિ રતિરસ તણું ઐક્ય બનતાં;
ભલે પ્રીતિ પહેલાં પરિચય કદી લેશ નવ હો,
ભલે પહેલી દૃષ્ટિ પ્રણય કરવાનો સમય હો.
—કલાપી.

જે દિવસે ઝાલોરરાજ મધુરાવ અને તેનો પુત્ર અવન્તિરાવ કેદ પકડાયા અને તેમને કોટા લઇ જવામાં આવ્યા તે જ દિવસે કિશોરસિંહની કનિષ્ઠા અવિવાહિતા ભગિની પદ્માવતી અવન્તિની પ્રિયદર્શના મનોહર મૂર્તિ જોઇ વિમુગ્ધા બની ગઇ હતી. અવન્તિનો ઉજ્વળ શ્યામવર્ણ, પ્રશસ્ત લલાટ, વિસ્તૃત તેજોમય નયનયુગલ આદિએ એ નવયુવતીના અંતરને ક્ષણ માત્રમાં જ પોતાના તરફ આકર્ષી લીધું હતું. અવન્તિરાવનો સુપુષ્ટ દેહ વિશાળ વક્ષ:, આજાનુ-લંબિત બાહુ તેને એક અપ્રતિમ વીર પુરુષ તરીકે ઓળખાવતા હતા. આવો કુસુમ સમાન મનોહર કાન્તિવાન્ યુવક કારાગારમાં

અવસ્થાન કરી આહાર વિહાર શયનાદિમાં કષ્ટ ભોગવશે એવી મર્મભેદક કલ્પનાથી સહૃદયા પદ્માવતી ઘણી દુઃખિતા થતી હતી. તે મધુરાવ તેમજ અવન્તીરાવને ઓછું કષ્ટ ભોગવવું પડે એ માટે યથાશક્તિ પ્રયત્ન કરવા લાગી. રાજસંસારમાં ઉત્કૃષ્ટ ખાદ્યસામગ્રીનો બિલ્કુલ અભાવ નહોતો. પદ્માવતી હમ્મેશાં પોતાની એક વિશ્વસનીયા દાસી મારફત થોડી ઘણી ઉત્તમ અને સ્વાદિષ્ટ ખાદ્યસામગ્રી, ઝાલોરરાજ અને તેના પુત્ર માટે મોકલી આપતી હતી. બિછાનું વગેરે પણ યથાસ્થિત કરાવતી હતી. આવી રીતે કોટા રાજનન્દિનીના પ્રયત્નથી ઝાલોરરાજ અને તેના પુત્રને કારાગારનું કઠોર કષ્ટ અનુભવવું પડતું નહિ.

અવન્તીરાવ હમ્મેશાં પ્રાતઃકાળે કારાગૃહની સ્હામેના ઓટલા પર બેસી મુખમાર્જનાદિ નિત્યકાર્ય કરતો હતો. આ ઓટલાની સ્હામે એક મ્હોટો ખુલ્લો ચૉક આવેલો હતો. કોટાના રાજમહાલયનો એક ભાગ આ ચૉક તરફ જ હતો. અવન્તીરાવે એક દિવસે સ્હવારે મુખમાર્જન કરતાં કરતાં રાજમહાલયનો જે ભાગ એ બાજૂએ આવેલો હતો તે તરફ ઉંચે નજર કરી તો તેણે સર્વથી ઉપરના માળપર ઝરુખામાં એક સૌંદર્યસંપન્ના લાવણ્યમયી લલનાને જોઇ. ઉભયની દૃષ્ટિનું મિલન થતાં જ એ લજ્જાવતી લલના એક વિદ્યુત્ કટાક્ષ ફેંકી ત્યાંથી દૂર ખસી ગઇ. એ નવયુવતી કોણ હશે એવો પ્રશ્ન સાહજિક અવન્તીરાવના અંતરમાં ઉત્પન્ન થયો; કિન્તુ તે તેનો કશો નિર્ણય કરી શક્યો નહિ. એ અપૂર્વ સુંદરીનું પુનઃ દર્શન કરવાની પ્રબળ લાલસાથી અવન્તીરાવ વારંવાર ઝરુખા તરફ જોવા લાગ્યો; કિન્તુ તેની ઇચ્છા પૂર્ણ થઇ નહિ. અવન્તીનું ચિત્ત અસ્થિર બની ગયું. તે સ્વગત વિચારવા લાગ્યોઃ—"શું અલકાએ અમારું દર્શન કરવાની ઇચ્છાથી શત્રુના દુર્ગમાં પગ મૂક્યો છે. વળી અમારી નજરે પડયાથી અમારો તિરસ્કાર સહન કરવો પડશે એવા ભયથી જ તે પલાયન

કરી ગઇ છે કે શું? જો એ અલકા ન હોય તો પદ્માવતી હશે કે? પદ્માવતીના હૃદયના મહત્વની તુલના થઇ શકે તેમ નથી જ. એ કલ્યાણમયી, કરુણામયી રમણી અમારા દુઃખથી દુઃખિતા થઇ અમારું દુઃખ દૂર કરવાનો નિરંતર પ્રયત્ન કર્યા કરે છે. આ એ જ રમણીશિરોમણિ કોટારાજનન્દિની પદ્માવતી હશે કે? જો તે હોય તો પણ મ્હને જોઇને શા માટે એ પલાયન કરી જાય? હું તો એક સામાન્ય કેદી છું. કેદીને જોઇ તેણે શા માટે શર્માવું જોઇએ?" આવા વિચારો અવન્તીરાવના અંતરમાં ઘોળાવા લાગ્યા. ઉદ્વિગ્ન ચિત્તે તેણે આખો દિવસ પસાર કર્યો. વારંવાર બ્હાર નીકળીને તે ઝરુખા તરફ જોતો હતો; પરંતુ પેલી નવયૌવનાનું પુનઃ દર્શન કરવાની ઇચ્છા સફળ થતી નહોતી. યથા સમયે સૂર્ય ભગવાને અસ્તાચળમાં ઉતરી પડી વસુંધરા તથા અવન્તીના હૃદયપર અંધકારનો વિસ્તાર કર્યો.

અવન્તીરાવનું હૃદય ઘણું સરળ હતું. નવયુવતીના હાવભાવ કેવા હોય છે એનો હજી સૂધી તેને અનુભવ નહોતો; નહિ તો પેલી નવયૌવનાને જોતાંની સાથે જ તે તેના પલાયનનું પ્રયોજન સમજી શકત; ખરું જ છે કે,

વસન્તે હર્ષ પામી કોકિલા ઉદ્યાનમાં ગાતી,
ચકોરી પૂર્ણ ઇન્દુના હૃદયને જોઇ મલકાતી;
નદી વર્ષાઋતુમાં જળથકી અત્યંત છલકાતી,
કમલિની સૂર્ય દર્શનથી પ્રફુલ્લિત તે પળે થાતી;
થતાં નવયૌવના નારી, મદનના ભાવ ધારે છે,
મદનનાં ચિહ્ન પ્રકટી, અંગની શોભા વધારે છે;
સરળ કાયા કુમારીની, નવાં ચિહ્નો બતાવે છે,
છતાં લજ્જાવતી લલના, મદન ભાવો છુપાવે છે.

નહિ આરામ દિવસે કે, ન રાતે ચેન આવે છે,
વિરહની વેદના ભુંડી, પ્રહર આઠે સતાવે છે.
ચપળ જે ચાલ ને આંખો, થતી તે મંદતાવાળી;
છતાં પણ બેસતી સુવતી, મદનના રોગને પામી !

આશા માયાવિની લોકોના અંતરમાં જીવનીશક્તિનો સંચાર કર્યા કરે છે. જે કાર્ય સર્વથા અસાધ્ય હોય છે એ કાર્ય તરફ પણ તે મનુષ્યને અગ્રેસર કરે છે. આમ હોવાથી જ અંધકારનો વિસ્તાર થયેલો હોવા છતાં વ્યાકુળ બની ગયેલો અવન્તીરાવ ઝરૂખા તરફ જોતો હતો. રહસ્યમયી ઠગારી આશા વારંવાર તેને ઝરુખા તરફ જોવાને ઉત્તેજિત કરતી હતી. આશા! આશા ! ત્હારી લીલા ન્યારી છે. ખરું જ છે કે,

કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે;
ખફા ખંજર સનમનામાં રહમ ઉંડી લપાઇ છે. કહીં૦
જુદાઇ ઝીંદગી ભરની, કરી રો રો બધી કાઢી,
રહી ગઇ વસ્લની આશા, અગર ગરદન કપાઇ છે. કહીં૦
ઘડી ના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી;
હજારો રાત વાતોમાં, ગુમાવી એ કમાઇ છે. કહીં૦
ઝખમ દુનિયા ઝમાનોના, મુશીબત ખોફનાં ખંજર,
કતલમાં એ કદમબોશી, ઉપર કયામત ખુદાઇ છે. કહીં૦
શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ;
અગમ ગમની ખરાબીમાં, મજેદારી લુંટાઇ છે. કહીં૦
ફના કરવું ફના થાવું, ફનામાં શાહ સમાઇ છે;
મરીને જીવવાનો મંત્ર, દિલબરની દુહાઇ છે. કહીં૦
ઝહરનું નામ લે શોધી, તુરત પી લે ખુશીથી તું;

સનમના હાથની છેલી, હકીકતની રફાઇ છે. કહીં૦
સદા દિલના તડપવામાં, સનમની રાહ રોશન છે;
તડપતે તૂટતાં અંદર, ખડી માશૂક સાંઇ છે. નહીં૦
ચમનમાં આવીને ઉભો, ગુલોપર આફરીં થૂઇ તું,
ગુલોના ખારથી બચતાં, બદન ગુલને નવાઇ છે. કહીં૦
હજારો ઓલીયા મુરશિદ, ગયા માશૂકમાં ડુલી;
ન ડૂલ્યા તે મુઆ એવી, કલામો સખ્ત ગાઇ છે. કહીં૦

જોત જોતાંમાં એક પ્રહર રાત્રિ વીતી ગઇ. આ સમય કેદીઓના આહારનો હતો. પિતા પુત્ર આહાર કરી શય્યાવશ થયા. જેનું અંતઃકરણ દારુણ નિશ્વાસ પ્રશ્વાસથી દાઝતું હોય છે તેને કદાપિ શાન્તિની પ્રાપ્તિ થતી નથી. ઉજાગરામાં, ચિંતામાં તથા આશામાં જ અવન્તીએ અવશિષ્ટ રાત્રિ પસાર કરી. પ્રભાતકાળે શય્યાત્યાગ કરી પેલી મનમોહિનીનું દર્શન કરવાની લાલસાથી તે ચૉકમાં આમતેમ ફરવા લાગ્યો; પરંતુ ઝરુખાને બંધ જોઇ તે પ્રભાતકાર્યથી નિવૃત્ત થવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એવામાં એકાએક ઝરુખો ખુલ્લો થયો. તે સાથે જ આશાતુર દૃષ્ટિથી અવન્તીએ એ તરફ જોયું; પરંતુ વિદ્યુત્ ક્ષણ માત્ર માટે પ્રકાશિત થઇ જેવી રીતે અદૃશ્ય થઇ જાય છે તેવી જ રીતે પેલી મનોહારિણી નવયુવતી એક વખત ઝરુખામાંથી અવન્તી તરફ જોઇ ક્ષણ માત્રમાં જ ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ.

નિરાશાના અગાધ સાગરમાં ડૂબી જઇ અવન્તી દિનપ્રતિદિન વિશેષ ચિંતાતુર બનવા લાગ્યો. જે મનુષ્યના અંતરમાં ચિંતા પિશાચિની પ્રવેશ કરે છે એ મનુષ્યને સંસારના કોઇ પણ પ્રકારના સુખમાં સુખ મળતું નથી; તેમાં વળી પ્રેમિકની વ્યથાનું તો નિર્જીવ લેખિનીથી વર્ણન જ થઇ શકે તેમ નથી. વાંચકબંધુઓ! પ્રેમની

પીડા કેવી અસહ્ય હોય છે ? જેના અંતરમાં પ્રણયની વ્યથા ઉત્પન્ન થાય છે તેને સંસારમાં એક ક્ષણ માટે પણ શાન્તિ મળી શકતી નથી. વિશ્વની પ્રત્યેક વસ્તુપર તેને વિરક્તભાવ ઉપજે છે. શીતળ ચંદ્રકિરણો તેને અગ્નિકણો જેવાં જણાય છે. શીતળ મલયવાયુ તેને ઉન્હાળાની લૂ જેવો લાગે છે. સુંદર વિકસિત પુષ્પો તેને સૌગંધહીન જણાય છે. સુખશય્યાઓમાં સૂઇ રહેતાં તેને કાંટાઓ ભોકાતા હોય એવો ભાસ થાય છે. જે મનુષ્ય પ્રેમના પ્રબળ પંઝામાં સપડાય છે તેની આહાર નિદ્રાપરથી રૂચિ ઉઠી જાય છે. સ્વર્ગસ્થ પ્રેમિક કલાપીએ યથાર્થ લખ્યું છે કે,

" હરિ હરિ અરે ! ક્રુપા ધા આ ઘટે કરવા તને ?
પ્રણયી દિલને વિના દોષે હણવાં તને ?
કદિ કંઇ હશે દોષો તોયે ક્ષમા નવ શું ઘટે ?
તુંજ સખત આ શિક્ષાથી રે ! વિધિ ! શુભ શું થશે ? "

અવન્તીનામાં આવું આકસ્મિક પરિવર્તન થયેલું જોઇ તેના પિતા મધુરાવે એમ વિચાર્યું કે એ પરિવર્તનનું કારણ કારાગારનું કઠિન કષ્ટ જ હોવું જોઇએ.

બીજી તરફ પદ્માવતીની સ્થિતિ પણ અવન્તીના જેવી જ હતી. પ્રથમ તો તે ઝરુખામાં આવી જ્યારે અવન્તી તરફ જોતી ત્યારે લજ્જિતા બની જઇને ત્યાંથી અદશ્ય થઇ જતી હતી; પરંતુ પછીથી અવન્તીનું મુખદર્શન વારંવાર જોવાની પ્રબળ વાસનાને તે શાન્ત કરી શકી નહિ. હવે તે પોતાનો ઘણો ખરો સમય ઝરુખામાં બેસી રહી અવન્તીસંવના મુખનું દર્શન કરવામાં જ પસાર કરતી હતી. બન્નેની દૃષ્ટિ જાણે કે કોઇ સાંકેતિક ભાષામાં એક બીજાંના હૃદયની વાત એક બીજાંને કહી દેતી હતી. પદ્માવતી પોતાના અંતરની વાત

કોઇને પણ કહેવાનું સાહસ કરી શકતી નહોતી; છતાં પ્રણય કદાપિ છુપો રહેતો જ નથી. તેના હાવભાવ અને ચંચળતા વગેરેથી તે સત્વર પ્રકટ થઇ જાય છે. પદ્માવતીના અંતરની આવી વ્યાકુળતા, કિશોરસિંહની સ્ત્રી યમુના અને વિષ્ણુસિંહની સ્ત્રી રત્નમાળા, વિના વિલંબે જાણી શકી. પદ્માવતીના હાવભાવ અને વ્યવહાર આદિમાં ફેરફાર થયેલો જોઇને યમુના તથા રત્નમાળા કેટલીક વખતે તેની સમક્ષ અવન્તીરાવનું નામ ઉચ્ચારતી હતી. ચતુરા પદ્માવતી કૃત્રિમ કોપ દર્શાવીને તેમનો તિરસ્કાર કરી તેમની મશ્કરીને ઉડાવી દેતી હતી.

પદ્માવતીની ગંગા નામની એક વિશ્વાસુ પરિચારિકા હતી. તેની સાથે તે કેટલીક વખતે અવન્તીરાવ સંબંધી વાતચિત કરતી હતી. એક દિવસે ગંગાની સાથે કેટલીક ભોજન સામગ્રી મોકલાવતાં પદ્માવતીએ કહ્યું:—"જો ગંગા! તું હમ્મેશાં એમની પાસે જાય છે; છતાં હજી સુધી તેમનાં નામ ઠામની માહિતી તું મેળવી લાવી નથી!"

"કોનાં નામ ઠામ બ્હેન?" ગંગાએ જાણે કે અજાણી બની ગઇ હોય એવી રીતે પૂછ્યું.

"વાહરે વાહ! જાણે કે કાંઇ જાણતી જ નથી! હું કોના સંબંધી વાત કરું છું એ તું સમજી શકતી નથી કે?" કૃત્રિમ કોપ દર્શાવતાં પદ્માવતીએ કહ્યું.

"તમે પેલા કેદીઓની વાત કરો છો કે?"

"ત્યારે બીજા કોની વાત કરવાની હતી?"

"ખરું છે, જ્યાં જેનું દુઃખ હોય છે ત્યાં જ તેનો હાથ હોય છે! બ્હેન! વિચાર કરી જુઓ કે હું એક સ્ત્રી છું. મ્હારા જેવી દાસીથી એમનાં નામ ઠામ કેવી રીતે પૂછી શકાય? વળી હું પૂછું તો તેઓ મુઝને ઉત્તર પણ આપે કે?"

"ત્યારે હવે બીજું કોઇ માણસ જ નથી કે? ગમે તેની પાસે તું આટલી હકીકત પૂછાવ."

"વારુ, તમારી જીજ્ઞાસા આજે હું અવશ્ય શાન્ત કરીશ."

આવો ઉત્તર આપી ગંગા વિદાય થઇ એટલે એ એકાન્ત સ્થળે એકલી પદ્માવતી બેસી રહી. જેનું હૃદય પ્રણયની પીડાથી પીડિત હોય છે તેને સખીઓનો સહવાસ ગમતો નથી. પદ્માવતી ચિત્રકાર્યમાં નિપુણા હતી. તે પોતાના હૃદયમાં અંકિત થયેલી અવન્તીની પ્રતિમા એક બીજા આભ્ર પદાર્થપર ચીતરવા લાગી. આ કાર્યવ્યવસાયમાં થોડો સમય પસાર થયો એટલે ગંગા પણ આવી પહોંચી. તરત જ તૈયાર થતું ચિત્ર પદ્માવતીએ એક વસ્ત્રમાં છુપાવી દીધું. પછી ગંગા તરફ જોઇ અધીરતાથી તેણે પૂછ્યું:—"કેમ સખિ! કાંઇ જાણી શકી છે કે?"

"હા."

"શું જાણી શકી છે?"

"તમારી અધીરતા અતિશય વધી ગયેલી જણાય છે!"

"લે હું શાન્ત થાઉં છું. જે હકીકત તું જાણી આવી હોય તે કહેવામાં હવે વિલંબ કરીશ નહિ."

"મ્હેં જ્યારે એમનું નામ પૂછ્યું ત્યારે તો તેઓ મ્હને છોડતા જ નહેતા. કોણે નામ પૂછાવ્યું છે, શા માટે પૂછાવ્યું છે? આવા આવા ઘણા પ્રશ્નો તેઓ મ્હને પૂછવા લાગ્યા."

"એમનું નામ શું છે તે તું જાણી આવી કે?"

"હા, એમનું નામ અવન્તીરાવ છે."

"વાહ! નામ તો ઘણું સુંદર અને કર્ણપ્રિય છે, કેમ સખિ?"

"હાસ્તો. તમને એમની મોહિની લાગી છે તેથી હવે તમને

સઘળું સુંદર જ જણાશે. પ્રેમિકા પોતાના પ્રેમિકને નિરંતર એવી મુગ્ધદૃષ્ટિથી જ જુએ છે!"

"વાહ! તું પણ મ્હારી મશ્કરી કરે છે! ગંગા! મ્હારા અંતરની વ્યથા તું સમજી શકે તેમ નથી. મ્હને શું દર્દ થાય છે તે હું સમજી પણ શકતી નથી! ઠીક, એમનું નિવાસસ્થાન ક્યાં છે?"

"એમની સાથે જવાનો તમારો વિચાર છે કે? જો તમે એમ કરશો તો આ અભાગિની ગંગાનો ભાવ કોણ પૂછશે?"

"ગંગા! તને આટલું આટલું કહું છું પરંતુ તું ઠઠ્ઠા મશ્કરી છોડતી નથી કે? જલ્દી કહે કે, તેમનું નિવાસસ્થાન ક્યાં છે?"

"ઝાલોર."

"વિશેષ કાંઇ તું જાણી શકી છે કે?"

"હા, બીજી જે હકીકત મ્હારા જાણવામાં આવી છે તે જો તમે સાંભળશો તો ભયભીત બની જશો."

"ભલે બની જાઉં—તું મ્હારી ચિંતા રાખીશ નહિ."

"હાસ્તો! હવે તો તમારી ચિંતા અવન્તીરાવ રાખશે એટલે પછી મ્હારી શી જરૂર છે? જુઓ સાંભળો, હું જ્યારે તેમને ખાવાનું આપવા ગઇ ત્યારે મ્હેં અવન્તીરાવને તેમના પિતાજી સાથે વાતચિત કરતા જોયા. એ સમયે હું અલકાસુંદરી અને ઝાલોર એ બે નામ માત્ર સાંભળી શકી."

"એ પરથી ત્હેં શું ધાર્યું?"

"એ જ કે અલકાસુંદરી અવન્તીરાવનાં સહધર્મિણી હોવાં જોઇએ."

આ વાક્ય સાંભળવામાં આવતાં પદ્માવતીનું મુખમંડળ તદ્દન મલિન બની ગયું. જાણે કે પૂર્ણિમાનો ચંદ્ર વાદળાંઓથી ઢંકાઇ ગયો. ગંગા ત્યાંથી અન્ય કાર્યાર્થે ચાલી ગઇ.

પ્રકરણ ૬ ઠું.

સુંદરસિંહ અને ગરધનદાસ.

એકાએક વજ્રપતનથી માણસ જેવી રીતે ચમકી ઉઠે તેવી જ રીતે ગરધનદાસનું નામ સાંભળવામાં આવતાં ગજસિંહ ચમકી ઉઠયો. સુંદરસિંહે કહ્યું:—"માત્ર એકલો ગરધનદાસ જ નહિ પરંતુ તેની સાથે એક સરદાર અને કેટલાક હથિયારબંધ સિપાહીઓ આવેલા છે. સરદારસિંહ ઘણો ચતુર અને સમયસૂચક હોવાથી તેણે તેમને સર્વેને બ્હાર વાતે લગાડયા છે. ગરધનદાસ દુર્ગમાં પ્રવેશ કરવાનો આગ્રહ કરે છે. તે એમ કહે છે કે, જાલિમસિંહ પાસેથી દુર્ગની રક્ષા કરવાનો પરવાનો મેળવીને તે અહીં આવ્યો છે તથા જરૂર જેવું જણાય તો અલકાસુંદરીને કોટા લઇ જવાની વાત તે કહે છે. તેથી જો આપ આપના જીવનું રક્ષણ કરવાને ઇચ્છતા હો તો સત્વર અહીંથી પલાયન કરો." આમ કહી ગજસિંહનો હાથ પકડી સુંદરસિંહ તેને અન્યત્ર લઇ જવાનો પ્રયત્ન કરવા લાગ્યો; પરંતુ ગજસિંહ ત્યાંથી ખસ્યો નહિ એટલે તે પુનઃ કહેવા લાગ્યો:—"જો ગરધનદાસ આપને અહીં જોશે તો તે તરત જ મ્હને પણ કેદ કરશે. તે ચોક્કસ સમજી જશે કે, અલકાસુંદરીનો ઉદ્ધાર કરવાના ઉદ્દેશથી જ આપ અત્રે આવેલા છો. જો તે આપને આ બેઠકખાનામાં જોશે તો જાલિમસિંહની તલ્વારથી મ્હારું મસ્તક ધડથી જૂદું થઇ જશે."

થોડા સમય સૂધી સર્વે નિસ્તબ્ધ રહ્યાં. પછી અત્યંત માનસિક ઉદ્વેગવશાતઃ સુંદરસિંહ ત્યાં રોકાવાને અશક્ત બની ગયો. બેઠકખાનાનું દ્વાર ઉઘાડી બ્હાર શું થાય છે એ જાણવા માટે તે વ્યાકુળ થઇ ગયો.

"સુંદરસિંહ જે કહે છે તે સર્વાશે સત્ય છે. આપે હવે એક ક્ષણનો પણ વિલંબ નહિ કરતાં અહીંથી ચાલ્યા જવું જોઇએ." અલકાસુંદરીએ ગજસિંહને ઉદ્દેશીને કહ્યું.

"અને તમને શત્રુના પંઝામાં રહેવા દઉં ? ના ના–તમને સાથે લીધા સિવાય હું અહીંથી અન્યત્ર ચાલ્યો જનાર નથી–એ નામર્દ નરપિશાચ ગરધનદાસના ભયને કાળાંતરે પણ હું મ્હારા અંતરમાં સ્થાન આપનાર નથી." આમ કહી વ્યાકુળ દષ્ટિથી ગજસિંહ અલકાસુંદરીના મુખમંડળ તરફ જોઇ રહ્યો.

આ સમયે સુંદરસિંહે દ્વાર બંધ કરી દઇને કહ્યું:—" ચુપ રહો–ચુપ રહો—સરદારસિંહ ગરધનદાસની સાથે આ તરફ આવે છે. દાદરપરથી ગરધનદાસને હું એવું કહેતાં સાંભળી શકયો છું કે, "તમે સૈન્યસહ અહીંથી ચાલ્યા જાઓ. કાલથી જ હું આ દુર્ગની તથા બંદિનીની સંપૂર્ણ દેખરેખ રાખીશ."

આ સમયે ગજસિંહને ઉદ્દેશીને અલકાએ અત્યંત વિહ્વળતાથી કહ્યું:—"આપ સત્વર પલાયન કરી જાઓ."

ગજસિંહે ગંભીરતાથી ઉત્તર આપ્યો:—" હું જવાનો નથી. આ સ્થળે જ હું ઉભો રહીશ, તથા એ પાપી દુરાત્મા જે પળે આ બેઠકખાનામાં પ્રવેશ કરશે તેજ પળે હું તેનો શિરચ્છેદ કરીશ."

" ના ના–એમ કરશો નહિ. એ સર્વથા અસંભવ છે. આ આપનો એક પ્રકારનો માત્ર ઉન્માદ જ છે. એમ કરવાથી આપ જ પકડાશો અને નિષ્ઠુર નરપિશાચ આપનો જ શિરચ્છેદ કરશે; કેમ કે તેની પાસે ઘણા સશસ્ત્ર સિપાહીઓ છે."

ગજસિંહે ક્ષણ કાળ સુધી મૌનનું અવલંબન કરી પોતાની પરિસ્થિતિનો વિચાર કરી જોયો. ત્યાર પછી તેણે કહ્યું:—"હા હા,

અલકાસુંદરિ! તમારું કહેવું વ્યાજબી છે. આ મ્હારો એક પ્રકારનો ઉન્માદ છે. જો મ્હારો શિરચ્છેદ થશે તો સમસ્ત સંસારમાં બીજું કોઇ તમારું રક્ષણ કરનાર રહેશે નહિ; તેથી એ ધુર્ત્ત પાખણ્ડ છળ, બળ અને કળથી તમને, પોતાને વશીભૂત કરશે."

"તથા આપને આ દુર્ગમાં પ્રવેશ કરવા દીધેલા હોવાથી સુંદરસિંહ પણ કેદ પકડાશે." આમ કહીને અલકાસુંદરીએ એ બેઠકખાનાની ચોતરફ દષ્ટિ ફેરવી. તે ચોતરફ ભય જોવા લાગી. ભયની ભાવનાથી તેનું સર્વાંગ વાયુથી કંપતી લતા પ્રમાણે કંપવા લાગ્યું. તેના ઓષ્ઠદ્વય શુષ્ક થઇ ગયા. સિંહણની માફક છલંગ મારી એ બેઠકખાનામાં આવેલા એક ન્હાના દ્વાર પાસે તે ઉપસ્થિત થઇ, અને તેણે કહ્યું:—"આપ સત્વર છુપાઇ જાઓ. આ દ્વારમાંથી જતાં એક સીડી આપના જોવામાં આવશે. એ સીડીપરથી ઉતરીને શિવરામ તથા તેની સ્ત્રીના ઓરડાના દ્વાર પાસે આપ જઇ શકશો, તેમને સઘળી હકીકત કહેવાથી તેઓ જ આપના જીવનનું રક્ષણ થઇ શકે એવી સર્વ પ્રકારની વ્યવસ્થા કરશે." અલકાસુંદરીએ કહ્યું.

"હું તમને પાપાત્મા ગરધનદાસના પંઝામાં રાખીને પલાયન કરી જાઉં?" ગજસિંહ બોલ્યો.

"જો આ સમયે છુપાઇ જઇને આપ આત્મરક્ષણ નહિ કરો તો પછી કેવી રીતે મ્હારું રક્ષણ કરી શકશો?" આમ કહી અલકાસુંદરી ગજસિંહનો હાથ પકડી પેલા ન્હાના દ્વાર પાસે ગઇ, તથા તેણે તેને એ દ્વારમાં પ્રવેશ કરવાની ફરજ પાડી. ગજસિંહે આ સમયે કશી આપત્તિ કર્યા સિવાય એ દ્વારમાં પ્રવેશ કર્યો. તરત જ અલકાએ એ ગુપ્તદ્વાર બંધ કરી દીધું, અને તે પાછી યથાસ્થાને આવી હાથથી મ્હોં ઢાંકી દઇ કંપતી કંપતી ઉભી રહી.

ક્ષણુ કાળ પછી જ્યારે સરદારસિંહ સાથે ગરધનદાસે બેઠકખાનામાં પ્રવેશ કર્યો ત્યારે તેણે અલકાસુંદરીને ઉપર વર્ણવેલી સ્થિતિમાં જોઇ. ચતુર સરદારસિંહ સારી રીતે જાણતો હતો કે, ગજસિંહ અલકાસુંદરી પાસે છે તેથી સુંદરસિંહ સમય મેળવી તેને બીજા સ્થળે મોકલી શકે એ માટે ગરધનદાસ સમક્ષ વિવિધ આપત્તિઓ ઉપસ્થિત કરીને તેનો બની શકે એટલો સમય તેણે નષ્ટ કર્યો હતો.

સરદારસિંહે ગરધનદાસનો પરિચય કરાવતાં કહ્યું:—"આ કોટાધિપતિ જાલિમસિંહજીના સુપુત્ર ગરધનદાસ છે." પછી તેણે ગરધનદાસને કહ્યું:—"આ સુંદરસિંહ અમારા સરદાર અને આપના તાબેદાર છે. હમણાં તેઓ જ અલકાસુંદરીપર દેખરેખ રાખે છે. અલકાસુંદરીને જાલિમસિંહજી પાસે લઇ જવાનાં છે એ સમાચાર જાણુવામાં આવતાં કદાચ તેઓ આત્મહત્યા કરે એવી આશંકાથી તેઓ અલકાસુંદરી પાસેથી અન્યત્ર જઇ શકે તેમ નથી. આપ જુઓ તો છો કે, નિરાશ બની જઇને અલકાસુંદરી હમણાં રુદન કર્યા કરે છે!"

આ વાક્યોના સમર્થનમાં સુંદરસિંહે કહ્યું:—"ભાઇ સરદારસિંહ! તમારું ક્હેવું સર્વાંશે સત્ય છે. આ સંકટમાંથી પોતાનો ઉદ્ધાર થશે એવી તેમના અંતરમાંની આશા નિર્મૂળ થઇ ગઇ હોય એમ લાગે છે. એમને શું કોટા લઇ જવાની આજ્ઞા થયેલી છે?"

ગરધનદાસે ગર્વસૂચક સ્વરે કહ્યું:—"દોષ સાબિત થશે એટલે એમને લઇ જવાં જ પડશે. મ્હને એવી આજ્ઞા મળી છે કે, હવેથી મ્હારે જ તેમના પર દેખરેખ રાખવી. આ રહ્યું આજ્ઞાપત્ર. સુંદરસિંહ! તમારે તમારા માણુસોની સાથે આવતી કાલે જ અહીંથી ચાલ્યા જવાનું છે. કાલે પ્રભાતકાળે જ તમે અહીંથી વિદાય થઇ જજો."

ગરધનદાસની આવી આજ્ઞાથી સુંદરસિંહના અંતરમાં ક્રોધ

ઉપજ્યો. તેણે કિંચિત્ ક્રોધસૂચક સ્વરે જ પૂછ્યું:–"ઝાલોર દુર્ગમાંથી મ્હને અન્યત્ર મોકલવાનો આપને શો અધિકાર છે ?"

ગરધનદાસે આ પ્રશ્નના ઉત્તરમાં પોતાની પાસેનું આજ્ઞાપત્ર સુંદરસિંહને બતાવ્યું. સુંદરસિંહે એ આજ્ઞાપત્ર જોઇને કહ્યું:–"થોડા દિવસ પૂર્વે આપને જ ગિરફતાર કરવાનું ઘોષણાપત્ર નીકળ્યું હતું; એમાં એમ જણાવવામાં આવ્યું હતું કે, જે કોઇ તમને ગિરફતાર કરશે તેને ઘણું સારું પારિતોષિક આપવામાં આવશે."

ગરધનદાસે કહ્યું:–"સુંદરસિંહ ! ત્યાર પછી ઘણા બનાવો બની ગયા છે. હું જ પહેલાં ઝાલોરરાજનો સહાયક હતો. ત્યાર પછી પલાયન કરી જઇને મ્હેં ઇંગ્રેજોની સહાયતા સ્વીકારી હતી. એ ઇંગ્રેજોની સિફારસથી જ મ્હારા પિતાએ મ્હારા સકળ અપરાધોની ઉદારતાપૂર્વક મ્હને ક્ષમા આપી છે, તથા આ દુર્ગ તેમજ અલકાસુંદરીપર દેખરેખ રાખવાની આજ્ઞા કરીને જ તેમણે મ્હને અત્રે મોકલ્યો છે."

"ત્યારે આપના પિતાશ્રી જાલીમસિંહે મ્હને એવી આજ્ઞા કરેલી છે કે, જ્યાં સુધી અલકાસુંદરી અપરાધિની ન ઠરે ત્યાં સુધી તેમના પ્રતિ સંમાન દર્શાવીને જ આ દુર્ગની તેમનાપર દેખરેખ રાખવી. આ આજ્ઞાનું પ્રતિપાલન કરવા માટે કોણ આપ જ જવાબદાર થશો કે ?" સુંદરસિંહે કહ્યું.

"હા–એ માટે તમારે ચિંતા કરવાનું કારણ નથી. મ્હને પણ પિતાશ્રીએ એવી જ આજ્ઞા કરેલી છે. વળી ખાસ કરીને અહીં દુર્ગમાં જ એવી કેટલીક વસ્તુઓ છે કે જેનાં પ્રમાણથી અલકાસુંદરીને અપરાધિની ઠરાવી શકાય તેમ છે. એ સઘળાં પ્રમાણો મેળવી તેમને પૂરતી દેખરેખ નીચે કોટા મોકલવામાં આવશે, અને જો કદાચ

પ્રમાણો નહિ મળી આવે તો તેઓ અત્રે જ રહેશે. હવે તમે અને સરદારસિંહ જઇને મ્હારા અનુચરોના આહારાદિની સત્વર વ્યવસ્થા કરો. પ્રવાસના શ્રમથી તેઓ ઘણા ક્ષુધાતુર બની ગયા છે.” ગરધનદાસે કહ્યું.

તરત જ સુંદરસિંહ અને સરદારસિંહ વિષણ્ણ વદને ત્યાંથી ચાલ્યા ગયા. રાજનૈતિક ચતુરચુડામણિ જાલિમસિંહની આજ્ઞા વિરુદ્ધ વર્તવાની તેમનામાં હિમ્મત નહોતી. તેઓ બન્ને ચાલ્યા ગયા એટલે માત્ર ગરધનદાસ અને અલકાસુંદરી જ એ બેઠકખાનામાં રહ્યાં.

પ્રકરણ ૭ મું.

પિશાચના પંઝામાં પડેલી પ્રેમદા.

સુંદરસિંહ અને સરદારસિંહ બેઠકખાનામાંથી ચાલ્યા ગયા એટલે ગરધનદાસે એકાન્તનો લાભ લઇ અલકાસુંદરીને ઉદ્દેશીને કહ્યું:—“અલકાસુંદરિ !”

તરત જ તિરસ્કારમિશ્રિત દૃષ્ટિથી અલકાસુંદરીએ પાપાત્મા ગરધનદાસ તરફ જોયું. તેનાં બન્ને નેત્રો ઉજ્જ્વળ હતાં. વદનમંડળ પર યત્કિંચિત્ પણ નિરાશાનો ભાવ જોવામાં આવતો નહોતો. જાણે કે તે તદ્દન નિર્ભય હતી. પોતાના રક્ષણ માટે કદાપિ તેના અંતરમાં ભય ઉપજ્યો નહોતો. જે વ્યકિતએ તેના સુખદુઃખના સાથી થઇ તેને પોતાની જીવનસહચરી બનાવવાનો પ્રસ્તાવ કર્યો હતો, તથા પછીથી જે વ્યક્તિએ વિશ્વાસઘાતકતા પ્રદર્શિત કરીને તેના પિતા તથા ભ્રાતાને શત્રુના હાથમાં સોંપી આત્મરક્ષણાર્થે પલાયન કર્યું હતું તેજ પાપમતિ યુવક ગરધનદાસ તરફ આ સમયે તેણે તિરસ્કારયુક્ત દૃષ્ટિથી જોયું. એ દૃષ્ટિ જોઇ નરાધમ ગરધનદાસ બિલ્કુલ શરમાયો નહિ. અલકા-

સુંદરીએ ઉપેક્ષાસૂચક સ્વરે પૂછ્યું:—"તમે શા માટે ફરીથી અત્રે આવ્યા છો ?"

"અલકાસુંદરિ ! પૂર્વે હું અત્રે અતિથિ તરીકે આવ્યો હતો; પરંતુ મ્હારી એ સમયની અને હાલની સ્થિતિમાં ઘણો ફેરફાર થઇ ગયો છે. શા માટે આવી રાત્રે હું અત્રે આવ્યો છું એ હું ટૂંકામાં તમને કેવી રીતે સમજાવી શકું ?" ગરધનદાસે અલકાના અંતરમાં ભય ઉપજાવવાના ઉદ્દેશથી કહ્યું.

"તમારે હવે મ્હને કાંઇ સમજાવવું પડશે નહિ. તમે જે વિશ્વાસઘાતકતા કરી છે એ જ તમારો વ્યવહાર સમજવાને માટે બસ થઇ પડે છે. તમારા આકાર, વ્યવહાર, પોષાક વગેરેમાં કશો ફેરફાર થતો હોય એમ લાગતું નથી. માત્ર તમારા અંતઃકરણમાં જ ફેરફાર થયે છે." અલકાસુંદરીએ પ્રથમના જેવા જ સ્વરે કહ્યું.

આ સમયે હૃદયપર પોતાનો એક હાથ મૂકીને કૃત્રિમભાવ પ્રદર્શિત કરતાં ગરધનદાસે કહ્યું:—"જીવનમોહિનિ ! તમારા માટે તો મ્હારા અંતઃકરણમાં બિલ્કુલ ફેરફાર થયો નથી. હું નિરંતર તમારો વિશ્વાસભાજન છું. નિરંતર મ્હારા મનમાં એવી આશાનું હું પોષણ કરું છું કે, ભવિષ્યમાં એક દિવસ હું તમને મ્હારાં અંકશાયિની કરી શકીશ. જો કે તમે મ્હને વિશ્વાસઘાતક સમજો છો; પરંતુ તમે જ કહો જોઇએ કે, મ્હેં કદાપિ તમારું અનિષ્ટ કર્યું છે ? હું શા માટે ફરીથી અત્રે આવ્યો છું એ તમે જાણો છો ?"

તરત જ અલકાસુંદરીએ ઉત્તર આપ્યો:—"કોઇ દુષ્ટ વિચાર પાર ઉતારવાના ઉદ્દેશથી જ તમે અત્રે આવેલા હોવા જોઇએ."

"ના ના—તમારી માન્યતા સર્વાંશે ભ્રમમૂલક છે. હું અત્રે તમારું રક્ષણ કરવાના ઉદ્દેશથી જ આવેલો છું." ગરધનદાસે કહ્યું.

આ વાક્ય સાંભળી તીવ્ર હાસ્ય કરીને અલકાસુંદરીએ કહ્યું:—"શા માટે તમે અસત્ય શબ્દો ઉચ્ચારો છો? અસત્ય બોલવાથી કશું ફળ નથી. સત્ય હકીકત જ કહો. હું સારી રીતે જાણું છું કે, મ્હને મેળવવાની મહત્વાકાંક્ષાથી જ તમે અત્રે આવેલા છો. તમે કૃત્રિમ પ્રણય પ્રદર્શિત કરવાને જ મ્હારી પાસે ઉપસ્થિત થયેલા છો. જે અંતઃકરણનું પૂર્વે મ્હેં તમને દાન દીધું નથી તે અંતઃકરણપર અધિકાર મેળવવાની વૃથા આશાને અંતરમાં સ્થાન આપીને તમે અત્રે આવેલા છો. ગરધનદાસ! હું સારી રીતે સમજું છું કે, મ્હારા જે બાહુઓએ તમારા અંગને આલિંગન કર્યું નથી તેજ બાહુ જાલિમસિંહની તલ્વારથી કપાવી નાંખવાના વિચારથી તમે અહીં આવ્યા છો."

ગરધનદાસે હાસ્ય કરી આ વચનોના ઉતરમાં કહ્યું:—"તમારી માન્યતા સર્વાંશે સત્ય છે; કિન્તુ એક વિષયમાં તમારો પ્રમાદ થયો છે. તમે એમ ધારો છો કે, તમારા હાથને જાલિમસિંહની તલ્વારથી કપાવી નાંખવાનો મ્હારો વિચાર છે, એ માન્યતા તદ્દન અનુપયુકત છે. તમારા પ્રત્યેનો મ્હારો આંતરિક પ્રણય પ્રદર્શિત કરવાને જ હું અત્રે આવ્યો છું એ સત્ય છે તથા જાલિમસિંહની જે તલ્વાર વિદ્રોહી રાજકુમારોના શોણિતનું પાન કરી વિશેષ પિપાસુ બની ગઇ છે તે તલ્વારના અમાનુષિક જુલ્મમાંથી તમારૂં—એક અબળાનું રક્ષણ કરવાને નિરંતર હું પ્રયત્નશીલ છું."

"જો કદાચ હું તમારા પ્રણયનો અસ્વીકાર કરું તો મ્હારો શિરચ્છેદ થશે કે?" અલકાસુંદરીએ પૂછ્યું.

"હમણાં તમે મ્હને આવો પ્રશ્ન ન પૂછશો. હું એમ જ ઇચ્છું છું કે, જાલિમસિંહના જુલ્મમાંથી તમારું રક્ષણ થાઓ અને તમે મ્હને ચ્હાતાં શીખો. જુઓ અલકાસુંદરિ! પહેલાં તમે મ્હારાપર

વિશ્વાસ રાખતાં હતાં. જે વિદ્રોહીમંડળપર તમારી ભક્તિ હતી એ મંડળનો જ હું અધીશ્વર થઇશ એવી જ તમારી માન્યતા હતી; પરંતુ જ્યારે મ્હેં મ્હારા પિતાની તલ્વારને વિદ્રોહીઓના મસ્તકપર ઝઝુમતી જોઇ ત્યારે મ્હારું સઘળું સાહસ જતું રહ્યું. મ્હેં એમ વિચાર્યું કે, એવા રાજનૈતિક ષડયંત્રમાં શામિલ થઇ જે અકાળે પોતાના જીવનનો વિનાશ કરે તેના જેવું મૂર્ખમતિ મનુષ્ય બીજું કોઇ પણ નથી. આવા વિચારથી મ્હેં વિદ્રોહી મંડળનો ત્યાગ કર્યો. એ સમયે મ્હારો તિરસ્કાર કરી તમે જે વાગ્બાણો મ્હને માર્યાં હતાં તેની વેદના અદ્યાપિ હું મ્હારા અંતરમાં અનુભવું છું. ક્રોધાંધ બની જઇ ઝાલોરનો પરિત્યાગ કરી જવાની તમે મ્હને આજ્ઞા કરી હતી; તેથી જ હું તમારો પરિત્યાગ કરીને ચાલ્યો ગયો હતો. પુનઃ હું તમારી પાસે જે ઉદ્દેશથી આવ્યો છું એ ઉદ્દેશ હવે તમારાથી અજાણ્યો નથી.”

“વિશ્વાસઘાતકતા કરીને બીજો કોઇ ઉદ્દેશ પાર ઉતારવાની તમારી ઇચ્છા છે કે? ઠીક, તમે મ્હારા તરફ તમે કેવો વ્યવહાર રાખશો?”

“મ્હારા તરફથી તમે તમારી ઇચ્છા હશે એવો વ્યવહાર જોઇ શકશો. મ્હારી આંતરિક ઇચ્છા એવી છે કે, તમારું રક્ષણ કરીને હું તમને મ્હારાં સહધર્મિણી બનાવું, તથા જાલિમસિંહના સહવાસમાં નહિ રહેતાં આ દૂર આવેલા દુર્ગમાં તમારા સ્વર્ગીય સહવાસમાં રહી અપૂર્વ સુખ ભોગવું. ઇંગ્રેજોનો આદેશ થતાં જ પિતા જાલિમસિંહ તમને તથા મ્હને આ દુર્ગ અર્પણ કરશે. લોકો આપણને રાજા રાણી નહિ કહે તો તેથી કાંઇ આપણું અલૌકિક સુખ ઓછું થઇ જવાનું નથી. આપણે અત્રે અત્યાનંદમાં આપણા દિવસો પસાર કરી શકીશું. આ દુર્ગની સઘળી દ્રવ્યસંપત્તિ આપણી જ થશે,

અલકાસુંદરિ ! વિચાર કરી જુઓ કે, મ્હારી સલાહ પ્રમાણે વર્તવાથી આપણે બન્ને જણાં કેટલું બધું સુખ ભોગવી શકીએ તેમ છીએ ! એક સમય એવો હતો કે, તમે મ્હને પતિ તરીકે સ્વીકારવાની ઇચ્છા રાખતાં હતાં. શું એવો સમય પુનઃ હું નહિ જોઇ શકું ?"

"પૂર્વે એવો સમય હતો એ સત્ય છે; પરંતુ તમે જ મ્હારો વિચાર બદલી નાખ્યો છે. મ્હારો ઉદ્દેશ મહત્ હતો. તમે અમારા નાયક થશો એવી મ્હને સંપૂર્ણ આશા હતી. એ આશાદીપકમાં આશ્વાસનરૂપી ઘી પૂરી તેને સળગાવી એકાએક ફુંક મારી તમે એ દીપક બુઝાવી નાખ્યો છે. એમ કરવાનું કારણ, તમે ભીરુ યા તો વિશ્વાસઘાતક હોવા જોઇએ એ સિવાય બીજું કાંઇ નથી." અલકાસુંદરીએ પૂર્વકથાનું સ્મરણ કરીને કહ્યું.

"ના ના–મ્હેં તો કદાપિ તમારી સાથે વિશ્વાસઘાતકતા કરી નથી." ગરધનદાસ બોલ્યો.

"ત્યારે તમે ભીરુ પુરુષ હોવા જોઇએ. એ ભીરુતા જ હવે વિશ્વાસઘાતકતાના રૂપમાં ફેરવાઇ ગઇ છે. જુઓ, ગરધનદાસ ! હમણાં હું સર્વ પ્રકારે તમારા પંઝામાં સપડાયલી છું. તમે ઇચ્છો તો મ્હને જાલિમસિંહ સમક્ષ ઉપસ્થિત કરી શકો તેમ છો ! એટલું જ નહિ પરંતુ તમારા પ્રયત્નથી મ્હારો શિરચ્છેદ થાય એ પણ સંભવિત છે; પરંતુ તેથી હું બિલકુલ ડરતી નથી. જે વ્યક્તિ વિશ્વાસઘાતક છે, જેનો હું મ્હારા અંતઃકરણથી તિરસ્કાર કરું છું તેની પત્ની થવા કરતાં મરણને શરણ થવામાં જ હું શ્રેય સમજું છું. આ તમને મ્હારો અંતિમ ઉત્તર છે; કેમ બરાબર સમજ્યાને ?" અલકાસુંદરીએ સ્પષ્ટ શબ્દોમાં પોતાનો વિચાર દર્શાવ્યો.

"હા, બરાબર સમજ્યો. જો મ્હારી પત્ની થવા કરતાં જાલિ-

મસિંહની તલ્વારથી અકાળે કાળને આધીન થવામાં તમે કલ્યાણ સમજતી હો તો ભલે તેમ થાઓ; પરંતુ સુંદરિ! યાદ રાખજો કે, તમારા આવા વિચારશૂન્ય કાર્યથી બીજા ઘણા રાજકુમારોના જીવનનો નાશ થશે. એક. દિવસે હું તમારા ભાઇ સાથે બેસીને આ બેઠકખાનામાં કેટલાક કાગળપત્ર બાળી દેતો હતો એ બનાવ તમે ભૂલી ગયાં છો કે? એ પત્રો રાજનૈતિક ષડયંત્રમાં શામિલ થયેલા ઘણાખરા રાજકુમારોએ જ લખી મોકલ્યા હતા." ગરધનદાસે પોતાનો ઉદ્દેશ સફળ કરવા માટે નવીન માર્ગ સ્વીકાર્યો.

"ના ના—એ બનાવને હું ભૂલી ગઇ નથી. એ પત્રો બાળી નાખવાની જરૂર હોવાથી જ બાળી નાખવામાં આવ્યા હતા. એમના પત્રો સાચવી રાખવામાં સંકટ આવી પડવાની સંભાવના હોવાથી અવન્તીરાવે અને તમે મળીને એ બાળી મૂક્યા હતા." અલકાસુંદરીએ કહ્યું.

આ સમયે વિકટ હાસ્ય કરી ગરધનદાસ માત્ર એટલું જ બોલ્યો કેઃ—" એ સઘળા પત્રો કાંઇ બાળી મૂક્યા નથી!" ગરધનદાસનું હાસ્ય જોઇ તથા તેનું આ વાક્ય સાંભળી અલ્પ કાળ માટે અલકાસુંદરી વિસ્મિતા અને ભીતા બની ગઇ. ગરધનદાસ પુનઃ કહેવા લાગ્યોઃ—"સઘળા પત્રો કાંઇ બાળી મૂકવામાં આવ્યા નથી. તમારા ભ્રાતાએ અને મ્હેં મળી એ પત્રો બાળવા માંડ્યા હતા એવામાં બીજા કેટલાક પત્રોનું બંડલ પોતાના શયનગૃહમાં છુપાવી રાખ્યાનું અવન્તીરાવને યાદ આવ્યું; તેથી હાથમાંના પત્રો બાળી નાખવા માટે મ્હને આપી તેઓ એ બંડલ લેવા ગયા. એ સમયે મ્હેં કેટલાક નકામા કાગળો સળગાવી અસલ પત્રો મ્હારી પાસે છુપાવી રાખ્યા હતા. એ સંબંધી તે સમયે અવન્તીરાવના અંતરમાં કશો પણ સંશય ઉપજ્યો

નહોતો. જો કે એ પ્રસંગે હું આવી વિશ્વાસઘાતકતા કરત નહિ; પરંતુ તેમ કરવાનું મ્હને તમે જ કારણ આપ્યું હતું. એ પ્રસંગ બન્યો તેની કલાક પહેલાં તમે મ્હને ભીરુ, નામર્દ વગેરે શબ્દો કહીને મ્હારો તિરસ્કાર કર્યો હતો તેથી જ મ્હારે તમારી સાથે પ્રપંચ રમવો પડયો હતો. આપણી વચ્ચે ઐક્ય થવા માંડયું છે એ પ્રકાર ત્યાં સુધી તમારા ભાઈ જાણતા નહોતા. તેઓ મ્હારાપર પૂર્ણ વિશ્વાસ રાખતા હતા. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, મ્હારાથી તેઓ સંકટમાં સપડાયા નથી; છતાં તમને પત્ની તરીકે મેળવવાના કાર્યમાં એ પત્રો ભવિષ્યમાં મ્હને ઘણા ઉપયોગી થઇ પડશે એમ ધારીને જ મ્હેં છુપાવી રાખ્યા હતા. કહો જોઇએ કે, હવે તમે તમારો ઉત્તર ફેરવવાને ઇચ્છો છો કે નહિ ?" ગરધનદાસે પોતાની વિશ્વાસઘાતકતાનું વર્ણન કરી પૂછ્યું.

આ સઘળી હકીકત સાંભળી અલકાસુંદરી સ્તંભિત બની ગઈ. થોડા સમય સુધી તે એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શકી નહિ. તેની વિસ્મયચકિત દૃષ્ટિ ગરધનદાસની દૃષ્ટિમાં ભળી ગઇ હતી. તેણે સ્વગત વિચાર્યું:–" ગરધનદાસના જેવો ભયંકર વિશ્વાસઘાતક પુરુષ આ સંસાર અન્ય એક પણ નહિ હોય. " આવો વિચાર કરીને તેણે કહ્યું:–" હવે હું તમને ભીરુ કહી શકતી નથી. જો તમે ભીરુ હોત તો આવા નીચતાનો પરિચય કદાપિ કરાવત નહિ. ઠીક, એ પત્રો ક્યાં છે ?"

વિદ્રુપાત્મક હાસ્ય કરીને ગરધનદાસે કહ્યું:–" એ પત્રો ક્યાં છે ? ના ના, તમારા આ પ્રશ્નનો ઉત્તર હું હમણાં આપી શકીશ નહિ. છતાં હું એટલું કહું છું કે, જે દિવસે તમે મ્હારાં વિવાહિતા પત્ની મ્હારાં જીવનસંગિની થશો તે દિવસે એ સઘળા પત્રો હું તમને સોંપી દઇશ. આહ ! તમારાં નેત્રોની પ્રખર જ્યોતિ મ્હારા હૃદયને

બાળી ખાકસાર કરી નાખે છે. તમે મ્હારો તિરસ્કાર કરો કિંવા ગમે તેમ કરો છતાં હું તમને ચ્હાઉં છું. તમને મ્હારાં સહધર્મિણી બનાવવાની મ્હારી પ્રબળ ઇચ્છા છે. જ્યાં સુધી મ્હારી આ ઇચ્છા પૂર્ણ નહિ થાય ત્યાં સુધી મ્હને વિશ્રામ નથી—શાન્તિ નથી. વળી જો મ્હારી ઇચ્છા પૂર્ણ નહિ થાય તો છેવટે જાલિમસિંહની તલ્વારથી તમારી સાથે અનેક યુવરાજોનો અંત આવી જશે. તમે મૃત્યુનો તથા મ્હારો ભય રાખતાં નથી એ હું સારી રીતે જાણું છું; છતાં મ્હારી ધારણા એવી છે કે, અનેક રાજકુમારોના જીવનનો અંત લાવવાનું સાહસ તો તમે નહિ જ કરી શકો—એમ કરવાથી તમને બિલ્કુલ શાન્તિ મળનારુ નથી; પરંતુ સુંદરિ ! જો તમારી ઇચ્છા હોય તો તમે તેમનું રક્ષણ કરી શકો તેમ છો, જો કે એ લોકો હમણાં તો નિર્ભયતાથી યથાસ્થાને નિવાસ કરે છે; કિન્તુ તેમના જીવનમરણનો આધાર તમારા વ્યવહારપર અવલંબીને રહેલો છે. હું એકલો જ જાણું છું કે તેઓ ક્યાં સુધી ઝાલોરના રાજનૈતિક ષડયંત્રમાં ભળેલા છે !”

ક્ષણ કાળ સુધી શાન્ત રહી અલકાએ ઉત્તર આપ્યોઃ—“ તમારાં વચનોનું તારતમ્ય હું સારી રીતે સમજી શકી છું; પરંતુ ગરધનદાસ! હજી સુધી હું એમ ધારતી નથી કે, એક વ્યક્તિ સાથેનું વૈર વાળવા જતાં તમે આટલા બધા રાજકુમારોના પ્રાણનાશના કારણરૂપ થશો.”

“ અલકાસુંદરિ ! જે હાથ મ્હને આલિંગ કરવાને નારાજ છે એ હાથને હું જાલિમસિંહની તલ્વારથી કપાવી નાખીશ અને તે સાથે જ અનેક રાજકુમારોનું અકાળે મરણ નીપજાવીશ. હવે મ્હેં દયાને દેશવટો આપી દીધો છે. વિચારી જુઓ, હજી પણ સમય છે. સરદારસિંહના મુખે મ્હેં એમ સાંભળ્યું છે કે, તમે અહીંથી પલાયનનો પ્રયત્ન કરો તેમ નથી. પલાયન કરી અન્યત્ર નહિ જવાની તમે પ્રતિજ્ઞા

કરેલી છે; તેથી જ તેઓ તમને અત્રે સ્વાધીનતાથી હરવા ફરવા દે છે. મ્હારી પાસે પણ તમે એવી પ્રતિજ્ઞા કરો એટલે હું તમને તમારી ઇચ્છાનુસાર હરવા ફરવા દઇશ.

અલકાએ હસ્તદ્વારા નિષેધ કરીને કહ્યું:–" જ્યાં સુધી સુંદરસિંહ અહીં છે ત્યાં સુધી હું તેમની સાથે પ્રતિજ્ઞાથી બંધાયલી છું. તેઓ ચાલ્યા જશે એટલે હું તમારી સાથે ફરીથી પ્રતિજ્ઞા કરીશ." આમ કહી પોતાના શયનગૃહમાં જવાની અનુમતિ માગતાં તેણે કહ્યું:–" હવે હું આજની રાત્રિ માટે વિદાય થાઉં છું. પલાયન કરી જવાનો પ્રયત્ન હું નહિ જ કરું. હું તમારી બંદિની છું. એટલું જ નહિ પરંતુ જ્યાં સુધી ષડયંત્રવિષયક પત્રો તમારી પાસે હશે ત્યાં સુધી તો હું બેડીમાં બંધાયલી છું. લ્યો, હું હવે જાઉં છું."

ગરધનદાસે દ્વાર ઉઘાડયું એટલે અલકા બેઠકખાનાની બ્હાર નીકળી ગઇ. ગરધનદાસ એકલો જ એ સ્થળે રહ્યો. આ સમયે આંતરિક આનંદાતિશયથી ઉચ્ચ હાસ્ય કરીને તેણે કહ્યું:–" અલકા ! આ ચતુરચુડામણિ પાસે ત્હારી ચતુરાઇ ચાલવાની નથી. હું તને મ્હારે વશીભૂત કરી, ત્હારા અપરાધની મ્હારી પાસે ક્ષમા મગાવીશ."

જે સમયે આ એકાન્ત, પ્રકાશિત બેઠકખાનામાં ગરધનદાસ સ્વગત આવો વિચાર કરી રહ્યો હતો એ સમયે જ એ દુર્ગના બીજા એક ઓરડામાં તેનો પ્રચંડ પ્રતિસ્પર્ધી ગજસિંહ છુપાઇ રહ્યો હતો. તેની હાજરી સંબંધી કશી હકીકત ગરધનદાસના જાણવામાં આવી નહોતી. તેને સ્વપ્નમાં પણ એવો વિચાર ઉપજ્યો નહોતો કે, ગજસિંહ તેની પાસેથી સઘળી હકીકત જાણી લઇ આ અલૌકિક રત્નસ્વરૂપિણી અલકાસુંદરીને પ્રાપ્ત કરવાની અભિલાષાથી આ ઝાલોર દુર્ગમાં આવીને એકલો છુપાઇ રહેલો હશે !

પ્રકરણ ૮ મું.

પાપીની પાપયાચનાનો અસ્વીકાર.

બીજા દિવસનો પ્રભાતકાળ થયો. ઉષાની જ્યોતિનો વસુંધરા પર વિસ્તાર થયો. સુંદરસિંહ પોતાના સાથીદારોસહ ઝાલોર દુર્ગનો ત્યાગ કરવાને તૈયાર થવા લાગ્યો. એવામાં ગજસિંહની સૂચનાથી ગુપ્ત રીતે શિવરામે સુંદરસિંહ પાસે જઇ પેલી સોનામહોરોની કોથળી તેને આપીને કહ્યું:–" દુર્ગરક્ષણ સમયે તમે અલકાસુંદરી સાથે જે સદય અને ભદ્રોચિત વ્યવહાર રાખ્યો છે તેની કૃતજ્ઞતાના ચિહ્ન સ્વરૂપ તમે આ સોનામહોરો સ્વીકારો. વળી તે સાથે ગજસિંહજીએ એમ જણાવ્યું છે કે, અહીંથી વિદાય થતી વખતે તમે તેમના અશ્વને અન્ય કોઇ સ્થળે લઈ જજો; કેમ કે જો ગરધનદાસ એ અશ્વને જોશે તો ગજસિંહજી અત્રે જ છે એમ તે સમજી જશે. તે એ અશ્વને ઓળખે છે. એ અશ્વપર બેસીને જ્યારે શ્રીમાન્ ગજસિંહજીએ અગ્ર-વન તરફ ગમન કર્યું હતું ત્યારે ગરધનદાસે તેમને તથા અશ્વને જોયા હતા. " આમ કહી શિવરામે ગજસિંહના અત્રે હોવાના સમાચાર તદ્દન ગુપ્ત રાખવાની પણ સુંદરસિંહને સૂચના કરી.

શિવરામનાં વચનોના ઉત્તરમાં સુંદરસિંહે કહ્યું:–" તમે સર્વ પ્રકારે નિશ્ચિંત રહો. ગજસિંહજી સંબંધી કશી હકીકત અમારી પા-સેથી કોઈ કાળાંતરે પણ જાણી શકશે નહિ. " આવો ઉત્તર આપી પોતાના માણસોની સાથે સરદારસિંહ એ સ્થાનેથી ચાલ્યો ગયો અને શિવરામે ગજસિંહ પાસે જઈ તેને નિર્ભય રહેવા જણાવ્યું.

ગરધનદાસની સાથે પંદર સશસ્ત્ર સિપાહીઓ આવેલા હતા. તેઓ સર્વ નિષ્ઠુર પ્રકૃતિના હોય એવો તેમની ભયાનક મુખમુદ્રાના દર્શનથી

ભાસ થતો હતો. જે ઠેકાણે સુંદરસિંહના માણસો રહેતા હતા એ સ્થળે રહેવાને તેઓ સંમત થયા નહિ. પહેલાંના પહેરેગીરોના ભોજનની જે વ્યવસ્થા હતી તે વ્યવસ્થા પણ તેમને પસંદ પડી નહિ. એ લોકોએ શિવરામની પાસે ભંડારની કુંચીઓ માગી. શિવરામે ભંડારની કુંચીઓ તેમને આપી નહિ; પરંતુ થોડા સમય પછી ગરધનદાસે એવી આજ્ઞા કરી કે, ભંડારની કુંચીઓ તેની સાથે આવેલા સિપાહીઓના સરદાર રવિમલ્લ પાસે રહેશે. નિરુપાયે શિવરામને ગરધનદાસની આજ્ઞા માન્ય કરવી પડી. ભંડારની કુંચીઓ તેણે રવિમલ્લને સ્વાધીન કરી.

જે દિવસે સુંદરસિંહ પોતાના સાથીદારોસહ ઝાલોરદુર્ગનો ત્યાગ કરી ચાલ્યો ગયો તે દિવસે પ્રાતઃકાળે શય્યા ત્યાગ કરી અલકાસુંદરીએ સ્નાનાદિ નિત્યકાર્યથી નિવૃત્ત થઇ વસ્ત્રો બદલી નાખ્યાં. પછીથી ગરધનદાસને શોધતી તે બ્હાર નીકળી. નીચેના વિશાળ ઓરડામાં ગરધનદાસના માણસો ભોજન કરતા બેઠેલા હતા. એ લોકોની પ્રથા જ એવી હતી કે, દુર્ગરક્ષણ સમયે પ્રભાતકાળે ઉઠી, સર્યોદય થતાં પૂર્વે ભોજન કરી લેવું. સુંદરસિંહના સમયમાં તેના માણસો કદાપિ આ ઓરડામાં આવતા નહોતા. અલકાસુંદરીને પોતાની પાસે આવેલી જોઇને ગરધનદાસના માણસોમાંથી કેટલાક તેનો ઉપહાસ કરવા લાગ્યા, કેટલાક તેના તરફ જોઇ ઉચ્ચ હાસ્ય કરવા લાગ્યા, અને કેટલાક તેને પોતાની પાસે આવી એક જ પાત્રમાં ભોજન કરવાનો આગ્રહ કરવા લાગ્યા ! ગરધનદાસના અનુચરોના આવા આચરણથી અલકાસુંદરીને અત્યંત ક્રોધ ઉપજ્યો; પરંતુ એ વિચારશીલા સુંદરી તરત જ સમજી ગઇ કે ક્રોધ પ્રદર્શિત કરવાનો આ સમય નથી. ગરધનદાસના અનુચરોમાંના ઘણાખરા મુસલ્માન હતા. એ લોકો એક રાજપૂત રાજ-

નન્દિનીના માનનું રક્ષણ કરે એવા નહોતા. સુંદરસિંહના સઘળા અનુચરો રાજપૂત હતા; તેથી તેઓ રાજપૂત રાજનન્દિનીનું સંપૂર્ણ સંમાન સાચવતા હતા. એ અનુચરોના અનુચિત વ્યવહાર તરફ દુર્લક્ષ્ય કરી રવિમલ્લને ઉદ્દેશીને અલકાસુંદરીએ પૂછ્યું:–" ગરધનદાસ ક્યાં છે એ તમે જાણો છો કે ?"

" તેઓ બ્હાર ઓટલાપર ફર્યા કરે છે. તમારે તેમની પાસે જવું હોય તો બેલાશક જાઓ. તમે પલાયન કરી જવાનાં નથી એવું અમે જાણી શકયા છીએ." રવિમલ્લે ઉત્તરમાં કહ્યું.

અલકાસુંદરી બ્હાર ઓટલાપર ગઇ. તેણે જોયું કે, આકાશ સ્વચ્છ હતું. રાત્રે થયેલી વૃષ્ટિથી ઉદ્યાનમાંનાં વૃક્ષો અને પુષ્પલતાઓએ મનોરંજક સૌન્દર્ય ધારણ કર્યું હતું. પ્રકૃતિદેવી જાણે કે મધુર હાસ્ય કરતી હતી. વૃક્ષલતાઓપર ભગવાન્ સૂર્યનારાયણનાં તેજસ્વી કિરણો પ્રકાશી રહ્યાં હતાં. સ્નિગ્ધ શીતળ પ્રભાત વાયુ પ્રવાહિત થતો હતો. ઉદ્યાનમાં વિકસિત થયેલાં પુષ્પોએ પોતાની સુગંધિનો વિસ્તાર કર્યો હતો. અમે અલકાસુંદરીના અભિનવ-અપૂર્વ અને નયનરંજક રૂપ-સૌન્દર્યનું વર્ણન કરી ચુકયા છીએ. અલકા અપરૂપ રૂપવતી હતી. પ્રશાન્ત, સ્થિરપ્રતિજ્ઞ અને સાહસિકતાપૂર્ણ તેના રમણીહૃદયમાં, સુંદરસિંહના વિદાય થવાથી અને ગરધનદાસના આગમનથી કશું આંદોલન ઉપસ્થિત થયું નહોતું-થવાની સંભાવના પણ નહોતી. જે રાજપૂત રમણીઓએ સ્વધર્મ રક્ષણાર્થે પોતાના જીવનની માયાનો ત્યાગ કરી સળગતા અગ્નિકુંડમાં પોતાના દેહ સમર્પણ કર્યા હતા, જે વીર નારીઓએ પોતાના શૌર્યવીર્યથી સ્વદેશહિતાર્થે યુદ્ધમાં પણ ભાગ લીધો હતો તે જ રાજપૂત કુળમાં અલકાસુંદરી ઉત્પન્ન થયેલી હતી; તેથી મૃત્યુનો ભય કદાપિ તેના અંતરમાં સ્થાન મેળવી શકતો નહિ. ગર-

ધનદાસ એ ચિત્તચમત્કારિણી મોહિની પ્રતિમાનું અવલોકન કરી મંત્રમુગ્ધ બની ગયો. તેના અંતરનો આનંદ અત્યંત વૃદ્ધિંગત થઇ ગયો. હવે આ રમણીરત્ન પોતાને પ્રાપ્ત થશે એમ વિચારી તે પોતાને મહાન્ સૌભાગ્યશાળી પુરુષ સમજવા લાગ્યો. તેણે સ્વગત વિચાર્યું:— " જો ઇંદ્રલોકની અપ્સરાના જેવી રૂપવતી ભાર્યા, સુદૃઢ ઝાલોરદુર્ગ અને દુર્ગના તાબામાંની વિસ્તૃત જમીનદારી મેળવી શકું તો હું સ્વર્ગીય સુખનો અધિકારી થાઉં. ઝાલોરના કિલ્લામાં આવેલા ઉદ્યાનના સૌન્દર્ય કરતાં ઇન્દ્રનું નન્દનકાનન કોઈ પણ પ્રકારે ચઢિયાતું હોય એમ હું ધારતો નથી. વળી અલકાસુંદરીના સૌન્દર્ય સમક્ષ ઉર્વશી, મેનકા વગેરે અપ્સરાઓનું સૌન્દર્ય પણ હું તુચ્છ સમજું છું.

(શ્લોક.)

જ્યોતિષ્મતી કહું ચંદ્રની તો ધવલતા એમાં લહું,
જ્યોત્સ્ના જો જહીં લેઉ હૃદે (છે) શિતળતા એવું કહું;
ના ના નથી છે અધિક એથી, કામકારી કામિની,
સર્વાંગ સુંદરતા સ્વીકારું, (મમ) હૃદયમેઘની દામિની.

વળી:— (શ્લોક.)

આ પુષ્પોની સુગંધી મધુર મધુર જો, આવતી અંગ ભેદે,
આ હંસો શબ્દ સાંધી મદનશર સમા, ધાવથી છાતી છેદે;
આ કોકિલા અને જો શુકસહચરતી સારિકા દુઃખ દેતાં,
આ તાપે કે અલાપે સદય નવ બને, પ્રાણપ્રિયા ! સહેતાં.

તેમજ:— (શ્લોક.)

અયિ પ્રિયે ! અયિ પ્રિયે ? સુપીન સુષ્ઠુ ગાત્ર રે,
અનંગ અંગ અંગ પીડ અસ્તિ કોણ માત્ર રે ?
દયા કરી, કૃપા કરી કટાક્ષ અંબુ સીંચ રે,
કુચાગ્ર માર મારપીડ ટાળી અક્ષિ મીંચ રે. "

આ સમયે સુમધુર વીણાવિનિન્દિત સ્વરે અલકાએ ગરધનદાસને પૂછ્યું:–" ગરધનદાસ ! અત્રે તમે શું કરો છો ? "

ગરધનદાસે અલકાસુંદરીના ત્રિભુવનમોહન મુખમંડળ તરફ જોઇ સ્મિત મુખે ઉત્તર આપ્યો:–" હું આ એટુલાપર ફરી ઉદ્યાનની શોભાનું અવલોકન કરું છું. એ સઘળા સૌન્દર્યનો સમાવેશ હું તમારી કોમળ દેહલતામાં થયેલો જોઇ શકું છું. જો તમે મ્હારી ઇચ્છા માન્ય કરશો તો આપણે બન્ને સ્વર્ગીય સુખનાં અધિકારી થઇશું. અલકાસુંદરિ ! હું આ કીર્ત્તિમંડિત દુર્ગનો રાજા થઇશ અને તમે મ્હારાં અધીશ્વરી થશો."

" ખરું છે, તમે રાજા થશો એટલે તમારા વિજાતીય સ્વેચ્છાચારી અનુચરો મ્હારો તિરસ્કાર અને ઉપહાસ કરશે ! " અલકાએ કહ્યું.

આ વાક્ય સાંભળી ગરધનદાસ લજ્જિત બની ગયો. વિનયાવનત સ્વરે તેણે અલકાના વાક્યના ઉત્તરમાં કહ્યું:–"અલકાસુંદરિ ! એ વિષયમાં મ્હારો બિલકુલ હાથ નથી. રાજાના દોષથી પ્રજા બગડે છે એ સૂત્ર કાંઇ ખોટું નથી. જો રાજાએ તમારી સાથે સંમાનપૂર્વક વર્તવાની તેમને આજ્ઞા કરી હોત તો તેઓ તમારો તિરસ્કાર કિંવા ઉપહાસ કરી શકત નહિ. તમારા પિતા અને ભ્રાતા રાજવિદ્રોહી તરીકે કેદમાં પડયા છે, તમને પણ રાજા તેમાં શામિલ થયેલાં સમજે છે; તેથી સૈનિકોને તેમની ઇચ્છાનુસાર વર્તવાની રજા આપી છે. જો તેમને રજા ન આપી હોત તો આવી પરિસ્થિતિમાં તેઓ આવો જ વ્યવહાર રાખત એ ચોક્કસ છે. જો હું તેમને આવો વ્યવહાર રાખવાની ના પાડીશ તો પણ તેઓ મ્હારું કહ્યું સાંભળવાના નથી. તમે જો મ્હારી સાથે–વિવાહ કરવાને સંમત થશો તો તેઓ સત્વર યથાસ્થાને ચાલ્યા જશે તમારા સકળ કષ્ટનો અંત આવશે. "

" ગરધનદાસ ! સુંદરસિંહ સાથે જે સિપાહીઓ આવ્યા હતા

તેઓ આવા દુરાચારી નહોતા; તેનું મુખ્ય કારણ એ હતું કે, સુંદરસિંહ તેમને હમ્મેશાં પોતાની આજ્ઞામાં રાખતા હતા; તેથી તેઓમાંનો કોઇ પણ મ્હારું અપમાન નહિ કરતાં સર્વ મ્હારા તરફ સંમાન દર્શાવતા હતા; પરંતુ તમે તમારા અનુચરોને તમારી આજ્ઞામાં રાખી શકતા નથી એ ખેદનો પ્રકાર છે. તમે નીચ અને નરાધમ હોવાથી જ તમારા અનુચરો પણ તમારા જેવા જ બન્યા છે." અલકાએ ગરધનદાસનો તિરસ્કાર કર્યો.

અલકાના તિરસ્કારે ગરધનદાસના ક્રોધમાં ધૃતાહુતિ કરી. તેણે ક્રોધથી ઉન્મત્ત બની જઇને કહ્યું:-"અલકાસુંદરિ ! મ્હારી સત્તા, પદમર્યાદા અને અધિકારનો વિચાર કર્યા સિવાય તમે જે તિરસ્કારયુક્ત વચનો ઉચ્ચારો છો તેથી તમારું કલ્યાણ થવાને બદલે અકલ્યાણ જ થશે. તમારે હવે વસ્તુસ્થિતિનો વિચાર કરી સાવધાનતા રાખવાની જરૂર છે."

"ના ના-ગરધનદાસ ! મ્હારે સાવધાન થવાની બિલ્કુલ જરૂર નથી. હું તમારા જેવા પાખણ્ડનો તેમજ તમારા નરાધમ દુરાચારી અનુચરોનો યત્કિંચિત્ ભય પણ મ્હારા અંતરમાં રાખતી નથી. બહાદુર રજપૂતાણી-શૂરવીર ક્ષત્રિયાણી દુશ્મનોથી કદાપિ ડરતી નથી. ગુરુ હોય તેવા જ શિષ્યો હોય છે એ સૂત્ર કાંઇ ખોટું નથી. જેવા તમે છો તેવા જ અનુચરો તમને મળ્યા છે." અલકાસુંદરીએ નિર્ભયતાથી કહ્યું.

"તમે જ્યારે આટલી બધી નિર્ભયતા દર્શાવો છો ત્યારે પછી તમારા અંતરમાં ભય ઉપજે એવો જ વ્યવહાર તેઓ ચલાવશે. તમે હમણાં સ્વેચ્છાનુસાર હરો ફરો છો તે પ્રમાણે સ્વાધીનતામાં રહેવાની તમારી ઇચ્છા હોય એમ લાગતું નથી. એક બંદિની તરીકે જ તમારે હવેથી રહેવું પડશે, સમજ્યાં ?" ગરધનદાસે ભય દર્શાવ્યો.

"હું એક બંદિની તરીકે રહેવાને જ ઇચ્છું છું; કેમ કે તેથી મ્હને એકાન્ત મળશે; છતાં મ્હારી સેવા માટે તમે શિવરામની સહધર્મિણી મંગળાને નિયુક્ત કરો." અલકાએ કહ્યું.

આ પ્રસ્તાવના ઉત્તરમાં ગરધનદાસે પોતાનું મસ્તક હલાવ્યું. એનો ખરો અર્થ શો છે તે અલકા સમજી શકી નહિ; તેથી તેણે પૂછ્યું:—"તમે શા હેતુથી મસ્તક હલાવ્યું? આ પ્રસ્તાવનો તમે સ્વીકાર કરતા નથી કે?"

ગરધનદાસે પુનઃ મસ્તક હલાવી હસીને કહ્યું:—"એક કેદી પોતાના જ નોકરની સેવા ભોગવી શકતો નથી. જો તમે એક બંદિની તરીકે તમારા વિશ્રામગૃહમાં રહેવાની ઇચ્છા રાખતાં હો તો મ્હારા અનુચરોમાંથી એક જણને હું તમારી સેવામાં રાખીશ. હજી પણ વિચારી જુઓ કે, તમારી શી ઇચ્છા છે?"

"મ્હેં કાંઈ તમારી પાસે પ્રતિજ્ઞા કરીને ઇચ્છિત સ્થળોએ હરવા ફરવાની આજ્ઞા લીધી નથી. જો તમારું આગમન ન થયું હોત તો સુંદરસિંહના પાછા ફરવાની સાથે જ હું સ્વાધીન થઈ શકત; છતાં તમારી પાસે જ્યાં સુધી પેલા ષડયંત્રવિષયક પત્રો હશે ત્યાં સુધી હું લોહશ્રૃંખલામાં સપડાયલી છું એ તમે ક્યાં નથી જાણતા?" અલકાએ કહ્યું.

આ સમયે પ્રથમના જેવો નમ્રભાવ ધારણ કરીને ગરધનદાસે કહ્યું:—"અલકાસુંદરિ! તમે શું એમ સમજો છો કે, અન્ય લોકોની સાથે આનંદવિનોદ કરવાને હું ઇચ્છું છું? તેઓ અત્રે રહે એવી મ્હારી ઇચ્છા હોય એમ તમે માનો છો? હું શા માટે તેમને મ્હારી સાથે લાવ્યો છું એ તમે જાણો છો કે? માત્ર તમારા માટે જ તેમને અત્રે લાવવા પડ્યા છે. તમને મેળવવામાં એ માણસો મ્હને

સહાયતા કરશે એમ ધારીને જ હું તેમને મ્હારી સાથે લઇ આવ્યો છું. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, જો મ્હારી સાથે વિવાહિતા થવાની તમે ના પાડશો તો હું તમને ગુન્હેગાર ઠરાવીને જાલિમસિંહ પાસે જરૂર મોકલીશ. વળી જે પત્રો પ્રકાશિત થવાથી અનેક રાજકુમારોના જીવનનો વિનાશ થાય તેમ છે એ પત્રો પણ કોટાધિપતિને મોકલી આપીશ. આ જીવનમાં તમે પરપુરુષનાં હૃદયવિલાસની થાઓ એ હું કદાપિ સહન કરી શકીશ નહિ. તમારા વાક્યપર—તમારા જ ઉત્તરપર એ સઘળા રાજકુમારોના જીવન મરણનો પ્રશ્ન આધાર રાખે છે; હવે તમે મ્હારાં વચનોનું સત્ય સહસ્ય સમજી શકયાં કે? મ્હારાં વચનોનો મૂળ ઉદ્દેશ માત્ર એટલો જ છે કે, હું તમને તથા આ ઝાલોર રાજ્યને ભોગવવાને ઇચ્છું છું. તમારો અને ષડયંત્રમાં શામિલ થયેલા રાજકુમારોનો રક્ષક કિંવા વિનાશક હું જ છું.

મ્હારી રાજસત્તાના દિશામાં નાદ ગાજે છે;
ઘડીમાં જોઇ લેજે કોણ ગાદીપર બિરાજે છે!
પડયો છે હાથ પાછો તે હવે બસ આજ લાજે છે!
ચઢીને લોહીને ચરખે નવું બળ વીર્ય સાજે છે!

અલકાસુંદરિ! એક સમય એવો હતો કે, તમે મ્હારા સુખે સુખી અને દુઃખે દુઃખી હતાં. એ ભૂતકાળનું સુખસ્વપ્ન હવે અદૃશ્ય થઇ ગયું છે. મ્હારી એવી ઇચ્છા નથી કે હું બળપૂર્વક તમને મ્હારાં સહધર્મિણી બનાવું. પ્રણય કદાપિ બળાત્કારે થતો નથી, એ હું સારી રીતે જાણું છું; કિન્તુ હું શું કરું? જો મ્હારા તરફ તમારી અનુરક્તિ નહિ ઉપજે તો પછી લાચારીથી મ્હારે એ ઉપજાવવાની ફર્જ પાડવી પડશે."

"તમે જે પત્રો બાળી નહિ મૂકતાં છુપાવી રાખ્યા છે, તથા

જે પત્રો જાલિમસિંહ પાસે મોકલી આપવાને તમે જણાવો છો તે હમણાં પણ તમારી પાસે છે કે? એ પત્રો લઇને જ તમે અત્રે આવ્યા છો કે?" અલકાસુંદરીએ ગંભીરભાવ ધારણ કરીને પૂછ્યું.

"હા, હમણાં એ પત્રો મ્હારી પાસે જ છે. એ સંબંધીની કશી હકીકત હજી સુધી મ્હેં જાલિમસિંહજીને જણાવી નથી. તેમને મ્હેં માત્ર એટલું જ કહ્યું છે કે, ઝાલોરદુર્ગમાંથી ઘણા રાજકુમારોના અપરાધનાં પ્રમાણ મળી આવશે. એ સાંભળી આ દુર્ગપર દેખરેખ રાખવાની મ્હને આજ્ઞા કરી તેમણે એમ કહ્યું છે કે, જો ઝાલોર રાજનન્દિની અલકાસુંદરી તને પોતાના પતિ તરીકે સ્વીકારવાને સંમતા થાય તો તું તેની સાથે વિવાહ કરી, રાજકુમારો ષડ્યંત્રમાં ભળ્યા સંબંધીનાં જેટલાં પ્રમાણો તને મળી આવે તે તું સત્વર મ્હને પહોંચાડી દેજે. એ સઘળા અપરાધીઓનો ન્યાય તેઓ પોતે જ કરવાના છે." આટલું બોલતાં બોલતાંમાં ગરધનદાસનો સ્વર ગાઢ થઇ ગયો. તેનાં નેત્રોએ વિશેષ ઉજ્વળ ભાવ ધારણ કર્યો. તેણે ફરીથી કહ્યું:—
"પરંતુ અલકાસુંદરિ ! જાલિમસિંહજી સાથે મ્હેં કશી શરત કરી નથી. જો હું ઇચ્છું તો એ સઘળા પત્રો બાળી નાખી તેમને એવા સમાચાર પહોંચાડું કે, ઝાલોરના દુર્ગમાંથી એકકે પ્રમાણ મળી આવ્યું નથી. હજી પણ જો કદાચ તેમની રક્તપિપાસા શાન્ત નહિ થઈ હોય તો અવશ્ય તેઓ નિરાશ બની જશે; પરંતુ તેથી તેઓ મ્હારાપર ક્રોધે ભરાવાના નથી. ઉલટા મ્હને રૂપસુંદરી પત્નીની પ્રાપ્તિ થયેલી જોઇ તેઓ ઘણા સંતુષ્ટ થશે; તેથી વિચારી જુઓ. જો તમે મ્હારાં પ્રાણેશ્વરી થવાને રાજી થતાં હો તો હમણાં જ હું એ પત્રોને બાળી નાખવા તૈયાર છું. એમ થતાં રવિમલ્લ પણ મ્હારા બીજા અનુચરોને સાથે લઇને કોટા ચાલ્યો જશે, અને આપણે બન્ને જણાં અત્રે રહી સ્વર્ગીય સુખ ભોગવી શકીશું."

"ના ના–હું તમારા પ્રેમની ભિખારણી નથી. 'योग्यं योग्येन योजयेत् ।' તમારા પિતા મ્હારા પિતાની દાસીપુત્રી સાથે તમારો વિવાહ કરતા હતા. એ જ તમારે માટે યોગ્ય પાત્રી છે. તમે શિયાળ થઇ સિંહણને સેવાનો યત્ન કરો છો, વામન થઇ ચંદ્ર મેળવવાનો યત્ન કરો છો, નામર્દ થઇ વીર ક્ષત્રિયાણીના પતિ થવાની મહત્વાકાંક્ષા રાખો છો, તે કદાપિ સફળ થનાર નથી. નિષ્પ્રયોજન તમે શા માટે મ્હારી પાસે વારંવાર આવો અનુચિત પ્રસ્તાવ કરો છો? સિંહણ ભૂખે મરી જશે પણ તે ઘાસ કદાપિ નહિ ચરે, સુખડ અગ્નિમાં બળી જશે તો પણ તે પોતાની સુગંધ કદાપિ નહિ તજે તેવી જ રીતે આ રાજપૂત રાજનન્દિની કદાપિ તમારા જેવા નીચ, દુરાચારી પુરુષને પોતાના પતિ તરીકે પસંદ નહિ જ કરે." અલકાએ કહ્યું. પાપીની પાપયાચનાનો અસ્વીકાર કર્યો.

પ્રકરણ ૯ મું.

સ્વરાજ્યોદ્ધારનો સંકલ્પ.

પૂર્વે અમે જણાવી ચુક્યા છીએ કે, ગરધનદાસે બ્રિટિશ એજન્ટ મહોદયનો પત્ર લઇ પોતાના પિતા જાલિમસિંહ પાસે જઇ પોતાના સઘળા અપરાધોની ક્ષમા મેળવી હતી. ત્યાર પછી સુચતુર જાલિમસિંહે ઝાલોર દુર્ગના ષડયંત્ર સંબંધી પુત્રને અનેક પ્રશ્નો પૂછ્યા હતા તેના ઉત્તરમાં ગરધનદાસે યુક્તિપૂર્વક એમ જણાવ્યું હતું કે, "ષડયંત્ર ઉપસ્થિત થતાં જ તેમાં ઝાલોરરાજ મધુરાવના શામિલ હોવાના સમાચાર આપને પહોંચાડી હું ત્યાંથી પલાયન કરી ગયો હતો; તેથી કયા કયા યુવરાજો એ ષડયંત્રમાં શામિલ થયેલા હતા એ હું

જાણતો નથી; પરંતુ આપ જો ઝાલોરના દુર્ગરક્ષણનો અધિકાર મ્હને આપો તો ષડયંત્ર સંબંધીના ઘણાખરા નવીન સમાચાર હું આપને પહોંચાડી શકીશ એવી મ્હારા અંતરમાં આશા રહે છે.”

ગરધનદાસનાં વચનોપર વિશ્વાસ મૂકી જાલિમસિંહે તેને ઝાલોર દુર્ગનું રક્ષણ કરવા માટે મોકલ્યો. આ સમાચાર ગરધનદાસના મુખે જ વાંચકબંધુઓ જાણી શક્યા છે. જાલિમસિંહે તેને જે પરવાનો આપ્યો હતો તેમાં એમ લખેલું હતું કે, સુંદરસિંહે હવે કોટા પાછા ફરવું તેથી એ આજ્ઞાને અનુસરી પોતાના અનુચરો સાથે સુંદરસિંહ ઝાલોર દુર્ગનો પરિત્યાગ કરી ગયો હતો એ પ્રકાર પણ હવે પાઠકબંધુઓથી અજ્ઞાત નથી. જાલિમસિંહ ઘણો બુદ્ધિશાળી હતો. તેણે પોતાના પુત્ર મધુસિંહને રાજપ્રતિનિધિ બનાવી દીધો હતો. હવે એ રાજપ્રતિનિધિત્વ તેના વંશમાં ક્રમાન્વયે કાયમ રહે એ માટે તે વિવિધ પ્રયત્ન કરવા લાગ્યો.

કિશોરસિંહ પોતાના વિશ્વાસુ અનુચર અને પોતાના સૈન્યાધ્યક્ષ સૈયદ્અલીની પાસેથી આ સમાચાર સાંભળી ઘણો દુઃખિત થયો. તેણે વિચાર્યું કે, ભવિષ્યમાં જાલિમસિંહના પુત્ર પૌત્રો જ ખરો રાજ્યાધિકાર ભોગવશે અને પોતાને તથા પોતાના વંશવારસોને તેમના હાથમાં રમકડાની માફક નાચવું પડશે. આવો પ્રકાર કિશોરસિંહથી સહન કરી શકાયો નહિ. સ્વરાજ્યનો અધિકાર અન્ય ભોગવે એના જેવો કષ્ટકર વિષય બીજો એક પણ નથી એમ તેણે વિચાર્યું. એથી તેણે સૈયદ્અલ્લીની સલાહાનુસાર પોતાના બન્ને ભાઇઓ વિષ્ણુસિંહ અને પૃથ્વીસિંહને મળી આ ગંભીર વિષયની ચર્ચા કરવા માંડી.

રાજમહાલયમાં આવેલા ગુપ્ત સલાહભુવનમાં ત્રણે ભાઇઓ એકઠા થયા. કિશોરસિંહે વિષ્ણુસિંહ અને પૃથ્વીસિંહને ઉદ્દેશીને કહ્યું:—

" ભાઇઓ ! તમને જણાવ્યા સિવાય હું કોઇ પણ રાજકીય કાર્યમાં હાથ નાખતો નથી, તથા એમ કરવું એ મ્હારું કર્તવ્ય નથી; તેથી આપણા રાજ્યમાં જે ગંભીર રાજનૈતિક ષડયંત્ર ઉત્પન્ન થયું છે એની હકીકત મ્હારે તમને જણાવવી જોઇએ. મૃત્યુશય્યાપર સૂતેલા પિતૃદેવે જાલિમસિંહને ન્યાયપરાયણ, ધાર્મિક અને નીતિકુશળ સમજીને જ રાજપ્રતિનિધિ બનાવ્યા હતા. એ સમયે જાલિમસિંહ ખરા ન્યાયપરાયણ હતા અને ન્યાયાનુસાર સઘળાં રાજકીય કાર્યો કરતા હતા એ સત્ય છે; પરંતુ હવે તેઓ આપણું રાજ્ય પચાવી પાડવાનો પ્રયત્ન કરે છે. તેમણે પોતાના પુત્રનું કલ્યાણ કરવાની કામનાથી, પ્રબળ શક્તિશાળી બ્રિટિશ એજન્ટને હસ્તગત કરી મધુસિંહને રાજપ્રતિનિધિ બનાવ્યો છે. જો આટલું કરીને જ તે સંતુષ્ટ થઇ રહેત તો આજે આપણને આ વિષયપર વિચાર કરવાની જરૂર રહેત નહિ; પરંતુ ચતુર જાલિમસિંહે પોતાનું રાજપ્રતિનિધિત્વ વંશાનુક્રમિક ચાલૂ રહે એવો જ બંદોબસ્ત કર્યો છે. જો જાલિમસિંહના પુત્રપૌત્રો વંશાનુક્રમિક રાજપ્રતિનિધિ થયા કરશે તો ખરો રાજ્યાધિકાર તેમના જ હાથમાં રહેશે. આપણે તથા આપણા વંશ વારસોને એ પ્રતિનિધિઓનાં રમકડાં થવું પડશે—તેની કૃપાથી જે વૃત્તિ પ્રાપ્ત થાય તે સ્વીકારીને જ આપણે સંતુષ્ટ રહેવું પડશે. આપણું આપેલું ભોગવનાર પાસેથી તેમનું આપેલું લઇ—તેમના દયાપાત્ર થઇ આપણે આપણો જીવનનિર્વાહ કરવો પડશે. વળી જુઓ, તેમણે પોતાના દાસીપુત્ર ગરધનદાસને દેશાંતરિત કરેલો હોવા છતાં, તેને પુનઃ બોલાવીને રાજકાર્યમાં નિયુક્ત કર્યો છે. માત્ર રાજકાર્યમાં જ નિયુક્ત કર્યો છે એટલું જ નહિ પણ ઝાલોર દુર્ગમાં એકલી રહેતી રાજકુમારી અલકાસુંદરીની દેખરેખ રાખવાનું કામ તેને સોંપવામાં આવ્યું છે. આમ કરવામાં જાલિમસિંહનો ગુપ્ત ઉદ્દેશ શો છે એ તમે સમજી શકો છો કે ? મ્હને લાગે છે કે, આ

વિષય સંબંધી તમે પૂરતો વિચાર કર્યો નથી. આમ કરવામાં તેનો ગુપ્ત ઉદ્દેશ એ જ છે કે, ઝાલોર રાજનન્દિનીનું મન જો કોઇ પણ રીતે ગરધનદાસ હરણ કરી શકે તો તે ઉચ્ચ ઝાલોરવંશનો જમાઇ થાય. એથી ગરધનદાસને એક રાજાના જેટલું સંમાન મળવાની સંભાવના છે. એમ થશે તો ગરધનદાસ એક દાસીપુત્ર તરીકે તિરસ્કૃત થશે નહિ. તે ઝાલોરના રાજકુમારની અને આપણી સમાનતા જ કરશે. મ્હેં સઘળી વસ્તુસ્થિતિ તમને સમજાવી છે; હવે આ અનિષ્ટનો સત્વર પ્રતિકાર કરવાની અત્યંત આવશ્યકતા છે."

વિષ્ણુસિંહ પ્રથમથી જ જાલિમસિંહનો પક્ષકાર હતો. તેણે તેના પક્ષનું સમર્થન કરીને કહ્યું:—"પિતૃદેવના સમયથી જાલિમસિંહ રાજકાર્ય કરે છે. એ જાલિમસિંહ પ્રથમ સુબેદાર હતા છતાં અનેક સંકટોમાંથી તેમણે પિતાનો ઉદ્ધાર કર્યો છે. તેઓ પ્રાણાર્પણ કરીને પણ આપણને સંતુષ્ટ રાખવા તૈયાર રહે છે. પાછી રાજ્યમાં અશાન્તિ ઉત્પન્ન થાય, પાછાં પ્રજાજનો સંકટાધીન થાય એવા ભયથી તેઓ વિદ્રોહી નૃપતિઓને પોતાના મહાલયમાં આશ્રય આપીને તેમના વિદ્રોહને ચતુરાઇથી શાન્ત કરે છે. જેમનું હૃદય આવું પરોપકાર-પરાયણ છે, જેઓ આવા નીતિવિદ્યાવિશારદ છે તેઓ આપણાથી વિરુદ્ધતા કરી પોતાનો સ્વાર્થ સાધવા તૈયાર થાય એ શું સંભવિત છે? વળી પોતાના વંશની ઉન્નતિ કરવાનો પ્રયત્ન તો પ્રત્યેક વ્યક્તિ કરે છે તેથી જો તેઓ પણ એવો પ્રયત્ન કરે તો તે આપણે અનુચિત ગણવો જોઇએ કે? જેવી રીતે જાલિમસિંહ વૃત્તિ મેળવનાર રાજસેવક છે તેવી જ રીતે તેમના વંશજો પણ રાજસેવક થશે તો તેથી આપણને શું નુકસાન છે? જાલિમસિંહને ચતુર, બુદ્ધિમાન્ અને નીતિકુશળ જોઇને જ પિતાજીએ તેમને રાજકાર્યભાર સોંપ્યો હતો. આપણે પણ એમના એ સદ્દગુણો જોઇને તેમનો અધિકાર ચાલુ રાખ્યો છે.

જાલિમસિંહની હયાતી પછી જો તેમના પુત્રપૌત્રો રાજકાર્ય ચલાવવાને અયોગ્ય નીવડશે તો રાજ્યકાર્ય આપણે આપણા હાથમાં લઇ તેમને વૃત્તિ ભોગવનાર રાજસેવક તરીકે રાખીશું તો પણ ચાલશે. વળી ગરધનદાસ સંબંધી મ્હારું કહેવું એવું છે કે, એ જાલિમસિંહની વૃદ્ધ સ્થિતિનો પુત્ર છે; તેથી જ તેનાપર તેમની માયામમતા વિશેષ જોવામાં આવે છે. એ દાસીપુત્ર તરીકે સંસારમાં તિરસ્કૃત થાય તે જાલિમસિંહથી કેવી રીતે સહન કરી શકાય ? સંકટમાં સપડાયલા ઝાલોરરાજસહ તેના પુત્ર અને કન્યાનો ઉદ્ધાર કરીને જો ગરધનદાસ ઝાલોરરાજનન્દિનીનું પાણિગ્રહણ કરવાને સમર્થ થાય તો તેમાં આપણે વિરુદ્ધતા કરવી જોઇએ નહિ. આપણે સાવધાન થઇને તેનો વિશેષ સહવાસ નહિ રાખીએ તો આપણને શી અડચણ પડવાની છે ? ”

વિષણુસિંહનું આટલું બોલી રહ્યા એટલે પૃથ્વીસિંહે કહ્યું:–“ ભાઇ વિષણુસિંહ ! તમે હમ્મેશાં જાલિમસિંહના જ પક્ષકાર છો; તેથી જ તમે તેમનો કશો દોષ જોઇ શકતા નથી. જાલિમસિંહના પુત્ર-પૌત્રો વંશાનુક્રમિક રાજપ્રતિનિધિ થશે તો રાજા તરીકેની કીર્તિ તેમને જ પ્રાપ્ત થશે. તેઓ કદાપિ પોતાની પ્રભુતાનો ત્યાગ કરશે નહિ; તેથી મ્હારો નમ્ર મત તો એવો જ છે કે, હવે આપણે મૌનાવ-લંબન કરીને બેસી રહેવું ઉચિત નથી. મ્હને એમ લાગે છે અંગ્રેજ સરકાર પાસે જઇને, આપણામાં રાજકાર્યભાર ચલાવવાનું સામર્થ્ય નથી એમ જ જાલિમસિંહે કહેલું હોવું જોઇએ; નહિ તો ન્યાય-પરાયણ લોકહિતસાધનવ્રત અંગ્રેજ સરકાર આવા કાર્યમાં કદાપિ સંમતિ આપત નહિ. જો આપણે આપણા અંતરનો અભિપ્રાય અને જાલિમસિંહનો અન્યાયયુક્ત સંકલ્પ ન્યાયદર્શી અંગ્રેજ સરકારને જણાવીશું તો તેઓ આપણા હક્કને નુકસાન નહિ જ પહોંચવા દે

એવો મ્હને દૃઢ વિશ્વાસ છે; ઉલટા તેઓ જાલિમસિંહને તેમના આવા અન્યાયયુક્ત સંકલ્પનો ત્યાગ કરવાની અવશ્ય ફર્જ પાડશે. જાલિમસિંહજીની અસામાન્ય પ્રભુભક્તિ, અંગ્રેજોને જરૂરના પ્રસંગે સહાયતા કરવી, નીતિકુશળતાં વગેરે સદ્‌ગુણો જોઇને જ અંગ્રેજ સરકાર તેમના પર પ્રસન્ન થઇ રહેલા છે; નહિ તો તેમની પાસે આપણે અને જાલિમસિંહ સમાન જ છીએ. ઉલટા આપણે જ રાજા અને રાજ્યવંશીય હોવાથી તેમના વિશેષ વિશ્વાસને પાત્ર થઇ શકીએ તેમ છીએ. હવે મ્હારાં આ સકળ વાક્યોનું તારતમ્ય એટલું જ છે કે, આપણે વખત નહિ ગુમાવતાં તત્વદર્શી બ્રિટિશ એજન્ટ મહોદયને એવો રિપોર્ટ મોકલવાની જરૂર છે કે, સકળ રાજ્યકાર્યભાર ચલાવવાને આપણે સમર્થ છીએ; તેથી જાલિમસિંહના હાથમાંનો સઘળો રાજ્યકાર્યભાર આપણા હાથમાં સોંપી દેવો. જો આપણા આવા રિપોર્ટ તરફ ધ્યાન નહિ આપતાં બ્રિટિશ એજન્ટ મહોદય જાલિમસિંહનો જ પક્ષ સ્વીકારી રાખશે તો આપણે તેમનાપર પક્ષપાત પ્રદર્શિત કર્યાનો દોષ મૂકી શકીશું. પછીથી આપણે જ કોઇ પણ ઉપાયે આપણો વાસ્તવિક હક્ક જરૂર મેળવીશું. હવે બીજી વાત એ છે કે, ગરધનદાસની ઉન્નતિનો જાલિમસિંહ પ્રયત્ન કરે એથી આપણને બિલકુલ અડચણ નથી; પરંતુ રજપૂતશ્રેષ્ઠ ઝાલોરરાજની કુમારિકા અલકાસુંદરી સાથે ગરધનદાસનો વિવાહ થાય તો તેથી સમસ્ત રાજપૂત જાતિને કલંક લાગેલું જ ગણી શકાય. કારાગૃહમાં જઇ ઝાલોરરાજ મધુરાવને મળી આ અયોગ્ય વિવાહ સંપન્ન ન થાય એવો પ્રયત્ન હું જરૂર કરીશ. ગરધનદાસનું ચરિત્ર આપણાથી અજાણ્યું નથી. તેની જ વિશ્વાસઘાતકતાથી હવે કોટા રાજ્યમાં વંશપરંપરાના પ્રતિનિધિનું પ્રયોજન પ્રમાણિત થયું છે. તે મ્હોટાભાઇની સાથે રહી યુક્તિ પ્રયુક્તિથી સઘળું રાજકીય ગુપ્ત તત્વ જાણી લે છે, અને નવાં નવાં કારસ્થાનો કરે છે."

"પૃથ્વીસિંહ ! તમારી સમજમાં ભૂલ થતી હોય એમ મ્હને લાગે છે. ગરધનદાસમાં દોષો છે એ હું કબૂલ કરું છું; પરંતુ દાસીપુત્ર પોતાના નયનજળથી જ્યારે પિતાના ચરણો ધુએ ત્યારે પછી પિતાનું હૃદય ક્યાં સૂધી પીગળ્યા સિવાય રહે ? ઝાલિમસિંહનું ચરિત્ર તો તમે સારી રીતે જાણો છો. તેમનું હૃદય ઉન્નત અને દયાર્દ્ર છે એ કોઇથી અજાણ્યું નથી. વૃદ્ધાવસ્થામાં ઝાલિમસિંહનું આ કાર્ય અનુચિત હોય એમ મ્હને લાગતું નથી. મનુષ્ય સ્વભાવ તમારાથી ક્યાં અજાણ્યો છે ?" પુનઃ વિષ્ણુસિંહે ઝાલિમસિંહના પક્ષનું સમર્થન કરતાં કહ્યું.

"વિષ્ણુસિંહ ! તમારા મત જેવો જ મ્હારો મત છે; કિન્તુ તેમાં પણ ઘણું પાર્થક્ય છે. તમારાં સકળ વચનો સત્ય હોય એમ હું માની શકતો નથી. ઝાલિમસિંહપર અને એજન્ટ મહોદયની ન્યાયપરાયણતાપર આપણો સંપૂર્ણ વિશ્વાસ છે. જેવી રીતે પૃથિવીમાં એક કર્મનાં અનેક કારણ અપ્રકાશિત રહે છે તેવી જ રીતે ઝાલિમસિંહના ખરા પ્રભુભક્ત ઉન્નત હૃદયમાં પણ મનોમાલિન્યનાં અનેક ગુપ્ત કારણો હોય તો તે બનવા જેવું છે. તે પોતાની વૃદ્ધાવસ્થામાં બીજા મારફત ચાલી અનેક કર્મમાં સંમતિ આપવામાં બંધાયલા છે. હું નામ દઇને કહેતાં બ્હીતો નથી, તથાપિ નામનો ઉચ્ચાર કરવામાં વિશેષ લાભ નથી; કેમ કે ભીંતને પણ કાન હોય છે એ સૂત્રને સદા સ્મરણમાં રાખવાની જરૂર છે. હું એવી આશા રાખું છું કે, વિષ્ણુસિંહ કદાપિ અસાવધાનતાથી આજની આપણી વાતચિતમાંનો એક શબ્દ પણ કોઇને કહેશે નહિ." કિશોરસિંહે કહ્યું.

"બંધુ ! હું ઝાલિમસિંહનો પક્ષકાર છું તેથી એમ ન સમજશો કે, હું કોઇ પણ પ્રસંગે આપનું અકલ્યાણ થાય એવું કાર્ય કરીશ નહિ. આ સલાહભુવનમાં આપણી વચ્ચે જે સઘળી વાતચિત

થઇ છે એ મ્હારા હૃદયમાં જ રહેશે; એ માટે સર્વથા નિશ્ચિંત રહેજો." વિષ્ણુસિંહે કહ્યું.

" તમારું કહેવું યથાર્થ છે. એક પિતાના ઓરસમાં જન્મ ગ્રહણ કરી, એક જ માતાનું સ્તનપાન કરી, ગર્વિત રાજપૂત રક્ત શરીરમાં ધારણ કરી તમે કદાપિ ભ્રાતાના સ્વાર્થ અને વંશગૌરવને અહિતકર થાય એવું કાર્ય નહિ જ કરો. હું તમને વિવેક વિરુદ્ધનું કાર્ય કરવાને કહેતો નથી—કોટાના અધીશ્વર અને તમારા જ્યેષ્ટ ભ્રાતાનો આદેશ તથા અનુનય એ છે કે, તમે કોટા રાજ્યના અને પ્રજાજનોના હિતાર્થે સત્ય તથા ધર્મનો પક્ષ સ્વીકારો." કિશોરસિંહ નમ્રતાયુક્ત સ્વરે વિષ્ણુસિંહને ઉદ્દેશીને કહ્યું.

પૃથ્વીસિંહ અત્યાર સૂધી બન્ને ભાઇઓની વાતચિત ચુપકીદીથી સાંભળ્યા કરતો હતો. પ્રત્યેક વાક્ય તેના અંતરમાં જૂદા જૂદા ચિંતાપ્રવાહ ખેંચી લાવતું હતું. પ્રથમ બની ગયેલા ષડયંત્રની વ્યર્થતાએ તેના હૃદયને વ્યથિત કર્યું. વર્ત્તમાન સ્થિતિની હીનતાએ લજ્જાનો અસહ્ય ઉદ્વેગ તેના અંતરમાં ઉપસ્થિત કર્યો. ભવિષ્યમાં શું થશે એ વિચારોથી તેનાં નેત્રો સમક્ષ જાણે કે ભીષણ અંધકાર ફરી વળ્યો. તે જાણે કે નિદ્રામાંથી એકાએક જાગી ઉઠયો હોય એવી રીતે તેણે બન્ને બંધુઓના મુખમંડળ તરફ જોયું. એક વખત તે પોતાના આસનપરથી ઉઠી ઉભો થયો; પરંતુ ફરીથી પાછો મૌન ભાવ ધારણ કરી આસનપર બેઠો.

" પૃથ્વીસિંહ ! શું કહેવાની તમારી ઇચ્છા છે ? તમારી ઇચ્છા તમે જણાવતા કેમ નથી ? આપણે ત્રણે ભાઇઓ અહીં હાજર છીએ; તેથી આ સમયે જ આપણે આપણા કર્ત્તવ્યકર્મનો નિર્ણય કરી નાખવો જોઇએ." વિષ્ણુસિંહે કહ્યું.

"મ્હારો મત પ્રથમથી જ હું જણાવી ચુક્યો છું. તથા મ્હારો એવો વિશ્વાસ છે કે, આપણો અભિપ્રાય જાણવામાં આવતાં ન્યાયપરાયણ બ્રિટિશ એજન્ટ કદાપિ આપણું અહિત થાય એવું આચરણ આચરશે નહિ. જો મ્હારા અભિપ્રાયાનુસાર વર્તવાનો જ તમારો દૃઢ નિશ્ચય હોય તો સ્વકાર્ય બજાવવા અગ્રેસર થાઓ. બ્રિટિશ એજન્ટનો ઉત્તર મળ્યા પછી આપણે આપણા કર્ત્તવ્યનો નિર્ણય કરીશું. તદુપરાંત અત્યારથી જ હું એવી પ્રતિજ્ઞા કરું છું કે, સઘળા રાજપૂત રાજાઓની સહાયતા અને સહાનુભૂતિ મેળવી આપવા માટે હું જવાબદાર થાઉં છું." પૃથ્વીસિંહે કહ્યું.

કર્ત્તવ્યનો નિર્ણય થયા પછી ત્રણે ભાઇઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૦ મું.

અંધકારગૃહમાં શત્રુનું દર્શન.

ગરધનદાસ અને અલકાસુંદરી બ્હાર ઓટલાપર ઉભાં રહીને વાતચિત કરતાં; એ ઓટલાની જોડે જ આવેલા એક ઓરડામાં શિવરામનો પુત્ર રસિકલાલ છુપી રીતે ઉભો રહી સઘળી વાતચિત સાંભળતો હતો.

ગરધનદાસનાં વાક્યોનો ઉત્તર આપી અલકાસુંદરી સહજ ચિંતાતુર બની ગઇ; તેથી નમ્રભાવ ધારણ કરીને પુનઃ તેણે કહ્યું:—"ઠીક છે, મ્હને સમય આપો. હું થોડો વિચાર કરી તમારા પ્રશ્નનો ઉત્તર આપીશ."

અલકાસુંદરીના મુખે આવું વાકય સાંભળી ગરધનદાસ સંતુષ્ટ થયો. તેણે અગ્રેસર થઇ અલકાસુંદરીનો હાથ પોતાના હાથમાં લીધો. તેના આ વ્યવહારથી અલકાસુંદરી ત્રિરક્તા બની જઇ, હાથ છોડાવીને પોતાના વિશ્રામગૃહમાં ચાલી ગઇ. એ વિશ્રામગૃહ જ આ મ્હોટા વિસ્તૃત ઝાલોર દુર્ગમાં હવે તેનું શાન્તિનિકેતન થયું હતું.

અલકાસુંદરીને ચાલી ગયેલી જોઇને રસિકલાલ જે ગુપ્તગૃહમાં ગજસિંહ છુપાઇ રહેલો હતો ત્યાં ચાલ્યો ગયો.

ગરધનદાસ અત્યંત આનંદિત બની ગયો. અલકાસુંદરીએ તેના પ્રશ્નનો ઉત્તર આપવા માટે સમય માગ્યો તેથી તે પોતાનો પ્રસ્તાવ સ્વીકારશે એમજ તેને લાગ્યું. આવા વિચારથી ગરધનદાસનું હૃદય સુખથી પરિપૂર્ણ બની ગયું. તેના વદનપર હાસ્ય પ્રકટી નીકળ્યું. તેણે સ્વગત વિચાર્યું:—"આવું રમણી શિરોમણિ સ્ત્રી રત્ન, આ પ્રશસ્ત ઝાલોર-દુર્ગ અને દુર્ગમાંની સકળ સંપત્તિ મ્હારી થશે એટલે પછી આ સંસારમાં મ્હને શી વસ્તુનો અભાવ રહેશે. સંસારના સકળ સુખનો કામિની અને કાંચનમાં જ સમાવેશ થયેલો છે; પરંતુ અલકાસુંદરીની પ્રાપ્તિ થવાથી આ ઝાલોર દુર્ગને હું મેળવી શકીશ કે ? જ્યાં સુધી અલકાસુંદરીના પિતા અને ભ્રાતા જીવતા હોય ત્યાં સુધી તે એમ બની શકવું સર્વથા અસંભવનીય છે. અલકાસુંદરીની પ્રાપ્તિ થયા પછી જો એક દિવસે છુપી રીતે કારાગારમાં પ્રવેશ કરીને હું તેમના જીવનનો નાશ કરી નાખું તો મ્હારી ઉન્નતિનો માર્ગ તદ્દન સ્વચ્છ કિંવા કંટકશૂન્ય બની જાય. એ બે જીવન જ મ્હારા સુખમાર્ગમાં અંતરાયરૂપ થઇ પડે તેમ છે—વળી પેલા ગજસિંહનો પણ સંહાર કરી નાખવાની જરૂર છે." આ સમયે ભયંકર હાસ્ય ગરધનદાસના અધરોષ્ઠપર પ્રકાશી નીકળ્યું અને પાછું વિલુપ્ત થઇ ગયું. પુનઃ તે

વિચારવા લાગ્યો:—" જેઓ પિતાજીના કેદી છે તેઓ તો તેમના અતિથિ છે. અતિથિવત્સલ, શત્રુવત્સલ જાલિમસિંહ મ્હારો હેતુ સમજી શકવાના નથી; કિન્તુ જો હું કદાચ અલકાસુંદરીને મેળવી શકું તો પછી તેના માટે મ્હારે બીજું સઘળું મેળવવું પડશે. " આવા વિચારો કરતો કરતો ઓટલાપરથી ઉતરી ઉદ્યાનના એક છેડાપર આવેલા કુંજમાં જઇને તે બેઠો. એ કુંજની સ્હામે એક ન્હાનો પહાડ આવેલો હોઇ તેનાપરથી એક ન્હાના ઝરણે આવીને એ સ્થાનને ઘણું મનોરમ બનાવી દીધું હતું. આવા શાન્તિનિકેતનમાં બેસવા છતાં ગરધનદાસનું મન શાન્ત થયું નહિ એક ગોમુત્રબિંદુથી જેવી રીતે સઘળું દૂધ નાશ પામે તેવી જ રીતે સઘળું સુખ અને તેની સઘળી શાન્તિ ગજસિંહના સ્મરણથી જ નષ્ટ થઇ ગઇ. અગ્રવનમાં આવેલા પાન્થનિવાસમાં ગજસિંહ સાથે તેનો મેળાપ થયો હતો. ગજસિંહ જશલમીરાધિપતિ મૂળરાજનો પુત્ર હતો, અને ગરધનદાસ કોટાના રાજપ્રતિનિધિ જાલિમનો દાસીપુત્ર હતો; તેથી કુળજાતિમાં ગરધનદાસ ગજસિંહ કરતાં ઘણો ઉતરતો હતો એ ગરધનદાસ સારી રીતે સમજી શકયો. તે ઉપરાંત પાન્થનિવાસમાં તેની પાસે ગજસિંહે સંકટમાં સપડાયલી અલકાસુંદરીનો ઉદ્ધાર કરવાની જે ઉત્તેજિત વક્તૃતા કરી હતી તેનું પણ તેને સ્મરણ થઇ આવ્યું. તેણે વિચાર્યું:—" ક્ષત્રિય વીર ગજસિંહ અલકાસુંદરીનો ઉદ્ધાર કરવાની પ્રતિજ્ઞા કરી સ્વસ્થાન તરફ પ્રસ્થાન કરી ગયો છે કે શું ? અગર તો તે અહીં આવી અલકાસુંદરીને મુક્ત કરવાનું આશ્વાસન આપી અન્યત્ર ગયો હશે ? ના ના, એવું કાંઇ બન્યું હોત તો સુંદરસિંહ કિંવા સરદારસિંહ એ વિષયના સમાચાર મ્હને જણાવ્યા સિવાય રહેત નહિ. મ્હને એમજ લાગે છે કે, હજી સુધી ગજસિંહ અત્રે આવેલો નથી. કાર્યવશાત્ તે બીજા કોઇ સ્થળે ગયો હશે; છતાં મ્હારી

દૃઢ માન્યતા છે કે, પોતાની પ્રતિજ્ઞા પાળવા માટે તે અત્રે આવ્યા સિવાય રહેવાનો નથી. ”

આવા વિચારો ઉપજવાથી ગરધનદાસનાં નેત્રોમાંથી જાણે કે, ક્રોધના અગ્નિકણ વર્ષવા લાગ્યા. તેના બન્ને ઓષ્ઠ કંપવા લાગ્યા. હૃદયનો ભાવ મ્હોંપર તરી નીકળતાં તેનું મ્હોં વિશેષ ભયંકરતાનો પરિચય કરાવવા લાગ્યું. તે વિચારવા લાગ્યોઃ—“ અત્રે જો ગજસિંહ ઉપસ્થિત થશે તો ઘણો ભયંકર બનાવ બનશે એમાં બિલ્કુલ સંદેહ નથી. શું એ મ્હારા પ્રણયનો પ્રચણ્ડ પ્રતિસ્પર્ધી થવાને ઇચ્છે છે ? નહિ નહિ, જ્યાં સૂધી મ્હારા જીવમાં જીવ છે ત્યાં સુધી તો હું એની ઇચ્છા સફળ નહિ જ થવા દઉં. એક વર્ષ ઉપર મ્હેં જે અપ્સરા-તુલ્ય રૂપવતી રંભાને મ્હારા હૃદયમંદિરમાં સ્થાન આપ્યું છે, જેનો પ્રણય પ્રાપ્ત કરવાની લાલસાથી હું મ્હારા પિતાજીથી વિરુદ્ધ વર્ત્યો છું, તથા ત્યાર પછી સ્વસંરક્ષણાર્થે પલાયન કરી જઇ જેની મૂર્ત્તિનું ધ્યાન ધરી મહા કષ્ટે મ્હેં આટલો સમય પ્રવાસમાં પસાર કર્યો છે, જે સુંદરીને પત્નીરૂપે મેળવવાની મહત્વાકાંક્ષાથી ન્યાયપરાયણ અંગ્રેજની સહાયતાથી, પિતા પાસેથી મ્હેં મ્હારા સઘળા અપરાધોની ક્ષમા મેળવી આ દુર્ગના રક્ષણનો ભાર સ્વીકાર્યો છે, તથા અંતે જે સુંદરીને મ્હેં છળ, બળ, કળ અને કૌશલ્યથી મ્હારે વશ કરી છે એ અપૂર્વ રૂપસુંદરીને પત્ની તરીકે મેળવવાનો ગજસિંહ અભિલાષા રાખે છે ? ના ના એવી અભિલાષા કાળાંતરે પણ સફળ થાય તેમ નથી જ. ” આવા પ્રકારના વિચારોથી ઉત્તેજિત બની જઇને તે બોલી ઉઠયોઃ— “ સાવધાન ! ગજસિંહ સાવધાન ! જો મ્હારી હાજરીમાં તું અત્રે આવી પહોંચીશ તો મ્હારી લોહીની તૃષાતુર તલ્વાર ત્હારા અંગના ઉષ્ણ શોણિતનું પાન કરી પરિતૃપ્ત થશે અને અકાળે જ યમદૂત સાથે

ત્હારી મુલાકાત થશે. વળી જો કદાચ ત્હારું ભાગ્ય સુપ્રસન્ન હશે તો તે જ તમે અહીં નહિ લાવતાં બીજા કોઇ સ્થળે ખેંચી જશે. ગજસિંહ ! ત્હેં મ્હારું જે ભયંકર અપમાન કર્યું છે તેનો બદલો લીધા સિવાય મ્હારું જલતું જીગર શાન્ત થાય તેમ નથી જ.

ખૂની છું, ખૂન કરવાને, હજી આ જીવ તલસે છે,
હવે તો આગ કિન્નાની બદન તનથી જ વર્ષે છે;
ફુંકું હું આગની ફુંકો, જલાવું દુશ્મનો મ્હારા,
લઇને વૈરનું ખંજર, કરું આલમ થકી ન્યારા.
નહિ છોડું, નહિ છોડું, જીવનનાં બંધનો ત્રોડું,
પછાડું પૃથિવીની સાથે શિરો શત્રુતણાં ફોડું.

ગજસિંહ ! તું ત્હારા આ પ્રતિસ્પર્ધીને સામાન્ય સમજતો હોય તો ત્હારી એ ગંભીર ભૂલ છે. હજી ત્હેં મ્હારા બાહુબળનો પરિચય મેળવ્યો નથી તેથી જ ત્હેં અલકાસુંદરીનો ઉદ્ધાર કરવાની પ્રતિજ્ઞા ઉત્તેજનાને આધીન થઇને કરી છે. ”

પછી કેવા કૌશલ્યનો ઉપયોગ કરી અલકાસુંદરીને પોતાને વશ કરવી તેના જ વિચાર ગરધનદાસ કરવા લાગ્યો. ભય દર્શાવીને જ તેણે તેને વશ કરવાનો વિચાર કર્યો. તે કુંજમાંથી ઉઠી, ઉદ્યાનનો ત્યાગ કરી, અલકાસુંદરીના વિશ્રામગૃહમાં ગયો તો ત્યાં તેણે અલકાને અત્યંત ચિંતાતુર હાલતમાં બેસી રહેલી જોઇ. તે એટલી બધી ચિંતાતુર બની ગઇ હતી કે પ્રથમ તો ગરધનદાસે પોતાના વિશ્રામગૃહમાં પ્રવેશ કર્યો છે એમ જાણી શકી નહિ. પછીથી જ્યારે ગરધનદાસ તેની પાસે ઉપસ્થિત થયો, અને તેણે દ્વાર બંધ કર્યું ત્યારે જ તે તેના આગમનના સમાચાર જાણી શકી. અલકાસુંદરીનું ભુવનમોહન રૂપસૌન્દર્ય જોઇ પોતે કરેલા વિચારો ભૂલી જઇ નમ્ર બની જઇને તેણે કહ્યું:–“ અલકાસુંદરિ ! ”

અલકાસુંદરીએ સૂક્ષ્મદષ્ટિથી ગરધનદાસના આપાદ મસ્તકનું દર્શન કરીને પૂછ્યું:—"તમે મ્હારો ઉત્તર સાંભળવાની ઇચ્છાથી અત્રે આવ્યા છો કે શું ?"

ગરધનદાસે તેના બન્ને હાથ પોતાના હાથમાં લઇને કહ્યું:—"હા, જ્યાં સુધી તમારો ઉત્તર મળશે નહિ ત્યાં સુધી હું મ્હારા કર્ત્તવ્યનો નિર્ણય કરી શકીશ નહિ. મ્હને તમારો ઉત્તર હવે સત્વર મળવો જોઇએ."

ક્રોધે ભરાઇ પોતાના બન્ને હાથ પાછા ખેંચી લઇને અલકાસુંદરીએ કહ્યું:—"મ્હને માત્ર એક જ દિવસનો સમય આપો. આવતી કાલે હું મ્હારો ઉત્તર અવશ્ય તમને આપીશ. તમે આટલી સામાન્ય દયા પણ નહિ દર્શાવો કે ?"

ગરધનદાસે કાંઇ વિચાર કરીને કહ્યું:—"આવતી કાલ? અલકાસુંદરિ! એ એક દિવસ મ્હને એક યુગ જેટલો લાગશે; છતાં તમે મ્હારા પ્રશ્નનો ઉત્તર આપવામાં વિશેષ વિલંબ કરતાં હોવાથી મ્હારા અંતરમાં સંદેહનો સંચાર થાય છે. તમે જ્યારે આવતી કાલે ઉત્તર આપવાને કહો છો ત્યારે ત્યાં સૂધી હું તમને જ્યાં રાખું ત્યાં જ તમારે રહેવું પડશે. હવે એક ક્ષણ માટે હું તમને મ્હારી દૃષ્ટિથી દૂર રાખી શકીશ નહિ; તમે પલાયન ન કરી શકો એવી વ્યવસ્થા લાચારીથી મ્હારે કરવી જ પડશે. કેમ એમાં તમને કાંઇ હરકત તો નથી ને ?"

"તમે તમારી ઇચ્છા હોય ત્યાં મ્હને રાખો; એમાં મ્હને કશી હરકત નથી." અલકાએ ઉત્તર આપ્યો.

આ ઉત્તર સાંભળી ગરધનદાસે રવિમલ્લને પોતાની પાસે બોલાવ્યો. રવિમલ્લ તેના અનુચરોસહ ઠઠ્ઠા મશ્કરી ચલાવી રહ્યો.

હતો. ગરધનદાસની આજ્ઞા જાણવામાં આવતાં જ તે તેની પાસે જઇ નમ્રતાથી ઉભો રહ્યો. ગરધનદાસે તેને ઉદ્દેશીને કહ્યું:–" જુઓ રવિમલ્લ ! અલકાસુંદરીને હવે સખ્ત દેખરેખમાં રાખવાની જરૂર છે. એમને કેદ કરી શકાય એવો એકાન્ત ઓરડો કયો છે ? ઠીક, બરાબર યાદ આવ્યું છે. પહેલાં અલકાસુંદરીના ભ્રાતા અવન્તીરાવ સાથે હું બીજા મજલાપર એક અંધકારગૃહ જોઇ શક્યો હતો. ચાલો જોઇએ કે, ત્યાં આપણે અલકાસુંદરીને રાખી શકીશું કે કેમ ? "

અંધકારગૃહનો નામોચ્ચાર સાંભળવામાં આવતાંજ અલકાસુંદરીનું સર્વાંગરોમાં ચિંત થયું તેણે ભયવિહ્વળ બની જઈ કંપિત સ્વરે કહ્યું:– " ના ના–એ અંધકારગૃહમાં હું રહી શકીશ નહિ. "

આ વાક્ય સાંભળી રવિમલ્લ તીવ્રસ્વરે બોલી ઉઠયો:–" કેમ રહી શકશો નહિ ? અંધકારગૃહમાં ભૂત પ્રેત છે કે શું ? "

" હા હા–ત્યાં ભયંકર ભૂતનું રહેઠાણ છે ! " અલકાએ પ્રથમના જેવા જ સ્વરે ઉત્તર આપ્યો.

" એક કેદીને સારું ખોટું સ્થાન પસંદ કરવાનો અધિકાર હોતો નથી. અમે તમને જે સ્થળે રાખીએ ત્યાં તમારે રહેવું જ પડશે. " રવિમલ્લે કઠોર સ્વરે કહ્યું.

" ત્યારે શું મ્હારે એ ભૂતના નિવાસસ્થાનમાં જ રહેવું પડશે ? ના ના–મ્હારાથી ત્યાં રહી શકાશે નહિ. " અલકાએ નકારમાં કહ્યું.

" ઠીક છે, એ માટે તમે ભય રાખશો નહિ. તમને ત્યાં રહેવામાં ભય લાગતો હશે તો હું પણ તમારી સાથે જ એ સ્થળે રહીશ, અને મ્હારી હાજરી તમને નહિ રૂચતી હોય તો અમારામાંનો ગમે તે એક માણસ તમારી પાસે રહેશે. " રવિમલ્લે કહ્યું.

આ સમયે વ્યાકુળચિત્તે અલકાએ ગરધનદાસ તરફ જોયું. ગરધનદાસને ચુપ રહેલો જોઇને તેણે કહ્યું:-" મ્હને તમે બીજા કોઇ પણ સ્થળે કેદ કરી રાખો. એ અંધકારગૃહમાં હું નહિ જ રહું."

રવિમલ્લનો પ્રસ્તાવ સાંભળી ગરધનદાસ એમ વિચારતો હતો કે,-" આ સંસારમાં સુંદરી જેવી આકર્ષણીય વસ્તુ બીજી એકકે નથી. અલકાની પાસે રહી તેનાં અમૃતમય વચનો સાંભળી શ્રવણ અને દર્શનેન્દ્રિયને તૃપ્ત કરવાની જ રવિમલ્લની વાસના હોય એમ લાગે છે."

અલકાને ભયભીત બની ગયેલી જોઇ, તેનાં વચનો સાંભળીને ગરધનદાસે હાસ્ય કર્યું. એ માટે અલકાએ તેનો ઘણો તિરસ્કાર કર્યો. એ તિરસ્કારથી ક્રોધે ભરાઇને ગરધનદાસે કહ્યું:-" ચાલો, પહેલાં આપણે એ સ્થાન જોઇ આવીએ. પછીથી અમુક નિર્ણય કરવામાં આવશે." આમ છતાં રવિમલ્લ તથા અલકાને ત્યાં જ ઉભાં રહેલાં જોઇને તેણે કહ્યું:-" ચાલો, તમે મ્હારી પાછળ પાછળ આવો. મ્હને લાગે છે કે, પ્રથમ નીચેના મ્હોટા ઓરડામાંથી શિવરામના ઘરમાં અને ત્યાંથી દાદર ચઢીને ઉપર જવાય છે. રવિમલ્લ! તમે અલકાસુંદરીનો હાથ પકડી મ્હારી સાથે ચાલો. યાદ રાખજો કે એમની દેખરેખ રાખવાનું જોખમદારી ભરેલું કાર્ય હવે મ્હેં તમને સોંપ્યું છે."

ગરધનદાસની કઠોરતાથી અલકાનું અબળાહૃદય અશક્ત થયું. નિરુપાયે એ અનાથિની અબળા રવિમલ્લની સાથે જવા લાગી.

નીચેના ઓરડામાં અન્યાન્ય પહેરેગીરો બેઠેલા હતા. તેમણે ગરધનદાસ, રવિમલ્લ અને અલકાસુંદરીને શિવરામના ગૃહ તરફ જતાં જોયાં. તેમનામાંથી કોઇએ એક પણ અક્ષર ઉચ્ચાર્યો નહિ. જે તરફ શિવરામનું ગૃહ હતું એ સ્થળ તદ્દન શાન્ત અને નિર્જન જોવામાં

આવતું હતું. શિવરામ અને તેની સહધર્મિણી બગીચામાં, શાક લેવા માટે ગયાં હતાં, તથા તેમનો પુત્ર રસિકલાલ કાર્યવશાત્ પાસે જ આવેલા કોઇ ગામમાં ગયો હતો. દાદર પાસે જઇ પહોંચીને ગરધનદાસે કહ્યું:–" મ્હને બરાબર યાદ છે કે, આ દાદર ચઢીને જ અંધકારગૃહમાં જઇ શકાય છે. રવિમલ્લ ! તમે બંદિનીસહ મ્હારી પાછળ પાછળ ઉપર આવો."

અલકાએ નમ્રતાથી ગરધનદાસને ઘણું વિનવ્યો–કાલાવાલા કર્યાં કિન્તુ નિષ્ઠુર ગરધનદાસે એ તરફ બિલ્કુલ લક્ષ્ય આપ્યું નહિ. અંતે અલકાએ રવિમલ્લને પોતાનો હાથ છોડી દેવા કહ્યું; પરંતુ રવિમલ્લે તેનો હાથ છોડયો નહિ. રવિમલ્લની કર્કશસ્પર્શ વજ્રમુષ્ટિ અલકાના હાથને પીડવા લાગી. જ્યારે સર્વ પગથીઆં પાસે ઉપસ્થિત થયાં ત્યારે અલકાને સંપૂર્ણ શુદ્ધિ નહોતી. યંત્રથી ચાલતી પુતળીની માફક તે રવિમલ્લ સાથે દાદર ચઢવા લાગી. એટલામાં ગરધનદાસ દાદર ચઢી જઇ અંધકારગૃહની દિવાલોમાં આવેલા બંધ દ્વાર પર હાથ ફેરવી ફરી તપાસ કરવા લાગ્યો. થોડો સમય તપાસ કર્યા પછી એક ગુપ્ત સ્પ્રિંગ મળી આવતાં તે તેણે દબાવી. વિના વિલંબે દ્વાર ઉઘડી ગયું. દ્વાર ઉઘડતાં જ એ ગુપ્ત ગૃહમાં એક ક્ષીણ તેજવાળો દીપક સળગતો ગરધનદાસના જોવામાં આવ્યો. વિશેષમાં તેણે જોયું કે, ગજસિંહ તેમના આગમનનો વિષય સમજી જઇ દ્વાર તરફ દષ્ટિ રાખી અધીર ચિત્તે દીપકની પાસે જ ઉભો રહ્યો હતો !

પ્રકરણ ૧૧ મું.

ગજસિંહ અને ગરધનદાસ.

આ અંધકારગૃહનો ઝાલોરના રાજદુર્ગમાં કારાગૃહ રૂપે જ ઉપયોગ કરવામાં આવતો હતો. આ સ્થળે બારી બારણાં જણાતાં નહોતાં; તેથી દિવસે પણ ત્યાં વિશેષ અંધકારનો વિસ્તાર થઇ રહેતો હોવાથી એ ગુપ્ત કારાગૃહ અંધકારગૃહના નામથી ઓળખાતું હતું. આ સ્થળે હમણાં દીપકની પાસે જ ગજસિંહ ઉભો રહ્યો હતો; એવામાં ગરધનદાસ અને રવિમલ્લના પગોનો અવાજ સાંભળી શો પ્રકાર છે એ જાણવા માટે તે અધીરો બની ગયો હતો. એકાએક દ્વાર ઉઘડતાં જ નરપિશાચ ગરધનદાસ તેની નજરે પડયો. દ્વારમાં ગરધનદાસ ઉભો હતો અને અંદર ગજસિંહ ઉભો રહ્યો હતો. બન્ને જણા આવી આકસ્મિક મુલાકાતથી આશ્ચર્યચકિત અને વિસ્મિત બની ગયા હતા. બન્ને જણા એક બીજાના મ્હોં તરફ એકાગ્રદષ્ટિથી જોઇ રહ્યા. કોઇએ એક પણ અક્ષર ઉચ્ચાર્યો નહિ. ગરધનદાસે પોતાના મન સાથે એમ વિચાર્યું હતું કે, હજી સુધી ગજસિંહ ઝાલોર દુર્ગમાં આવ્યો જ નથી. તે ક્યારે આવશે એનો કશો નિર્ણય નહિ હોવાથી પોતાના પ્રચંડ પ્રણય પ્રતિસ્પર્ધીને પરાજિત કરવા પ્રતિ ક્ષણે તે તૈયાર હતો; વળી ગજસિંહે ગરધનદાસને પોતાની પાસે ઉપસ્થિત થયેલો જોઇને પણ અસહાય અલકાસુંદરીને સહાયતા કરવાનો નિશ્ચય કર્યો. અલકાસુંદરીનું અનિષ્ટ ન થાય એવા જ ઉદ્દેશથી તે અત્યાર સૂધી આ અંધકારગૃહમાં ભીરુ પુરુષની સ્થિતિમાં, પણ ક્ષુધાતુર વાઘના જેવી વૃત્તિથી છુપાઇ રહ્યો હતો. આ સમયે ગરધનદાસને પોતાની પાસે આવેલો જોઇ તે વસ્તુસ્થિતિનું વિસ્મરણ કરી અપાર ક્રોધે ભરાયો. ક્રોધની વિશેષ-

તાથી તેનો બળવાન્ દેહ કંપી ઉઠયો. તેની ચંચળ દૃષ્ટિ પ્રથમ ગરધનદાસપર અને પછી અલકાપર પડી. રવિમલ્લ એ કોમળાંગીનો કર પકડીને દ્વારની બ્હાર ઉભો રહ્યો હતો. આવો પ્રકાર જોવામાં આવતાં ગજસિંહનું સઘળું ધૈર્ય ગૂમ થઇ ગયું. તેનાં નેત્રોમાંથી જાણે કે અગ્નિકણાની વૃષ્ટિ થવા લાગી. જે ઝાલોરરાજનન્દિની આજ સુધીમાં વૈભવ વિલાસમાં, અયશઆરામમાં ઉછરી હતી, જેને સંકટનું સ્વપ્ન સુદ્ધાં આવ્યું નહોતું, જેની સેવામાં અસંખ્ય સેવિકાઓ હાજર રહી તેની આજ્ઞા ઉઠાવી લેવાની અરસ્પરસ પ્રતિસ્પર્ધા કરતી હતી તે જ અલકાસુંદરીને આવી શોચનીય સ્થિતિમાં જોતાં ગજસિંહના અંગમાં વહેતું ઉષ્ણ શોણિત સવિશેષ ઉષ્ણ બની ગયું. અત્યંત ક્રોધ ઉપજવાથી થોડા સમય સુધી તો તે કાંઇ બોલી શક્યો નહિ. પછીથી મૌનનો ભંગ કરી અંતરની ઉત્તેજનાને આધીન થઇ, અલકાસુંદરીને ઉદ્દેશીને ગરધનદાસ ગરજી ઉઠયોઃ—" અલકાસુંદરિ! આજ તમારું ભૂત છે કે? આ ભૂતના ભયથી જ તમે અત્રે આવવાની ના કહેતાં હતાં કે ? આવો—હું તમને આ ભૂતનો પરિચય કરાવું ! " આમ કહી ગરધનદાસ અલકાનો હાથ પકડીને તેને અંધકારગૃહમાં ખેંચી ગયો. રવિમલ્લ બ્હાર દાદરના પહેલા પગથીઆપર જ ઉભો રહ્યો.

ગરધનદાસના આવા વ્યવહારનું દર્શન કરી અલકા ચુપ થઈ રહી. ગજસિંહ પત્થરના પૂતળા પ્રમાણે સ્થિર રહ્યો, અને રવિમલ્લ દાદર પાસે ઉભો રહી આશ્ચર્યયુક્ત દૃષ્ટિથી ગજસિંહ તરફ જોઇ રહ્યો.

પુનઃ અલકાને ઉદ્દેશીને ગરધનદાસે કહ્યુંઃ—" અલકાસુંદરિ ! આજ તમારું ભૂત છે કે ? આટલા માટે જ તમે અત્રે રહેવાની ના પાડતાં હતાં કે ? તમે શા માટે અહીં આવવાની ના પાડતાં હતાં એ હું હવે સારી રીતે સમજી શક્યો છું. હવે કહો જોઇએ કે, કેટલા

દિવસથી આ જીવતા ભૂતને તમે અંધકારગૃહમાં છુપાવી રાખ્યું છે ?"

આ પ્રશ્નોના ઉત્તરમાં અલકા કાંઇ બોલી નહિ. તેણે ગરધનદાસના ભયજનક વિકાળ મ્હોં તરફ એક વખત જોયું. એ દૃષ્ટિમાં અત્યંત તિરસ્કાર ભરેલો હતો. પછીથી ગરધનદાસે પોતાની ક્ષમતા તેમજ આ દુર્ગમાં પોતાનું આકસ્મિક આગમન શા ઉદ્દેશથી થયું છે એ જણાવીને ગજસિંહ તરફ જોઇ કહ્યું:—"હું કોટાધિપતિ જાલિમસિંહની સહીનો પરવાનો લઇ અત્રે આવ્યો છું. રાજનન્દિની અલકાસુંદરી કોઇ ષડયંત્રમાં શામિલ હતાં તેથી જાલિમસિંહજીએ મ્હને એવી આજ્ઞા કરેલી છે કે, જો આવશ્યક્તા જણાય તો તેમને એક કેદી તરીકે કોટા મોકલવાં અને તેમનો અપરાધ સાબિત કરવા માટે કેટલાક યુવરાજોએ ષડયંત્ર સંબંધી લખેલા પત્રો પણ મોકલી આપવા."

હવે અલકાસુંદરીનામાં બોલવાની શક્તિ આવી. તેણે ગજસિંહ તરફ જોઇને કહ્યું:—"મહાશય ! ગરધનદાસ પાસે એ પત્રો છે. એ પત્રોનો ભય દર્શાવી તેઓ મ્હને વશીભૂતા કરવાને ઇચ્છે છે. એ એમ સમજે છે કે, હું એટલા બધા યુવરાજોના વિનાશના કારણરૂપ નહિ થતાં તેમની ઇચ્છાનુસાર વર્તીશ. ક્ષત્રિય વીરના મનમાં આવો સંકલ્પ અને આશા હોય એ અત્યંત આશ્ચર્યજનક છે."

"મનુષ્યનો પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ જ નથી." ગજસિંહે ઉત્તરમાં કહ્યું.

"આવા ખોટા ઉપાયના અવલંબનથી તેઓ મ્હારો પ્રણય પ્રાપ્ત કરવાની અને મ્હને પોતાની સહધર્મિણી બનાવવાની ઇચ્છા રાખે છે." અલકાએ કહ્યું.

"એના માટે એ વાત પણ વિસ્મયકર નથી; કેમ કે એને હું એક વિશ્વાસઘાતક દગાબાજ યુવક જ સમજું છું." ગજસિંહ

શબ્દોદ્વારા આંતરિક ક્રોધ પ્રદર્શિત કરવા લાગ્યો. એવામાં તેની દૃષ્ટિ દાદરપર ઉભેલા રવિમલ્લ તરફ આકર્ષાયાથી ક્રોધકર્કશ સ્વરે તે બોલી ઉઠયો:–" નરાધમ ગરધનદાસ ! આ માણસને સાક્ષી તરીકે અહીં ઉભો રાખ્યો છે કે શું ? " આમ કહીને તે સત્વર ગરધનદાસ પાસેથી રવિમલ્લ પાસે ગયો. તેણે ગજસિંહને પોતાની પાસે આવેલો જોઇને કહ્યું:–" હું રક્ષક તરીકે અત્રે ઉભેલો છું. "

" બીજાનું રક્ષણ કરવા જતાં પહેલાં તું ત્હારું પોતાનું જ રક્ષણ કર ! " આમ કહી ગજસિંહે રવિમલ્લના નાક પર પોતાની વજ્રમુષ્ટિનો આઘાત કર્યો. એ આઘાતથી બેશુદ્ધ બની જઇ રવિમલ્લ દાદરપરથી ગબડી પડયો. પછીથી ગજસિંહે અંધકારગૃહમાં પ્રવેશ કરી તેનું દ્વાર ત્વરાથી બંધ કરી દીધું. અને તિરસ્કારદર્શક હાસ્ય કરીને તેણે કહ્યું:–" ગરધનદાસ ! હવે અસહાય સુંદરીને કોણ મેળવશે ? તું કે હું ? હું જોઉં છું કે, તું એને બંદિની બનાવી કોટાધિપતિ જાલિમસિંહ પાસે લઇ જાય છે કે હું તેનો ઉદ્ધાર કરી જશલમીર લઇ જાઉં છું ! "

આ વાકયોનો ઉત્તર આપવાનું સાહસ ગરધનદાસ કરી શકયો નહિ. ભય અને વિસ્મયથી વિહ્વળ બની જઇ તે ગજસિંહ તરફ તિરસ્કારયુક્ત દૃષ્ટિથી જોઇ રહ્યો. આ સમયે અલકાસુંદરીને ઉદ્દેશીને ગજસિંહે પૂછ્યું:–" ષડયંત્રવિષયક પત્રો કયાં છે ? એ પત્રોપર ગરધનદાસનો કશો અધિકાર છે કે ? "

" ના ના–એ સઘળા પત્રો બાળી નાખવાના હતા. મ્હારા ભ્રાતા અવન્તીરાવ એમ જ જાણે છે કે, ગરધનદાસે સઘળા પત્રો બાળી નાખ્યા છે. એ પત્રો ષડયંત્રમાં શામિલ થયેલા કેટલાક રાજકુમારોએ લખ્યા હતા. જો એ પત્રો જાલિમસિંહને પ્રાપ્ત થાય તો

સઘળા રાજકુમારોના પ્રાણુનો અકાળે વિનાશ થાય એ ચોક્કસ છે. વિશ્વાસઘાતકતા કરીને જ ગરધનદાસે એ પત્રો પોતાની પાસે છુપાવી રાખ્યા છે. હવે સમયનો લાભ લઇ તે મ્હારા સમક્ષ એવો પ્રસ્તાવ કરે છે કે, જો હું તેનું પાણિગ્રહણુ કરવાને સંમતા નહિ થાઉં તો તે એ પત્રો જાલિમસિંહ પાસે મોકલી મ્હારા તથા પત્ર લખનાર રાજકુમારોના પ્રાણુનો વિનાશ કરાવશે. એમના જેવો, એક અબળા પર અત્યાચાર કરનાર નામર્દ ભાગ્યે જ આ વિશ્વ સંસારમાં બીજો કોઇ હશે. એણે જાણવાની-સમજવાની જરૂર છે કે, પ્રણુય કદાપિ ધનવિભવ અને ભયદર્શનથી પ્રાપ્ત થઇ શકતો નથી." અલકા-સુંદરીએ કહ્યું.

"તમે શું કહ્યું? જો તમે એનાં સહધર્મિણી થવાને કબૂલ નહિ થાઓ તો એ તમારા તથા તમારા આત્મીય રાજકુમારોના પ્રાણુનો વિનાશ કરાવશે?" ગજસિંહ અત્યંત ઉત્તેજનાને આધીન થઇ બોલી ઉઠયો.

"હા, એ એવો જ ભય દર્શાવતો હતો." અલકાસુંદરીએ ઉત્તરમાં કહ્યું.

ગજસિંહે અલકાનો ઉત્તર સાંભળી તીવ્રદષ્ટિથી ગરધનદાસ તરફ જોઇને કહ્યું:—"ગરધનદાસ! જો તું ત્હારું કલ્યાણુ ઇચ્છતો હોય તો દુરાગ્રહ નહિ કરતાં એ સઘળા પત્રો મ્હને આપી દે; એ પત્રો હમણાં જ મ્હારે જોઇએ છીએ."

"એ પત્રોપર ત્હારો શો અધિકાર છે? હું શા માટે એ જરૂરી પત્રો તને આપું?" ગરધનદાસે પણુ એક વચનમાં ઉત્તર આપવા માંડયો.

આ સમયે પાસેના ટેબલપરથી પોતાની પિસ્તોલ હાથમાં ઉઠાવીને

ગરધનદાસ તરફ તાકીને ગજસિંહે કહ્યું:—" હવે કહે જોઇએ કે, એ પત્રોપર મ્હારો અધિકાર છે કે નહિ ? "

અલકાસુંદરીનો ઉદ્ધાર કરવાની કામનાથી જ ગજસિંહ આ અંધકારગૃહમાં છુપાઇ રહ્યો હતો. અગ્રવન પાસે આવેલા પાન્થનિવાસમાં ગરધનદાસ સાથે જ્યારે તેની મુલાકાત થઇ હતી ત્યારે તેને નિષ્ઠુર અને પાપાચારી યુવક તરીકે તે ઓળખી શકયો હતો. જો કે એ સમયે તેના સમક્ષ ગરધનદાસે એમ કહ્યું હતું કે, હવે અલકાસુંદરીનું રક્ષણ કરવાનો પ્રયત્ન તે કરનાર નથી; છતાં ગજસિંહે પોતાના મનમાં એમ વિચાર્યું કે, વાઘ જેવી રીતે શિકારનો નિરુપાયે ત્યાગ કરવા છતાં તેને પુનઃ મેળવવાના લોભનો ત્યાગ કરી શકતો નથી તેવી જ રીતે ગરધનદાસ અલકાસુંદરીને મેળવવાના લોભનો ત્યાગ કરી શકશે નહિ. એટલા માટે જ આ ઝાલોર દુર્ગમાં ગરધનદાસની શક્તિની પરીક્ષા કરવાનો તેણે સંકલ્પ કર્યો હતો; છતાં તેણે જ્યારે એમ જોયું કે, આ સ્થળે ગરધનદાસ એકલો નથી ત્યારે તેણે ક્ષત્રિયોચિત વીરધર્મનું પાલન કરી પ્રાણદાન કરવાનો નિશ્ચય કર્યો હતો; છતાં અંતે અલકાસુંદરીના સમજાવ્યાથી તે એમ સમજી શકયો હતો કે ઘણા માણસોની સાથે યુદ્ધ કરીને તે પ્રાણ ત્યાગશે તો અલકાસુંદરી સંકટમાંથી મુક્ત થઇ શકશે નહિ તેથી જ લાચારીથી તે આ અંધકારગૃહમાં છુપાઇ રહ્યો હતો. છતાં જો કદાચ ગરધનદાસ પોતાની હાજરીના સમાચાર જાણી જાય તો એકાએક પોતાનું અનિષ્ટ કરી શકે નહિ એ માટે તે સર્વદા હથીયારબંધ રહેતો હતો. અંધકારગૃહમાં પડેલા ટેબલપર તેની તલવાર અને પિસ્તોલ રહેતી હતી. એ પિસ્તોલ હાથમાં લઇ ગરધનદાસ તરફ તાકીને ગજસિંહે જ્યારે તેને પેલા ષડયંત્રવિષયક પત્રો પોતાને આપી દેવાની આજ્ઞા કરી ત્યારે હત્યાકાંડના ભયથી અલકાસુંદરી અસ્થિર

બની ગઇ. તેનું હૃદય જોરથી ધબકવા લાગ્યું. તેનો કંઠ સુકાઇ ગયો.

ગજસિંહે ગરધનદાસને ચુપ રહેલો જોઇ ફરીથી કહ્યું:–" નરાધમ ! જો જીવતો રહેવાને ઇચ્છતો હોય–ત્હારા જીવપર તને સહજ પણ માયા હોય તો એ પત્રો સત્વર મ્હને આપી દે; નહિ તો—"

"મ્હને મારી નાખીશ, એમ ?" આમ કહી ગરધનદાસ ગર્વપૂર્વક બોલી ઉઠયો,–" ગજસિંહ ! સાવધાન ! તું એમ ન સમજીશ કે હું એકલો જ અહીં આવેલો છું. મ્હારી પાસે ઘણા સૈનિકો છે. મ્હારું ખૂન કરી તું બચી જનાર નથી–ત્હારે પણ અકાળે મરણને શરણ થવું જ પડશે. ત્હેં અહીંથી પલાયન કરી જવાનો વિચાર કર્યો છે; પરંતુ ત્હારો વિચાર કદાપિ ફળીભૂત થાય તેમ નથી. વળી ત્હારી સાથે તું જેનો ઉદ્ધાર કરવા આવ્યો છે તેને પણ મૃત્યુની મુલાકાત કરવી જ પડશે."

"હિચકારા ! તું મ્હને ભય બતાવે છે કે ? વીર પુરુષ મૃત્યુથી કદાપિ ડરતો નથી. તેઓ મૃત્યુને રમત સમજે છે. જો એક અબળાનો ઉદ્ધાર કરવા જતાં વીર ક્ષત્રિયનું મૃત્યુ થાય તો એના જેવું મહદ્ સૌભાગ્ય બીજું કયું ગણી શકાય ?

વીર પુરુષો કાળથી ના કોઇ દિન ગભરાય છે;
આવવું ને જવું એ તો આ જગતનો ન્યાય છે.
અબળા ઉપર કરી જુલ્મ જે નિજ મનમહીં મલકાય છે;
દુઃખ ભોગવી સંસારમાં, તે નરકગામી થાય છે.
જીવન છે સ્વપ્નનું ક્ષણિક, પળમાં ઉડી બસ જાય છે;
પાપ ને સૌ પુણ્યનો ઇન્સાફ નિશ્ચય થાય છે.

માટે હજી પણ સમજી જા. ત્હારા ડરાવ્યાથી હું બિલકુલ ડરનાર નથી. આ ક્ષત્રિય વીરનો નિશ્ચય અફળ થનાર નથી.

શિયાળના ડરાવ્યાથી સિંહ તો ડરતો નથી,
ભસે છે શ્વાન તેની હું પરવાહ કદિ કરતો નથી;
તીર કે તલ્વારના આઘાતથી ડરતો નથી,
ક્ષત્રિય સદા સંસારમાં કર્ત્તવ્ય વિણુ મરતો નથી.

બસ, મ્હારે એ પત્રો હમણાં ને હમણાં જ જોઇએ. એક ક્ષણનો પણુ વિલંબ નહિ થવો જોઇએ." ગજસિંહ ગર્જનાદર્શક સ્વરે બોલી ઉઠયો.

"જ્યારે વીરત્વનાં આટલાં બધાં બણગાં ફુંકે છે ત્યારે આ અંધકારમય ગુપ્ત સ્થળે નામર્દ ભીરુ પુરુષની માફક અત્યાર સૂધી કેમ છુપાઇ રહ્યો હતો? ત્હારું આવું અપૂર્વ વીરત્વ જનસમાજમાં જાહિર થશે." ગરધનદાસે કહ્યું.

"જો સ્વાર્થ ન હોત તો હું કદાપિ આ સ્થળે છુપાઇ રહેત નહિ. હું ત્હારી સાથે વિશેષ વાતચિત કરવાને ઇચ્છતો નથી. સઘળા પત્રો મ્હને આપી દઇ તું ત્હારો જીવ બચાવા અહીંથી ચાલ્યો જા."

આમ કહી ગજસિંહે વિક્રાળ દૃષ્ટિથી ગરધનદાસ તરફ જોયું. તેણે પિસ્તોલ છોડવાની તૈયારી કરી. હવે ગરધનદાસને ભય ઉપજ્યો. નિરુપાયે ખીસ્સામાંથી કાગળોનું એક બંડલ બ્હાર કાઢી, વિરક્તિથી તે તેણે ગજસિંહના પગ પાસે નાખ્યું.

વિના વિલંબે અલકાસુંદરીએ કાગળોનું બંડલ ઉંચકી લીધું. ગજસિંહે વ્યાકુળતાથી પૂછ્યું:—"સઘળા પત્રો એમાં છે કે? જુઓ— બરાબર તપાસો."

અલકાસુંદરીએ એક ગાઢ નિશ્વાસ મૂકી કંપતા હાથે બની શકે એટલી ત્વરાથી એ બંડલ છોડયું, તથા પત્રોને ગણી કાઢીને તેણે કહ્યું:—"હા—સઘળા પત્રો છે. હવે એમાં એકે પત્ર ખુટતો હોય એમ મ્હને લાગતું નથી."

"તમે બરાબર જાણો છો? જો હજી સંદેહ રહેતો હોય તો ફરીથી બરાબર તપાસી જુઓ." ગજસિંહે કહ્યું.

પછી ગજસિંહે પોતે પણ અલકાસુંદરી સાથે એ પત્રો તપાસ્યા. ગરધનદાસે અત્યંત ક્રોધાતુર બની જઇ આ પ્રકાર નિરુપાયે સહન કર્યો. ગજસિંહે અલકાસુંદરીના હાથમાંથી એક કાગળ લઇને કહ્યું "ઝાલોરરાજનન્દિનીને બંદિની બનાવવાનો આ પરવાનો હોય એમ લાગે છે. હમણાં જ એ પરવાનો હું બાળી નાખું છું." આમ કહી તેણે એ પત્રને સળગતા દીવાપર ધરી બાળી નાખ્યો. પછી એ કાગળોમાંથી કેટલાક જરૂરી કાગળો લઇ બાકીના કાગળો ગરધનદાસ પાસે ફેંકી દઇને તેણે કહ્યું:–"આ કાગળોની અમને કશી જરૂર નથી."

બરાબર આ સમયે જ અંધકારગૃહની બ્હાર કોઇનાં પગલાંનો અવાજ થતો સંભળાયો; તેથી ગજસિંહે અલકાસુંદરીને કહ્યું:–"ગરધનદાસના માણસો અત્રે આવી પહોંચ્યા હોય એમ લાગે છે. તમે પરવાનાની માફક આ બીજા પત્રો પણ સત્વર બાળી નાખો હું ગરધનદાસ તથા સૈનિકોની ખબર લઉં છું."

બ્હાર થતો અવાજ ગરધનદાસ પણ સાંભળી શકયો. ક્રોધાંધ બની જઇ તેણે સહાયતાપ્રાપ્તિ માટે બૂમ મારી. આ સમયે બ્હાર આવી પહોંચેલા સૈનિકોએ ભયંકર અવાજ કર્યો. 'શત્રુને પકડો–તેનો સંહાર કરી નાખો.' એવા જ શબ્દો સંભળાવા લાગ્યા. રત્નિમલ્લ ગજસિંહની મુક્કી વાગવાથી બેશુદ્ધ બની જઇ દાદરપરથી ગબડી પડયો હતો. શુદ્ધિમાં આવ્યા પછી નીચેના ઓરડામાં જઇ સશસ્ત્ર સૈનિકોસહ ગજસિંહનું શોણિતતર્પણ કરવાની અભિલાષાથી તે આવી પહોંચ્યો હતો. રત્નિમલ્લ દ્વાર ઉઘાડવા માટે સ્પ્રિંગ શોધતો હોય એવો ગજસિંહને ભાસ થયો. તેણે વિચાર્યું કે જો ગરધનદાસ દ્વાર

પાસે ઉભો હશે તો તે પણ સ્પ્રિંગ દબાવીને દ્વાર ઉઘાડી શકશે. આથી હાથમાં પિસ્તોલ લઇ ગરધનદાસ અને દ્વારના મધ્ય ભાગમાં તે ઉભો રહ્યો. અલકાસુંદરી એક પછી એક કાગળ બાળી નાખવા લાગી. એ પત્રો બળી જવાથી અનેક રાજકુમારોનું જીવનસંકટ મુક્ત થશે એવા વિચારથી ગજસિંહના મુખપર આનંદનો ભાવ જોવામાં આવતો હતો. દ્વાર તરફ દૃષ્ટિ રાખીને તેણે અલકાસુંદરીને પૂછ્યું:–"સઘળા પત્રો બળી રહ્યા છે કે?"

"માત્ર એક જ બાકી રહ્યો છે." અલકાએ ઉત્તર આપ્યો.

બરાબર આ વખતે જ દ્વાર ઉઘડ્યું. અમરસિંહની વજ્રમુષ્ટિના આઘાતથી રવિમલ્લના નાકમાંથી ઘણું લોહી વહી ગયેલું હોવાથી તેનું મ્હોં લોહીલુહાણ બની ગયેલું હતું. સર્વની આગળ તેણે જ અંધકારગૃહમાં નગ્ન તલ્વાર હાથમાં લઇને પ્રવેશ કર્યો. ગજસિંહ રવિમલ્લ તથા તેના સાથીદારોની ગતિને અટકાવવા લાગ્યો. એવામાં તેની દૃષ્ટિ પાછળ જવાથી તેણે ગરધનદાસને, ટેબલપર પડી રહેલી પોતાની તલ્વાર ઉપાડી લેવાની તૈયારી કરતો જોયો. અલકાસુંદરી ભયભીતા બની ગઇ હતી. ગજસિંહ તરત જ ગરધનદાસપર તૂટી પડયો, તથા તે તલ્વાર ઉપાડે એ પૂર્વે જ તેણે તેને ગળામાંથી પકડી તેના સૈનિકોની વચ્ચે પછાડયો. પછીથી પોતાની તલ્વાર ઉપાડી લઇને તે શત્રુઓના આક્રમણને અટકાવવા લાગ્યો. આ સમયે અલકાસુંદરીએ છેવટના પત્ર સાથે અગ્નિસંયોગ કર્યો. જોત જોતામાં એ છેલ્લો પત્ર પણ બળી ગયો. ત્યાર પછી આ ભયંકર દૃશ્ય જોઇ ભાન ભૂલી જઇને અલકા ગજસિંહના ચરણો પાસે ઢળી પડી.

એટલામાં ગરધનદાસે ઉઠી ઉભા થઇ પોતાના અનુચરોને આજ્ઞા કરી:–"આ શયતાનને જીવતો કેદ પકડો. એના પ્રાણનો નાશ કરશો

નહિ. હવે એ આપણા પંઝામાંથી પલાયન કરી શકે તેમ નથી. એને કેદ કરો."

રવિમલ્લે સૈનિકોસહ અંધકારગૃહમાં પ્રવેશ કર્યો. ઘણા સમય સુધી શત્રુઓને હંફાવ્યા પછી બહાદુર ગજસિંહ રવિમલ્લના દારુણ આઘાતથી જમીનદોસ્ત થયો. એ સમયે વ્યાઘ્રમંડળ જેવી રીતે શિકારપર જઇ પડે તેવી જ રીતે રવિમલ્લના સૈનિકો ગજસિંહ પર પડયા. વાંચકબંધુઓ ! પરોપકારપરાયણ ગજસિંહે આવી રીતે પરોપકારાર્થે પોતાનો જીવ ભયંકર જોખમમાં નાખ્યો. ધન્ય છે, તેના અપૂર્વ આત્મત્યાગને તથા તેના ક્ષત્રિયોચિત વીરત્વને !

પ્રકરણ ૧૨ મું.

ભીષણ રાત્રે કારાગૃહમાં પૃથ્વીસિંહ.

જાલિમસિંહ કોટાના રાજવંશને વંચિત કરી પોતાના પુત્રપૌત્રાદિને કોટાના અપાર ઐશ્વર્યના અધિકારી બનાવવાનો પ્રયત્ન કરે છે એવો વિચાર અંતરમાં ઉપજવાથી પૃથ્વીસિંહનું હૃદય પ્રચંડ પ્રતિશોધ—ભયંકર વૈર લેવાને વ્યાકુળ બની ગયું. તે પૂર્વે પોતાના બંધુઓ કિશોરસિંહ અને વિષ્ણુસિંહ પાસે જે પ્રતિજ્ઞા કરી આવ્યો હતો તે નિરંતર તેના સ્મરણમાં જ હતી. ઝાલોરરાજની સાથે મુલાકાત કરતાં પૂર્વે તેણે એ ત્રણ દિવસ સુધી મધુરાવ અને અવન્તીરાવ માટે ઉત્કૃષ્ટ ખાદ્યસામગ્રી મોકલી હતી. આવી રાજભોગ્ય ખાદ્યસામગ્રી કારાગારમાં પડયા પછી આ પ્રસંગે જ તેમને પ્રાપ્ત થઇ હતી. તૃપ્તિકર ખાદ્યસામગ્રીને ઇન્સાફ આપી પિતાપુત્ર પરમ સંતુષ્ટ થયા. જ્યારે બીજે દિવસે એક નોકર પુનઃ ઉત્તમ ખાદ્યસામગ્રી લઇ આવ્યો

ત્યારે તે મોકલનારનું નામ મધુરાવે એ નોકરને પૂછ્યું. નોકરે ઉત્તરમાં પૃથ્વીસિંહનું નામ કહ્યું. શા ઉદ્દેશથી પૃથ્વીસિંહ પોતાને આવી રીતે સંતુષ્ટ કરવાનો પ્રયત્ન કરતો હશે એ સંબંધી મધુરાવ કશો નિર્ણય કરી શક્યો નહિ.

નિશાકાળ થતાં પૃથ્વીસિંહ યોગ્ય સમય વિચારી બ્હાર નીકળ્યો. તેણે જોયું કે, સર્વત્ર એક પ્રકારની ગંભીર નિસ્તબ્ધતા ફેલાઇ રહેલી હતી. સકળ મનુષ્યો નિદ્રાધીન થઇ ગયાં હતાં. જાણે કે જગતમાં એક પણ પ્રાણિ નહોતું. માત્ર ઉચ્ચ તથા વિશાળ, પત્થરનો બનેલો કોટાનો કિલ્લો પોતાનું મસ્તક ગર્વપૂર્વક ઉંચું રાખી જાગ્રત પહેરેગીરની માફક ઉભો રહ્યો હતો. પૃથ્વીસિંહને એમજ લાગ્યું કે, સાક્ષીસ્વરૂપ દુર્ગ તેના તરફ જ જોઇ રહ્યો છે. પૃથ્વીસિંહે એક સ્થળે ઉભા રહી ચોતરફ દૃષ્ટિ ફેરવી. રાત્રિની ગંભીરતા સૂચવનારો ' ઝીમ—ઝીમ ' અવાજ તેના સાંભળવામાં આવ્યો. પ્રકૃતિદેવીના શીતળ શાન્ત ભાવે તેના વ્યાકુળ ચિત્તને શાન્ત કર્યું. એક ગાઢ નિશ્વાસ મૂકી તે વિચારવા લાગ્યોઃ—" આ રહામેજ રાજપૂતાના ગૌરવસ્વરૂપ અરવલ્લી આવેલો છે. આ કોટા તથા પ્રાચીન કિલ્લો છે. આ આર્યભૂમિમાં કેટલી બધી શરાતનની કીર્ત્તિના અમર અભિનય થઇ ગયા છે ? જે રાજપૂતાનામાં એક સમયે બાપ્પારાવ, ખોમાન, સમરસિંહ અને સંગ્રામસિંહની રાજધાની હતી, જે રાજપૂતાનામાં એક સમયે જયમલ્લ, પુત્ત, હમીર અને પ્રતાપસિંહે જન્મભૂમિ—માતૃભૂમિ માટે પ્રાણ આપ્યો હતો એ સઘળું હમણાં ક્યાં છે ? કાળના પ્રવાહમાં એ સઘળી વીરતા તણાઇ ગઇ છે. વીરપ્રસવિનીના વીરપુત્રો ચિર નિદ્રામાં પડયા છે. વીર કન્યાઓની સ્વર્ગીય વીણા સદાકાળને માટે ચુપ થઇ ગઇ છે. અરેરે ! સ્વર્ગભૂમિ રાજસ્થાન હવે ખરીદાયલા ગુલામોથી જ પરિપૂર્ણ

છે ! કાળનું કેવું અદ્ભૂત શક્તિસામર્થ્ય છે ! સઘળું કાળના અનન્ત પ્રવાહમાં વિલીન થઇ ગયું છે." આ સમયે પૃથ્વીસિંહની દૃષ્ટિ કોટાદુર્ગના ઉન્નત મસ્તક તરફ આકર્ષાઇ. પૂર્વ પુરુષોની કીર્તિ, શૌર્ય વગેરેનું સ્મરણ થઇ આવતાં તેનું અંતર અતિ વ્યથિત થયું. પુનઃ તેના મુખમાંથી એવા ઉદ્‌ગાર નીકળી પડયા કે, "અરેરે! રાજસ્થાનની ભાગ્યલક્ષ્મી ચિરનિદ્રામાં પડી છે.

"મુજ દેશની વ્હાલી વીણા ! અંધાધુનીના કાલમાં,
મમ દૃષ્ટિગોચર તું પડી અતિ દુઃખથી બેહાલમાં;
મુજ હસ્તથી તુંને ગ્રહી, ચાંપુ અતિશે સ્નેહથી,
તુજ દુઃખથી દુઃખી બનું, અશ્રુ ઝરન્તા ચક્ષુથી.
જે ચક્રવર્તિ રાજ્યથી મંજૂલ શબ્દે ગાજતી,
જે ધારતી સર્વોપરી સત્તા અધિષ્ટાતા બની;
જે શર્મ અબ્ધિની મહીં આનંદી થઇને મ્હાલતી,
જે દુઃખ એ શી વસ્તુ છે તે સ્વપ્નમાં ના જાણતી.
જ્હેના સુપુત્રો સર્વદા સાન્નિધ્યમાં રહેતા હતા,
જ્હેની સદા આજ્ઞા શિરે અતિ માનથી ધરતા હતા;
તે હા ! પડી દુખાબ્ધિમાં, એકાકિની મુર્ચ્છા થકી !!
સાન્નિધ્યમાં કો શુશ્રુષા કરવા રહ્યો ઉભો નથી !!
આ શી સ્થિતિ ત્હારી બની, મમ વ્હાલી દેવી દેશની !
આ દુઃખ ત્હારું ચક્ષુથી હું ના નિહાળી હા ! શકું !!
આનન્દદાયી દુઃખીને માધુર્યતાથી જે હતી;
મંજુલ ગુંજન્તી, અતિ આનંદમાં ક્રીડન્તી'તી.
ગુંજારવો જ્હેના ત્રિલોકે સાંભળી સર્વ જનો,
આનંદ અબ્ધિમાં ડુબી ગાતા ગુણો શું સ્નેહથી ?

તે સર્વ ત્હારી આ સ્થિતિ જોઈ અતિ દુઃખી બની,
સેવા કરન્તા હા ! પડયા !! સાન્નિધ્યમાં મુર્છા મહીં !
આક્રંદ છોડી દે હવે, પ્રાણાધિકે ! દેવિ ! અયિ !
તજી દે તું અશ્રુસ્ત્રોત હાવે વ્હાલી દેવી માહરી;
ભાવ પ્રમાણે જે બન્યું તે ના સહે આનન્દથી ?
કરતી શું મિથ્યા શોક આવો દુઃખથી દુઃખી બની !
તુજ દુઃખથી આ ફાટતું હૃદય માહરું જ સહસ્ત્રધા !!
તુજ દુઃખ જોઇ અગ્નિથી સર્વાંગ દુઃખે શું દહે !!!
હે વ્હાલી દેવિ ! માહરી, તુજ શર્મ પ્રાપ્તિ અર્થમાં,
યત્નો કરું આનન્દથી, કો દુઃખને ના હું ગણું."

પૃથ્વીસિંહ ધીમે ધીમે કારાગાર તરફ જવા લાગ્યો. તેના જમણા હાથમાં એક તેજોમય નગ્ન તલ્વાર અને ડાબા હાથમાં કારાગૃહની કુંચી હતી. કારાગૃહ પાસે જઇ પહોંચી તે ત્યાં થોડો સમય સ્થિરતાથી ઉભો રહ્યો. આસપાસ કોઇ નથી એવી તેણે ખાત્રી કરી લીધી. ઘણે ધીમેથી દ્વાર ઉઘાડી કારાગૃહમાં પ્રવેશ કર્યો. અવન્તીરાવને તેણે નિદ્રાધીન થઇ ગયેલો જોયો. તેના મુખપર દીપકનો પ્રકાશ પ્રકાશી રહ્યો હતો. તેનાં નેત્રો મીંચાયલાં હતાં. કપાળ ચિંતાશીલતાનો પરિચય કરાવતું હતું. સ્વપ્ન દર્શન કરતો તે તંદ્રાધીન હતો. સ્વપ્નના માયાપ્રપંચથી તેના ઓષ્ઠપર કિંચિત્ હાસ્ય જોવામાં આવતું હતું.

પૃથ્વીસિંહ વિશેષ આગળ વધ્યો પરંતુ તત્કાળ અત્યંત આશ્ચર્યચકિત અને સ્તંભિત બની જઇ તે સ્થિરતાથી ઉભો રહ્યો. સ્વપ્નવશ થયેલા પ્રણયપીડાથી પીડિત બનેલા અવન્તીરાવના મુખમાંથી કેટલાંક અસ્પષ્ઠ પ્રણયવાક્ય નીકળ્યાં તથા તે પૃથ્વીસિંહે સાંભળ્યા. પ્રણય કરવો કિંવા પ્રણયી બનવું એ શું અપરાધ છે ? પૃથ્વીસિંહ

પ્રણયી નહોતો કે ? પ્રણયની ભાષા તે સમજતો નહોતો કે ? વિશેષ ધ્યાન દઇ તે અવન્તીના મુખમાંથી ઉચ્ચારાતાં પ્રણયવચનો સાંભળવા લાગ્યો. જ્યારે પદ્માવતીનું નામ પૃથ્વીસિંહના સાંભળવામાં આવ્યું. ત્યારે તેના અંતરમાં સખ્ત આઘાત થયો. અવન્તીના મુખમાંથી ઝાલોર અને પદ્માવતી સંબંધીનાં જ વચનો સાંભળવામાં આવ્યાં. જ્યારથી અવન્તી કારાગૃહમાં સપડાયો હતો ત્યારથી ચિંતા જ તેની સહચરી થઈ હતી. આનંદ વિનોદના અભાવે હવે તે ઝાલોરની પરિસ્થિતિની જ ચિંતા કર્યા કરતો હતો. પદ્માવતીના પ્રણયતરંગો પ્રતિ ક્ષણે તેના અંતરમાં ઉપજતા હતા. તેનો મનોવેગ નિદ્રાવસ્થામાં સ્વપ્નમાં પ્રકાશિત થતો હતો, અને પૃથ્વીસિંહે આજે એ સાંભળ્યો. તેણે ધીમેથી અવન્તીના અંગને સ્પર્શ કરીને તેને જાગ્રત કર્યો. અવન્તી પૃથ્વીસિંહના હાવભાવ, સાજ સજ્જા તથા નગ્ન તલ્વાર જોઈ વિચારવા લાગ્યોઃ—" જાલિમસિંહે પૃથ્વીસિંહને અમારા પ્રાણનો વિનાશ કરી નાખવા માટે જ મોકલ્યો હોય એમ લાગે છે. " આવો વિચાર ઉપજવાથી તેણે વિહ્વળ બની જઇ ભયસૂચક સ્વરે પુછ્યુંઃ—" આવી ગંભીર રાત્રે શા ઉદ્દેશથી આપનું અત્રે આગમન થયું છે ? "

" તમે ભય પામશો નહિ. હું જાલિમસિંહનો પક્ષકાર નથી. " પૃથ્વીસિંહે અવન્તીના ભયને સમજી જઇ તન્નિવારણાર્થે કહ્યું.

" ત્યારે અત્યારે આવા વેશમાં આપ અત્રે કેમ પધાર્યા છો ? "

" રાત્રિના સમયે અનેક આકસ્મિક સંકટો આવી પડવાની સંભાવના રહે છે; તેથી સાવધાન રહેવાની જરૂર છે. હું તમારા પિતાજી સાથે કેટલીક ગુપ્ત વાતચિત કરવાને ઇચ્છું છું. તમે એક વખત તેમને બોલાવો. "

અવન્તીરાવે પિતા પાસે જઇ તેને પૂછીને પૃથ્વીસિંહને તે તેની

પાસે લઇ ગયો, તથા પોતે ત્યાંથી પાછો આવતો રહ્યો. પૃથ્વીસિંહની સાજ સજ્જા જોઈ મધુરાવ પણ ભય પામ્યો હતો; તેથી તેને અભય આપીને પૃથ્વીસિંહે કહ્યું:—" મહાશય ! આવા ગંભીર રાત્રિના સમયે મ્હેં આપને વિરક્ત કર્યા છે તેથી, આપ ઉદારતાથી મ્હને ક્ષમા આપજો; છતાં પ્રથમથી જ મ્હારે આપને જણાવવું જોઇએ કે, જે હેતુથી હું અત્રે આવ્યો છું એ હેતુ સફળ કરવાને માટે આવો રાત્રિનો સમય જ ઉત્તમ છે અને તેથી જ મ્હેં આપની નિદ્રામાં વ્યાઘાત કર્યો છે."

"રાષ્ટ્રવિપ્લવના સમયે છુપી રીતે સાવધાનતાથી સ્વકર્ત્તવ્ય બજાવવું પડે છે. હવે આપને જે કાંઇ કહેવું હોય તે સત્વર કહી મ્હારી અધીરતાનો અંત લાવો—કૃપા કરી સમયને વ્યર્થ ન ગૂમાવો." મધુરાવે અધીરતા દર્શાવી.

" મ્હારે આપને ઘણી ભયંકર હકીકત કહેવાની છે. એ સાંભળતાં જ આપ ચમકી ઉઠશો, અને હું જાલિમનો ગુપ્તદૂત હોઉં એવી આશંકા પણ કદાચ આપના અંતરમાં ઉપજશે."

" પૃથ્વીસિંહ ! આટલા દિવસ વિશ્વસંસારમાં રહી હું હવે વૃદ્ધ થયો છું. આપને હું સારી રીતે ઓળખું છું. એકાએક આપને હું જાલિમસિંહના પક્ષકાર સમજું એમ આપ ધારશો નહિ; છતાં આપની હકીકત સાંભળ્યા પછી જ હું મ્હારો અભિપ્રાય દર્શાવીશ."

" એવી આશાથી જ હું આપની પાસે આવેલો છું. મ્હારા આગમનનું કારણ સ્વાર્થ, ન્યાય અને ધર્મનું રક્ષણ છે. આપ અમારી—કોટારાજવંશની સ્થિતિના વિષયથી અજાણ્યા નથી."

" હા, એ વિષય સંબંધી હું થોડી ઘણી હકીકત જાણું છું; એમાં સંદેહ નથી; કિન્તુ હમણાં આપ કયા કાર્યમાં રોકાયલા છો;

તથા શા કારણથી અત્યારે અત્રે આવેલા છો એ હવે મ્હને જણાવશો?"

"અમે કોટાનો સઘળો રાજ્યકારભાર અમારા હાથમાં લેવાનો પ્રયત્ન કરીએ છીએ. કોઇની આધીનતામાં રહેવાનો હવે અમારો વિચાર નથી."

"એનો શો અર્થ છે?"

"એનો અર્થ વિસ્તારથી આપને સમજાવવાની જરૂર હોય એમ હું ધારતો નથી; કેમકે આપ પોતે ગૂઢ રાજનિતિકુશળ છો."

"છતાં આપ કયા ઉપાયનું અવલંબન કરો છો એ મ્હારે જાણવું જોઇએ. કાર્ય ગંભીર છે અને તેનું અનુષ્ઠાન વિશેષ ગંભીર છે."

"અમે હવે જાલિમસિંહને કિંવા તેના પુત્ર મધુસિંહને રાજપ્રતિનિધિ તરીકે સ્વીકારવાને ઇચ્છતા નથી."

વૃદ્ધનું લલાટ કુંચિત થયું. તેની તીક્ષ્ણદૃષ્ટિ જાણે કે પૃથ્વીસિંહના અંતરના ઉંડા ભાગમાં ફરવા લાગી. તેના સફેદ કેશ કંટકિત થયા. થોડા સમય સુધી શાન્ત-વિચારમગ્ન રહ્યા પછી ગંભીરતાથી તેણે કહ્યું:—"પૃથ્વીસિંહ! આ કાર્યના ફળાફળનો આપે આપના બંધુઓ સાથે મળીને વિચાર કર્યો છે કે? જો આપનું કાર્ય સફળ થશે તો તે યોગ્ય જ હતું એમ ગણાશે, અને જો આ સત્કાર્યમાં કદાચ ભાગ્યયોગથી સફળતા નહિ પ્રાપ્ત થાય તો તે કદાચ દોષયુક્ત ગણાશે. કેટલા માણસો જગતમાં અભિપ્રાયપર કાર્યનો વિચાર કરે છે?"

"આ વિષયમાં હું આપની સલાહ મેળવવાની ઇચ્છાથી જ અત્રે આવ્યો છું."

"આ વિષય આપે ચતુરચુડામણિ જાલિમસિંહને જણાવ્યો છે કે?"

"ના—હજી સુધી જણાવ્યો નથી. જણાવવામાં કલ્યાણ પણ નથી. યુદ્ધ થશે એવી અમારી દૃઢ માન્યતા છે."

" જ્યારે એમજ છે તો પછી આપ આપના બળની બરાબર પરીક્ષા કરી જોજો. એકાએક યુદ્ધ કરી શત્રુને બળવાન્ બનવા દેવો એ વ્યાજબી તથા હિતકારક નથી."

" અમે રાજસ્થાનના રાજા મહારાજાઓની સહાયતા મેળવવાનો પ્રયત્ન ચાલૂ કર્યો છે. એવા કોઇ રાજપૂત રાજા નથી કે જે, એક પ્રાચીન રાજવંશનો નાશ અને અપમાન થતું જોઇ ચુપ રહે. જાલિમસિંહના વિપક્ષ દળના રાજાઓની સહાયતા માટે જ આ સમયે આપની પાસે મ્હારું આગમન થયેલું છે."

વૃદ્ધ ચિંતામગ્ન બની ગયો—તેણે પછીથી કશો ઉત્તર આપ્યો નહિ. પૃથ્વીસિંહ પુનઃ કહેવા લાગ્યોઃ—"રાજપૂત ધર્મના નામથી હું આપને પ્રાર્થના કરું છું. માત્ર પૂર્વજોનું રાજ્ય પ્રાપ્ત કરવાનો જ અમારો ઉદ્દેશ નથી; પરંતુ તે સાથે રાજપૂતોના સ્વમાન અને ગૌરવનું રક્ષણ કરવાનો પણ અમારો ઉદ્દેશ છે. રાજપૂત કુળના સંમાનનીય સિંહાસનપર એક અજ્ઞાત કુળની વ્યક્તિ અધિકાર ચલાવે તેને આપ સમસ્ત રાજપૂત જાતિનું અપમાન નથી સમજતા કે ? હમણાં કીર્ત્તિશાળી કોટાની સ્થિતિ પણ એવી શોચનીય થઇ ગયેલી છે. વળી જુઓ સાંભળો, આપ આપની પોતાની જ સ્થિતિનો એક વખત વિચાર કરી જુઓ. હવે માત્ર આપનું રાજા તરીકેનું નામ જ અવશિષ્ટ રહેલું છે. એ સઘળું છોડી દઇએ તો આપનું જે કાંઇ સંમાન અવશિષ્ટ રહ્યું છે તેનો પણ વિનાશ કરવાનો પ્રયત્ન ગરધનદાસ કરે છે. ઝાલોરદુર્ગમાં જ એકલી પડેલી અને બંદિની થઇ પડેલી ઝાલોરરાજનન્દિની હમણાં ગરધનદાસની લાલસાની વસ્તુ બની ગયેલી છે. ગરધનદાસ ઝાલોરકુળનો જમાઇ બની પોતાના માન મર્યાદા વધારવાનો પ્રયત્ન કરે છે. મહાનુભાવ ! ઉદારતાપૂર્વક આપ મ્હને ક્ષમા આપો; આવાં વાક્યો

ઉચ્ચારતાં હું ઘણો શર્માઉં છું; પરંતુ શું કરું ? જો આ વિષય હું આપને ન જણાવું તો મ્હેં મહા પાપ કર્યું છે એમ જ ગણાય. આવા વિષયથી વાકેફ થઇ જે સ્વજાતિના અભિમાની રાજપૂત વીર તેનો પ્રતિકાર ન કરે તે પણ મહાં પાપી જ લેખાય. મહાશય! અમે ઘણું સહન કર્યું છે. અમારી સહનશક્તિ હવે હદ ઓળંગી ગઇ છે; તેથી જ રાજસ્થાનને–પવિત્ર જન્મભૂમિને નિષ્કલંક અને નિષ્કટંક કરવાનો દૃઢ નિશ્ચય કરી હું આવી ગંભીર રાત્રે આપની પાસે ઉપસ્થિત થયો છું."

ધીરજથી મધુરાવે પૃથ્વીસિંહની આ સઘળી હકીકત સાંભળી. તેના પ્રશાન્ત ગંભીર મુખમંડપર બિલ્કુલ ચિંતા જોવામાં આવી નહિ. તેના અંતરની વેદના અંતરમાં જ છુપાઇ રહી. એ અચલ–અટલ મન કોઈ પણ રીતે વિચળિત થયું નહિ. માત્ર નેત્રોમાં એક બે અશ્રુબિંદુઓ તરી આવ્યાં. પૃથ્વીસિંહ ચુપ થઇ ગયો હતો. વૃદ્ધના મુખમંડળ તરફ તે એકાગ્રદષ્ટિથી જોઇ રહ્યો હતો. થોડો સમય આવી સ્થિતિમાં પસાર થયો એટલે મધુરાવે કહ્યું:—" આપ મ્હારી સલાહ લેવાને ઇચ્છો છો; પરંતુ તેથી શો લાભ થાય તેમ છે? હમણાં હું દાંત વગરનો ફણિધર–સર્પ છું. દેહ હાડકાંથી શૂન્ય છું–જગતના માટે હવે હું નિષ્પ્રયોજનીય છું."

" રાજન્! જે રાજાઓ રાજસ્થાનની ઉન્નતિ કરવાની કામનાથી પોતાના જીવનને પણ તુચ્છ સમજી સ્વકર્તવ્ય બજાવવા તૈયાર થયા હતા તેમનું અનુસંધાન કરવાને જ હું આવ્યો છું. કોટાનું નામ વિલુપ્ત થતાં પૂર્વે દેશેદેશમાં જઇ હું તેમની સલાહ, સહાયતા અને આશીર્વાદ લઇશ, એ જ મ્હારો ઉદ્દેશ અને એ જ હવે મ્હારું જીવનવ્રત છે."

" પરંતુ એથી આપનાપર સંકટ આવી પડવાની સંભાવના છે. મ્હારી વાત આપ છોડી દો–મ્હારો સમય પણ પસાર થઇ ગયો

છે-જીવનનો અંતકાળ પાસે આવી પહોંચ્યો છે. આમ હોવાથી મ્હારી સઘળી મમતા ઓછી થઇ ગઇ છે. વળી હું તમને મળેલો છું એ પ્રકાર જાહિર થઇ જશે તો તેથી આપનું જ અનિષ્ટ થવાનો સંભવ છે; તેથી મ્હારા પ્રાણાધિક પુત્ર અવન્તીને પણ અત્યંત કષ્ટ સહન કરવું પડે તેમ છે."

"એ સઘળું હું જાણું છું. હું આપને એ પણ જણાવી દઉં છું કે, અમારો આ વિચાર કિશોરસિંહે બ્રિટિશ એજન્ટ મહોદયને પણ જણાવી દીધો છે. અમારી હકીકતપર ધ્યાન આપી અમને અમારો ન્યાયસિદ્ધ હક્ક આપવામાં એજન્ટ મહોદય પાછી પ્હાની નહિ કરે એવો અમને દઢ વિશ્વાસ છે. ન્યાયપરાયણ અંગ્રેજ સરકારના રાજત્વ-કાળમાં અન્યાય થવાનો સંભવ જ નથી."

"રાજકુમાર! આ ઉદ્દેશ સિદ્ધ થઇ શકે એવો બીજો કોઇ ઉપાય નથી?"

"એ પ્રશ્ન હું જ આપને પૂછું છું."

"મ્હેં જે ઉપાયનું અવલંબન કર્યું હતું એ તો વિફળ થઇ પડયો છે, અને આપણી સર્વની દુર્દશા થઈ છે. એથી જ અન્યને એ ઉપાય અજમાવવાની સલાહ હું આપી શકતો નથી."

"અમે પણ એ ઉપાયથી અમારું કાર્ય સફળ કરી શકીશું એમ હું કહી શકતો નથી; તો પણ મિત્ર રાજાઓની સલાહ સ્વીકારીને જ અમે જે કરવું ઉચિત લાગશે તે કરીશું."

"સર્વે એક જ પ્રકારની સલાહ આપે એ સંભવિત નથી."

"એટલા માટે જ આપની સલાહ લઇને પ્રથમ સઘળા મિત્ર રાજાઓ પાસે જવાનો મ્હારો વિચાર છે; ત્યાર પછી જ ઉદાસિન રાજ્યોમાં હું પ્રવેશ કરીશ."

વૃદ્ધના અંતરમાં આશાનો સંચાર થયો. તેણે વિચાર્યું કે, પૃથ્વીસિંહનાં આ સઘળાં વચનોમાં વૃથા ઉત્તેજના છે જ નહિ. એ વાક્યોમાં તેની કાર્યતત્પરતા અને વીરતાનો જ સમાવેશ થયેલો હતો. પ્રસન્ન બની જઇ હૃદય ખોલી મધુરાવે પ્રેમપૂર્વક કહ્યું:—"રાજકુમાર! હું આપને આશીર્વાદ આપું છું કે, પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી સર્વ વિષયોમાં આપ સફળતા પ્રાપ્ત કરો; કિન્તુ હજી આપ નવયુવક છો. રાજકીય વ્યવસાય ઘણો કઠિન છે. જો મ્હારું કહેવું માનતા હો તો પ્રથમ હું જે જે રાજ્યોનાં નામ કહું ત્યાં જવાથી આપ વિશેષ સારું પરિણામ જોઇ શકશો. મ્હેં પોતે પણ એ રાજ્યોની પરીક્ષા કરી છે, અને એ વિષયમાં સંપૂર્ણ સંતોષ મેળવ્યો છે."

આમ કહીને મધુરાવે કેટલાંક રાજ્યોનાં નામ કહ્યાં. પૃથ્વીસિંહ પણ વિશેષ દૃઢતાથી પોતાનો હેતુ પાર ઉતારવાને પ્રયત્નશીલ થયો.

પ્રકરણ ૧૩ મું.

એક દિવસનો અવકાશ.

અલકાસુંદરીને સહધર્મિણી તરીકે મેળવવાના કાર્યમાં જે ગુપ્ત ષડયંત્રવિષયક પત્રો ગરધનદાસને અત્યંત ઉપયોગી થઇ પડે તેમ હતા તે ગજસિંહના હાથે બળી જવાથી ગરધનદાસ ક્રોધાંધ બની ગયો હતો; પરંતુ સવિશેષ બળવાન્ શત્રુની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાથી જીવપર જોખમ આવી પડે તેમ હોવાથી તે દંતશૂન્ય સર્પની માફક ગજસિંહના કાર્યવ્યવસાયને નિરુપાયે જોઇ રહ્યો હતો. પછીથી તેણે જ્યારે રવિમલ્લને પોતાના સશસ્ત્ર સૈનિકોસહ એ સ્થળે આવી પહોંચેલો જોયો ત્યારે તેની વૈર લેવાની વાસના એટલી બધી પ્રબળા બની ગઇ કે, તેણે

પોતાના અનુચરોને, ગજસિંહને જીવતો જ કેદ પકડવાની આજ્ઞા કરી. ગજસિંહને રીબાવી રીબાવીને મારી નાખવાનો જ તેણે વિચાર કર્યો હતો. એ વિચારને વશ થઇ ગરધનદાસે પુનઃ એવી આજ્ઞા કરી કેઃ— "શયતાનને મજબૂતાઇથી બાંધી દ્યો. એને જીવિત સ્થિતિમાં જ આપણે શીઆળવાં તથા કૂતરાંઓનો ભોજ્ય પદાર્થ બનાવીશું." વાસ્તવિક રીતે જોતાં આ સમયે ગરધનદાસ ક્રોધથી અધીરો અને બાહ્યજ્ઞાનશૂન્ય બની ગયો હતો.

ગરધનદાસની આજ્ઞા પ્રમાણે તેના અનુચરોએ ગજસિંહને મજબૂત દોરડાથી બાંધી દીધો, તથા રવિમલ્લે તેને ગરધનદાસ પાસે ઉભો કરીને પૂછ્યુંઃ—"આ બદમાશને હવે શું કરવું છે? એને કોટાધિપતિ જાલિમસિંહજી પાસે મોકલવાનો આપનો વિચાર છે કે?"

"ના, હમણાં એમ કરવાનો મ્હારો વિચાર નથી. તમારામાંથી એક જણ મ્હારો પત્ર લઇને કોટા જાઓ. હમણાં જ્યારે, આપણે અત્રે જ રહેવાનું છે ત્યારે એને અત્રે જ કોઇ સુરક્ષિત સ્થળે કેદ કરી રાખવાની જરૂર છે." ગરધનદાસે ઉત્તર આપ્યો.

"આપણે એને ક્યાં કેદ કરી રાખીશું? નીચેના અંધકારગૃહમાં માત્ર એક જ દ્વાર છે. એ દ્વાર ઘણું મજબૂત છે. જે દાદરપરથી એ અંધકારગૃહમાં જઇ શકાય છે એ દાદરપર બે સશસ્ત્ર પહેરેગીરો રાખવામાં આવે તો એ સ્થાન ગુપ્ત ભોંયરા જેવું જ છે. મ્હારા નમ્ર વિચાર પ્રમાણે, જો હાલ તરત આપણે એને ત્યાં કેદ કરી રાખીશું તો તે કોઇ પણ રીતે પલાયન કરી શકશે નહિ." રવિમલ્લે કહ્યું.

"ભલે, ત્યાં જ એને લઇ જાઓ, ત્યાં સૂધી અત્રે રહી હું આ સુંદરીને શુદ્ધિમાં લાવું છું." ગરધનદાસે સંમતિ દર્શાવી.

રવિમલ્લ ગજસિંહને લઇ ચાલ્યો ગયો. ગરધનદાસ અંધકારગૃ-

હતું દ્વાર બંધ કરી અલકાસુંદરી પાસે ઉપસ્થિત થયો. શુદ્ધિમાં આવતાં અલકાસુંદરીએ ધીમે ધીમે પોતાની આંખો ઉઘાડી. જેની પ્રતિમૂર્તિનું અત્યાર સુધી તે બેશુદ્ધાવસ્થામાં દર્શન કરતી હતી, જેને જોઇ નેત્રોની સાર્થકતા કરવાનો તે વિચાર રાખતી હતી, જેની મનમોહન મૂર્ત્તિ તેના અંતરમાં અંકિત થઇ ગયેલી હતી એ મૂર્ત્તિ આ સમયે તેની નજરે પડી નહિ. તેણે ગરધનદાસને પોતાની પાસે ક્ષુંટણપર બેસી રહેલો જોયો. આશ્ચર્ય તથા ભયથી તેના મ્હોંના ભાવમાં ફેરફાર થઇ ગયો. તેણે ઉઠવાનો પ્રયત્ન કર્યો એટલે તેમ કરવાની ના કહી, ગરધનદાસે તેનો હાથ પકડ્યો, તથા કહ્યું:—" અલકાસુંદરિ ! ભય પામશો નહિ. હમણાં તમે સુઇ રહો. હજી ઉઠવા જેટલી શક્તિ તમારામાં આવી નથી. તમે તથા ગજસિંહે કોટાધિપતિની આજ્ઞા વિરુદ્ધ વર્તન ચલાવ્યું છે એ ખરું છે; પરંતુ હજી વિચારી જુઓ કે, તમે મ્હારી વાત કબુલ કરશો તો સઘળી પીડા દૂર થઇ જશે. હજી પણ મ્હારા જીગરથી હું તમને ચ્હાઉં છું. મ્હારા તરફથી તમને કશું દુઃખ નહિ વેઠવુ પડે."

આ વચનો તરફ ધ્યાન નહિ આપતાં અલકાસુંદરીએ પૂછ્યું:—" તેઓ ક્યાં છે તેમને તમે કયાં મોકલ્યા છે ?"

" મ્હને લાગે છે કે, આ પ્રશ્નો તમે ગજસિંહ માટે પૂછો છો, કેમ? તેને નીચેના અંધકારગૃહમાં કેદ કરવામાં આવ્યો છે. જાલિમસિંહ તરફથી પ્રત્યુત્તર આવશે એટલે તેને હું કોટા મોકલીશ." ગરધનદાસે ઉત્તર આપ્યો.

" મ્હને તમે ઉઠવા દો. હું પલાયન કરી જઇશ એવો ભય જો હવે તમે રાખતા હો તો એ ભ્રમ છે. હું ઘણી દુર્બળ બની ગઇ છું. વળી જુઓ, આ અંધકારગૃહનું દ્વાર પણ બંધ છે." અલકાએ દુઃખિત વદને કહ્યું.

હા, દ્વાર બંધ છે; કારણ કે આ તમારૂં કારાગૃહ છે. હું જ તમારા રક્ષક તરીકે અત્રે રહીશ. તમારા જેવી સુરસુંદરીનું રક્ષણ કરવાનું કામ રવિમલ્લ કે બીજા કોઇને સોંપી હું નિશ્ચિંત રહી શકું તેમ નથી.'' આમ કહી ગરધનદાસે પોતાના હાથે અલકાસુંદરીને ઉઠાડી બેઠી કરી. પછીથી તેણે કહ્યું:—''તમારા તરફ કઠોર વ્યવહાર ચલાવવાના વિચારથી જ મ્હેં તમને કારાગૃહમાં રાખવાની આજ્ઞા કરી હતી; પરંતુ હવે હું તમારા તરફ નિષ્ઠુર વર્તન રાખીશ નહિ. હવે હું પોતે જ તમારી સેવામાં હાજર રહીશ; છતાં વચ્ચે વચ્ચે મંગળા તમારી ભોજન સામગ્રી અને બીજી જરૂરી વસ્તુઓ લઇ આવી તમારી પાસે રહેશે. હજી તમે મ્હને તમારા પતિ તરીકે સ્વીકારો. તમારાપર હું બિલ્કુલ જુલ્મ નહિ ગુજારું તમને સુખી કરવાનો પ્રયત્ન જ હું કરીશ. અલકાસુંદરિ! એક વખત તમે તમારી હમણાંની પરિસ્થિતિનો બરાબર વિચાર કરી જુઓ. ષડયંત્રના પ્રમાણસ્વરૂપ પત્રોને તો તમે બાળી નાખ્યા છે. હવે તેનું કશું પ્રત્યક્ષપ્રમાણ અવશિષ્ટ રહ્યું નથી; એમ છતાં વિચારી જુઓ કે, જે રાજાની વિરુદ્ધ ષડયંત્ર કરવામાં આવ્યું છે તેના રાજ્યમાં રહેવું સલામતી ભરેલું છે કે ? વળી એ વાતને પણ પડતી મૂકો અને વિચારી જુઓ કે, તમે અને ગજસિંહે પત્ર લખનાર યુવરાજોનો ઉદ્ધાર કર્યો છે; પરંતુ એ કાર્ય કરી તમે બન્ને ગુન્હેગાર ઠર્યા છો. તમારા ગુન્હાનો તમે અસ્વીકાર કરી શકો તેમ નથી જ. જ્યારે આ સ્થળે તમે બેશુદ્ધ બની ગયાં હતાં ત્યારે મ્હેં એક પત્ર લખી જાલિમસિંહજી તરફ મોકલાવ્યો છે. એ પત્રમાં તમારા અને ગજસિંહના ગુન્હાનો ન્યાય કરવાનું કામ મ્હને સોંપવા માટે મ્હેં લખ્યું છે. તે ઉપરાંત ગજસિંહને કેદમાં રાખવાનો પરવાનો મોકલી આપવા માટે પણ લખ્યું છે. એ આવશે એટલે મ્હારો હેતુ સફળ થશે. મ્હારો હેતુ શો છે એ તમે સમજી શકો છો કે, અલકાસુંદરિ?''

"હા, સમજી શકું છું. તમારા અંતઃકરણનો ભાવ જાણવો એ કાંઈ કઠિન કાર્ય નથી. જો હું કદાચ તમારી સાથે વિવાહિતા થવાની ના પાડીશ તો તમે ગજસિંહને કોટા મોકલી દેશો યાતો અહીં જ તેમનો જીવ લેશો, આજ તમારો હેતુ છે ને ?" અલકાએ ગરધનદાસના અંતરને સમજી જઇને કહ્યું.

"તમારી વિચારશક્તિ અત્યંત પ્રસંશનીય છે; છતાં મ્હને લાગે છે કે, ગજસિંહ મૃત્યુને આધીન થવા ઇચ્છતો નથી અને તમે પણ એનું મૃત્યુ થયેલું જોવાને ઇચ્છતા નથી." ગરધનદાસે કહ્યું.

"જુઓ ગરધનદાસ ! જ્યારે પત્રલેખક યુવરાજોનો અમે ઉદ્ધાર કરી શક્યાં છીએ ત્યારે હવે આ તુચ્છ જીવનની ચિંતા નથી. સ્વચ્છંદતાથી હું મરણને શરણ થવા તૈયાર છું. મ્હેં મ્હારું કાર્ય ઉદારચિત્ત, પરોપકારપરાયણ ગજસિંહજીની સહાયતાથી સંપન્ન કર્યું છે. હવે તમારે મ્હને કોટા લઇ જવી હોય તો બેલાશક લઇ જાઓ. જાલિમસિંહ પાસે હાજર થઇ હું મ્હારા સઘળા દોષ કબૂલ કરીશ તથા તેમની તલ્વારના આઘાતથી મ્હારા સઘળા દોષોનું પ્રાયશ્ચિત્ત થશે; છતાં ગજસિંહજી ઇશ્વરપ્રેરિત થઇ મ્હને સહાયતા કરવા અત્રે આવ્યા હતા—તેમને તમે છોડી દો. તેમણે શું કર્યું છે ? તેમનો કશો અપરાધ નથી. તેમણે તો પોતાની ઉદારતા, સાહસિકતા અને મહત્વનો જ પરિચય કરાવ્યો છે." અલકાસુંદરીએ કહ્યું.

આ વચનોના ઉત્તરમાં વ્યંગસૂચક હાસ્ય કરીને ગરધનદાસે કહ્યું:—
"તેણે શું કર્યું—છે? અગ્રવન પાસે આવેલા પાન્થનિવાસમાં તેણે મ્હને રાજપૂત વીરત્વનું—ક્ષત્રિયના શરાતનનું શિક્ષણ આપ્યું છે. તેણે શૃગાલ સાથે મ્હારી તુલના કરી છે. હવે શૃગાલ કોણ છે તે જુઓ ! શૃગાલ ન હોય તો, તે દિવસે પણ અંધકારગૃહમાં છુપાઇ રહે ખરો કે ?"

"એમનો સ્વભાવ ઉદ્ધત નથી. તેઓ શામાટે તમારું અપમાન કરે ?"

"શા માટે કરે ? જુઓ સાંભળો, અગ્રવન પાસે આવેલા કોઇ એક પાન્થનિવાસમાં હું ગયો હતો. ત્યાં ભોજનાદિ કરી નિદ્રાધીન થતાં ગજસિંહ આવી ચઢયો. તેનો પરિચય પામતાં તે ઝાલોર તમારી મુલાકાત કરવા આવનાર છે એમ હું જાણી શક્યો. એમ જાણી મ્હેં તેની પાસે તમારા ઇતિહાસનું વર્ણન કર્યું હતું એજ મ્હારો અપરાધ છે. એ અપરાધથીજ તેણે મ્હારો ઘણો તિરસ્કાર કર્યો હતો. મ્હને ભીરુ, નામર્દ, નરાધમ વગેરે નહિ કહેવાના શબ્દો કહી મહારું ભયંકર અપમાન કર્યું હતું." ગરધનદાસે કહ્યું.

"હવે સમજી." અલકાથી બોલી જવાયું.

પ્રકરણ ૧૪ મું.

પ્રેમપ્રાબલ્ય.

"Love is still the lord of all."

* * *

"અહો ! સાચા પ્રીતી મધુર સ્વરના મેળ સરખી,
અહોએ નીર્મલાં હૃદય યુગલોથી નીકળતી;
અહીં જે કમ્પે તે સ્વર જરૂર ત્યાં કમ્પ કરતા,
વહે રોવું રોતાં, હસવું હસતાં એક સરખાં."

—કલાપી.

ગરધનદાસે અલકાસુંદરીના છેવટના શબ્દો સાંભળી વિશેષ ઉદ્ધત બની જઇને કહ્યું:–"શું સમજ્યાં?"

"એજ કે, તમે એક પ્રતિષ્ઠિત સ્ત્રીને માટે પાન્થનિવાસોમાં પણ ઇચ્છામાં આવે એમ બોલો છો." અલકાસુંદરીએ નિર્ભયતાથી કહ્યું.

"પાન્થનિવાસમાં મ્હેં તમારું નામ ઉચાર્યું એ કાર્યને તમે દોષયુક્ત ગણો છો, પરંતુ એક અપરિચિત પુરુષે મ્હને નહિ કહેવા જેવા શબ્દો કહી સંભળાવ્યા તેને તમે સર્વથા નિર્દોષ સમજો છો, કેમ?" ગરધનદાસ બોલી ઉઠયો.

"એ વાતને પડતી મૂકો; પરંતુ મ્હને કહો જોઇએ કે, ઇચ્છિત સ્થળે તમે એક ઉચ્ચ વંશમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી સંબંધી મરજી પડે એમ બોલો છો એ શું વ્યાજબી છે કે?" અલકાએ કહ્યું.

"વ્યાજબી નથી તેમજ તમારું નામ ઉચ્ચારવાની જરૂર પણ નહોતી 'હું' જાણું છું કે, વારાંગના અથવા વ્યભિચારિણી સ્ત્રીનું નામ જ લોકો ઘણાં ખરાં સ્થળોએ ઉચ્ચારે છે; કિન્તુ તમારું નામ ઉચ્ચારવાનું એક કારણ હતું. પોતાનો પરિચય આપતા ગજસિંહે ઝાલોર આવવાનો પોતાનો વિચાર મ્હારા સમક્ષ જણાવ્યો હતો. એથી મ્હારું કુતૂહલ ઘણું વધી ગયું એટલે ઝાલોરનું ષડયંત્ર, તમારી સાથેનો મ્હારો પ્રણય વગેરે વિષયો સંબંધી ઘણી ખરી વાતચિત અમારી બન્નેની વચ્ચે થઇ. પછીથી ઝાલોર દુર્ગમાંથી હું પલાયન કરી ગયો છું અને તમારા પિતા ભ્રાતા ષડયંત્રમાં શામિલ થયેલા હોવાથી કોટાના કારાગૃહમાં કેદ છે એ હકીકત જ્યારે ગજસિંહે જાણી ત્યારે તેણે મ્હારો ઘણો તિરસ્કાર કર્યો. ગર્વપૂર્વક તેણે મ્હને રાજપૂત શૌર્યનો પરિચય કરાવ્યો. ત્યાર પછી ઝાલોરના દુર્ગમાંથી તમને સંકટમુક્ત કરી સહધર્મિણી તરીકે તમને પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષાથી એ અહીં આવ્યો છે. ગજસિંહ આ

તરફ ચાલ્યો આવ્યો એટલે પૂર્વકાળના પ્રણયના વિચારો ઉત્પન્ન થવાથી મ્હારું ચિત્ત વ્યાકુળ બની ગયું. તમને સંકટમાં મૂકી હું પલાયન કરી ગયેલો હોવાથી મ્હારી જાતનો મ્હેં ઘણો ધિક્કાર કર્યો. એજ દિવસે મ્હારા મન સાથે મ્હેં એવી પ્રતિજ્ઞા કરી કે, હું જીવતો હોઉં અને મ્હારી પ્રણયિની સાથે ગજસિંહનો વિવાહ થાય એ પ્રકાર તો આ જીવનમાં મ્હારાથી કદાપિ નહિ જોઇ શકાય. હું જેને ચ્હાઉં છું, જેના ચરિત્રના મહત્વથી હું જેની ભક્તિ તેમજ શ્રદ્ધા કરું છું એને મ્હારો પ્રતિસ્પર્ધી પોતાની પ્રેમાધિકારિણી બનાવે એ વિચાર સુદ્ધાં મ્હારા માટે અસહ્ય થઇ પડયો. ઘણો વિચાર કરી જે અંગ્રેજોની અનુકૂળતાથી મ્હારા પિતા જાલિમસિંહજી વિદ્રોહનું દમન કરી શક્યા હતા એ અંગ્રેજોની સહાયતા સ્વીકારી પિતા પાસે જઇ, મ્હેં મ્હારા સઘળા દોષ કબૂલ કરી ક્ષમા મેળવી. ત્યાર પછી તમને અપરાધિની ઠરાવવાનાં ઘણાં પ્રમાણ ઝાલોર દુર્ગમાં છે એવો વિશ્વાસ પિતાના અંતરમાં યુક્તિ પ્રયુક્તિથી ઉત્પન્ન કરી તમને કેદ કરવાના વિચારથી, પરવાનો લઇ સૈનિકોસહ હું અત્રે આવ્યો છું. અહીં આવતાંની સાથે જ મ્હારો હેતુ સફળ થયો છે. જેને હું વશ કરવાને ઇચ્છું છું તે હવે મ્હારા પંઝામાં જ છે. તેનો સંહાર કરતાં પૂર્વે હું તેના સઘળા ગર્વનો વિનાશ કરીશ; કિન્તુ અલકાસુંદરિ! જો તમારી ઇચ્છા હોય તો તમે મ્હારા અંતરમાં સળગી ઉઠેલા વૈરના ભયંકર અગ્નિને શાન્ત કરી શકો તેમ છો. જો તમે મ્હારી સાથે વિવાહિતા થવાની હા પાડશો તો મ્હારો મુખ્ય શત્રુ—કે જે હમણાં આ દુર્ગમાંજ કેદ પડેલો છે—તથા જે તમારા કોમળ અંતઃકરણનું આકર્ષણ કરી શકયો છે—તેને હું ક્ષમા આપી શકું તેમ છું. તમારા ઉત્તરપર જ તેના મૃત્યુ અને મુક્તિનો આધાર રહેલો છે." ગરજનદાસે પોતાની ક્રૂરતાનો વાક્યોદ્વારા પરિચય કરાવ્યો. તેનાં છેવટનાં વાક્યો સાંભળવામાં

આવતાં અલકાસુંદરી સ્થિરતા ધારણ કરી શકી નહિ. તે બેઠી હતી ત્યાંજ ઉભી થઈ અને બન્ને હાથથી તેણે પોતાનું ચિંતાતુર બની ગયેલું મ્હોં ઢાંકી દીધું. ગરધનદાસ દિઙ્મૂઢ બની જઇ અલકાસુંદરીના હાવભાવનું દર્શન કરવા લાગ્યો. ગરધનદાસના અંતરમાં એવી કલ્પના પણ નહોતી ઉપજી કે, તેનાં આ વાક્યોથી કોમળાંગી અલકાસુંદરીનું કાળજું વીંધાઇ જશે. અલકાસુંદરીનું હૃદય પ્રણયાધીન થયું છે એમ તે વિચારી શક્યો નહોતો. ગરધનદાસ તો શું પરંતુ અલકાસુંદરી સુદ્ધાં હજી સુધી એમ જાણતી નહોતી કે, તેના અંતરમાં પ્રણયબીજ અંકુરિત થવા લાગ્યું છે. આજેજ તે એ પ્રકારને સમજી શકી. હવે તેને સ્મરણ થઇ આવ્યું કે, જ્યારે ગરધનદાસ પાસેથી બળપૂર્વક, ષડયંત્ર સંબંધીના પત્રો મેળવી, ગજસિંહે તેને આપી બાળી નાખવાનો આદેશ કર્યો હતો ત્યારે તેણે ગજસિંહની આજ્ઞાનુસાર એ પત્રો બાળી નાખ્યા હતા. છેલ્લો પત્ર બાળતાં બાળતાં કૃતજ્ઞ હૃદયથી ગજસિંહના પ્રશાન્ત મુખમંડળ તરફ જોઇ તેણે હાસ્ય કર્યું હતું, તથા આવી સહાયતા પ્રાપ્ત થવાથી તેણે મનમાં ને મનમાં ઇશ્વરનો ઘણો આભાર માન્યો હતો. વળી તેને એ પ્રકાર પણ યાદ આવ્યો કે, તેનું રક્ષણ કરવા માટેજ એકલા ગજસિંહે ઘણા શત્રુઓ સાથે યુદ્ધ કર્યું હતું અને યુદ્ધાંતે તે કેદ પકડાયો હતો. આથી તેણે પોતાના મનમાં જ તેની વીરતાની ઘણી પ્રશંસા કરી. તેના અંતરમાં આવી રીતે ગજસિંહના પ્રણયની ઉત્પત્તિ થઇ.

અલકાસુંદરીએ જ્યારે પોતાના હાથ, મ્હોંપરથી પાછા ખેંચી લીધા ત્યારે તેનાં નેત્રોની જ્યોતિમાં ગરધનદાસ પ્રેમનું ચિહ્ન જોઇ શક્યો. હવે ગજસિંહપર તેને વિશેષ ક્રોધ ઉપજ્યો. પ્રતિહિંસાનો પ્રચંડ જ્વાળામુખી સળગી ઉઠ્યો. અલકાસુંદરીને મેળવવા માટે તે

સવિશેષ પ્રયત્નશીલ બન્યો. તેણે સ્વગત એવી પ્રતિજ્ઞા કરી કે, " હું અલકાસુંદરીનું પાણિગ્રહણ કરી મ્હારા પ્રતિદ્વંદ્વી ગજસિંહને બતાવી આપીશ કે, જેનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે ગજસિંહ આ ઝાલોર દુર્ગમાં ઉપસ્થિત થયો છે એ પ્રણયિની હવે તેની નથી. તે હવે ગરધનદાસને જ વશીભૂતા થયેલી છે. "

થોડા સમય સુધી સ્વગત આવા વિચારો કરી ગરધનદાસે અલકાસુંદરીને ઉદ્દેશીને કહ્યું:—" અલકાસુંદરિ ! ગજસિંહને તમે તમારા જીગરથી ચ્હાઓ છો કે ? "

" હા. " અલકાએ ઉત્તર આપ્યો.

" શું તેના પર તમને એટલો બધો પ્રેમ ઉપજ્યો છે કે, તેની સાથે કોટાધિપતિ સમક્ષ ઉપસ્થિત થવામાં પણ તમને ભય લાગતો નથી ? "

અલકાસુંદરીએ આ પ્રશ્નના ઉત્તરમાં હસીને કહ્યું:—" હવે હું અત્યંત આનંદથી કોટા આવી મ્હારા ગુન્હાની સજા સહન કરવા પ્રત્યેક ક્ષણે તૈયાર છું. ગરધનદાસ ! હું વારંવાર તમને કહી ચુકી છું કે, રાજપૂત રમણી કદાપિ મૃત્યુથી ડરતી નથી. વિદ્રોહી યુવકોના જીવનની જે શંકા હતી તે ઈશ્વરકૃપાથી દૂર થઇ છે. મ્હારું કાર્ય મ્હેં બજાવ્યું છે. હવે હું તમને એટલો જ અનુરોધ કરું છું કે, જે અપરાધથી તમે ગજસિંહજીને અપરાધી ઠરાવીને કોટા મોકલો એજ અપરાધથી મ્હને પણ અપરાધિની બનાવીને જ કોટા મોકલજો. તેમની સાથે જ જાલિમસિંહની તલ્વારનો ભોગ થવાની મ્હારી ઇચ્છા છે. "

" ત્યારે એ ઘણા ગૌરવનો પ્રકાર કહેવાય. " આમ કહી ગરધનદાસે વિકટ હાસ્ય કર્યું. એ હાસ્ય સાંભળવામાં આવતાં અલકાસુંદરીનું હૃદય જાણે કે સુકાઇ ગયું. તે એકાગ્રદૃષ્ટિથી ગરધનદાસનું

વિકટ મુખમંડળ જોઇ રહી. ગરધનદાસ પુનઃ કહેવા લાગ્યો:–" એ વાચાળ યુવક ગજસિંહ મ્હારી પાસે ગર્વપૂર્વક એમ બોલ્યો હતો કે, અલકાસુંદરીનો ઉદ્ધાર કરવામાં જો જરૂર જણાશે તો તે પોતાનું જીવન સુદ્ધાં સમર્પણ કરશે. મ્હને લાગે છે કે હવે એમજ થશે; પરંતુ એનું પરિણામ વિપરીત આવશે. મ્હને વંચિત કરી તે જે યુવતીના હૃદયનું હરણ કરી શક્યો છે એ યુવતીહૃદય અને તે પોતે જાલિમસિંહની તલ્વારદ્વારા વિકાળ કાળનો ભોગ થઇ પડશે. તમારું ઉભયનું નામ ચિરકાળ માટે આ સંસારમાંથી વિલુપ્ત થઇ જશે."

"ગરધનદાસ ! આંતરિક અનુરાગનો કદાપિ વિનાશ થતો નથી. અમારા પ્રણયનો વિનાશ કરવાનું સહજ પણ સામર્થ્ય તમારામાં નથી. તમે વાસનાને પ્રણય સમજો છો એ તમારો મ્હોટો ભ્રમ છે." અલકાસુંદરીએ ઉત્તેજનાને આધીન થઈ અંતરોદ્ગાર કાઢ્યા.

" તમારી માન્યતાજ ભ્રમભરેલી છે. તમે કહો છો કે, આંતરિક અનુરાગનો કદાપિ વિનાશ થતો નથી; પરંતુ ઘણી વખતે અનુરાગ શુષ્ક થઇ જાય છે. વિચાર કરી જુઓ કે, હું કદાચ ગજસિંહને એકલાને જ જાલિમસિંહ પાસે ગુન્હેગાર તરીકે મોકલું અને ત્યાં તેના જીવનનો અકાળે નાશ થઇ જાય તો તમારો અનુરાગ તેનું અનુસરણ કરશે કે? ઘણો કાળ વીતશે તો પણ તમારા અંતરનો ભાવ ફરશે નહિ કે? ગજસિંહ માટે વિલાપ કરવામાં જ તમે તમારું અવશિષ્ટ રહેલું દુઃખમય આયુષ્ય પૂર્ણ કરશો કે? હું તો એમ ધારતો નથી. ગજસિંહ કાળના કરાળ મુખનો ગ્રાસ થશે એટલે સમયના પ્રવાહમાં તેની સ્મૃતિ તમારા અંતરમાંથી તણાઇ જશે અને તમારૂં અંતઃકરણ પુનઃ પ્રણય કરતાં તથા મેળવતાં શીખશે." ગરધનદાસે અલકાસુંદરીના પ્રેમપ્રાબલ્યનો પરિચય પ્રાપ્ત કરવાના વિચારથી કહ્યું.

"ગરધનદાસ! તમે સ્વપ્ન જોતા હો એમજ મ્હને લાગે છે. હું કદાચ એમ કબૂલ કરું કે, તમે ગજસિંહનો અને મ્હારા જીવનનો નાશ કરી શકો તેમ છો. તમારા સૈન્યની સહાયતાથી બે રાજ્યોનો પાયમાલ કરી શકો તેમ છો. જશલમીર અને ઝાલોરનું નામ જગત્‌માંથી ઉખેડી શકો તેમ છો; કિન્તુ રમણીના અંતરમાં ઉત્પન્ન થયેલો અનુરાગ વિલીન કરવાની તમારામાં બિલકુલ શક્તિ નથી. હું તમને સ્પષ્ટતાથી કહું છું કે, ગજસિંહને હું મ્હારા જીગરથી ચ્હાઉં છું. મ્હારો પ્રાણ, મન અને આત્મા વગેરે સર્વ મ્હેં તેમના ચરણોમાં સમર્પણ કરી દીધું છે. મ્હારા ભૌતિક દેહપર તમે જુલ્મ ગુજારી શકો તેમ છો; કિન્તુ મ્હારો આત્મા સ્વાધીન છે."

આ વચનો સાંભળી ગરધનદાસ તદ્દન નિરાશ બની ગયો. થોડા સમય સુધી ચુપ રહ્યા પછી મૃદુસ્વરે તેણે કહ્યું:–"અલકાસુંદરિ! તમે ભૂલ કરી છે–તમારી સમજ ઘણી ભ્રમ ભરેલી છે." આમ કહી તે અલકા તરફ આગળ વધ્યો.

અલકા કંપી ઉઠી. તેને એવો જ ભાસ થયો કે જાણે કે નરકનિવાસી પિશાચ તેની પાછળ પડ્યો છે. તેણે તિરસ્કાર, દઢતા અને વ્યંગમિશ્રિત સ્વરે કહ્યું:–"તમે જેમ જેમ વધારે બોલો છો તેમ તેમ તમારા તરફનો મ્હારો તિરસ્કાર વધતો જ જાય છે."

"અલકાસુંદરિ! ત્યારે શું મ્હને નિરાશાથી તમે ઉત્તેજિત-ઉન્માદગ્રસ્ત બનાવી દેવાને જ ઇચ્છો છો કે?" ગરધનદાસે પુછ્યું.

"હા, હું તમારી આશાને આ જીવનમાં તો ફળીભૂત કરી શકું તેમ નથી, તથા પરલોકમાં પણ તમારા જેવા પિશાચનું દર્શન પરમાત્મા મ્હને ન કરાવે એવી જ મ્હારી તેના પ્રત્યે પ્રાર્થના છે. હું જાણું છું કે, તમે ગજસિંહનું મૃત્યુ નિપજાવી શકો તેમ છો; પરંતુ તેથી તમને શો લાભ થાય તેમ છે?"

"શો લાભ થાય તેમ છે? એ જ કે, તેનું મૃત્યુ થાય તો ભવિષ્યમાં હું તમારો પ્રેમ પ્રાપ્ત કરી શકું."

"ના ના, પ્રેમને બદલે મ્હારો વિશેષ તિરસ્કાર જ તમને પ્રાપ્ત થશે. સતી સ્ત્રી એક પુરુષને પોતાના રમણીહૃદયનું સર્વસ્વ સમર્પણ કર્યા પછી પરપુરુષનો વિચાર સુદ્ધાં કદાપિ પોતાના મનમાં કરતી નથી. સતી સ્ત્રીને સંતાપી તમારા જેવો પાપી પુરુષ સુખી થઇ શકનાર નથી—ભીષણ નરકમાં પણ તમને સ્થાન મળનાર નથી. તમારો કલુષિત આત્મા અસદ્દગતિને જ પામશે."

"અસદ્દગતિ? સદ્દગતિ યા તો અસદ્દગતિને કોણ જોવા ગયું છે. આ સમસ્ત વિશ્વમાં ઇશ્વરનું અસ્તિત્વ છે જ ક્યાં? પાપ પુણ્ય, સ્વર્ગ નરક એ સર્વ માત્ર ભીરુ પુરુષોની કલ્પના જ છે. જ્યાં સૂધી હું મ્હારા શત્રુના જીવનનો અંત નહિ લાવી શકું ત્યાં સૂધી સંસારમાં એક ક્ષણ માટે પણ મ્હને શાન્તિ મળનાર નથી–ગજસિંહના અકાળ મૃત્યુને સાક્ષાત બ્રહ્મા પણ અટકાવી શકનાર નથી. વળી ગજસિંહનું મૃત્યુ થયા પછી તમે જોઇ શકશો કે, હું કેવી રીતે તમને મ્હારાં પ્રિયતમા બનાવું છું!"

આમ કહી ગરધનદાસ દ્વાર પાસે ગયો અને કાંઇ વિચાર ઉપજતાં તે પાછો અલકા પાસે આવીને કહેવા લાગ્યો:–"અલકા સુંદરિ! હજી પણ તમે મ્હારાં પત્ની થવાને કબૂલ થશો તો હું મ્હારી પ્રતિહિંસા વૃત્તિનું વિસર્જન કરીશ. ગજસિંહને હું ઉદારતાથી પ્રાણદાન આપીશ. જ્યાં સૂધી મ્હારી સાથે તમારો વિવાહ નહિ થાય ત્યાં સૂધી જ તેને મ્હારી કેદમાં રહેવું પડશે. પછીથી આપણે બન્ને જણાં અત્રે જ રહીશું, અને ગજસિંહ સ્વચ્છંદતાથી જશલમીર જઈ શકશે. પૂરતો વિચાર કરી આવતી કાલે તમે મ્હને ઉત્તર આપજો. વિચાર કરવાને

હવે હું આ તમને છેવટનો જ સમય આપું છું. આવતી કાલે જો કદાચ તમે મ્હારા પ્રસ્તાવનો અસ્વીકાર કરશો તો હું વિના વિલંબે ગજસિંહને કોટા મોકલીશ અને તમને અત્રે મ્હારી દેખરેખમાં રાખીશ; છતાં જો તમે મ્હારી શર્ત સ્વીકારશો તો તત્કાળ તમને સ્વાધીનતા આપવામાં આવશે."

"ઠીક છે; હમણાં તો તમે મ્હારી પાસેથી ચાલ્યા જાઓ. વળી મ્હારી તમને એટલી વિનતિ છે કે, તમે જઇને મંગળાને એક વખત મ્હારી પાસે મોકલજો." અલકાસુંદરીએ વિરક્તભાવથી કહ્યું.

"અવશ્ય મોકલીશ. તમારા જેવાં બંદિની તરફ હું કઠોર વર્તન ચલાવી શકું તેમ નથી; છતાં તમે એટલું યાદ રાખજો કે, શિવરામ કિંવા રસિકલાલ તમારી પાસે—અત્રે આવી શકશે નહિ. હું મંગળાને મોકલું છું. તે કાલ સુધી તમારી પાસે રહેશે." આમ કહી નમ્રભાવનું અવલંબન કરીને ગરધનદાસ બોલ્યો:—"જુઓ અલકાસુંદરિ! આવતી કાલે હું ફરીથી તમને મળવા આવીશ. આવતી કાલે મ્હને તમારો છેવટનો ઉત્તર મળવો જ જોઇએ."

પ્રકરણ ૧૫ મું.

ગંગા અને યમુના.

"Woman's love is not a name which may be printed on the 'moon's pale beam' it is permanent and durable; It is the noblest, the most holy and most heaven—like sentiment which ever animates this mortal clay." —*Renolds.*

આષાઢ માસનો પ્રાતઃકાળ હતો. રાત્રે મુશળધાર વૃષ્ટિ થઇ

ગઈ હતી. પ્રાતઃકાળે જ્યારે નવોદિત સૂર્યની કિરણમાળાએ ગગન આક્રમણ કર્યું ત્યારે મેઘમંડળ અદશ્ય થઇ ગયું. પ્રકૃતિદેવી જાણે કે નિર્મળ–સ્વચ્છ ભાવથી સુસજ્જિતા થઇ. કોટાદુર્ગ અને શિવમંદિર વચ્ચે આવેલી રસાદ્ર જમીનમાંથી દુર્વા ઉગી નીકળેલી હોઈ તેનાપરનાં જળબિંદુઓ મોતી જેવાં મનોરંજક લાગતાં હતાં. લીલી હરિયાળી જોતાં અંતર શાન્ત અને આનંદિત બની જતું હતું. પ્રાતઃકાળનો સુગંધિત શીતળ વાયુ સ્વચ્છંદતાથી વિહરતો હતો. પંખીઓનો મધુર કર્ણપ્રિય કલરવ સાંભળવામાં આવતો હતો. શિવમંદિરનું ઉચ્ચ શિખર સૂર્યકિરણોથી પ્રકાશી રહ્યું હતું. ક્વચિત્ ક્વચિત્ મેઘગર્જના સાંભળવામાં આવતી હતી. દેવમંદિરમાં ઘંટાનાદ અને ઝાંઝર ધ્વનિ થતો હતો. આવા સમયે વિષ્ણુસિંહ મહાદેવની પ્રાતઃકાળની પૂજા કરી મંદિરની બ્હાર નીકળ્યો. ઘંટાનાદ અને ઝાંઝર ધ્વનિ બંધ થઇ ગયો. તેની પાછળ રાજ–અંતઃપુરની કેટલીક રમણીઓ પણ પૂજાની સામગ્રી લઇ બ્હાર નીકળી. પરિચારિકાઓ મહાપ્રસાદ અને ભોગ લઇ યથા સ્થાને વિદાય થઇ ગઇ. મંદિરનો દ્વારરક્ષક મંદિરનાં દ્વાર બંધ કરવા ગયો; તો ત્યાં ગંગા અને યમુનાને એક આરસ પત્થરના આસનપર બેસીને વાતચિત કરતી તેણે જોઇ. દ્વારરક્ષકને ઉદ્દેશીને યમુનાએ કહ્યું:–"રામલાલજી, દ્વાર હમણાં ઉઘાડાં જ રહેવા દો. થોડા સમય પછી અમે જઇએ એટલે આવીને બંધ કરી જજે."

"જેવી રાજમાતાની આજ્ઞા." આમ કહી રામલાલ પુનઃ ત્યાંથી મંદિરમાં ચાલ્યો ગયો.

"ગંગા ! સાચું કહે જોઇએ કે, તું રોજ ઉત્કૃષ્ટ ખાદ્યસામગ્રી લઇને ક્યાં જાય છે ?" યમુનાએ પૂછ્યું.

"જવાનું ક્યાં હતું ? મ્હારું તો એવું કોઇ આત્મીય નથી."

"એ હું સારી રીતે જાણું છું. વળી તું હમ્મેશાં ઉત્કૃષ્ટ ભોજન-સામગ્રી લઇ જાય એથી કશું નુકસાન નથી. હજી મહાદેવજીની કૃપાથી રાજભંડાર ભરેલો જ છે; કિન્તુ ત્હારું કોઇ આત્મીય નથી; છતાં એ સામગ્રી તું ક્યાં લઇ જાય છે એ જાણવાની મ્હારી ઇચ્છા છે."

"એ સંબંધી આપ કાંઇ જાણતાં નથી કે ?"

"હું જાણું છું; છતાં ત્હારી પાસે સાંભળવાને ઇચ્છું છું. આટલો બધો પ્રસાદ ખાય એવો ભક્ત કોણ છે ?"

"એ સામગ્રી હું કારાગૃહમાંના કેદીઓ માટે લઈ જઉં છું. હું એમાંનો કોઇ પણ વસ્તુને સ્પર્શ સુદ્ધાં કરતી નથી."

"ત્યારે તો એ કેદીઓપર ત્હારો ઘણો પ્રેમ હોવો જોઇએ. જો એમ ન હોય તો હમ્મેશાં તું એમના માટે આટલું બધું કષ્ટ કેમ ઉઠાવે ?"

"જે પ્રેમ કરનાર હોય છે તે પ્રેમ કરે છે અને કષ્ટ ઉઠાવનાર કષ્ટ ઉઠાવે છે. મ્હારા તે શા ભોગ લાગ્યા હોય કે આટલી ઉમ્મરે હું પ્રેમલા પ્રેમલીઓની માફક પ્રેમલીલા ભજવું !"

"આમ કેમ કહે છે ? એ કેદીઓમાં એક તો તને યોગ્ય થઇ પડે એવા વૃદ્ધ છે ને ?"

"હજી સુધી મ્હેં એમને જોયો નથી. હું તો માત્ર ત્યાં જઇને ભોજનસામગ્રી આપી આવું છું, એટલું જ. ત્યાં આગળ કોણ છે એ હું જાણતી નથી."

"ખરું છે: દર્શન થયા સિવાય દર્દ કેવી રીતે ઉત્પન્ન થાય ?"

"રાણી મા ! આજકાલ તો દર્શન થયા સિવાય પણ દર્દ ઉત્પન્ન થાય છે."

"ત્યારે જે કાંઇ બન્યું હોય તે તું મ્હને સત્વર કહે ?"

વૃદ્ધા ગંગા સમજી ગઇ કે યમુના પાસે કશી હકીકત છુપાવવી નિરર્થક છે. ચતુરા યમુના કોઇ પણ પ્રકારે પોતાની પાસેથી સઘળી હકીકત જાણી શકવાને શક્તિવતી છે એ તે જાણતી હતી. પ્રશ્નોત્તરમાં જ સ્હામાના અંતરની વાત જાણી લેવાની શક્તિ યમુનામાં હતી; તેથી તેણે કહ્યું:–"રાણી મા ! હું પદ્માવતી બ્હેન માટે કારાગૃહમાં હમ્મેશાં જાઉં છું."

"એ તો સારી વાત છે. એ કેદીઓ અતિથિ છે. તેમની સુખ-સ્વચ્છંદતાની સંભાળ આપણે રાખવી જોઇએ."

"પરંતુ વસ્તુસ્થિતિ વિશેષ હદ સુધી પહોંચી ગયેલી છે. અવન્તીરાવના જમ્યા પહેલાં પદ્માવતી બ્હેન જમતાં પણ નથી."

"એ વળી વિશેષ ઉત્તમ વાત છે. અતિથિસત્કારવ્રતનું પ્રતિ-પાલન કરવું એ પ્રત્યેક વ્યક્તિનું આવશ્યકીય અને પરમ કર્ત્તવ્ય છે."

"પરંતુ પદ્માવતી બ્હેન અવન્તીરાવ માટે આક્રંદ કર્યા કરે છે. એક ક્ષણ માટે પણ તેમનું અશ્રુજળ સુકાતું નથી."

"એમાં આક્રંદ કરવાનું કાંઇ કારણ નથી. વંશમર્યાદામાં અ-વન્તીરાવ આપણાથી કોઇ પણ રીતે ઉતરતા નથી. પદ્માવતી બ્હેનની આશા અફળ થાય એવી નથી."

"એ સઘળું જાણતાં હોવા છતાં તેઓ ધીરજ ધારણ કરી શકતાં નથી."

"ચિંતા નહિ. રત્નમાળા હવે સત્વર આવી પહોંચશે. આ વિષયનો ગમે તે એક નિર્ણય જલ્દીથી થઇ જશે. મ્હને લાગે છે કે, વિષ્ણુસિંહ આજકાલમાં જ રત્નમાળાને તેડી લાવવા જશે."

યમુનાદેવી કે ગંગામાંથી કોઇ પદ્માવતીના અંતરની વ્યથા અ-

નુભવી શકી નહોતી. પ્રેમની વ્યથા ક્યાં હોય છે તે કોણ કહી શકે છે? વાંચકબંધુઓ! પદ્માવતીના દુઃખનું શું કારણ છે તે આપ પણ જાણી શક્યા છો કે? જો નહિ જાણતા હો તો અમે જ એ કારણનો આગળ ઉલ્લેખ કરીશું. હમણાં થોડું ધૈર્ય ધારણ કરવાની જ વિનંતિ છે.

"વિષણુસિંહ અહીંથી જવાના છે; હવે પૃથ્વીસિંહ પાછા આવે એટલે થયું."

"હા, એમના આવ્યા પછી કોઇ વ્યવસ્થા થઇ શકશે."

"ગંગા! શા ઉપરથી તું આમ કહે છે?"

"પદ્માવતી બ્હેન અને રત્નમાળા—બન્ને સમાન વયનાં હોવાથી તેમના સહવાસમાં રહી પદ્માવતી બ્હેન પોતાના દુઃખને થોડાઘણા અંશે ઓછું કરી શકશે."

"મ્હેં પણ એમ જ વિચાર્યું છે. રત્નમાળાના ગયા પછી પદ્માવતીને એકલાં જ રહેવું પડે છે."

"ખરું છું. ઉમ્મરની સમાનતા હોવા સિવાય અંતરની વાત અન્યને કહી શકાતી નથી. ગમે તેમ પણ આપ પદ્માવતી બ્હેનથી મ્હોટાં છો; તેથી તેઓ આપનાથી શર્માય એ સ્વાભાવિક છે."

"હા, પરંતુ હું પદ્માવતી બ્હેન પ્રત્યેનું મ્હારું કર્ત્તવ્ય બજાવવા ચુકીશ નહિ."

"મ્હોટા ભાઇનાં પત્ની માતા તુલ્ય ગણાય છે."

"હું જાણું છું કે, પદ્માવતી બ્હેન રત્નમાળા સિવાય બીજા કોઇને પોતાના અંતરની વાત કહેવાનાં નથી. રત્નમાળા આવશે એટલે સત્ય હકીકત જાણી શકાશે."

"એ હકીકત તો હવે સમજવામાં આવી ગઈ છે."

"છતાં આ કાર્યમાં રત્નમાળાની જરૂર છે. ઘણાં કાર્યો એવાં છે કે, જેમાં હું હાથ નાખું તો તે સારું દેખાય નહિ; તેથી જ હું રત્નમાળાની રાહ જોઇને બેસી રહી છું."

આટલી વાતચિત થયા પછી બન્ને જણાં મંદિરની બ્હાર નીકળી રાજમહાલય તરફ ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૧૬ મું.

સુધામાં હલાહલ !

"દિલની હતી જે ચાહના, તે આજથી પૂરી થઇ;
વ્હાલી હતી જે આશના, તે જાનથી બુરી થઇ.
ઓ ! નિન્દહા ! એ ખ્વાબ ! ઉલ્ફત જામ આજ ફૂટી ગઇ;
લહજ્જત અગારી ચશ્મની, ઝેરી સનમ ઝૂંટી ગઇ.
અલ્મરત એક જ ઇશ્કની, વાતો હવે ખૂટી રહી;
ખ્વારી હમારી થઇ રહી, યારી સનમ લૂંટી રહી."

—વસન્ત.

અંધકારગૃહની બ્હાર નીકળી રવિમલ્લ પાસે જઇ, ગજસિંહને બરાબર કેદ કરવામાં આવ્યો છે કે કેમ એ હકીકત ગરધનદાસે તેને પૂછી. પછીથી રવિમલ્લ સાથે તે અલકાસુંદરી સંબંધીની વાતચિત કરવા લાગ્યો. રવિમલ્લે કહ્યું:–"મહાશય ! સઘળા નોકર ચાકરોમાંથી કોઇનાપર મ્હારો વિશ્વાસ બેસતો નથી. એમનાપર બરાબર દેખરેખ રાખવાની ઘણી જરૂર છે. મ્હેં એમ સાંભળ્યું છે કે, શિવરામનો પુત્ર રસિકલાલ પાસે આવેલા કોઇ ગામમાં ગયેલો હતો. છુપી રીતે કશી ખટપટ ચાલતી હોય એવી શંકા મ્હારા મનમાં રહે છે. રસિક-

લાલ જ્યારે ગામથી પાછો આવ્યો અને તેણે આપણા માણસોના મુખે ગજસિંહના કેદ પકડાયાના સમાચાર સાંભળ્યા ત્યારે તે ઘણો ઉત્તેજિત બની ગયો હતો. વળી શિવરામ અને મંગળા પણ ચિંતાતુર બની ગયેલાં જોવામાં આવે છે. તેઓ કાંઇ પણ બોલ્યા સિવાય ભૂતની માફક મ્હોં ચઢાવી આવ જા કરે છે; છતાં રસિકલાલ ચુપ નહિ રહેતાં વારંવાર કશો બડબડાટ કરતો હોય એમ લાગે છે; એટલું જ નહિ; પરંતુ જ્યારે મ્હારી સાથે તેનો મેળાપ થઇ જાય છે ત્યારે તે ક્રોધયુક્ત દૃષ્ટિથી મ્હારા તરફ જોઇ રહે છે. મ્હને લાગે છે કે, એ છોકરો જ ભવિષ્યમાં આપણા ભયનું કારણ થઇ પડશે. વળી શિવરામ અને મંગળા પણ હવે કોઇ ઉપાય અજમાવી અલકાસુંદરી અને ગજસિંહને મુક્ત કરવાની ખટપટ કરશે એવો જ સંશય મ્હારા મનમાં રહે છે."

"રસિકલાલ તો તદ્દન મૂર્ખ છે; છતાં વૃદ્ધ શિવરામ ભયંકર માણસ છે એ વાતનો હું અસ્વીકાર કરતો નથી. અલકાસુંદરીના ઉપકારાર્થે તે પોતાનું જીવન સુદ્ધાં આપે તેમ છે. એના ઉપર જ આપણે આઠે પ્રહર દેખરેખ રાખવાની ઘણી જરૂર છે. રસિકલાલનો કશો ભય રાખવા જેવું નથી. વળી મંગળા અલકાસુંદરીની પાસે જ રહેશે. વચ્ચે વચ્ચે ખાદ્યસામગ્રી લેવા માટે તેને નીચે આવવું પડશે; છતાં સાવધાનતાનો વિનાશ નથી એ સૂત્ર સ્મરણમાં રાખી આપણા અનુચરોને સદૈવ તેમની દેખરેખ રાખવાની સૂચના કરી દેજો. ખુદાબક્ષ કોટાથી જાલિમસિંહજીનો ઉત્તર લઇ આવશે એટલે ગુન્હેગારોનું શું કરવું તે આપણે સમજી શકીશું. વળી જુઓ સાંભળો રવિમલ્લ ! આજે સંધ્યાકાળે હું ગજસિંહ સાથે મુલાકાત કરનાર છું. સ્હાંજે તમે તેને મ્હારા બેઠકખાનામાં જરૂર લઇ આવજો."

દિવસનો અવશિષ્ટ સમય પસાર થઇ ગયો. સંધ્યાકાળે વૃદ્ધ શિવરામ સઘળા ઓરડાઓમાં દીવા મૂકી ગયો. રવિમલ્લ ગજસિંહને સાથે લઇ ગરધનદાસ પાસે હાજર થયો. અત્યાર સુધીમાં ગજસિંહની સ્થિતિમાં ઘણો ફેરફાર થઇ ગયો હતો. અંધકારગૃહમાં તેણે જ્યારે ગરધનદાસ અને તેના અનુચરો સાથે યુદ્ધ કર્યું હતું ત્યારે તેના શરીરીરપર બે ત્રણ ઘા લાગ્યા હતા. લોહીના ડાઘાવાળું એક વસ્ત્ર હમણાં તેના મસ્તકપર બાંધેલું જોવામાં આવતું હતું. તેણે પહેરેલાં વસ્ત્રો છિન્નભિન્ન થઇ ગયાં હતાં. તાત્પર્ય એ છે કે, એક દિવસ પૂર્વેના અને અત્યારના ગજસિંહમાં ઘણો ફેરફાર થઇ ગયો હતો. આવી સ્થિતિમાં તેનો પરિચિત માણસ પણ તેને ઓળખી શકે તેમ નહોતું.

ગજસિંહને ગરધનદાસ પાસે હાજર કરી રક્ષકો દ્વાર બંધ કરીને ચાલ્યા ગયા; ગજસિંહે પૂછ્યું:—"શા માટે મ્હને અહીં લાવવામાં આવ્યો છે ?"

ગરધનદાસ એક તકીઆને અઢેલી રુઆબથી ગાદીપર બેઠો હતો. તેણે હાસ્યમુખે ગજસિંહના સર્વાંગનું અવલોકન કરીને કહ્યું:—"હું મ્હારું વૈર વાળવામાં ક્યાં સુધી ફત્તેહમંદ થયો છું એ જોઇ સંતુષ્ટ થવા માટે જ તને અત્રે હાજર કરવામાં આવ્યો છે. બગીઆ સાથે બાથ બીડવાથી કેવું શોચનીય પરિણામ આવે છે એ વિષયનો હવે તને બરાબર અનુભવ થયો હશે; વળી હજી પણ અલકાસુંદરીનું પાણિગ્રહણ કરવાને તું ઇચ્છે છે કે કેમ એ જાણવાનો મ્હારો વિચાર છે ?"

આ વાક્યોનો ગજસિંહે કશો ઉત્તર આપ્યો નહિ, તેથી ગરધનદાસે કહ્યું:—"મ્હારા પ્રશ્નનો ઉત્તર ત્હારે નથી આપવો કે ? વારું, અલકાસુંદરી આ ગરધનદાસનાં સહધર્મિણી થવાને કબૂલ થયાં છે એ સમાચાર જાણવામાં આવ્યાં છતાં તું કાંઇ કહેવાને ઇચ્છતો નથી કે ?"

"ગરધનદાસ! ત્હારા આ શબ્દો ઉપર, જ્યાં સુધી મ્હારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો હું વિશ્વાસ મૂકી શકું તેમ નથી જ. હું ચોક્કસ જાણું છું કે, ત્હારા જેવા નરપિશાચના પ્યારને અલકાસુંદરી કાળાંતરે પણ સ્વીકારે તેમ નથી જ. મૂર્ખ! અલકાસુંદરીની સાથે તું તું ત્હારી સમાનતા દર્શાવે છે?" ગજસિંહે કહ્યું.

"ના ના, તું ભ્રાન્તિમાં ભૂલે છે. હું એટલું તો કબૂલ કરું છું કે, અલકાસુંદરી મ્હને ચ્હાતાં નથી-તે તને જ ચ્હાય છે તથા ત્હારા માટે જ-ત્હારી મુક્તિ માટે જ તેઓ પોતાનું યથાસર્વસ્વ મ્હને સમર્પણ કરવાને કબૂલ થયાં છે. જાલિમસિંહની તલ્વારથી ત્હારું રક્ષણ કરવા માટે જ તેઓ મ્હારી સાથે વિવાહ કરશે." ગરધનદાસે સર્વથા અસત્ય વચનો ઉચ્ચાર્યાં.

ગરધનદાસનાં વચનો સાંભળવામાં આવતાં ગજસિંહનું મુખમંડળ મલિન બની ગયું. આવો પ્રકાર જોઇ અટ્ટહાસ્ય કરી ગરધનદાસ પુનઃ કહેવા લાગ્યોઃ—"ગજસિંહ! આ વર્ત્તમાન જાણવામાં આવ્યાથી ત્હારું અંતર દુઃખી થાય છે કે? એથી ત્હારા સકળ ગર્વનો નાશ થશે-ત્હારી મર્યાદા જતી રહેશે. તું એટલું ચોક્કસ યાદ રાખજે કે, હવે હું અલકાસુંદરી સાથે વિવાહ કરીશ જ, અને અમારો વિવાહ થઇ જાય ત્યાં સુધી ત્હારે મ્હારી કેદમાં જ રહેવું પડશે. ત્હારા દેખતાં જ હું અલકાસુંદરીને આલિંગન કરી તેના ગુલેગુલાબી અધરોષ્ઠપર ચુંબન કરીશ. એમ કરવાથી જ મ્હારું વૈર વળશે-એમ કરવાથી જ મ્હારા અંતરમાં સળગી ઉઠેલો પ્રતિહિંસાનો દારુણ દાવાનળ શાન્ત થશે. એમ થયા પછી જ હું તને બંધનમુક્ત કરી ઇચ્છિત સ્થળે જવા દઇશ. જ્યાં સુધી અલકાસુંદરી મ્હારી સાથે વિવાહિતા નહિ થાય ત્યાં સુધી ત્હારે કેદખાનાનું કષ્ટ ભોગવવું પડશે જ આ કષ્ટ તને ત્હારી પ્રણયિની જ આપે છે."

ગરધનદાસનાં આ વચનો સાંભળી ગજસિંહે એક ગાઢ નિઃશ્વાસ મૂક્યો. જો કોઇ દૈવી ઉપાયથી ગજસિંહ બંધનમુક્ત થઇ શક્યો હોત તો તે ગરધનદાસને એક શબ્દ સુદ્ધાં ઉચ્ચારવાનો સમય આપત નહિ. તેનો ગાઢ નિશ્વાસ ગરધનદાસને ભયંકર ફણિધરના ફુંફાડા જેવો લાગ્યો. ગજસિંહનાં નેત્રોમાંથી થતી અગ્નિકણની વૃષ્ટિ જોવામાં આવતાં ગરધનદાસનો અંતરાત્મા સુકાઇ ગયો. એક વીર કેશરીને વિના કારણ ઉશ્કેરવાથી સારું પરિણામ આવશે નહિ એમ વિચારી તે જેવો રવિમલ્લને બોલાવવા જતો હતો એવામાં ગજસિંહે તેને તેમ કરવાનો નિષેધ કરીને કહ્યુંઃ—"ગરધનદાસ ! થોડો સમય થોભ. પછીથી તું ત્હારા સહચરને બેલાશક બોલાવજે. મ્હારે તને એક પ્રશ્ન પૂછવાનો છે. એ પ્રશ્ન એ જ છે કે, ઝાલોરદુર્ગની અધિષ્ઠાત્રી દેવી અલકાસુંદરીએ ત્હારા પાપયુક્ત પ્રસ્તાવનો સ્વીકાર કર્યો છે કે શું ? તેણે જાલિમસિંહની તલ્વારથી મ્હારું જીવન બચાવવા માટે ત્હારા જેવા યમદૂત પાસે પોતાના સ્ત્રીજીવનનું સર્વસ્વ સમર્પણ કર્યું છે કે ?"

"ના હજી સુધી સમર્પણ કર્યું નથી; પરંતુ હવે સત્વર કરશે. આવતી કાલે જ તે મ્હારી પ્રિયતમા બનશે—મ્હારી હૃદયવિલાસિની થશે." ગરધનદાસે ઉત્તર આપ્યો.

"સારી વાત છે હું જાલિમસિંહની તલ્વારનો ભય રાખતો નથી. હું મરણને શરણ થઇશ; પરંતુ ગરધનદાસ તું જાલિમસિંહનો દાસીપુત્ર છે. તું વિશ્વાસઘાતક શયતાન છે; તેથી ઝાલોરરાજ મધુરાવની પ્રાણાધિકા પુત્રીનું તું પાણિગ્રહણ કરે એ મ્હારાથી કદાપિ સહન નહિ કરી શકાય." ગજસિંહે વિહ્વળ ભાવથી કહ્યું.

પુનઃ ગરધનદાસ ખડખડાટ હસી પડ્યો. તેણે કહ્યુંઃ—"વાહ ! શી ઉદારતા ! શું મહત્વ ! છતાં દુઃખનો વિષય એ જ છે કે, ત્હારો

મહત્ અભિપ્રાય અલકાસુંદરીને કોણ જણાવશે ? કોણ તેને એમ કહેશે કે, ગજસિંહ પ્રસન્નતાથી મૃત્યુને આલિંગન કરશે; પરંતુ અલકાસુંદરી ગરધનદાસનું પાણિગ્રહણ કરે એ તે સહન કરી શકશે નહિ. ગજસિંહ ! કાલે પ્રભાતકાળે જ્યારે અલકાસુંદરી પાસે જઇને હું તેને એમ કહીશ કે, જો મ્હારી સાથે વિવાહિતા થવાની તમે ના પાડશો તો ગજસિંહના અકાળ મૃત્યુને કોઇ અટકાવી શકનાર નથી ત્યારે તે પ્રબળા અબળા બની જઇને ત્હારા ઉદ્ધારાર્થે આક્રંદ કરતાં કરતાં મ્હારી પ્રિયતમા બનશે. હવે ત્હારી પાસે વિશેષ વિતંડાવાદ કરવાની મ્હારી ઇચ્છા નથી. હું તને કેદખાનામાં જ મોકલી દઉં છું.”

આમ કહીને ગરધનદાસે રવિમલ્લને બોલાવ્યો. રવિમલ્લ આવ્યો એટલે ગરધનદાસે ગજસિંહને કેદખાનામાં લઇ જવાની તેને આજ્ઞા કરી.

એ રાત્રે ગજસિંહની ચિંતાની સીમા રહી નહિ. ગરધનદાસનાં અસત્ય વચનો વારંવાર તેને યાદ આવવા લાગ્યાં. તે જે કાંઇ બોલ્યો હતો એ સઘળું કલ્પનાબળથી અનુભવવા લાગ્યો. તેને એવો ભાસ થયો કે, તેની પ્રણયપ્રતિમા, પોતાના કિન્નરીના જેવા કર્ણપ્રિય કંઠથી ગરધનદાસને ગીત ગાઇ સંભળાવે છે. એ ગીતનો મધુર ઝંકાર કેદખાનામાં પડેલો ગજસિંહ જાણે કે સાંભળે છે ! વળી તેને એમ લાગ્યું કે, સુરસુંદરી અલકા ગરધનદાસનો હાથ પકડી બગીચામાં ફર્યા કરે છે. પ્રિયતમાથી પોતાને વિયોગી થયેલો સમજી તે દારુણ દુઃખ અનુભવવા લાગ્યો. ગરધનદાસ ગજસિંહના આવા માનસિક ઉદ્વેગનું દર્શન કરી અતિ આનંદિત થતો હતો. એ અંધકારમય કારાગૃહમાં શય્યામાં મ્હોં છુપાવી ગજસિંહ રુદન કરતો હતો. કવચિત્ તે બંધનયુક્ત સ્થિતિમાં જ ઉઠી ઉભો થઇ ચિંતાતુર ચિત્તે ત્યાં ફર્યા કરતો

હતો. જો આ સમયની તેની વ્યથાનો વિચાર ગરધનદાસને ઉપજ્યો હોત તો તેના અંતરમાં સળગી ઉઠેલો વૈરનો અગ્નિ થોડા ઘણા અંશે અવશ્ય શાન્ત થાત.

બીજે દિવસે પ્રભાતકાળે રવિમલ્લે જ્યારે ગજસિંહ પાસે જઇને તેની શોચનીય સ્થિતિ તથા તેના દારુણ દુઃખનું દર્શન કર્યું ત્યારે તે ઘણો સંતુષ્ટ થયો. તેણે પ્રસન્નતાસૂચક સ્વરે કહ્યું:—"ત્હેં મ્હારી નાસિકાપર જે આઘાત કર્યો હતો તેનું જ પ્રતિફળ તું ભોગવે છે. ત્હારા કષ્ટનો કાંઇ આટલેથી જ અંત આવવાનો નથી. ઝાલોરદુર્ગમાં જે મૂર્ખતાથી ત્હેં પ્રવેશ કર્યો છે એ મૂર્ખતાનું ફળ થોડા સમયમાં જ ત્હારે ભોગવવું પડશે, તથા અંતે ગરધનદાસના હાથે ત્હારું મૃત્યુ નીપજતાં ત્હારા સઘળા દુઃખનો અંત આવી જશે. આજે સંધ્યાકાળે ગરધનદાસ અલકાસુંદરીને ફરીથી મળવાના છે. અલકાસુંદરીએ વિશેષ વિચાર કરવા માટે બીજા બાર કલાકની મંગળા મારફત માગણી કરી છે. હજી સુધી તેઓ કોઇ ચોક્કસ નિર્ણયપર આવ્યાં નથી. ગરધનદાસે તેમને બીજો બાર કલાકનો સમય આપ્યો છે." આટલું બોલીને, દ્વાર બંધ કરી રવિમલ્લ ત્યાંથી ચાલ્યો ગયો. ગજસિંહ પુનઃ એકલો પડ્યો. જે ચિંતામાળાથી દુઃખી થઇ તેણે રાત્રે એક ક્ષણ માટે પણ વિશ્રામ મેળવ્યો નહોતો એ ચિંતામાળા જ પુનઃ તેને દુઃખી કરવા લાગી.

પ્રકરણ ૧૭ મું.

અબળાપર અત્યાચાર.

" If there be cords or knives,
Poison or fire, suffocating streams,
I'll not endure it."—*Othello.*

દિવસનો બાર કલાકનો સમય ગરધનદાસે અસ્થિર ચિત્તે પસાર કર્યો. બાર કલાક પછી અલકાસુંદરી તેને પોતાનો છેવટનો નિશ્ચય જણાવવાની હતી. બાર કલાકનો સમય પસાર કર્યા પછી ગરધનદાસ અલકાસુંદરી પાસે ઉપસ્થિત થયો.

રવિમલ્લના સહચરોમાંથી બે જણાને ગજસિંહના કારાગૃહના દ્વાર ઉપર અને બીજા બે જણાને અંધકારગૃહના દ્વાર ઉપર પહેરો ભરવા માટે રોકેલા હતા. બાકીના સઘળા અનુચરો નીચેના વિશાળ ઓરડામાં બેસી ભાંગ પીતા હતા. શિવરામ અને તેનો પુત્ર રસિકલાલ તેમને ભાંગ તૈયાર કરી આપતા હતા. મંગળા અંધકારગૃહમાં અલકાસુંદરીની પાસે હતી. ગરધનદાસ અંધકારગૃહમાં જઇ પહોંચ્યો એટલે મંગળા ત્યાંથી નીચે ચાલી ગઇ.

અંધકારગૃહમાં એક દીપકના પ્રકાશનો વિસ્તાર થયેલો હતો. એ પ્રકાશમાં ગરધનદાસે અલકાસુંદરીના ચિંતામગ્ન બની ગયેલા મુખમંડળનું દર્શન કર્યું. અલકાસુંદરી આ સમયે પોતાના હૃદયમાં તીવ્ર વેદના અનુભવતી હતી. શાન્તિ તેનો ત્યાગ કરી ચાલી ગઇ હતી તથા ચિંતા પિશાચિનીએ તેના અંતરમાં પ્રવેશ કર્યો હતો. તે પોતાના બન્ને હાથથી મ્હોં છુપાવી ગરધનદાસની સ્હામે ઉભી થઇ ગઇ.

ગરધનદાસે તેની ઉચિત અભ્યર્થના કરીને કહ્યું:—" અલકાસુંદરિ ! મ્હારો માણસ હજી સુધી જાલિમસિંહજી તરફથી પાછો આવ્યો નથી; છતાં હું મ્હારું ભાગ્ય જાણવા માટે તમારી પાસે આવ્યો છું. તમે મ્હને તમારા પતિ તરીકે સ્વીકારશો કે કેમ એ જાણવાની જ મ્હારી આંતરિક ઇચ્છા છે. " આમ કહી ગરધનદાસ અલકાસુંદરીના બન્ને હાથ પોતાના હાથમાં લેવા આગળ વધ્યો. અલકાસુંદરી પાછળ હઠી ગઇ તથા તેણે ગરધનદાસના પ્રયત્નને વ્યર્થ કર્યો. તેનું સર્વાંગ વાયુ વિકમ્પિત લતાની માફક કંપતું હતું. તેનું હૃદય જોરથી ધબકતું હતું. વારંવાર તે ગાઢ નિશ્વાસ મૂકતી હતી.

ગરધનદાસ પુનઃ કહેવા લાગ્યો:—" અલકાસુંદરિ ! આજનો બાર કલાકનો સમય મ્હને યુગયુગાંતર જેટલો જણાયો છે. આખો દિવસ મ્હેં મિનિટો ગણ્યા કરી છે. મ્હારી પ્રતિજ્ઞાનું હું પુનઃ તમને સ્મરણ કરાવવું આવશ્યકીય ધારું છું. જો તમે મ્હારી સાથે વિવાહિતા થવાને કબૂલ થશો તો પછી ગજસિંહનો હું અવશ્ય ઉદ્ધાર કરીશ. તેના મસ્તકપર ફરતું મૃત્યુચક્ર દૂર થઇ જશે. તમે મ્હારી માગણી કિંવા ઇચ્છા સ્વીકારશો તો જે કાર્યથી તમે પ્રસન્ન થાઓ તેમ હશો તે જ કાર્ય હું કરીશ. હું તમને મ્હારા અંતઃકરણપૂર્વક ચ્હાઉં છું. અલકાસુંદરિ ! તમે મ્હારી ઇચ્છા વિફળ ન કરશો. મ્હારી સાથે વિવાહિતા થવાની તમે પ્રતિજ્ઞા કરો. "

" ના ના, હું પ્રતિજ્ઞા કરી શકીશ નહિ. ગજસિંહજીએ કહ્યું છે કે, મૃત્યુનું દુઃખ તેઓ હર્ષપૂર્વક સહન કરી શકશે; પરંતુ મ્હને તમારી અર્ધાંગના થયેલી નહિ જ જોઇ શકે. હું એમના આત્માને વ્યથિત કરવાને ઇચ્છતી નથી. " ઉત્તરમાં અલકાસુંદરીએ કહ્યું.

" ભલે ત્યારે. જો તમે ગજસિંહનું મૃત્યુ થયેલું જોવાને ઇચ્છો

છો તો એમ જ થશે; પરંતુ એટલું અવશ્ય યાદ રાખજો કે, ગજસિંહનો જીવ જશે તો પણ તમે મ્હારા પંઝામાંથી મુક્ત નહિ જ થઇ શકો. તમારો પ્રણય પ્રાપ્ત કરવા માટે ગજસિંહના જીવનનો વિનાશ કરવામાં હું પાછી પ્હાની નહિ જ કરૂં. હજી પણ સમય છે હાથમાં જ બાજી છે. પછીથી કાંઇ વળનાર નથી—એક વખત હાથમાંથી છુટેલું તીરુ પાછું ફરનાર નથી."

ગરધનદાસનાં આ વાક્યોનો અલકાસુંદરી શો ઉત્તર આપે ? બન્ને બાજૂથી તે સંકટમાં સપડાયલી હતી. ગરધન સાથે વિવાહિતા થવામાં જો તે કબૂલ થાય, તો ગજસિંહનું રક્ષણ થાય તેમ હતું—પરંતુ એ વિષયથી ગજસિંહ સર્વથા વિરુદ્ધ હતો, તેણે અલકાને એમ જણાવ્યું હતું કે, ગરધનદાસ જેવા પાપાત્મા, નરપિશાચ સાથે વિવાહિતા થઇ તે પોતાનું જીવન કલંકિત કરે એ કોઇ પણ પ્રકારે ઇચ્છનીય નથી. જો આ કારાગૃહમાં ગરધનદાસના હાથે પોતાનો જીવ જશે તો એ દુઃખ પોતે અવશ્ય સહન કરશે; કિન્તુ નિર્મળ ચરિત્રવાળી, કોમળ સ્વભાવવાળી વીર રમણી અલકાસુંદરી નીચાશય ગરધનદાસની પત્ની થશે તો એ પ્રકાર તેના માટે ઘણો અસહનીય થઇ પડશે. તેણે એવું કહેડાવ્યું હતું કે, 'જો મ્હારા મૃત્યુ સમયે હું એમ જાણી શકીશ કે, ઉદારહૃદયા અલકાસુંદરીએ ગરધનદાસના પાપયુક્ત પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો છે તો હું શાન્તિથી મૃત્યુને આલિંગન કરીશ.' આમ હોવાથી અલકાસુંદરીએ કહ્યું:—"ગરધનદાસ ! ગજસિંહજીનો ઉદ્ધાર કરવા માટે કિંવા તેમના જીવનનું સંરક્ષણ કરવા માટે હું તમારી સાથે વિવાહિતા થનાર નથી."

હવે ગરધનદાસ અલકાસુંદરીનું મન સમજી શક્યો. તે સહજ પાછો હઠી જઇ ક્રોધયુક્ત દૃષ્ટિથી અલકાસુંદરીના નિર્વિકાર મુખમંડળ

તરફ જોઇ રહ્યો. થોડા સમય સુધી બન્ને જણાં ચુપ રહ્યાં. ગરધનદાસના ઓષ્ઠ કંપતા હોવા છતાં તેના મુખમાંથી એક પણ શબ્દ બ્હાર નીકળ્યો નહિ. અંતે તેણે આગળ વધી બળાત્કારથી અલકાસુંદરીનો હાથ પકડયો. તેનો આવો ભાવ જોઇ અલકાસુંદરીના અંતરમાં અપાર ભય ઉપજ્યો. ગરધનદાસે નાટકીય હાવભાવ દર્શાવતાં કહ્યું:—

મૃગલોચની એ મદભરી ના રોષ અંતરમાં ધરો,
આલિંગી મ્હારા અંગને અંતરતણી પીડા હરો;
રસરેલી રસના સાગરે પિયુ સાથ સ્નાન સદા કરો,
રસરાજના બાજારમાં ખરીદી તમે મ્હારી કરો.

મનોહારિણી માનિનિ ! હવે મ્હને વિશેષ ન તલસાવો અને મ્હારા અંતરમાં ઉપજેલી અનંગપીડા સ્નેહસુધાના સિંચનથી સત્વર શાન્ત કરો.

અધરરસપાન કરવાને પ્રિયા હું પાસ આવ્યો છું,
વદનકાન્તિ તમારી આ નિરખવા પાસ આવ્યો છું;
કરીને કંઇ અજબ જાદુ હૃદય સાથે લગાવી દ્યો,
ઘવાયેલા જીગરનાપર દવા પ્રેમી લગાવી દ્યો."

"ગરધનદાસ ! એક સતી સ્ત્રીને સંતાપવાના પાપનો જવાબ તમારે એક દિવસે ઇશ્વરના દરબારમાં અવશ્ય આપવો પડશે. વળી જે કાયા જોઇ આજે તમે દીવાના બન્યા છો એ કાયા એક દિવસે માટીમાં મળી જનાર છે—ખાકસાર થઇ જનાર છે. જે ઉજવળ ચામડી જોઇ તમારા અંતરમાં કામવિકાર ઉપજ્યો છે એ ચામડીની અંદર રુધિર, માંસ, મળ વગેરે દુર્ગંધયુક્ત પદાર્થો ભરેલા છે માટે અંતરની ઉત્તેજનાને શાન્ત કરો—હવે આ અનાથિની અબળાપર વિશેષ અત્યાચાર ન કરો." અલકાસુંદરીએ નમ્રતાયુક્ત સ્વરે કહ્યું.

"ના ના–શરાબ અને સુંદરી એ બે જ મનુષ્ય–પુરુષ જીવનનો સાર છે–સંસારની બીજી સઘળી વસ્તુઓ સર્વથા અસાર છે.

ચક્ષુ ચપળ ચમકી રહ્યાં ત્યાં મદનનું દર્શન કરું,
ઓષ્ઠ સુંદર ચંદ્ર જેવા ચુમીને પીડા હરું;
સુવાસવિકસિત દેહમાં લાવણ્યનો નહિ પાર છે,
સહવાસમાં શાણી સદા આનંદ પારાવાર છે.

આવો આવો, પ્રણયપ્રતિમા ! હવે આ ભોગી ભ્રમરને વિશેષ ન તલસાવો–મ્હારી મર્મવ્યથાની દિલમાં દયા લાવો." ગરધનદાસ બોલ્યો.

"ના ના તમારી માગણી–તમારી ઇચ્છા આસમાન તૂટી પડે, સમુદ્ર માઝા મૂકે, સૂર્ય ચંદ્ર ઉદિત થતા બંધ થઇ જાય તો પણ સફળ નહિ જ થાય કેમ કે,

શૂરી સતીઓ ઘુમે છે યુદ્ધમાં નિજ ધર્મને માટે,
બની પ્રબળા રમે રણુરંગમાં નિજ ધર્મને માટે;
જીવનને તુચ્છ સમજે છે, સદા નિજ ધર્મને માટે,
મરીને મોક્ષ પામે છે, સતી નિજ ધર્મને માટે.

વળી ગરધનદાસ ! તમે ક્ષત્રિય જાતિમાં કલંક રૂપ છો. વીર ક્ષત્રિય કદાપિ અબળાપર અત્યાચાર કરતો નથી.

જે હોય શૂરો તે કદિ ના રમણીને જ ડરાવતો,
જઇ યુદ્ધ ભૂમિનીમહીં, સહુ શત્રુને જ હરાવતો;
અબળા તણું રક્ષણ કરે, તે વીર તો કહેવાય છે,
મોહ માયા જે મૂકે તે, વીર તો લેખાય છે.

પાપિષ્ઠ ! ત્હારા આવા પાપાચારથી તને ભયંકર નરકમાં પણ સ્થાન મળનાર નથી, સમજ્યો ?" દઢતાથી અલકાસુંદરીએ કહ્યું.

"સ્વર્ગ નરકને આ શૂરવીરશિરોમણિ ગરધનદાસ માનતો જ

નથી. અલકાસુંદરિ ! આજે તમે મ્હારું ગમે એટલું અપમાન કરશો તો પણ હું મ્હારી ઇચ્છા પૂર્ણ કર્યા સિવાય રહેવાનો નથી. અહીં તમારું કોઇ સહાયકાર નથી–મદદગાર નથી. ગુલબદન ! તમે શા માટે દુરાગ્રહ કરો છો. ?

ગુલબદન છે આ નવેલી નાર વ્હાલી ફાંકડી,
મૃગલોચની, મનમોહિનીની ચાલ કેવી વાંકડી ?
પરવાહ નથી ઇશ્વરતણી, બસ તું જ છે મ્હારી મણિ;
ભેટવા પ્યારી તને ઇચ્છા હૃદયમાં છે ઘણી.

બસ, હવે હું ધૈર્ય ધારણ કરી શકતો નથી." ગરધનદાસે કામોન્મત્ત બની જઇ **कामातुराणां न भयं न लज्जा** એ સૂત્રનો પરિચય કરાવ્યો.

"શું તમે મ્હને નિરાધાર સમજો છો ? આ જગતમાં જેનો કોઇ આધાર નથી તેનો આધાર જગદાધાર કિરતાર છે–તેના સમક્ષ તમારા જેવા સેંકડો શત્રુઓ લાચાર છે.

નહિ આધાર જેને છે, પ્રભુ બેલી થશે તેનો,
કનૈયો કા'ન બંસીલાલ ભુલાયે છે કહે શાનો ?
ઉગારી દેવી અહલ્યાને, દ્રૌપદી સહાય દર્શાવી,
ઘણા છે દીધા તારી, પ્રભુની છે લીલા ન્યારી.

વળી શયતાન ! તું જાણે છે કે, ક્ષત્રિયાણી સંકટથી ડરતી નથી–બહાદુર રાજપૂત બાળા અંતરમાં મૃત્યુનો ભય રાખતી નથી.

સંકટ હજારો આવતાં, હિમ્મત કદી તૂટી જશે,
પત્થરતણા વર્ષાદથી, કિસ્મત કદી ફૂટી જશે,
ખંજરતણા આઘાતથી, જીવ દોરી જો તૂટી જશે,
તો પાપનો ત્હારો ઘડો, એ પાપથી પૂરો થશે;

ઇન્સાફ ત્હારાં પાપનો, આલોકના અંતે થશે;
ભોગવી દુઃખ વિશ્વમાં ને, નરકમાંહી તું જશે.

જે યુવાની ચાર દિવસની ચાંદની જેવી છે એ યુવાનીએ તને દીવાનો બનાવ્યો છે—મનુષ્ય વેશધારી શયતાન બનાવ્યો છે."

આ તીવ્ર તિરસ્કાર ગરધનદાસ સહન કરી શક્યો નહિ. જેવો તે બળાત્કારે અલકાસુંદરીને આલિંગન કરવા આગળ વધ્યો કે તરતજ બહાદુર ગજસિંહ પોતાના હાથમાં નગ્ન તલ્વાર લઇ એ સ્થળે ઉપસ્થિત થયો !

પ્રકરણ ૧૮ મું.

અપકારપર ઉપકાર.

परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय दुहन्ति गावः परोपकारार्थ मिदं शरीरं ॥

(ભાવાર્થઃ—પરોપકારને માટે વૃક્ષ ફળે છે, પરોપકારને માટે નદીઓ વહે છે, પરોપકારને માટે ગાયો દુઝે છે અને પરોપકારને માટે આ શરીર છે.)

ગજસિંહે જ્યારે અંધકારગૃહમાં પ્રવેશ કર્યો ત્યારે શિવરામનો પુત્ર રસિકલાલ તેની સાથે હતો. રસિકલાલના હાથમાં એક તલ્વાર હતી. એ તલ્વાર તે રવિમલ્લ પાસેથી લઇ આવ્યો હતો. રવિમલ્લ અને તેના અનુચરો ભાંગ પી સંજ્ઞાશૂન્ય બની જઇ નીચેના ઓરડામાં આડાઅવળા પડેલા હતા. જે બે પહેરેગીરો ગજસિંહના કારાગૃહપર પહેરો ભરતા હતા તે તથા અંધકારગૃહપર પહેરો ભરતા હતા તે પણ ભાંગના નીશાથી શુદ્ધિશૂન્ય બની જઇ ખરાશાયી

થઇ ગયેલા હતા. ભાંગ પીવામાં આવતાં સર્વે સૈનિકોને બેશુદ્ધ બની ગયેલા જોઇ શિવરામ અને રસિકલાલ આશ્ચર્ય પામ્યા હતા. આથી આમ બન્યું હશે તેનો તેઓ કશો નિર્ણય કરી શકતા નહોતા; પરંતુ એક મુસલ્માન સ્ત્રી સાથે મંગળાનો સારો પરિચય હતો. એ સ્ત્રી અનેક પ્રકારનાં ઔષધો જાણતી હોઇ હમ્મેશાં ઘણાં માણસોને વિવિધ પ્રકારનાં ઔષધ આપતી હતી, તથા તેનાં ઔષધોની રોગપર સારી અસર થતી હોવાથી જ લોકોનો તેના પર ઘણો વિશ્વાસ બંધાયો હતો. મંગળાએ એ સ્ત્રી પાસે જઇ તેને દુર્ગ સંબંધીની સઘળી હકીકત જણાવી હતી, અને એ સ્ત્રીના કહેવાથી મંગળાએ રસિકલાલને તેની પાસે મોકલી એક જાતનું ઔષધ મંગાવ્યું હતું. એ ઔષધને ભાંગમાં વાટવા માટે મંગળાએ શિવરામને આપ્યું હતું. પહેરેગીરો હમ્મેશાં ભાંગ પીતા હતા એ પ્રકાર વાંચકબંધુઓથી અજાણ્યો નથી. હમ્મેશાં સંધ્યાકાળ થવાને થોડો અવકાશ રહેતો એટલે સઘળા પહેરેગીરો એકત્રિત થઈ સિદ્ધિપાન કરતા હતા. શિવરામે આપેલી ઔષધમિશ્રિત ભાંગ પીને સઘળા પહેરેગીરો કિંવા સિપાહીઓ આજે બેહોશ બની ગયા હતા. આવા સમયે ગજસિંહને કેદખાનામાંથી મુક્ત કરવાનું કાર્ય ઘણું સહેલું હતું. રસિકલાલે પ્રથમથી જ રવિમલ્લની તલ્વાર લઇ લીધી હતી. શિવરામ તથા રસિકલાલે નિર્વિઘ્ને ગજસિંહ પાસે ઉપસ્થિત થઇ, તેના હાથે પગે બાંધવામાં આવેલું દોરડું છોડી નાખી, તેને ગરધનદાસનો જામો પહેરાવ્યો, તથા તેની પોતાની જ તલ્વાર તેમજ પિસ્તોલ તેને સ્વાધીન કરી. પછીથી એ ત્રણે જણા અંધકારગૃહ તરફ જવા લાગ્યા. શિવરામની પરોપકાર-પરાયણતાના દર્શનથી ગજસિંહનાં નયનયુગલમાં કૃતજ્ઞતાનું અશ્રુજળ ભરાઇ આવ્યું. અંધકારગૃહપર પહેરો ભરનાર બન્ને પહેરેગીરોએ

પણ શિવરામે તૈયાર કરેલી થોડી ભાંગ પીધી હતી; તેથી તેઓ હજી સુધી તદ્દન બેશુદ્ધ બની ગયા નહોતા; છતાં નીશાની વિશેષતાથી તેમની આંખોએ ઘેન ભરાયું હતું અને તેમનું મસ્તક ભમવા લાગ્યું હતું. આવા સમયે ગજસિંહ, રસિકલાલ અને શિવરામે તેમના પર તૂટી પડી, તેઓ એક પણ અક્ષરનો ઉચ્ચાર કરી શકે નહિ એ માટે તેમનાં મ્હોંમાં ડુચા મારી દઇ તેમના હાથપગ મજબૂત દોરડાથી બાંધી દીધા. આ સમયે જો કે બ્હાર થોડો ગરબડાટ થયો હતો; પરંતુ ગરધનદાસ ક્રોધોન્મત્ત બની ગયેલો હોવાથી એ પ્રકાર તેને માલૂમ પડયો નહોતો. માત્ર અલકાસુંદરીના અંતરમાં એ વિષયનો સહજ આભાસ ઉત્પન્ન થયો હતો, તથા તેને આશા ઉપજી હતી. પહેરેગીરોના મ્હોમાં ડુચા મારી તેમને બરાબર બાંધી દઇ એ ત્રણે જણા અંધકારગૃહમાં ઉપસ્થિત થયા.

પોતાના પ્રિયતમને આકસ્મિક પોતાની પાસે ઉપસ્થિત થયેલો જોતાં અલકાસુંદરીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે સાથે તે અતિ આનંદિતા બની ગઇ. સંકટમાંથી પોતાનો ઉદ્ધાર કરવાને સ્વયં શ્રી કૃષ્ણ જ પોતાની પાસે ઉપસ્થિત થયા હોય એવો ક્ષણ માટે તેને ભાસ થયો. ગરધનદાસ ગજસિંહને જોઇ વિસ્મયાતિશયથી ગંભીર ચિંતામાં પડયો. તેની સઘળી ઉત્તેજના—વિકારવૃત્તિ ક્ષણ માત્રમાં જ શાન્ત થઇ ગઇ. તે પત્થરના પુતળા પ્રમાણે જ્યાં ઉભો હતો ત્યાં જ ઉભો રહી વિસ્મયયુક્ત દૃષ્ટિથી ગજસિંહના મ્હોં તરફ ટગર ટગર જોઇ રહ્યો.

ગજસિંહે તિરસ્કારદર્શક સ્વરે ગરધનદાસને ઉદ્દેશીને કહ્યું:— “ગરધનદાસ! એક નામર્દના જેવો નીચ વ્યવહાર ચલાવી, મધુરાવ અને અવન્તીરાવને સંકટમાં સપડાવીને સ્વસંરક્ષણાર્થે તું પલાયન કરી ગયો હતો; હવે તું તેમનો ઉદ્ધાર કરવાનો વિચાર છોડી દઈ ઝાલોર-

રાજનન્દિનીનો પ્રિયતમ થવાનો પ્રયત્ન કરે છે, કેમ ? અલકાસુંદરી-નામાં આત્માભિમાન નથી એમજ તું સમજે છે કે ? તેઓ જાલિમનાં દાસીપુત્રનાં પ્રિયતમા થશે એમ તું ધારે છે કે ? આ ત્હારી ભયંકર દુરાશા છે !" પછી તેણે અલકાસુંદરીને ઉદ્દેશીને કહ્યું:—" આવો—અલકાસુંદરિ ! તમે મ્હારી સાથે આવો." આમ કહી તે અલકાસુંદરીનો હાથ પકડી અંધકારગૃહની બ્હાર નીકળ્યો.

તેમને બ્હાર નીકળેલાં જોઇ ગરધનદાસ ભયંકર ગર્જના કરી ઉન્માદગ્રસ્ત પુરુષની માફક તેમના તરફ અગ્રેસર થયો. આ સમયે રસિકલાલે તેની સ્હામે પોતાની તલ્વાર ધરી એટલે તે આગળ વધતો અટક્યો. એટલામાં રસિકલાલે બ્હાર નીકળી ત્વરાથી અંધકારગૃહના દ્વારને બ્હારથી બંધ કરી દીધું. ગરધનદાસે પોતાનામાં હતું એટલું સઘળું બળ અજમાવી દ્વાર ઉઘાડવાનો પ્રયત્ન કર્યો; પરંતુ દ્વાર ન જ ઉઘડયું. બ્હારના ભાગમાં એ દ્વારની એક સ્પ્રિંગ હતી તે દબાવવામાં આવતાં અંદરથી એ દ્વાર કોઇ પણ રીતે ઉઘાડી શકાતું નહિ. રસિકલાલ એ સ્પ્રિંગ દબાવી દઇ ગજસિંહની પાછળ પાછળ જવા લાગ્યો.

નીચે જે ઠેકાણે ગજસિંહ પહેલાં કેદી તરીકે રહેતો હતો ત્યાં શિવરામ અને મંગળા શંકાશીલ ચિત્તે અને કંપતા શરીરે ઉભાં રહ્યાં હતાં. અલકાસુંદરીને જોઇ વિહ્વળભાવથી મંગળાએ કહ્યું:—" જાઓ બ્હેન ! હવે વિના વિલંબે—આ પહેરેગીરો જાગ્રત થાય તે પૂર્વે જ ગજસિંહજી સાથે અહીંથી પલાયન કરી જાઓ. હજી ઘણા સમય સુધી એ લોકો જાગ્રત થાય એવો સંભવ નથી; છતાં **શુભસ્ય શીઘ્રં** એ સૂત્રાનુસાર જ વર્તવાની જરૂર છે. આ લ્યો, તમારા અલંકારોની પેટી." આમ કહી શિવરામના હાથમાંથી અલંકારોની પેટી લઇ મંગળાએ અલકાસુંદરીના હાથમાં આપી તથા કહ્યું:-" બ્હેન ! અમારી

કશી ચિંતા તમે રાખશો નહિ. અમે પણ અહીંથી તમારા વિદાય થયા પછી અન્યત્ર પલાયન કરી જઇશું."

અલકાસુંદરીએ પૂછ્યું:–"તમારી પાસે દ્રવ્ય છે કે? ન હોય તો તમારી ઇચ્છા હોય એટલું દ્રવ્ય તમે લઇ જાઓ, અને પછીથી અમારી પાસે જેશલમીર આવજો. લ્યો, હવે હું જાઉં છું. તમારા ઉપકારોનું વિસ્મરણ આ જીવનમાં થાય તેમ નથી જ."

પછી ગજસિંહ અને અલકાસુંદરી બ્હાર નીકળ્યાં. બ્હાર એક ગાડી તૈયાર હતી. અશ્વશાળામાંથી બે તેજી અશ્વ લઇ આવી રસિકલાલે તેને ગાડી સાથે જોડયા. અત્યાર પહેલાં શિવરામે અલકાસુંદરી અને ગજસિંહનાં વસ્ત્રોની પોટલી બાંધી ગાડીમાં મૂકી દીધી હતી. ઘોડાઓ જોડવામાં આવતાં જ ગાડી ચાલી નીકળી.

પછીથી શિવરામ અને મંગળા દુર્ગમાંથી જરૂરની વસ્તુઓ લઇ લેવાના કાર્યમાં ગુંથાયાં. રસિકલાલ બેશુદ્ધ બની ઢળી પડેલા પહેરેગીરોને જોઇ હાસ્યમુખે ગણગણ કરતો એક ગીત ગાવા લાગ્યો. સઘળી જરૂરી વસ્તુઓ લઇ લીધા પછી તેમણે ત્રણે જણાંએ પણ દુર્ગનો ત્યાગ કર્યો.

આ સમયે ઝાલોરનો ગૌરવાન્વિત દુર્ગ જાણે કે નિદ્રાધીન થઇ ગયો હોય એવો ભાસ થતો હતો. થોડા સમય પછી ગગનમંડળમાં તારાઓની વચ્ચે ચંદ્રદેવ ઉદિત થયા. ચંદ્રદેવનાં શીતળ કિરણોથી દુર્ગ પ્રકાશિત બની ગયો. આ સમયે ગજસિંહ અને અલકાસુંદરીની ગાડી એક એવા સ્થળે જઇ પહોંચી હતી કે, ત્યાંથી દુર્ગનું સ્પષ્ટતાથી દર્શન કરી શકાતું હતું. ગજસિંહે કહ્યું:–" અલકાસુંદરિ ! અત્યાર સુધી જે દુર્ગમાં ઉછરીને તમે મ્હોટાં થયાં છો, તથા અંતે જે સ્થાને શત્રુઓએ અધિકાર મેળવેલો હોવા છતાં જેની મમતાનો તમે ત્યાગ કરી શકયાં નથી એ સ્થાનનું એક વખત દર્શન કરી લ્યો."

ગજસિંહે ઘોડાઓ ઉભા રાખ્યા. અલકા દૂર આવેલા દુર્ગનું એકાગ્રદષ્ટિથી દર્શન કરવા લાગી.

"કેમ, હવે ગાડી ચલાવું કે ?" ગજસિંહે પૂછયું.

"થોડો સમય રહો."

ચંદ્રકિરણોથી પ્રકાશી રહેલો દુર્ગ આજે અલકાસુંદરીને ઘણો મનોહર લાગ્યો. એવામાં અલકાસુંદરીનું હૃદય કંપી ઉઠયું. વ્યાકુળ બની જઇ ગજસિંહને ઉદ્દેશીને તેણે કહ્યું:—"જુઓ જુઓ, આ શું થયું ?"

ગજસિંહે ગાડીપર ઉભા થઇને જોયું તો તેણે, જે અંધકારગૃહમાં ગરધનદાસ કેદી થઇ પડયો હતો ત્યાં અગ્નિ સળગી ઉઠેલો જોયો. ચોતરફથી આગના મ્હોટા ભડકાઓ પ્રતિક્ષણે ઉપસ્થિત થતા હતા. આવો દેખાવ જોઇ ગજસિંહ બોલી ઉઠયો:—"કેવો અદ્દભુત બનાવ! કોણે દુર્ગમાં આગ સળગાવી ?!"

"શું ઝાલોરદુર્ગ સળગી ઉઠયો છે ?" અલકાસુંદરીથી બોલી જવાયું.

"હા—અવશ્ય કોઇએ દુર્ગમાં આગ સળગાવી છે."

"કોણે આવું કાર્ય કર્યું ? શિવરામ અને મંગળા દુર્ગમાં આગ લગાડે એ સર્વથા અસંભવનીય છે. તેઓનો તો દુર્ગપર અસામાન્ય પ્રેમ હતો." આટલું બોલતાં જ અલકાસુંદરીનો સ્વર નમ્ર બની ગયો. તેણે કહ્યું:—"આ રસિકલાલનું જ કાર્ય હોવું જોઇએ. એ ઘણો મૂર્ખ છે. મ્હારા માટે જ તેણે આવી મૂર્ખતા કરી છે. મ્હારા શત્રુઓને બાળી નાખવાનો જ સંકલ્પ તેણે કર્યો હતો. દુર્ગમાંથી વિદાય થતી વખતે તે જ્યારે આપણા અશ્વને ઝાલી ઉભો રહ્યો હતો ત્યારે તે પોતાના મન સાથે કાંઇ બકયા કરતો હતો; પરંતુ આવું કાર્ય કરવાનો તેણે વિચાર કર્યો હશે એવી કલ્પના એ પ્રસંગે મ્હારા અંતરમાં

ઉપજી નહોતી. ચાલો, અહીંથી જ આપણે પાછાં ફરીએ. અરેરે! એટલા બધા જીવ અગ્નિમાં બળી જશે? વળી ગરધનદાસ અંધકાર-ગૃહમાં સપડાયલો છે. તે ત્યાંથી પલાયન કરી શકે તેમ નથી જ."

ગંભીર ચિંતામાં પડી જઇ ગજસિંહે કહ્યું:—"આપણે પાછાં ફરીશું? પાછાં ફરતાં પુનઃ સંકટમાં સપડાઇએ એવો સંભવ છે. કદાચ આપણને પુનઃ પોતાના પંઝામાં સપડાવવા માટે ગરધનદાસે આવું અગ્નિદાહનું કૌશલ કર્યું હોય તો એ બનવા જેવું છે. અંધકાર-ગૃહપર પહેરો ભરતા જે બે પહેરેગીરોને દોરડાથી બાંધવામાં આવ્યા હતા તેમણે જો બંધનમુક્ત થઇ ગરધનદાસને બ્હાર કાઢ્યો હોય, અને ભાંગ પી બેશુદ્ધ બનેલા પહેરેગીરોને દુર્ગની બ્હાર કાઢી તેમણે દુર્ગમાં અગ્નિ સળગાવ્યો હોય એ સંભવિત લાગતું નથી કે?"

થોડા સમય સુધી વિચાર કરતાં ગજસિંહને પોતાની માન્યતા ભૂલભરેલી હોય એમ લાગ્યું; તેથી વિશેષ કાંઈ નહિ બોલતાં ઘોડા-ઓને ફેરવી તેણે ગાડીને ઝાલોરદુર્ગ તરફ ત્વરાથી હાંકવા માંડી. દુર્ગ-દ્વાર પાસે જતાં ત્યાં તે એક પણ મનુષ્યને જોઇ શક્યો નહિ. શિવ-રામ, રસિકલાલ કે મંગળા વગેરેમાંથી કોઇ આ સમયે ત્યાં હાજર નહોતું. ચોતરફ માત્ર પ્રચંડ અગ્નિશિખાઓ અને ધુમાડાના ગોટે-ગોટા આકાશમાં ઉંચા ચઢતા જોવામાં આવતા હતા.

ઘોડાઓનો દોર અલકાસુંદરીના હાથમાં આપી ગજસિંહ કૂદકો મારી ગાડીપરથી નીચે ઉતરી પડ્યો, તથા તેણે કહ્યું:—"આ તોરણ પાસે તમે ગાડી ઉભી રાખી અંદર બેસી રહેજો."

"તમે ક્યાં જાઓ છો? હવે તમે જઇ શકશો નહિ. આવા સમયે દુર્ગમાં પ્રવેશ કરવામાં કલ્યાણ નથી. અગ્નિ એટલા બધા જોરથી સળગી ઉઠ્યો છે કે, અંદર પ્રવેશ કર્યા પછી પાછા નીકળી શકાય

"એમ નથી. મ્હારા સોગન દઇને કહું છું કે, તમે દુર્ગમાં જશો નહિ." અલકાસુંદરીએ કહ્યું.

અલકાસુંદરીનાં આ વચનો તરફ ધ્યાન નહિ આપતાં ગજસિંહ દુર્ગદ્વાર પાસે જઇ પહોંચ્યો. ક્ષણ માત્રમાં જ તેણે ધુમાડાના ગોટાઓમાં પ્રવેશ કર્યો. જોતજોતામાં જે સ્થળેથી અગ્નિદાહનો આરંભ થયો હતો તે સ્થળે એ ઉપસ્થિત થયો. તેનો શ્વાસ રુંધાઇ જવા આવેલો હોવા છતાં છલંગો મારીને તે અંધકારગૃહ પાસે બંધનમાં બંધાઇ રહેલા પહેરેગીરો પાસે ગયો. એ પહેરેગીરોનાં મ્હોમાં ડુચા મારેલા હોવા છતાં આ સમયે તેમણે એક પ્રકારનો અસ્પષ્ટ ભયજનક ધ્વનિ કર્યો. તેમને એવી જ સ્થિતિમાં રાખી અંધકારગૃહની બ્હાર આવેલી સ્પ્રિંગ મહા મુશ્કેલીથી શોધી કાઢી તેણે દ્વાર ઉઘાડયું. આ સમયે અંધકારગૃહમાં પુષ્કળ ધુમાડો ઘેરાઇ રહેલો હતો. નીચેના ભાગમાંથી અગ્નિશિખાઓ ભયંકર ગર્જના કરી ઉંચે આવતી હતી. ગરધનદાસ અત્યંત ભયભીત બની જઇ બેશુદ્ધ થઇ ઢગી પડેલો હતો.

ગજસિંહ પોતાના જીવનનો નાશ કરવાનો પ્રયત્ન કરનાર શત્રુનું સઘળું વૈર—સઘળો જુલ્મ ભૂલી જઈ તેને ઉપાડી લઇ ત્વરાથી દાદર ઉતરી નીચે આવ્યો, અને પેલા બન્ને પહેરેગીરો તરફ દુર્લક્ષ કરી બ્હાર નીકળ્યો. ત્યાં કશો અગ્નિભય નહિ હોવાથી એ સ્થળે તેણે ગરધનદાસને સુવાડયો.

આટલું કાર્ય કરતાં ગજસિંહને એટલો બધો શ્રમ લાગ્યો હતો કે તેનો શ્વાસ ઘણી ત્વરાથી ચાલતો હતો. તેના મ્હોંપર અગ્નિની ઝાળ લાગવાથી તે શ્યામવર્ણું બની ગયું હતું; આમ છતાં પોતાના જીવની ચિંતા નહિ રાખતાં પુનઃ સંકટમાં ઝંપલાવી તે અંધકારગૃહના દ્વાર પાસે પડેલા પેલા બે પહેરેગીરો પાસે જઇ પહોંચ્યો.

કમરપર લટકતી તલ્વારને પળ માત્રમાં જ મિયાનમાંથી બ્હાર ખેંચી, જે દોરડાથી એ પહેરેગીરોને બાંધવામાં આવ્યા હતા એ દોરડું તેણે કાપી નાખ્યું. મુક્ત થતાંની સાથે જ તેઓ જીવ લઇને ત્યાંથી નીચે પલાયન કરી જવાને તૈયાર થયા. આવો પ્રકાર જોઇ પોતાની તલ્વાર તેમની સ્હામે ધરીને ગજસિંહે કહ્યું:–" તમારા ઘણાખરા સાથીદારો નીચેના ઓરડામાં બેશુદ્ધાવસ્થામાં પડયા છે; તેમને ઉંચકીને તમે બ્હાર સૂવાડો. ચાલો, હું પણ તમારી સાથે આવું છું." આમ કહી એ બન્ને પહેરેગીરોની સાથે ગજસિંહ નીચે આવેલા મ્હોટા ઓરડા તરફ જવા લાગ્યો.

ખુલ્લી તલ્વાર હાથમાં લઇને ઉભેલા ગજસિંહના ભયથી એ પહેરેગીરોએ પોતાના સહચરોને ઉંચકી બ્હાર સૂવાડયા. ગજસિંહે પોતાના કારાગૃહ પાસે બેશુદ્ધાવસ્થામાં પડેલા બન્ને પહેરગીરોને પણ ઉંચકાવી મંગાવ્યા. સર્વનું રક્ષણ થયેલું જોઇ અત્યાનંદ પામી, જ્યાં અલકાસુંદરીએ ગાડી ઉભી રાખી હતી ત્યાં ગજસિંહ ગયો. અલકાસુંદરીએ ગજસિંહને તેની આવી અપાર સાહસિકતા માટે અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપ્યો. એવામાં ગરધનદાસને શુદ્ધિમાં આવી પોતાના તરફ જોતો તેમણે જોયો; છતાં અત્યારે તેનામાં ઉઠીને ઉભા થવા જેટલી પણ શક્તિ નહોતી. હવે એ સ્થળે વિશેષ રોકાવામાં કલ્યાણ નથી એમ વિચારી ગજસિંહે ઘોડાઓને વાયુવેગે દોડાવી મૂક્યા.

પ્રકરણ ૧૯ મું.

તીર્થભ્રમણ.

" કડવા હોયે લીંબડા, શીળી હોય છાંય;
બોલકણુા હોય બન્ધવા, ત્હોય પોતાની બ્હાંય. "

ત્રણે ભાઇઓએ કરેલા સંકલ્પ અનુસાર કિશોરસિંહે સઘળી હકીકતનો એક રિપોર્ટ બ્રિટિશ એજન્ટ મહોદય તરફ મોકલાવ્યો હતો. કિશોરસિંહ જાણતો હતો કે, અંગ્રેજ સરકાર કદાપિ વિશ્વાસુ જાલિમસિંહનો પરિત્યાગ કરશે નહિ તેમજ વળી તેઓ જાલિમસિંહનો પક્ષ સ્વીકારી કોઇ અન્યાય કાર્ય પણ કરશે નહિ. તેને એવો સંપૂર્ણ વિશ્વાસ હતો કે, એજન્ટ મહોદય સત્ય અને ન્યાયી માર્ગનો જ સ્વીકાર કરશે; તથાપિ ભાઇઓની સલાહ અનુસાર રિપોર્ટ મોકલવામાં ઉદ્દેશ હતો અને તેનું ફળ એવું દેખાયું કે, ભવિષ્યમાં તેઓ કિશોરસિંહને ષડયંત્ર કિંવા કૂટમંત્રણાનો આરોપી ગણી શક્યા નહિ.

કિશોરસિંહનો રિપોર્ટ પ્રાપ્ત થતાં બ્રિટિશ એજન્ટ મહોદય વિષમ સંકટમાં પડયા. જાલિમસિંહ તેમનો પરોપકારી બંધુ હતો. તે હમણાં વૃદ્ધ થયો હતો. જો એવા બંધુનો પક્ષ ન સ્વીકારવામાં આવે તો તેને સંકટસાગરમાં ડુબાવી દેવા જેવું જ થાય તેમ હતું; પરંતુ બીજી રીતે જોતાં તેનો પક્ષ સ્વીકારવાથી અંગ્રેજ સરકારની નિષ્પક્ષપાત ન્યાયનીતિ કલંકિત થાય તેમ હતી. કિશોરસિંહ ખરો રાજા હતો. એના પક્ષનું સમર્થન કરવામાં આવે તો ધર્મના માહાત્મ્યનું રક્ષણ કરવા જેવું હતું, તથા કોટા રાજ્યની સ્થાપના દૃઢ થાય તેમ હતી. બીજી તરફ જાલિમસિંહનો વંશાનુક્રમમાં, ઉચ્ચપદમાં અને રાજકીય કર્મમાં અધિકાર હતો. તેનો ઉદ્દેશ પણ કાંઇ ખોટો નહોતો;

કેમ કે તે કોટા રાજ્યના હિતાર્થે જ તથા રાજ્યને ષડયંત્રથી બચાવવા માટે જ પ્રતિનિધિઓની સૃષ્ટિ કર્યે જતો હતો. આ સઘળા વિષયનો સંપૂર્ણ વિચાર કરી એજન્ટ મહોદયે અધર્મમાંથી બચી જવા માટે મ્હારાવ પ્રત્યેના વિરૂદ્ધાચરણનો ત્યાગ કરવાની જાલિમસિંહને ભલામણ કરી; છતાં જાલિમસિંહ તેથી વિચલિત બની ગયો નહિ—તેણે કિશોરસિંહને સઘળું રાજકીય કાર્ય અર્પણ કરી દીધું નહિ.

કિશોરસિંહ એજન્ટ તરફ રિપોર્ટ મોકલી છુપી રીતે લશ્કર એકઠું કરવા લાગ્યો. આવા અભિપ્રાયથી તથા પોતાનો આત્મસંકલ્પ ગુપ્ત રાખવાના ઉદ્દેશથી તે પુણ્યતીર્થ વૃન્દાવનનું દર્શન કરવા જાય છે એવી હકીકત જાહેર કરીને જ દુર્ગની બ્હાર નીકળી પડ્યો. ટંકમાં ઉપસ્થિત થતાં જ પૃથ્વીસિંહ સાથે તેની મુલાકાત થઇ. આ બન્ને ભાઇઓનું મિલન ઘણું સુખાવહ થયું. કિશોરસિંહ પૃથ્વીસિંહના અંતરની સઘળી હકીકત જાણી શક્યો. વસ્તુતઃ પૃથ્વીસિંહે આ સુયોગથી, બુંદી ઝાલોરરાજસહ જે જે સલાહ અને ષડયંત્ર વગેરે થયું હતું તે વિસ્તારથી સમજાવીને પોતાનો અભિપ્રાય તથા પોતે જે કાર્ય બજાવતો હતો તે સઘળું તેણે કહી સંભળાવ્યું. કિશોરસિંહે તેને ઉત્સાહિત કરી, ચતુરાઇથી છુપી રીતે પોતાનું કોટાથી નીકળી પડવું, તથા સૈન્ય એકઠું કરવાનો અને રાજપૂત રાજાઓની સહાયતા મેળવવાનો પોતાનો વિચાર પણ જણાવ્યો. ત્યાર પછી તેણે કહ્યું:—“ ભાઇ પૃથ્વીસિંહ ! આપણા રાજ્યના ઉદ્ધારાર્થે તમે અને હું જે શ્રમ વેઠીએ છીએ એ આપણાથી અજાણ્યો નથી; છતાં વિષ્ણુસિંહ કેવા સ્વભાવના છે એ સમજી શકાતું નથી. તેમના મનમાં ધર્મજ્ઞાન અને હૃદયમાં બંધુસ્નેહ નથી કે શું ? ”

“ તેઓ જાલિમસિંહના પક્ષપાતી હોવાથી તેમનો દોષ જોઇ શકતા નથી.” પૃથ્વીસિંહે કહ્યું.

"ના જોઇ શકે તો પણ મૌનાવલંબન કરી બેસી રહેવું એ તેમનું કર્તવ્ય છે કે ? કદાચ તેમણે એવો વિચાર કર્યો હશે કે, જો યુદ્ધમાં આપણો વિજય થશે તો તેમને આપણા ભાગીદાર થવું પડશે, અને જો આપણી હાર થશે તો જાલિમસિંહ તેમનો ત્યાગ નહિ કરે." કિશોરસિંહે પોતાની કલ્પના દર્શાવી.

"સઘળાં કાર્યોમાં તેમનો હમ્મેશાં ઉદાસીનભાવ જોવામાં આવે છે; છતાં આપણા કલ્યાણના કાર્યમાં પણ તેમનો આવો વ્યવહાર હોય એ અત્યંત ખેદનો જ વિષય કહેવાય. તેઓ માત્ર રાજસત્તા ચલાવવામાં જ સઘળું સુખ સમજે છે; પરંતુ કોનું રાજ્ય કોના હાથમાં છે એ સંબંધી તેઓ બિલકુલ વિચાર કરતા નથી. આમ હોવાથી તેમના સંબંધી આપે જે કલ્પના પ્રકટ કરી છે એ સત્ય હોય એમ જ મ્હને લાગે છે." પૃથ્વીસિંહે જ્યેષ્ઠ ભ્રાતાના વિચારને મળતાપણું દર્શાવ્યું.

"હશે, તેમને આપણે શું કરીએ ? ગમે તેમ તો પણ તે આપણા ભાઇ છે—આપણે એક માતાપિતાને પુત્રો છીએ. વળી આપણી ગુપ્ત હકીકત જો તેમણે જાલિમસિંહને જણાવી દીધી હશે તો તેઓ આપણું રાજનૈતિક પડયંત્ર વિફળ કરવાનો પ્રયત્ન કર્યા સિવાય રહેશે નહિ." કિશોરસિંહે કહ્યું.

"જો એ સઘળી ગુપ્ત હકીકત જાલિમસિંહના જાણવામાં આવી હોય તો તેના વ્યવહારપરથી તે આપણને માલૂમ પડયા સિવાય રહેત નહિ; છતાં આપણે આ વિષયમાં અત્યંત સાવધાનતા રાખવાની જરૂર છે. વિષણુસિંહ એટલી સીમા સુધી આપણાથી વિરુદ્ધાચરણ આચરે એ તો મ્હને સર્વથા અસંભવિત લાગે છે; છતાં તેમની અસાવધાનતાનો ઘણો ભય આપણા મનમાં રહે છે."

ત્યાર પછી મૃદુહાસ્ય કરી ન્હાના ભાઇના મ્હોં તરફ જોઇ રહીને કિશોરસિંહે કહ્યું:—"તમે વિવિધ સ્થળોએ ફરી રાજાઓ અને યુવરાજો પાસે સહાયતા માગો છો; તેથી કહો જોઇએ કે, તમે ઝાલોર ગયા હતા કે નહિ ?"

"ઝાલોર શા માટે જઉં ? ઝાલોરરાજ સાથે જે વાતચિત થઇ છે એ હું આપને જણાવી શક્યો છું. વળી તેઓ કેદમાં પડેલા હોવાથી આ પ્રસંગે કેવી રીતે યુદ્ધમાં ઉતરી આપણને સહાયતા કરી શકે ?" પૃથ્વીસિંહે ઉત્તર આપ્યો.

કિશોરસિંહે પુનઃ મૃદુ હાસ્ય કરીને કહ્યું:—"પ્રસંગ આવ્યે અવન્તીરાવ યુદ્ધમાં ભાગ લેશે જ એવી મ્હને આશા રહે છે."

"શાથી આપને આવી આશા રહે છે. વળી આપ મૃદુ હાસ્ય સહિત આ હકીકત કહેતા હોવાથી એમાં કાંઇ ગુઢ રહસ્ય હોય એવો મ્હને ભાસ થાય છે છે !" પૃથ્વીસિંહે કહ્યું.

"હા ગૂઢ રહસ્ય છે જ."

"એવું શું રહસ્ય છે તે કૃપા કરી મ્હને જણાવશો કે ?"

"રાજમહાલયમાં તમે કાંઇ જાણી શક્યા નથી ?"

"ના–કાંઇ જાણી શક્યો નથી."

"બ્હેન પદ્માવતીએ અવન્તીરાવના રૂપગુણથી વિમોહિત બની જઇ તેમની સાથે જ વિવાહિતા થવાનો પોતાના મન સાથે દૃઢ સંકલ્પ કર્યો છે."

"આ હકીકત આપ કેવી રીતે જાણી શક્યા ?"

"તમારાં ભાભીના કહેવાથી. તેમણે અવન્તીરાવ સાથે બ્હેન પદ્માવતીનો સત્વર વિવાહ કરી નાખવાનો પણ મ્હને આગ્રહ કર્યો છે."

"આપે એ વિષયમાં સંમતિ દર્શાવી છે કે ? એ વિષયનો

થોડો ઘણો આભાસ મ્હને મળ્યો હતો; પરંતુ એ વિષય અસંભવનીય લાગવાથી મ્હેં એને મ્હારા અંતરમાં સ્થાન આપ્યું નહોતું."

"એ સમયે સંમતિ દર્શાવવી યોગ્ય નહિ લાગ્યાથી તમારાં ભાભીનાં વચનો કિંવા આગ્રહ તરફ મ્હેં લક્ષ્ય આપ્યું નથી."

"આપને આ વિષય યોગ્ય કેમ ન લાગ્યો ?"

"જુઓ સાંભળો, અવન્તીરાવ જાલિમસિંહની કેદમાં હોવાથી તેમનું જીવન બચશે કે કેમ એ એક શંકાયુક્ત પ્રશ્ન છે. વળી તેમને ગુન્હેગાર ઠરાવવા માટે ગરધનદાસ ઘણો પ્રયત્ન કરે છે. જો તેઓ અપરાધી ઠરશે તો અવશ્ય તેમનો શિરચ્છેદ થશે. આવી સ્થિતિમાં તેમની સાથે ભગિનીનો વિવાહ કરવો એ યોગ્ય છે કે ?"

"આપનો વિચાર યથાર્થ છે. આપે જે કર્યું છે તે યોગ્ય જ કર્યું છે. તે દિવસે ગંભીર રાત્રે મ્હેં કારાગૃહમાં પ્રવેશ કર્યો ત્યારે અવન્તીરાવ નિદ્રાધીન હતા. નિદ્રિત અવસ્થામાં તેમના મુખમાંથી પદ્માવતી બ્હેનના નામનો ઉચ્ચાર થયેલો હું સાંભળી શક્યો હતો. એ સમયે હું એ વિષયનું રહસ્ય સમજી શક્યો નહોતો. હવે જ યથાર્થ હકીકત હું સમજી શક્યો."

"યુદ્ધમાં શું થાય છે એ જોવાની પ્રથમ જરૂર છે; પછીથી ત્રણે ભાઇઓ મળી આપણે આ વિષયનો વિચાર કરીશું."

આટલી વાતચિત થયા પછી કિશોરસિંહ સ્નેહાતિશયથી પૃથ્વીસિંહને આલિંગન કરી પોતાનું કાર્ય બજાવવાને ચાલ્યો ગયો.

બીજી તરફ કિશોરસિંહના સરદારોએ કોટાથી ઉત્તર પ્રદેશ સુધી પોત પોતાના કુટુંબીઓ પાસે મહારાવ તીર્થયાત્રાએ ગયા છે એવા સમાચાર જાહિર કર્યા, તથા તેમનું યોગ્ય સંમાન કરવાની પણ સર્વને ભલામણ કરી. વળી કિશોરસિંહ ઉત્તર પ્રદેશમાં જે જે સ્થળોએ

ગયો તે તે સ્થળોના સરદારોએ તેને યથોચિત આદરસત્કાર આપી, તેનું યોગ્ય સંમાન કર્યું.

વૃન્દાવનમાં રાધાકૃષ્ણનાં દર્શન કરી કિશોરસિંહ મથુરામાં ઉપસ્થિત થયો. ત્યાંથી તે દિલ્હી ગયો એટલે ઘણા શક્તિસંપન્ન માણસોએ તેનો પક્ષ સ્વીકાર્યો. ત્યાર પછી તે કોટા તરફ પાછો ફર્યો. તે જે જે પ્રદેશમાં થઇને કોટા પાછો જવા લાગ્યો તે તે પ્રદેશના રાજાઓને મળી તેણે એમ કહ્યું:—"આપના જેવા શુભાકાંક્ષી મિત્રમંડળની સંમતિથી રાજસિંહાસન પુનઃ પ્રાપ્ત કરવાને હું કોટા જાઉં છું. આપ અધર્મના પંઝામાં ભાગ્ય યોગે સપડાયલા ધર્મ પક્ષનો ઉદ્ધાર કરવાની અભિલાષા રાખતા હો તો સત્વર મ્હારા પક્ષમાં જોડાઇ જજો."

કિશોરસિંહના ધર્મરક્ષણના આમંત્રણથી ઘણાખરા રાજાઓએ જાલિમસિંહના પક્ષનો ત્યાગ કરી, કિશોરસિંહનો પક્ષ સ્વીકાર્યો. પાછીથી કિશોરસિંહે તેમને જણાવ્યું કે, "બંધુ સમાન સ્નેહીઓ, વિવાદ કરવાની કિંવા યુદ્ધવિગ્રહથી શોણિતસરિતા વહેવડાવવાની મ્હારી ઇચ્છા નથી. ન્યાય અને ધર્મતઃ મ્હારો જે હક્ક છે તે પ્રાપ્ત કરવાની જ મ્હારી ઇચ્છા છે."

કિશોરસિંહ કોટા જઇ પહોંચ્યો એટલે તેને બ્રિટિશ એજન્ટનો ઉત્તર મળ્યો. તેમાં એમ લખેલું હતું કે:—"અમે આપનો બન્ને પક્ષનો વિવાદ મટાડવાનો બનતો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ કોઇ પણ રીતે ફત્તેહમંદ થઇ શકતાં નથી. વૃદ્ધ જાલિમસિંહજી કિંવા આપ કોઇ પણ રીતે નમ્ર થાઓ એમ લાગતું નથી. બન્ને પક્ષ જો પોતાનો આગ્રહ ચાલૂ જ રાખશે તો તેથી ઘણું અકલ્યાણ થવાની સંભાવના છે. અમે બન્ને પક્ષને યુદ્ધ વિગ્રહાદિ શોણિતપાતથી દૂર

રાખવાની જ ઇચ્છા રાખીએ છીએ, અને આ વિષયમાં અમને એ ઘણી સારી સલાહ હોય એમ જ લાગે છે. આપ પરસ્પરના ન્યાયાધિકારનો સ્વીકાર કરશો અને ભૂતકાળની ભૂલો પુનઃ નહિ કરવાનો નિર્ણય કરશો તો નિષ્પક્ષપાતભાવથી આ વિષયનો નિર્ણય કરવાનું અમારાથી બની શકશે."

પ્રકરણ ૨૦ મું.

પૃથ્વીસિંહ અને ગજસિંહનો મેળાપ.

પંચમી તિથિએ વિષ્ણુસિંહ પોતાના પરિવારની સાથે કોટા જનાર છે એવું ચોક્કસ જાણવામાં આવતાં ગજસિંહ અલકાસુંદરીની સાથે ગાડીમાં બેસી રાત્રિના સમયે એ રસ્તેથી જ જતો હતો. ઝાલોરથી થોડા ગાઉ જતાં જ જાલિમસિંહના કેટલાક સૈનિકો સાથે તેમનો મેળાપ થયો. એ સૈનિકોમાંથી કેટલાકે તેને રમણી સાથે માર્ગક્રમણ કરતો જોઇને કહ્યું કે, "તેઓ રાજકુમાર વિષ્ણુસિંહજી હશે." કેટલાકે આ વાકય તરફ લક્ષ નહિ આપતાં ગજસિંહને તેનો પરિચય પૂછયો. ગજસિંહને કોઇ વિદ્રોહી યુવરાજ ધારી કેટલાક સૈનિકોએ કોલાહલ કરી મૂકયો. કોઇ તો સેનાપતિને આ સમાચાર જણાવવા માટે દોડી ગયો. કોઇ ગજસિંહની ગાડીના અશ્વનો દોર પકડી રાખી તેની ગતિને અટકાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એવામાં બીજી એક ગાડીમાં એક રમણી સાથે બેઠેલા બે વીર પુરુષો એ સ્થળે આવી પહોંચ્યા. તેમને જોતાંની સાથે જ ઓળખી જઇને સૈનિકોએ ઘણું માન આપ્યું, તથા કોઇ એક વિદ્રોહી યુવરાજ પકડાયો છે એવા સમાચાર પણ તેમણે તેમને જણાવી દીધા.

બીજી ગાડીમાં વિષણુસિંહ પોતાની સહધર્મિણી અને કનિષ્ઠ ભ્રાતા પૃથ્વીસિંહ સાથે બેઠેલો હતો. પૃથ્વીસિંહ પ્રથમથી જ જાલિમસિંહનો વિરોધી હતો. વિદ્રોહી યુવરાજ પકડાયો છે એવા સમાચાર સાંભળી પૃથ્વીસિંહ ગાડીમાંથી નીચે ઉતરી ગજસિંહની ગાડી પાસે ગયો. ગજસિંહને જોતાંની સાથે જ તે ઓળખી ગયો. ગજસિંહે ગાડીમાંથી નીચે ઉતરી પૃથ્વીસિંહને યથોચિત માન આપ્યું. પછી પૃથ્વીસિંહની આજ્ઞા થવાથી સૈનિકો યથાસ્થળે ચાલ્યા ગયા. વિષણુસિંહ પણ પોતાની સહધર્મિણી સાથે ગાડીમાં જ બેસીને એ સ્થાનનો ત્યાગ કરી ચાલ્યો ગયો.

કુશળવર્ત્તમાનાદિ પૂછ્યા પછી પૃથ્વીસિંહે પૂછ્યું:—"ભાઈ ગજસિંહજી! હું તો એમ જાણું છું કે, હજી સૂધી તમારો વિવાહ થયો નથી; છતાં આ જે નવયુવતી આવા રાત્રિના સમયે તમારી સાથે આવે છે તે કોણ છે?"

"ભાઇ! મ્હારો વિવાહ થયો નથી એ સત્ય છે; પરંતુ હવે થોડા કાળમાં જ વિવાહ થઇ જશે." ગજસિંહે કહ્યું.

"છતાં આ નવયુવતીનો પરિચય કૃપા કરીને આપશો કે?"

"એમની સાથે જ હું વિવાહ કરવાનો છું. તેઓ ઝાલોરરાજનન્દિની અલકાસુંદરી છે."

"તમે આ શું કહો છો? ઝાલોરરાજનન્દિની તો કેદી થઇ પડેલાં છે! ઘણા પહેરેગીરોની દેખરેખ નીચે તેઓ ઝાલોર દુર્ગમાં જ છે."

"તમારું કહેવું ખરું છે; પરંતુ ઝાલોરના દુર્ગમાંથી તેમનો ઉદ્ધાર કરી તેમને હું મ્હારી સાથે લઇ આવ્યો છું."

"પરંતુ ઝાલોર દુર્ગમાં જાલિમસિંહનો પુત્ર ગરધનદાસ છે તેનો પરાભવ તમે કેવી રીતે કર્યો?"

"એ પાપિષ્ઠના પાપાચારનું હું તમારી પાસે કેટલું વર્ણન કરૂં ? એ નરપિશાચે કેટલાક યુવરાજોને ઉત્સાહિત કરી જાલિમસિંહની વિરુદ્ધ એક ષડયંત્ર ઉત્પન્ન કર્યું હતું. પછીથી વિશ્વાસઘાતકતા કરીને યુવરાજોને તથા અલકાસુંદરીના પિતા ભ્રાતાને, શત્રુને સ્વાધીન કરી તે પલાયન કરી ગયો હતો. હમણાં કોઇ કૌશલ કરી તેણે જાલિમસિંહનો વિશ્વાસ પ્રાપ્ત કરી, ઝાલોર દુર્ગપર દેખરેખ રાખવાનો પરવાનો મેળવી આ અલકાસુંદરીને પોતાની સહધર્મિણી બનાવવાનો પ્રયાસ કરવા માંડયો હતો. અલકાસુંદરીએ જ્યારે તેનો, એક વિશ્વાસઘાતક દાસીપુત્ર તરીકે તિરસ્કાર કર્યો ત્યારે તે તેમને ભય દર્શાવીને પોતાને વશ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પછીથી મ્હેં એ નિષ્ઠુર નરાધમના અત્યાચારમાંથી અલકાસુંદરીનો ઉદ્ધાર કર્યો છે. હવે જો હું એમના પિતા ભ્રાતાનો ઉદ્ધાર કરી શકીશ તો મ્હારો મનોરથ સફળ થશે, અને અલકાસુંદરીને પણ અપાર આનંદ થશે."

"અલકાસુંદરીના દર્શનથી તથા તેમનો ઉદ્ધાર થયાના સમાચાર સાંભળવામાં આવ્યાથી હું અતિ આનંદિત થયો છે. આ મરૂભૂમિની મોહિની તમારી સહધર્મિણી થશે એવું જાણી હું વિશેષ આનંદિત થાઉં છું. એમના પિતા ભ્રાતાને મુક્ત કરવાનો ઉપાય પછીથી હું તમને જણાવીશ. પહેલાં તમે કહો જોઇએ કે, ગરધનદાસની દુરાકાંક્ષા તમે કેવી રીતે જાણી શકયા, તથા શા ઉદ્દેશથી તમે ઝાલોર દુર્ગમાં ઉપસ્થિત થયા હતા ?"

"કાર્યવશાત્ હું દિલ્હી ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં અમ્રતન પાસે આવેલા એક પાન્થનિવાસમાં ગરધનદાસ સાથે મ્હારું આકસ્મિક મિલન થયું હતું. મ્હારી સાથે આ અલકાસુંદરીનો પ્રથમ વિવાહસંબંધ થવાનો હતો, પરંતુ પછીથી એકાએક ષડયંત્ર ઉપસ્થિત

થવાથી એ કાર્ય મુલતવી રહ્યું. રાજનન્દિની અલકાસુંદરીનું પ્રત્યક્ષ દર્શન કરવાની અભિલાષાથી હું અગ્રવનના માર્ગેથી આવતો હતો. ગરધનદાસ પાસેથી એમનો પરિચય મેળવી, ષડયંત્રના સમાચાર જાણી તેમનો ઉદ્ધાર કરવાના દૃઢ નિશ્ચયથી હું ઝાલોર ગયો. ઝાલોર જઇ પહોંચવામાં મ્હને ત્રણ ચાર દિવસનો વિલંબ થયો હતો. જે રાત્રે મ્હેં ઝાલોર દુર્ગમાં પ્રવેશ કર્યો તે જ રાત્રે કલાકેક પછી ગરધનદાસ, દુર્ગપર દેખરેખ રાખવાના અધિકારનો, જાલિમસિંહની સહીનો પરવાનો લઇ પંદર સશસ્ત્ર સૈનિકો સહ આવી પહોંચ્યો." આમ કહી અલકાસુંદરીના ઉદ્ધારાર્થે ગજસિંહે જે જે પ્રયત્નો કર્યા હતા તે તેણે પૃથ્વીસિંહ સમક્ષ વર્ણવ્યા. એ વર્ણન સાંભળી રહ્યા પછી પ્રફુલ્લ મુખે પૃથ્વીસિંહે કહ્યું:–"સ્વભાવતઃ દાસીપુત્રની બુદ્ધિ પ્રબળા હોય છે. તમે જાલિમસિંહના દાસીપુત્ર ગરધનદાસની આંખોમાં ધૂળ નાખી આ યુવતીરત્નનો ઉદ્ધાર કર્યો છે તેથી હું અત્યંત સંતુષ્ટ થયો છું; પરંતુ સાવધાન! હવે એ તમારા વૈરનો બદલો લેવાનો પ્રયત્ન અવશ્ય કરશે જ. જ્યાં સૂધી તમે એ ભયંકર ફણિધરનો વિનાશ નહિ કરી નાખો ત્યાં સૂધી નિશ્ચિંત થઇ શકશો નહિ. હવે ગરધનદાસ અલકાસુંદરીના પિતા તથા ભ્રાતાનો સંહાર કરી નાખવાનો પ્રયત્ન પણ જરૂર કરશે જ. હમણાં જાલિમસિંહ કોટામાં નથી. આવતી ત્રયોદશીના દિવસે તે કોટામાં આવનાર છે. એ સમયે ગરધનદાસ તેની અનુમતિ મેળવી મધુરાવ અને અવન્તીરાવના જીવનનો નાશ કરશે."

"ભાઇ પૃથ્વીસિંહ! હું તમારી પાસે આશ્રય માગું છું. જે ઉપાયથી ગરધનદાસનો વિનાશ તથા મધુરાવ અને અવન્તીરાવનો ઉદ્ધાર થઇ શકે તેમ હોય એ ઉપાય મ્હને જણાવો. જો મ્હને ત-

મારી સહાયતા નહિ મળે તો મ્હારું સઘળું કાર્ય વિફળ થઇ જશે. મ્હારું ભાગ્ય મ્હારાપર સુપ્રસન્ન હોવાથી અત્યારે તમારી સાથે મ્હારું મિલન થયું છે."

"દ્વંદ્વ યુદ્ધમાં ગરધનદાસનો વિનાશ કરવાની જરૂર છે; નહિ તો અવકાશ મળતાંજ તે મધુરાવ અને અવન્તીરાવનું ખૂન કરશે; છતાં મ્હને એમ લાગે છે કે, જાલિમસિંહની ગેરહાજરીમાં તો તે આવું કાર્ય કરવાનું સાહસ નહિ જ કરી શકે."

"ન કેમ કરી શકે ? મ્હેં એમ સાંભળ્યું છે કે, જાલિમસિંહ પોતાના પુત્ર કરતાં પણ ગરધનદાસને વિશેષ વ્હાય છે."

"વ્હાય છે એ સત્ય છે; પરંતુ જાલિમસિંહનો સ્વભાવ એટલો બધો ક્રોધી છે કે ગરધનદાસ એવું સાહસ નહિ જ કરી શકે. વળી હું પણ દુર્ગમાંજ રહું છું. જાલિમસિંહની ગેરહાજરીમાં ગરધનદાસના હાથે એવો માઠો બનાવ ન બને તેની હું ચોક્કસ સંભાળ રાખીશ; પરંતુ જાલિમસિંહના કોટા આવ્યા પછી તે કદાચ તેની અનુમતિ મેળવી શકે તો પછી હું એકલો તો શું પરંતુ અમે ત્રણે ભાઇઓ મળીને પણ મધુરાવ કે અવન્તીરાવને બચાવી શકીએ નહિ."

"તમે મ્હને તેની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાને કહો છો; પરંતુ કયા સ્થળે હું તેને મળી શકીશ ?"

"જુઓ સાંભળો, જાલિમસિંહ માત્ર રાજપ્રતિનિધિ છે. મ્હારા પિતાજી પોતાના પરલોકવાસ સમયે, જાલિમસિંહજીને કાર્યદક્ષ સમજી રાજપ્રતિનિધિ કરી ગયા હતા. એ સમયે મ્હોટાભાઇ કિશોરસિંહ રાજકાર્યની સંભાળ રાખવાને યોગ્ય નહોતા. હમણાં તેમણે રાજ્યપ્રાપ્તિના આશયથી, જાલિમસિંહનો પાસેનો સઘળો રાજ્યકારભાર પોતાને મળે એવો બ્રિટિશ એજન્ટ મહોદયને એક રિપોર્ટ કરેલો છે.

જાલિમસિંહે તેમની ખુશામદ કરીને તથા તેમને ઉંધુ ચતું સમજાવીને તેમના અંતરમાં એવો ભ્રમ ઉપજાવ્યો છે કે, ન્યાયપરાયણ બ્રિટિશ એજન્ટ તેમની મુલાકાત થયા સિવાય રિપોર્ટનો ઉત્તર આપવાના નથી. આવી રીતે વિલંબ થતો હોવાથી પોતાના રિપોર્ટપર બ્રિટિશ એજન્ટ ધ્યાન આપવાના નથી એમ વિચારી મ્હોટાભાઇ કિશોરસિંહ યુદ્ધની તૈયારી કરી રહ્યા છે; તેથી હું તમને એવી સલાહ આપું છું કે, ત્રયોદશીના દિવસે જાલિમસિંહ કોટા દુર્ગમાં આવે કે તરત જ તમે તમારા સૈન્યસહ એ દિવસે રાત્રે કોટા દુર્ગને ઘેરી લેજો. પછીથી ગુપ્તદૂત મારફત સમાચાર પહોંચાડશો એટલે તમને અમારી મદદ મળશે. એ રાત્રે દ્વંદ્વ યુદ્ધમાં જો તમે ગરધનદાસનો સંહાર કરી નાખશો તો પછી તે મધુરાવ તથા અવન્તીરાવનું ખૂન કરી શકશે નહિ. આથી તમારું કાર્ય સિદ્ધ થશે અને અમારો રાજ્યપ્રાપ્તિનો માર્ગ સ્વચ્છ થશે."

પછી ગજસિંહ અને પૃથ્વીસિંહ એકબીજાની વિદાય લઇ છુટા પડયા.

પ્રકરણ ૨૧ મું.

ક્રોધાગ્નિમાં ઘૃતાહુતિ.

उपकारिणी विश्रब्धे शुद्धमतौ यः समाचरति पापम्।
तं जनमसत्यसंधं भगवति वसुधे कथं वहसि ॥

(ભાવાર્થ—ઉપકારી, વિશ્વાસી અને શુદ્ધ બુદ્ધિવાળા પુરુષ ઉપર જે પાપ આચરે છે તેવા ખોટી પ્રતિજ્ઞાવાળા માણસને હે ભગવતિ પૃથિવિ! તું કેમ વહન કરે છે?)

પાછળ અમે જણાવી ચુક્યા છીએ કે, ગજસિંહ જ્યારે ગરધનદાસ અને તેનો અનુચરોનું ભયંકર અગ્નિમાંથી રક્ષણ કરી અલકાસુંદરી સાથે ગાડીમાં બેસી ચાલ્યા જવાની તૈયારી કરતો હતો ત્યારે ગરધનદાસે શુદ્ધિમાં આવી તેને જોયો હતો. સૂતાં સૂતાં મસ્તક ઉંચુ કરીને તેણે ગાડી તરફ જોયું હતું; પરંતુ એ સમયે તેનામાં ઉઠીને ઉભા થવા જેટલી શક્તિ નહિ હોવાથી ગજસિંહના પલાયનકાર્યમાં તે બાધા કરી શક્યો નહોતો. ગજસિંહની ગાડી ચાલી ગઈ એટલે અત્યંત તૃષાતુર બની જઇ 'પાણી–પાણી' કહીને ગરધનદાસ બોલવા લાગ્યો. તેની સાથેના જે બે પહેરેગીરોએ ગજસિંહના ભયથી સળગતા દુર્ગમાંથી પોતાના સહચરોને બ્હાર આણ્યા હતા તેઓમાંનો એક જણ ઝરણામાંથી જળ લઈ આવ્યો. જળપાન કરીને ગરધનદાસ કિંચિત્ સ્વસ્થ થયો. પછીથી તેણે ઉઠી ઉભા થઇ પોતાની તથા પોતાના અનુચરોની પરિસ્થિતિ જોઇને કહ્યું:–"સમશેરસિંહ! આ બધા આવી હાલતમાં કેમ પડી રહ્યા છે? મ્હને ગજસિંહે અંધકારગૃહમાં કેદ કરી દીધો હતો; પરંતુ એ સમયે તમે સર્વ ક્યાં હતા અને શું કરતા હતા? જો તમે પ્રયત્ન કર્યો હોત તો એ સમયે મ્હને મુક્ત ન કરી શકત કે? શું બન્યું હતું તે મ્હને સત્વર કહે?"

સમશેરસિંહે નમ્રતાપૂર્વક કહ્યું:–"મહારાજ! અમારાથી છુપી રીતે ભાંગમાં કોઈ માદક વસ્તુ મેળવી દેવામાં આવી હતી, તથા એ ભાંગ અમને સર્વને પાવામાં આવી હતી. ભાંગ પીધા પછી દશ પંદર મિનિટ થઇ હશે એવામાં જ અમે સર્વે બેશુદ્ધ બની ગયા. એ સમયે રસિકલાલે ગજસિંહને મુક્ત કર્યો હોય એમ લાગે છે. પછીથી ગજસિંહ અને શિવરામે નગ્ન તલ્વાર હાથમાં લઈ આવી અમારાપર આક્રમણ કર્યું."

ગરધનદાસે આ વચનો સાંભળી ક્રોધાંધ બની જઇને કહ્યું:– " તેઓ બે જણા હતા અને તમે પણ બે જણા હતા; છતાં મ્હને અપાર ક્રોધ એટલા માટે જ ઉપજે છે કે, એ બન્ને જણાએ તમને એવા તે કયા મોહમંત્રથી મુગ્ધ બનાવી દીધા કે, તમે કોઇ પણ પ્રકારનો ભયદર્શક અવાજ સુદ્ધાં કરી શક્યા નહિ ?"

સમશેરસિંહે ભયથી કંપતાં કંપતાં કહ્યું:–" હુજુર ! અમે પણ ભાંગ પીધેલી હતી; છતાં બીજાઓ કરતાં ઓછી ભાંગ અમારા પીવામાં આવેલી હોવાથી જ અમે તદ્દન બેહોશ બની ગયા નહોતા; છતાં અમારા મસ્તકમાં વિક્રિયા ચાલૂ થઇ ગઈ હતી—અમારી આંખોએ વારંવાર જાણે કે અંધકાર ફરી વળતો હતો, નહિ તો એ શયતાનો અમારા મ્હોંમાં ડુચા મારી, અમારા હાથ પગ બાંધે તે પૂર્વે જ અમે એમને અમારી શક્તિનો બરાબર પરિચય કરાવ્યો હોત."

" ઓફ્ ! શું એ શયતાનોએ તમારાં મ્હોં ડુચા મારીને બંધ કરી દીધાં હતાં ? હં, એમ કર્યા પછી અલકાસુંદરીનો ઉદ્ધાર કરી, મ્હને અંધકારગૃહમાં કેદ કરી રાખીને તેઓ ચાલ્યા ગયા, કેમ ?" ગરધનદાસ ગરજી ઉઠયો.

" હા, હુજુર ! શિવરામ, રસિકલાલ અને મંગળા એ ત્રણે જણાં ઘણાં બદમાશ છે. તેઓ આપણને બાળી નાખવાના હેતુથી જ દુર્ગમાં અગ્નિ સળગાવી ચાલ્યાં ગયાં હતાં. પછીથી ગજસિંહે દૂરથી અગ્નિ સળગી ઉઠેલો જોઇ, અંતરમાં દયા ઉપજવાથી આપણા ઉદ્ધારાર્થે અત્રે પુનરાગમન કર્યું હોય એમ જ લાગે છે. પ્રથમ તો તે આપનું જ રક્ષણ કરી આપને બ્હાર મૂકી આવ્યો. પછીથી અમારી બન્નેની પાસે આવી, અમારા હાથ પગનાં બંધનો કાપી નાખી અમારી પાસે જ તેણે આપણા માણસોને દુર્ગમાંથી બ્હાર કઢાવ્યા અને સર્વનું

રક્ષણ થયા પછી અલકાસુંદરીની સાથે તે અહીંથી પુનઃ ચાલ્યો ગયો.” સમશેરસિંહે કહ્યું.

આટલી વાતચિત થઇ હતી એવામાં અંધકારગૃહના જે ભાગમાંથી અગ્નિ સળગી ઉઠયો હતો એ વિકટ ધ્વનિ સાથે જમીનદોસ્ત થઇ ગયો. ગરધનદાસ અને બન્ને પહેરેગીરો ભયભીત બની જઇ થોડે દૂર જઇને ઉભા રહ્યાઃ હવે કોઈ પણ સ્થળે અગ્નિકોપ નહિ જોવામાં આવ્યાથી એક પહેરેગીરને બેહોશ બની ગયેલા સૈનિકો પાસે રાખી સમશેરસિંહને સાથે લઇ ગરધનદાસ ત્યાંથી ચાલી નીકળ્યો. તેણે પોતાના મનમાં એમ વિચાર્યું કે, ગજસિંહ અલકાસુંદરી સાથે પલાયન કરી ગયેલો હોવા છતાં માર્ગમાં તે જાલિમસિંહના સિપાહીઓના પંઝામાં અવશ્ય કેદ પકડાશે. ગજસિંહ કે અલકા નિર્વિઘ્ને પલાયન કરી શકશે નહિ આમ વિચારી જો કદાચ ગજસિંહ પુનઃ નજરે પડે તો તેના જીવનનો નાશ કરી નાખી અલકાસુંદરીને પુનઃ બંદિની બનાવવાના વિચારથી જ દુર્ગનો ત્યાગ કરી ગરધનદાસ ગજસિંહની શોધમાં ચાલ્યો ગયો.

આ સમયે ગરધનદાસને એવો વિચાર સૂઝયો નહિ કે, ઝાલોરથી કોટા સુધી પગે ચાલીને જવામાં આવશે તો રાત્રિનો અવશિષ્ટ સમય પસાર થઇ જશે. ક્રોધાધીન બની જઇ ગજસિંહને કેદ પકડી તેનો શિરચ્છેદ કરવાની ઉત્તેજનામાં જ તે માર્ગક્રમણ કરવા લાગ્યો. થોડે દૂર ગયા પછી રસ્તામાં એક અશ્વ ચરતો તેની નજરે પડયો અશ્વવરે ગરધનદાસને જોતાં જ ખોંખારો કરી તેને સંમાન આપ્યું. ગરધનદાસે પોતાના અશ્વને ઓળખી જઇ તે કેવી રીતે અત્રે આવી ચઢયો હશે એ સંબંધી તેણે સમશેરસિંહને પૂછ્યું. ઘોડાના મ્હોંમાં લગામ જોઇને સમશેરસિંહે ઉત્તર આપ્યોઃ—“ હુજુર ! મ્હને તો એમજ લાગે છે કે,

રસિકલાલે ઘોડાને લઇ જવાનો વિચાર કર્યો હશે; પરંતુ પાછળથી પોતાનો વિચાર અહિતકર જણાયાથી તે, ઘોડાને અત્રે જ રાખીને ચાલ્યો ગયો હશે."

આ ઉત્તર સાંભળી ગરધનદાસે સમશેરસિંહને એવી આજ્ઞા કરી કે, "સમશેરસિંહ! તું દુર્ગમાં પાછો જઇ, અશ્વશાળામાંથી એક તેજી અશ્વ પસંદ કરી, તેનાપર સવાર થઇ મ્હારી પાછળ પાછળ આવજે હું આ અશ્વપર બેસી ગજસિંહની શોધમાં જાઉં છું."

તરતજ સમશેરસિંહ દુર્ગ તરફ પાછો ફર્યો અને ગરધનદાસ અશ્વપર બેસી કોટા તરફ વિદાય થયો. કોટાની સરહદમાં જઇ પહોંચતાં જ ઘોડેસવારોના એક ટોળાએ આવી તેને ઘેરી લીધો. એ સઘળા ઘોડેસવારો ગરધનદાસને ઓળખતા હતા, તેથી તેઓ તેને જોતાંની સાથે જ યોગ્ય માન આપી ચાલ્યા જવાની તૈયારી કરવા લાગ્યા એટલે ગરધનદાસે અધીરતાથી વીરસિંહ નામના એક ઘોડેસવારને સંબોધીને પૂછ્યું:—"આ રસ્તેથી કોઇ યુવક યુવતીને ગાડીમાં બેસીને જતાં તમે જોયાં છે કે?"

"હા મહારાજ! અમે તેમને આગળ વધતાં અટકાવી કોટા લઇ જવાને તૈયાર થયા હતા. અમે તેમને ઘેરી લીધાં ત્યારે એ યુવક રાજકુમાર વિષ્ણુસિંહ તરીકે પોતાનો પરિચય આપી પલાયન કરી જવાનો પ્રયત્ન કરતો હતો. મ્હેં મ્હારા ઘોડાપરથી ઉતરી પડી તેની ગાડીના ઘોડાનો દોર પકડી રાખીને જોયું તો તે વિષ્ણુસિંહ નહોતા એવી મ્હારી ખાત્રી થઇ. તે સાથે જ સૈનિકોમાં ગંભીર કોલાહલ ઉત્પન્ન થયો. તેમને સાથે લઇ અમે કોટા જવાને તૈયાર થયા એવામાં રાજકુમાર વિષ્ણુસિંહજી પોતાના કુટુંબ અને પૃથ્વીસિંહજી સાથે બીજી એક ગાડીમાં બેસી અમારી પાસે આવી પહોંચ્યા. પૃથ્વીસિંહજીએ

પેલા યુવકનું દર્શન કરતાંજ ગાડીમાંથી ઉતરી પડી તેને ઘણું માન આપ્યું. વિષ્ણુસિંહજી વિશેષ સમય સુધી નહિ રોકાતાં કુટુંબસહ કોટા ચાલ્યા ગયા; પરંતુ એ યુવકની સાથે પૃથ્વીસિંહજીએ ઘણા સમય સુધી વાતચિત કરી. પછીથી બન્ને એક બીજાની વિદાય લઇ યથાસ્થાને ચાલ્યા ગયા." વિરસિંહે ઉત્તર આપ્યો.

"એમની કશી વાતચિત તમારા સાંભળવામાં આવી છે કે ?" વિચારમાં પડી જઇને ગરધનદાસે પૃછયું.

"ના હુજુર ! એમણે પ્રથમથી જ અમને વિદાય કરી દીધા હતા." ઉત્તર મળ્યો.

પછી સર્વને વિદાય કરી ગરધનદાસ કોટા ગયો. પૃથ્વીસિંહની સાથે ગજસિંહની મુલાકાત, ઉભયે એક બીજાને પુષ્કળ માન આપવું, બન્ને જણાએ એક બીજાની સાથે ઘણા સમય સુધી ગુપ્ત વાતચિત કરવી એ સઘળું મલૂમ પડતાં જ ગરધનદાસના હૃદયમાં પ્રતિહિંસાનો દારુણ દાવાનળ સળગી ઉઠયો. પૃથ્વીસિંહની સાથે મુલાકાત થતાં જ દ્વંદ્વયુદ્ધ કરી તેના પ્રાણનો વિનાશ કરવાનો તેણે વિચાર કર્યો. તે સાથે જ મધુરાવ અને અવન્તીરાવનો શિરચ્છેદ કરી તેમનાં મસ્તક જશલમીરમાં અલકાસુંદરીને મોકલી આપવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો.

જ્યારે કોટામાં ગરધનદાસે પ્રવેશ કર્યો ત્યારે તેનું અંતર અત્યંત ઉત્તેજિત બની ગયું હતું. ઘોડાપરથી ઉતરી દુર્ગમાં જતાં જતાં પ્રથમ કારાગૃહમાં જઇ મધુરાવ અને અવન્તીરાવનો શિરચ્છેદ કરી નાખવાની તેણે કલ્પના કરી; પરંતુ પિતાનું સ્મરણ થતાં જ તે પોતાની કલ્પનાનુસાર વર્તી શક્યો નહિ. તેણે વિચાર્યું:-"પિતૃદેવની અનુમતિ સિવાય કોઇ કાર્ય કરી તેમના ક્રોધનો ભોગ થઇ પડવામાં કલ્યાણ નથી. એક વખત હું તેમના કોપનો ભોગ થઇ પડી દેશ-

માંથી બહિષ્કૃત થયો હતો. હવે પ્રત્યેક કાર્ય તેમની અનુમતિ લઇને કરવામાં જ આવ્યાનુ છે. તેમનો મ્હારાપર ઘણો પ્રેમ છે. તેમની અનુમતિથી જ હું ઝાલોર દુર્ગની દેખરેખ રાખવાને ગયો હતો. મધુરાવ અને અવન્તીરાવને મ્હારા કહેવાથી જ કેદ કરવામાં આવ્યા છે. હવે જો પિતાજીને હું એમ કહીશ કે, મધુરાવ અને અવન્તીરાવના અપરાધનાં જે પ્રમાણો—કેટલાક પત્રો—મળી આવ્યાં હતાં તે પ્રમાણો અલકાસુંદરીના ઉપપતિના હાથે નાશ પામ્યાં છે, તથા અલકાસુંદરી તેની સાથે ઝાલોરના દુર્ગમાંથી પલાયન કરી ગઇ છે. આવી હકીકત જાણવામાં આવતાં જ મ્હારાં વચનોપર વિશ્વાસ મૂકીને તેઓ તેમનો શિરચ્છેદ કરવાની અનુમતિ અવશ્ય આપશે જ.” આવો વિચાર કરી ગરધનદાસ પોતાના વિશ્રામગૃહમાં જઇ શય્યાવશ થયો.

મધ્યાન્હકાળે ગરધનદાસ શય્યાનો ત્યાગ કરી, સ્નાનાદિથી નિવૃત્ત થઇ ભોજન કરી લઇ પુનઃ વિશ્રામગૃહમાં જઇને સુઇ ગયો. આગલા દિવસે ઉપવાસ કરવો પડેલો હોવાથી તથા અત્યંત શ્રમ વેઠવો પડેલો હોવાથી ગરધનદાસ ઘણો અશક્ત બની ગયો હતો. દ્વિપ્રહરની નિદ્રા લઇ પછી તે પિતૃદેવની શોધ કરવા ગયો; પરંતુ તે દિવસે જાલિમસિંહ કોટામાં નહિ હોવાથી તે ઘણો દુઃખિત થયો. તે કાર્યવશાત્ અન્યત્ર ગયો હતો. ગરધનદાસે એવું સાંભળ્યું કે, ત્રયોદશીના દિવસે જાલિમસિંહ કોટામાં પાછો આવનાર છે; તેથી રાજમહાલયમાં પૃથ્વીસિંહ પાસે જ રહેવું અહિતકર વિચારી તે પણ અન્ય સ્થળે ચાલ્યો ગયો. ત્રયોદશીના દિવસે કોટા આવી પિતૃદેવની મુલાકાત લઇ પોતાનો હેતુ પાર ઉતારવાનો તેણે પોતાના મનમાં નિર્ણય કરી લીધો.

પ્રકરણ ૨૨ મું.

શયનગૃહમાં પ્રિયતમ પ્રિયતમા.

सखि सांहजिकं प्रेम दूरादपि विराजते ।
चकोरीनयनद्वन्द्वमानन्दयति चन्द्रमाः ॥

(**ભાવાર્થઃ**—હે સખિ! જે સ્વાભાવિક પ્રેમ છે તે દૂરથી પણ જણાઇ આવે છે; ચંદ્ર જો કે દૂર રહ્યો છે તોપણ ચકોર પક્ષીની સ્ત્રીનાં નેત્રયુગલને આનન્દ પમાડે છે.)

ઉષઃકાળની જ્યોતિ પૂર્વાકાશમાં વિસ્તારિત થઇને જ્યારે અરુણુ-દેવના આગમનનું સૂચન કરવા લાગી, મધુર પંખીઓ પ્રભાતકાળનું કર્ણપ્રિય સંગીત ગાવા લાગ્યાં ત્યારે આપણો કથાનાયક ગજસિંહ અલકાસુંદરીની સાથે જશલમીર જઇ પહોંચ્યો. બન્ને બાજૂએ મ્હોટાં મ્હોટાં મકાનો આવેલાં હોઇ વચ્ચેના રાજમાર્ગપરથી ગંભીર અવાજ કરતી ઘોડાગાડી ચાલી જતી હતી. પ્રભાતકાળ થવા આવેલું હોવાથી કુકડાઓ 'કૂ—કૂ' નો પોકાર કરવા લાગ્યા હતા. કોઇ કોઇ સ્થળે ઘંટીનો ગંભીર ધ્વનિ થતો સંભળાતો હતો. કૂળવધૂઓ લજ્જાવિનમ્ર બની જઇ નગર જાગ્રત થાય તે પહેલાં જ પાણી ભરી લેવાના કાર્યમાં પ્રવૃત્તા થયેલી જોવામાં આવતી હતી. મસજીદમાં મુલ્લાં બાંગ પોકારતો હતો. નિષ્ઠામાન્ બ્રાહ્મણો સ્નાનાદિથી નિવૃત્ત થઇ નિત્યપાઠના મંત્રો-ચ્ચાર કરતા હતા.

સમસ્ત રાત્રિનો ઉજાગરો હોવાથી અલકાસુંદરી ગજસિંહની પાસેજ મસ્તક ગોઠવી નિદ્રાધીના થઇ હતી; પરંતુ એવામાં કુકડાઓનો 'કૂ—કૂ' અવાજ સાંભળવામાં આવવાથી તે જાગ્રતા થઇ. તેણે ગાડીમાં

થી બ્હાર દૃષ્ટિ ફેરવી તો પોતે એક રમણીય રાજનગરમાં ઉપસ્થિત થઇ છે એમજ તેને લાગ્યું; એથી તેણે વિસ્મિત બની જઇને પૂછ્યું: "ગજસિંહજી! આ કયું મનોહર નગર છે?"

"અલકાસુંદરિ! આ જશલમીર છે. થોડે દૂર જઇશું એટલે રાજમહાલય આવશે." પ્રસન્નમુખે ગજસિંહે ઉત્તર આપ્યો.

જોત જોતાંમાં ગાડી રાજમાર્ગનો ત્યાગ કરી ઉંચા તોરણમાં થઇ એક ગગનચુંબિત મહાલયની આસપાસ આવેલા ઉદ્યાનમાં જઇ પહોંચી. ઉદ્યાનમાં આગળ વધી મહાલયનાં પગથીઆં પાસે જઇ પહોંચતાં જ ગજસિંહે દોર ખેંચી ઘોડા ઉભા રાખ્યા. ગાડી ઉભી રહેતાં જ પ્રથમ ગજસિંહ નીચે ઉતરી પડયો અને પછી તેણે અલકાસુંદરીને તેનો કોમળ કર પકડી નીચે ઉતારી. બન્ને જણાંએ પગથીઆં ચઢી રાજમહાલયમાં પ્રવેશ કર્યો એટલે નોકરોએ ઘણા જ માનથી તેમનો ઉભયનો સત્કાર કર્યો.

ગજસિંહ એક રૂપસુંદરી સાથે રાજમહાલયમાં આવી પહોંચ્યો છે એવા સમાચાર રાજ અંતઃપુરમાં જઇ પહોંચતાં જ શંખ અને વાદ્યધ્વનિથી સમસ્ત રાજમહાલય ગાજી ઉઠયો. એ ધ્વનિ સાંભળી ગજસિંહ અને અલકાસુંદરીએ અત્યંત લજ્જિત બની જઇ ત્વરાથી અંદર પ્રવેશ કર્યો; તથા સર્વને મંગળધ્વનિ નહિ કરવાનું સૂચવી પોતાના સકળ વૃત્તાંતનું તેણે વર્ણન કર્યું. સઘળી હકીકત સાંભળી ગજસિંહની મમતામયી માતાએ પ્રસન્નતાપૂર્વક ભાવી પુત્રવધૂને પોતાની પાસે બેસાડી તેના મ્હોંપર ચુંબન કર્યું. ભાવી પુત્રવધૂની પરમ રમણીય કાન્તિ જોઇ ગજસિંહની માતાનું અંતર આનંદઘેલું બની ગયું; કિન્તુ તેણે જ્યારે એમ સાંભળ્યું કે, અલકાસુંદરીના પિતા અને ભ્રાતા કોટાધિપતિની કેદમાં છે, તથા ગજસિંહ તેમનો ઉદ્ધાર કરવા જનાર છે ત્યારે તે ભયથી વિહ્વળા બની ગઇ.

રાણો મૂળરાજસિંહ નિદ્રિત હતો. તે ઘણો સાહસિક અને બહાદુર વીરનર હતો. એકાએક રાજમહાલયમાં મંગળધ્વનિ થતો સાંભળીને તે જાગ્રત થયો. શા માટે મંગળવાદ્ય વાગે છે એ જાણવા માટે તે ઘણો અધીર બની ગયો. એવામાં રાણી તેની પાસે ઉપસ્થિત થઇ એટલે તેણે પૂછ્યું:-" આવા પ્રભાત સમયે આવાં મંગળવાદ્ય શા હેતુથી વગાડવામાં આવ્યાં છે ? "

" આપણો ગજસિંહ એક **મરૂભૂમિની મોહિની**સહ આવી પહોંચ્યો છે. એ નવયુવતી અત્યંત રૂપવતી છે. પહેલાં અમે એમ ધાર્યું હતું કે, ગજસિંહ તેની સાથે વિવાહ કરીને જ તેને અત્રે લઇ આવ્યો છે. ચાકરોએ પણ પ્રથમ અમારી પાસે આવીને એવા સમાચાર કહી સંભળાવ્યા હતા." રાણીએ ઉત્તર આપ્યો.

" વારુ, પછી ? " પ્રફુલ્લ મુખે મૂળરાજે પૂછ્યું.

" પછી અમે એમ સાંભળ્યું કે, હજી સુધી ગજસિંહે વિવાહ કર્યો નથી. ઝાલોરરાજનન્દિની અલકાસુંદરી વિશ્વાસઘાતક શત્રુના સપાટામાં ફસાઇ પડી ઝાલોર દુર્ગમાં જ પોતાનો સમય પસાર કરતી હતી. ગજસિંહ તેનો સંકટમાંથી ઉદ્ધાર કરી તેને અત્રે લઇ આવ્યો છે. અહા ! એ કન્યા તેના નામ પ્રમાણે જ પરમા સુંદરી છે. જો એની સાથે ગજસિંહનો વિવાહ થશે તો સુવર્ણમાં સુગંધિ ભળ્યા જેવું થશે." રાણીએ કહ્યું.

" પહેલાં એની સાથે જ ગજસિંહનો વિવાહ કરવાની વાત ચાલતી હતી; પરંતુ પાછળથી કશો ગરબડાટ થતાં એ વાત બંધ પડી ગઇ હતી."

" હા ખરું છે. ગજસિંહના કહેવાથી હું એવું જાણી શકી છું કે, ત્યાર પછી એક ષડયંત્ર થયું હતું, અને તેથી જ રાજકુમારી

અલકાસુંદરીના પિતા અને ભ્રાતા કોટારાજના કેદી થઇ પડયા છે. જો તમે કદાચ તેમને મુક્ત કરો તો રાજકુમારીનું અંતર આનંદિત થાય. હમણાં તો તે પિતા ભ્રાતાની ચિંતાથી શોકવિહ્વળા બની ગયેલી જ જોવામાં આવે છે."

મૂળરાજસિંહે પ્રાતઃકૃત્યાદિ કરી નાખીને સભાગૃહમાં જઇ એક પત્ર લખી, દૂત મારફત જાલિમસિંહ તરફ રવાના કર્યો, તથા તેણે દૂતને પ્રત્યુત્તર લઇ આવવાની આજ્ઞા કરી.

પછીથી મૂળરાજે પોતાના વિશ્રામગૃહમાં જઇ રાણીને ત્યાં બેસી રહેલી જોઇને કહ્યું:—" દૂત મારફત જાલિમસિંહ તરફ પત્ર મોકલાવ્યો છે. જો મ્હારો પત્ર વાંચીને ઝાલોરરાજ તથા તેમના પુત્રને મુક્ત નહિ કરવામાં આવે તો ગજસિંહ જાલિમસિંહ વિરુદ્ધ યુદ્ધ કરવા નીકળશે." આમ કહીને ગજસિંહને પોતાની પાસે મોકલવાની તેણે રાણીને આજ્ઞા કરી; પરંતુ એ આજ્ઞા બજાવવાની તકલીફ રાણીને ઉઠાવવી પડી નહિ. ગજસિંહ પોતે જ પ્રાતઃક્રિયાદિથી પરવારી પિતૃચરણમાં પ્રણામ કરવાને આવ્યો.

ગજસિંહ પિતૃચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને એક બાજૂએ ઉભો રહ્યો એટલે મૂળરાજે તેને પૂછ્યું:–" ગજસિંહ ! આ સુંદરીને, વિવાહ કરવાની ઇચ્છાથી જ તું અત્રે લઇ આવ્યો છે કે ? "

ગજસિંહે લજ્જાથી નમ્ર બની ગયેલા સ્વરે ઉત્તર આપ્યો:– " આ કન્યાની સાથે જ મ્હારો વિવાહ સંબંધ નક્કી થતો હતો. પછીથી દિલ્હીથી પાછા ફરતી વખતે હું જ આ રૂપસુંદરીનો ઉદ્ધાર કરી તેમને મ્હારી સાથે તેડી લાવ્યો છું. હવે હું આપની આજ્ઞાનુસાર વર્તવાને તૈયાર છું."

" અલકાસુંદરીની પરિસ્થિતિના સમાચાર તું કેવી રીતે જાણી શક્યો ? " મૂળરાજે પૂછ્યું.

આ પ્રશ્નના ઉત્તરમાં ગજસિંહે, અગ્રવન પાસે આવેલા પાન્થનિવાસમાં ગરધનદાસે સાથે થયેલી પોતાની મુલાકાત અને વાતચિત વગેરેનું યથાર્થ વર્ણન પિતાને નિવેદન કર્યું. પછીથી તે બોલ્યો:— "ઝાલોરથી અત્રે આવતાં પૃથ્વીસિંહ સાથે માર્ગમાં જ મ્હારી મુલાકાત થઇ હતી. તેમણે મ્હને એમ કહ્યું કે, ગરધનદાસ પોતાના વૈરનો બદલો લેવા માટે ઝાલોરરાજ મધુરાવ અને તેમના પુત્ર અવન્તીરાવનું ખૂન અવશ્ય કરશે જ; તેથી જો તેમનો ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય તો તમે આગામી ત્રયોદશીના દિવસે રાત્રિના સમયે પાંચ હજાર સૈનિકોસહ કોટા દુર્ગને ઘેરી લેજો તથા દ્વંદ્વ યુદ્ધમાં ગરધનદાસનો સંહાર કરી નાખજો. આમ કરવાથી તેમને આપણે મદદ કરી ગણાશે અને આપણો ઉદ્દેશ પણ સફળ થશે."

"ત્રયોદશીની રાત્રે જ કોટા દુર્ગને ઘેરી લેવા કેમ કહ્યું છે, તથા તેથી તેમને શી મદદ મળે તેમ છે?" વિચારમગ્ન બની જઇને મૂળરાજે પૂછ્યું.

જાલિમસિંહ માત્ર રાજપ્રતિનિધિ છે. કિશોરસિંહે પોતાનું રાજ્ય પોતાને સ્વાધીન કરવાનો બ્રિટિશ એજન્ટને રિપોર્ટ કર્યો છે. તેમના દ્વારા આ વિષયનો કશો નિકાલ થાય એમ લાગતું નથી; તેથી યુદ્ધ થયા સિવાય રહેવાનું નથી. ત્રયોદશીના દિવસે જાલિમસિંહનું કોટામાં પુનરાગમન થનાર છે. હમણાં તે અન્ય સ્થળે ગયેલા છે; તેથી જ ત્રયોદશીના દિવસે રાત્રે કોટા દુર્ગને ઘેરો ઘાલવાની પૃથ્વીસિંહે મ્હને સૂચના કરેલી છે." ગજસિંહે ઉત્તર આપ્યો.

"પરંતુ એ રાત્રે દુર્ગને ઘેરો ઘાલવાથી ગરધનદાસ સાથે ત્હારો મેળાપ કેવી રીતે થશે?" મૂળરાજે પૂછ્યું.

"પૃથ્વીસિંહે મ્હને એમ કહ્યું છે કે, ત્રયોદશીની રાત્રે દુર્ગને

ઘેરો ઘાલ્યા પછી ગુપ્તદૂત દ્વારા ખબર આપશો એટલે હું તમને સહાયતા કરીશ." ગજસિંહે ઉત્તર આપ્યો.

આ ઉત્તર સાંભળી મૂળરાજે કહ્યું:—" એ ઘણી ઉત્તમ વાર્તા છે. હવે મ્હારી સલાહ એવી છે કે, હમણાં જ અલકાસુંદરી સાથે તું ત્હારો વિવાહ થઇ જવા દે; તેથી ઝાલોરરાજ ત્હારા શ્વસુર થશે. તું પછીથી ત્હારા શ્વસુરનું રક્ષણ કરવા જઇશ તો અંગ્રેજ સરકાર આપણાપર વિશેષ ગંભીર દોષ મૂકી શકશે નહિ, અને વિવાહ કર્યા સિવાય તું આ કાર્યોદ્ધારાર્થે જઇશ તો આપણી ગણના વિદ્રોહીઓમાં જ થશે."

" આપની ઇચ્છાનુસાર વર્તવા હું પ્રતિ પળે તૈયાર છું." ગજસિંહે સંમતિ દર્શાવી.

" હું એમ પૂછું છું કે, આ વિષયમાં રાજકુમારી નારાજી તો નહિ દર્શાવેને ? ત્હારે તેની સાથે કશી વાતચિત થઇ છે ? " મૂળરાજે પૂછ્યું.

" એમાં રાજી નારાજી જેવું શું છે ? આપના મતાનુસાર વર્તવામાં જ સર્વનું શ્રેય છે." લજ્જિત બની જઇ ગજસિંહે કહ્યું.

" આજે રાત્રે જ વિવાહ કરી નાખવામાં આવશે. શુભસ્ય શીઘ્રં " મૂળરાજ બોલ્યો.

પુનઃ પિતાના ચરણોમાં પ્રણામ કરીને ગજસિંહ એ સ્થળેથી બ્હાર નીકળી પડયો, અને ઝાલોરરાજનન્દિની અલકાસુંદરીને એકાંતમાં મળવાની મહત્વાકાંક્ષાથી તે પોતાના શયનગૃહમાં ગયો. આ સમયે તેણે અલકાસુંદરીને પોતાના શયનગૃહમાં જ એક મૂલ્યવાન્ પલંગમાં નિદ્રાસુખ અનુભવતી જોઈ.

ઝાલોર દુર્ગમાં ગજસિંહ પોતાને તૃપ્તિ થાય ત્યાં સુધી અલકાસુંદરીના સ્વરૂપસૌન્દર્યનું દર્શન કરવાનો સુયોગ મેળવી શક્યો નહોતો. એ દિવસે તે તેનું રાત્રિના સમયે જ દર્શન કરી શક્યો હતો; પરંતુ

રૂપપસંદગીનું એ દર્શન નહોતું; છતાં પ્રથમ દર્શને જ તે અલકાસુંદરીને અલૌકિક રૂપસુંદરી તરીકે ઓળખી શક્યો હતો. હમણાં એ નિદ્રિતા બાળાનું વદનકમળ જોઈ તે મોહિત બની ગયો. આ સમયે તેના મુખમાંથી એવા ઉદ્દગાર સાહજિક જ નીકળ્યા કે,

अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररुहै:
अनाविद्धं रत्नं मधु नवमनास्वादितरसम् ।
अखण्डं पुण्यानां फलमिव च तद्रूपमनघम
नजाने भोक्तारं कमिह समुपस्थास्यति विधि: ॥*

તેમજ,

वासश्चित्रं मधु नयनयोर्विभ्रमादेशदक्षं
पुष्पोद्भेदं सह किसलयैर्भूषणानां विकल्पम् ।
लाक्षारागं चरणकमलन्यासयोग्यं च यस्या–
मेक: सूते सकलमबलामण्डनं कल्पवृक्ष: ॥×–१

* "અણસુંઘ્યું ફુલ, નખવડે પણ અણચુંટી કળી, અણવીંધ્યું રત્ન, અણચાખ્યું નવું મધ, ખંડિત થવા ન માંડેલું પુણ્યોનું ફળ; એ સર્વના જેવું ડાઘ વગરનું આનું રૂપ છે; તેને ભોગવવા કીયા ભોગવનારને વિધાતા મોકલશે એની મ્હને સમજણ પડતી નથી."

કવિ कालिदासकृत शाकुंतल.

× ૧ मेघदूत.

ચીર નવરંગી મધુ નયનને નૃત્ય શિખવ્યે નિપુણ,
ફૂલ્યાં ફૂલડાં, ફૂટતી કુંપળો, ભૂષણો ભાત ભાત;
ને અળતોયે પદકમળને રંગવા; એમ ત્હાં તો,
સૌ શણગારે સુરતરૂ સજે એકલું સુન્દરીને.

—ન્હાનાલાલ.

नूनं तस्याः प्रबल रुदितोच्छूननेत्रं प्रियाया
निःश्वासानाम शिशिरतया भिन्नवर्णाधरोष्ठम्–
हस्तन्यस्तं मुखमसकलव्यक्ति लम्बालकत्वा–
दिन्दोर्दैन्यं त्वदनुसरणक्लिष्टकान्तेर्बिभर्त्ति ॥ * २

ગજસિંહે ઘણા સમય સુધી અલકાસુંદરીના સૌન્દર્યસુધાનું પાન કર્યું; પરંતુ તેને તૃપ્તિ થઇ નહિ. જ્યાં સુધી આવી કુસુમમાળા પોતાના કંઠમાં પહેરી શકાય નહિ ત્યાં સુધી તેને પોતાનું જીવન વ્યર્થ લાગવા માંડયું. હમણાં તે અલકાસુંદરીને શુભવિવાહના સમાચાર જણાવવાને આવ્યો હતો. આજે રાત્રે જ વિવાહ હતો. અલકાસુંદરી કોઇ પણ પ્રકારનો અનુચિત તર્ક વિતર્ક ન કરે એટલા માટે જ ગજસિંહ પ્રથમથી જ તેને આ સમાચાર જણાવવાની ઇચ્છાથી આવ્યો હતો. અલકાસુંદરી બાલ્યાવસ્થાથી સ્વાધીનમાં ઉછરેલી હોવા છતાં તેનું ચારિત્ર્ય નિર્દોષ અને મનોમુગ્ધકર હતું; કિન્તુ તેની સંમતિ સિવાય કોઇ કાર્ય કરી તેને અસંતુષ્ટ કરવાની ગજસિંહની બિલકુલ ઇચ્છા નહોતી; છતાં આ સમયે એ રતિસ્વરૂપિણી, રંભા, મેનકા અને ઉર્વશી સમાન સૌન્દર્યલતિકા નિદ્રાધીના થઇ ગઇ હતી. ગજસિંહ એને કેવી રીતે જાગ્રત કરે? ઇચ્છા હોય છે ત્યાં ઉપાય

* ૨ મેઘદૂત.

નિશ્વાસોની ઉન્હી કુણકથી હોઠના રંગ બદલ્યા,
નેત્રો સૂજ્યાં પ્રબળ રૂદને, એવું ઢાળેલું હાથે;
છુટી અલકે અધૂરૂં દીસતું, મુખ ખરે તે પ્રિયાનું,
કાન્તિઝાંખા તું મહીં સરતા ચન્દ્રનું દૈન્ય ધારે.
—ન્હાનાલાલ.

પણ અવશ્ય હોય છે જ. ગજસિંહે ધીમે ધીમે પલંગ પાસે જઇ એ લજ્જાવતી લલનાના તેજોમય કપોળપ્રદેશપર એક ચુમ્બન કર્યું. આ ચુમ્બનનો સ્પર્શ થતાં જ નવયૌવના નિદ્રામાંથી જાગ્રત થઇ અને પોતાની પાસે જ પ્રિયતમને ઉભો રહેલો જોઇ તે શર્માઇ ગઈ. ગજસિંહના મુખમાંથી સ્વાભાવિક રીતે જ નિમ્નલિખિત શ્લોક ઉચ્ચારાયો:—

पीनस्तनी चन्दनचर्चितांगी
विलोलनेत्रा तरुणी सुशीला ।
नालिंगता प्रेमभरेण येन
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥§

ગજસિંહે અલકાસુંદરીને ઉદ્દેશીને કહ્યું:—"આજે જ આપણો શુભવિવાહ સંપાદિત થઇ જશે."

"આપ આ શું કહો છો? આટલા ટૂંક સમયમાં જ આપ સઘળી હકીકત ભૂલી ગયા કે? હમણાં વિવાહાદિ કાર્યમાં લિપ્ત થશો અને એ સમય દરમ્યાન દુષ્ટાત્મા ગદધનદાસ જો પિતા ભ્રાતાનું ખૂન કરી નાખશે તો?" અલકાસુંદરીએ કહ્યું,

"તેનાથી એમ બની શકવાનું નથી. રાજકુમાર પૃથ્વીસિંહે મ્હને જે હકીકત કહી છે તે તમે પણ સાંભળી છે ને? હમણાં જાલિમસિંહ કોટામાં નથી. તેની અનુમતિ લીધા સિવાય ગદધન-

§ જે નારીના સ્તન (કુચ) ઘણા કઠિન છે તથા જેના શરીરમાં ચન્દનનો લેપ કર્યો છે, ચંચળ નેત્રોવાળી અને યુવાન, સુંદર સ્વભાવવાળી એવી જે સ્ત્રી છે તેને જે મનુષ્યે પ્રેમથી આલિંગન કર્યું નથી એ નરનું જીવન વૃથા જ ગયું છે. રંભાશુક સંવાદ.

દાસ તમારા પિતા તથા ભ્રાતાનું કશું અનિષ્ટ કરી શકશે નહિ." ગજસિંહે કહ્યું.

"ત્યારે આપ ક્યારે કોટા જશો ?" અલકાસુંદરીએ પૂછ્યું.

"આવતી ત્રયોદશીની રાત્રે સૈન્યસહ કોટા જઇ પહોંચીને હું દુર્ગને ઘેરી લઇશ. પછીથી ત્યાં પૃથ્વીસિંહની સહાયતા મેળવીને હું નરાધમ ગરધનદાસના પ્રાણનો વિનાશ કરીશ, અને તમારા પિતા ભ્રાતાનો ઉદ્ધાર કરીને અત્રે આવી પહોંચીશ." ગજસિંહે ઉત્તર આપ્યો.

"ભલે એમ કરજો; પરંતુ વિવાહકાર્ય માટે આટલી બધી ઉતાવળ કરવાની શી જરૂર છે ?" અલકાસુંદરીએ પૂછ્યું.

"જરૂર છે તેથી જ ઉતાવળ કરવામાં આવી છે. તમારા પિતા ભ્રાતા વિદ્રોહીઓ તરીકે કેદ પકડાયા છે; તેથી જો વિના કારણ તેમના ઉદ્ધારનો પ્રયત્ન કરવામાં આવશે તો અમને પણ દુશ્મનો તથા ન્યાયપરાયણ અંગ્રેજ સરકાર વિદ્રોહી જ સમજશે. એવું થાય તો અંગ્રેજ સરકાર આપણાથી વિરુદ્ધાચરણ આચરે એ બનવા જેવું છે; તેથી જો આપણો ઉભયનો વિવાહ થઇ જશે તો તમારા પિતા મ્હારા પરમ આત્મીય અર્થાત્ શ્વસુર થશે. શ્વસુરના ઉદ્ધારનો પ્રયત્ન કરવાથી અંગ્રેજ સરકાર અમને વિદ્રોહી તરીકે ગુન્હેગાર સમજશે નહિ." ગજસિંહે ઉત્તર આપ્યો.

આ યથોચિત પ્રસ્તાવ સાંભળી અલકાસુંદરી ચુપ થઇ ગઇ. '**मौनं संमति लक्षणं**' સમજી ગજસિંહે સ્નેહાતિશયથી અલકાસુંદરીને આલિંગન કર્યું, તથા તેના અધરોષ્ઠપર એક ચુંબન કરી તે એ શયનગૃહમાંથી ચાલ્યો ગયો.

પ્રકરણુ ૨૩ મું.

રત્નમાળા.

વિષ્ણુસિંહની આ રત્નમાળાએ કોટામાં આવતાંની સાથે જ જોયું કે, રાજ્યમાં મહાભયંકર **રાજનૈતિક ષડયંત્ર** ઉત્પન્ન થયું છે. કિશોરસિંહ અને પૃથ્વીસિંહે સ્વરાજ્યોદ્ધારનો દૃઢ સંકલ્પ કરેલો હોઇ તેઓ પોતાનો સંકલ્પ સફળ કરવાના પ્રયત્નો કરે છે; આમ છતાં વિષ્ણુસિંહ કોઇ પણ રીતે વિસ્મિત નહિ થતાં તથા પ્રયત્નશીલ નહિ થતાં નિશ્ચિંત બેસી રહ્યો હતો. આથી રત્નમાળાને ઘણું આશ્ચર્ય ઉપજ્યું. રાજ્યકાર્યમાં સ્વામીની આવી ઉદાસીનતા જોઇ તત્સંબંધી સ્વામીને કેટલીક હકીકત કહેવાનો સુયોગ તે શોધવા લાગી. વળી યમુના દેવીના મુખે તે પદ્માવતીનો સઘળો પ્રણયવ્યાપાર તથા તેની પરિસ્થિતિ જાણી શકેલી હોવાથી એ વિષય સંબંધી પતિ સાથે કેટલીક વાતચિત કરવાનો તેનો વિચાર હતો. આ સઘળી વાતચિત કરવાનો સુયોગ એક દિવસે રત્નમાળાને પ્રાપ્ત પણ થયો.

યથા સમયે પાચિકા (રસોઇયણ) વિષ્ણુસિંહની ભોજન સામગ્રી તેના શયનગૃહમાં મૂકી ગઇ. રત્નમાળાએ એક આસન તથા જળપાત્ર મૂક્યું. એવામાં વિષ્ણુસિંહ શયનગૃહમાં આવી પહોંચ્યો તથા ભોજનની સઘળી વ્યવસ્થા થઇ ગયેલી જોઇને તે ભોજન કરવા બેઠો. રત્નમાળાએ તેની પાસે જ બેસીને કહ્યું:—"સ્વામિન્ ! શ્વસુર મહાશયનું આ રાજ્ય તમને ત્રણે ભાઇઓને મળેલું છે; છતાં રાજ્યનો સઘળો અધિકાર હજી સૂધી તમે ત્રણે ભાઇઓમાંથી કોઇને મળેલો નથી. તમારા વડિલ બંધુ અને પૃથ્વીસિંહજી સ્વરાજ્યોદ્ધારાર્થે અત્યંત પરિશ્રમ વેઠે છે; પરંતુ તમે તો સર્વ પ્રકારે નિશ્ચિંત બેસી

રહ્યા હો એમ જ લાગે છે. તમારી આવી નિશ્ચિંતતાનું શું કારણ છે એ હું સમજી શકતી નથી. તમે શું તમારું ત્રીજા ભાગનું રાજ્ય બન્ને ભાઇઓને સમર્પણ કરી દેવાને ઇચ્છો છો ?"

"શા માટે હું મ્હારો ભાગ તેમને સમર્પણ કરી દઉં ?"

"ત્યારે તમે મૌનાવલંબન કરી કેમ બેસી રહ્યા છો ? તમે પણ સ્વરાજ્યોદ્ધારનો પ્રયત્ન કેમ કરતા નથી ?"

"જાલિમસિંહની સાથે યુદ્ધ કરવું મ્હને ઉચિત લાગતું નથી; તેથી જ હું મૌન ધારણ કરી બેસી રહ્યો છું."

"જાલિમસિંહ આપણા રાજ્યનો કર્તા હર્ત્તા અને ભાગ્ય વિધાતા બની ગયો છે; તેથી તેના હાથમાંથી પિતૃદત્ત રાજ્ય પુનઃ પોતાના હાથમાં લેવું એ શું તમારા જેવા શૂરવીર ક્ષત્રિયનું કર્ત્તવ્ય નથી કે ?"

"જાલિમસિંહ કાંઈ રાજ્યના કર્ત્તા હર્ત્તા અને ભાગ્ય વિધાતા નથી. તેઓ રાજ્યના એક નોકર છે. ઉલટું તેઓ રાજપ્રતિનિધિ હોવાથી, રાજ્યમાં અશાન્તિ ઉત્પન્ન થાય નહિ, પ્રજાજનો દુઃખી થાય નહિ, યુદ્ધમાં આ કોટા રાજ્યના શૌર્ય વીર્યને ઝાંખ લાગે નહિ વગેરે સર્વ પ્રકારની ગંભીર ચિંતા તેમને જ રાખવી પડે છે. તેથી રાજપ્રતિનિધિ હોય તો તેથી કશું નુકસાન છે એમ હું ધારતો નથી. મ્હારી ધારણા આવી હોવાથી જ હું વડિલ બંધુના પ્રયાસમાં ભળતો નથી."

"જો જાલિમસિંહનો કશો દોષ ન હોત તો તમારા વડિલ બંધુ શા માટે તેમનાથી વિરુદ્ધાચરણ આચરત ?"

"જેના અંતરમાં સંશયનો સંચાર થાય છે તેનું અંતર કદાપિ સ્વચ્છતા જોઇ શકતું નથી. વડિલ બંધુ પણ સંશયાધીન થઇ જાલિમસિંહને પોતાના શત્રુ સમજી—સઘળો રાજ્યકારભાર હસ્તગત

કરવાનો પ્રયત્ન કરે છે. હું તો જાલિમસિંહના જેવી પ્રભુભક્તિ બીજા કોઇ પણ પુરુષમાં જોતો નથી."

"ઠીક છે, એ વિષયની તમારી સાથે વિશેષ આલોચના મ્હારે કરવાની જરૂર નથી. છતાં મ્હારા મનમાં નિરંતર એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઉપજે છે કે, જ્યારે જાલિમસિંહ આવા પ્રભુભક્ત અને સુચતુર છે ત્યારે પછી તમારા વડિલબંધુ અને પૃથ્વીસિંહજી તેમનાથી વિરુદ્ધાચરણ કેમ આચરે છે?"

"જાલિમસિંહ ઘણા સારા માણસ છે. પ્રત્યેક અતિથિ તેમની પાસેથી યોગ્ય સત્કાર અને સંમાન મેળવે છે. વળી તેમની સાથે રાજસ્થાનના ઘણાખરા રાજાઓનો સ્નેહ સંબંધ છે. અંગ્રેજ સરકારની પણ તેમનાપર સંપૂર્ણ કૃપા છે. એમના જેવા રાજનીતિ-કુશળ પુરુષ વિશ્વસંસારમાં બીજા હોય એમ હું ધારતો નથી. એમના લીધે જ અમારી સાથે દુશ્મનાવટ કરવાનું સાહસ કોઇ કરી શકતું નથી. એટલું જ નહિ પણ જો બીજાં રાજ્યોમાં કાંઇ વિવાદ, વિગ્રહ કે પડયંત્ર થાય છે તો તેનું નિવારણ જાલિમસિંહજી કરે છે; આમ છતાં તેઓ વૃદ્ધ થયેલા હોવાથી પોતાના પુત્રને રાજપ્રતિનિધિ બનાવવાની ઇચ્છા રાખે છે; તેથી જ જ્યેષ્ઠ ભ્રાતાના અંતરમાં અપાર ક્રોધ ઉપજ્યો છે. વળી જો જાલિમસિંહજીનો પુત્ર પિતાના જેવો જ કર્ત્તવ્યપરાયણ અને ચતુર થાય તો પછી તેને રાજપ્રતિનિધિ થવા દેવામાં આપણને જ વિશેષ લાભ છે."

"ત્યારે તો આવા ઉપકારી રાજપ્રતિનિધિ વિરુદ્ધ યુદ્ધ કરવામાં આવે એ એક પ્રકારની કૃતઘ્નતા જ કહેવાય."

"એટલું જ નહિ; પરંતુ જાલિમસિંહજી જો પોતાનો અધિકાર છોડી દેશે તો રાજ્યમાં અશાન્તિનો વિસ્તાર થઇ જશે. અનેક રાજાઓ

અને યુવરાજો ઇર્ષ્યાવશ થઇ વડિલ બંધુનું અકલ્યાણ કરવાનો યત્ન આદરશે. હમણાં કોટા રાજ્યનો એક પણ શત્રુ નથી. સર્વની સાથે સદ્દભાવ સ્થાપિત થયેલો છે. ઉલટું રાજકીય સઘળી ઉપાધિ જાલિમ-સિંહને જ વેઠવી તથા દૂર કરવી પડે છે. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં જ્યેષ્ઠ ભ્રાતા અને પૃથ્વીસિંહના કાર્યમાં કોઇ પણ પ્રકારની બાધા કરવાની મ્હારી ઇચ્છા નથી."

"સઘળી હકીકત જાણ્યા સિવાય હું સત્યાસત્યનો નિર્ણય કરી શકી નહોતી. હું તો તમારો અપરાધ સમજીને જ તમારી નિન્દા કર્યા કરતી હતી. આ સંસારમાં એક પક્ષની હકીકત સાંભળી ન્યાયા-ન્યાયનો વિચાર કરવો જોઇએ નહિ. તમારા મુખે આ સઘળી હકીકત સાંભળવામાં આવ્યાથી મ્હારો વિચાર બદલાઇ ગયો છે. હશે, એ વિષય તરફ મ્હારે શા માટે વિશેષ ધ્યાન આપવું જોઇએ? હવે મ્હારે જે એક અગત્યની વાત તમને કહેવાની છે તે હું કહું છું; એ વાતપર તમે ધ્યાન આપશો કે?"

"તમે કષ્ટ વેઠીને બોલશો; છતાં તે ઉપર હું ધ્યાન ન આપું એ બનવા જેવું છે કે?"

"તમારાં ભગિની પદ્માવતીના વિવાહ સંબંધી હવે શું કરવું છે?"

"એમાં મ્હારે શું કરવાનું હતું? વડિલ બંધુને જેમ યોગ્ય લાગશે તેમ કરશે."

"ભાભી તો એમને એ વાત કહી કહીને થાકી ગયાં છે; પરંતુ તેઓ યુદ્ધ વિગ્રહની ખટપટમાં પડેલા હોવાથી એ તરફ ધ્યાન આપતા નથી."

"ત્યારે સઘળી ખટપટનો અંત આવીગયા પછી વિવાહ થશે."

"તમારે તો ઉત્તર આપી બેસી રહેવાનું છે; પરંતુ તમારાં ભગિનીની સ્થિતિ કેવી થઇ ગઇ છે એ તમે જાણો છો કે ?"

"તમારા આ વાક્યનો ઉદ્દેશ હું સમજી શકતો નથી."

"શું તમે કાંઇ જાણતા નથી ?"

"ના–કાંઇ જાણતો નથી."

"ઝાલોરના યુવરાજ અવન્તીરાવને જાલિમસિંહજીએ અત્રે કેદ કર્યા છે એ વિષય તો તમે જાણો જ છો. તેમનું જ્યારથી પદ્માવતી બ્હેને દર્શન કર્યું છે ત્યારથી જ તેમના અંતરમાં અનુરાગ ઉપજ્યો છે. હવે રાત્રિ દિવસ તેઓ અવન્તીરાવના જ વિચારો કર્યા કરે છે. ભાભી તેમને વિવિધ પ્રકારે સમજાવે છે; છતાં તેમનું વ્યથિત ચિત્ત શાન્ત થતું જ નથી."

"આ સઘળી હકીકત ભાભીએ મ્હોટા ભાઇને જણાવી છે કે ?"

"હા; પરંતુ તેમણે તો એમ કહ્યું છે કે, 'શું એક કેદી યુવરાજ સાથે હું મ્હારી ભગિનીનો વિવાહ કરું ? વળી એમનો શિરચ્છેદ કરવાનો ગરધનદાસે દૃઢ નિશ્ચય કર્યો છે. જાલિમસિંહનું કોટામાં આગમન થશે એટલે તે પોતાનો નિશ્ચય પાર ઉતાર્યા સિવાય રહેશે નહિ. આ પ્રકાર આપણે જાણતાં હોવા છતાં કેવી રીતે ભગિનીનો તેમની સાથે વિવાહ કરીએ ?' આમ કહીને આ વિષય તરફ તેમણે વિશેષ ધ્યાન આપ્યું નથી."

"જ્યેષ્ઠ ભ્રાતાનું કહેવું યથાર્થ છે; તમે કોઇ પદ્માવતી બ્હેનને આ વિષયમાં વિશેષ આશા દર્શાવશો નહિ. જો અવન્તીરાવ કદાચ કારાગૃહમાંથી મુક્ત થશે તો હું પદ્માવતી બ્હેનનો એમની સાથે વિવાહ થાય એવો પ્રયત્ન અવશ્ય કરીશ. અવન્તીરાવનો સ્વભાવ ઘણો ઉત્તમ છે."

"તેઓ કારાગૃહમાંથી મુક્ત થાય એવો સંભવ છે કે નહિ ?"

"હમણાં તો કશો સંભવ લાગતો નથી."

"ત્યારે છેવટે શું થશે ?"

"એ હમણાં કેવી રીતે કહી શકાય ?"

"તમે તો આવું બોલીને જ ચુપ રહો છો; પરંતુ રાજપૂત રમણીની પ્રતિજ્ઞા કેટલી બધી દૃઢ હોય છે. એ તમે ક્યાં નથી જાણતા ? રાજપૂત બાળા જેને એક વખત પોતાનું હૃદય સમર્પણ કરે છે તેનું જીવનપર્યંત ધ્યાન ધરે છે અને તેની જ ભક્તિ શ્રદ્ધા કર્યા કરે છે. એ જ એમનો યથાર્થ વિવાહ છે; નહિ તો તેઓ વૈધવ્યનું દારુણ દુ:ખ જીવનનો અંત આવતાં સુધી વેઠે છે. તમે અને તમારા ભાઇઓ ગમે એમ ધારતા હો; પરંતુ અંતઃપુરમાં પદ્માવતી બ્હેનનો આંતરિક વિવાહ સંપાદિત થઇ ગયો છે. મનનું લગ્ન તે જ સ્નેહલગ્ન છે. મનનું અને આત્માનું મિલન એ જ ખરૂં મિલન છે."

"ત્યારે હવે શું કરવું ?"

"જુઓ, તમે તો યુદ્ધ વિગ્રહાદિ વ્યવસાયમાં પ્રવૃત્ત થયેલા નથી; તેથી મ્હોટાં ભાભીની અને મ્હારી તમને એવી ભલામણ છે કે, આ સંબંધી તમે સત્વર કશો બંદોબસ્ત કરો."

"ઠીક છે."

આ સમયે વિષ્ણુસિંહ જમી રહ્યો એટલે તેની આજ્ઞા લઇ રત્નમાળા પણ જમવા માટે અંતઃપુરમાં ચાલી ગઈ.

પ્રકરણ ૨૪ મું.

હૃદયવિદારક નિરાશા.

સંધ્યાકાળ થતાંજ જશલમીરના રાજમહાલયમાં અસંખ્ય દીપકો સળગી ઉઠયા. હાંડીઓ, ઝુમ્મરો અને કાગળનાં બનેલા ફાનસોમાં પણ દીવાઓ સળગાવવામાં આવ્યા હતા. નિમંત્રિત પ્રતિષ્ઠિત માણસો સભામંડપમાં યોગ્યતાનુસાર આસનપર બેઠા હતા. એવામાં વાદ્યોનો મધુર ધ્વનિ થવા માંડયો. કામિનીઓના કોકિલ કંઠથી મંગળ ગીતો ગવાવા લાગ્યાં. સર્વત્ર આનંદના તરંગો જ ઉછળવા લાગ્યા, અને યથાસમયે આપણા કથાનાયક શૂરવીર ગજસિંહ સાથે ઝાલોરરાજનન્દિની અલકાસુંદરી અથવા **મરૂભૂમિની મોહિની**નો વિવાહ સંપાદિત થયો. ગજસિંહે ઘણો શ્રમ વેઠી અલકાસુંદરીનો પ્રાણહારક સંકટમાંથી ઉદ્ધાર કર્યો હતો. અલકાસુંદરીએ પણ ગજસિંહની સહાયતાથી ઘણા યુવરાજોના સંકટમય જીવનને સુરક્ષિત કર્યું હતું. આથી તેમનાં બન્નેનાં અંતરમાં એક બીજા પ્રતિ વિલક્ષણ અનુરાગ ઉત્પન્ન થયો હતો. એ અનુરાગથી આજે તેઓ પતિ પત્નીના સ્નેહમય –આનન્દમય અને સુખમય સુદૃઢ બંધનમાં બંધાયાં.

જ્યારે આ શુભ વિવાહ સંપાદિત થયાના સમાચાર નિષ્ઠુર નરપિશાચ ગરધનદાસના જાણવામાં આવ્યા ત્યારે તે તેના હૃદયમાં અત્યંત કષ્ટ અનુભવવા લાગ્યો. અલકાસુંદરી તેને ફસાવીને ગજસિંહ સાથે પલાયન કરી ગઇ તેથી તેણે તેના પિતા મધુરાવ અને ભ્રાતા અવન્તીરાવનો શિરચ્છેદ કરી તેમનાં મસ્તક અલકાસુંદરીને ભેટ તરીકે મોકલી પોતાના વૈરનો આવો ભયંકર બદલો લેવાનો નિશ્ચય કર્યો હતો એ પ્રકાર વાચકબંધુઓ જાણે છે જ.

ત્રયોદશીના દિવસે પ્રાતઃકાળે જ સ્નાનાહાર કરી લઇ ગરધનદાસ કોટાના દુર્ગમાં ઉપસ્થિત થયો. રાજમહાલયમાં પ્રવેશ કરતાં જ પૃથ્વીસિંહ સાથે તેનો મેળાપ થયો. પૃથ્વીસિંહે તેને અલકાસુંદરીના વિવાહના સમાચાર કહી સંભળાવ્યા. ગરધનદાસ 'હું જાણું છું.' એટલું જ માત્ર બોલી ક્રોધમગ્ન મુખે પોતાના વિશ્રામ સ્થળે ચાલ્યો ગયો. પિતા ક્યારે આવશે, મધુરાત્ર અને અવન્તીરાવનો શિરચ્છેદ કરવાની અનુમતિ ક્યારે મળશે એટલી જ ચિંતાએ તેના મસ્તકને ચિંતાશીલ બનાવી દીધું હતું.

બરાબર ચાર વાગ્યાના અરસામાં ચાર તેજી ઘોડાની ગાડીમાં બેસી જાલિમસિંહ દુર્ગમાં આવી પહોંચ્યો. પ્રથમ સભાગૃહમાં જઇ અરજીઓ અને આવેલા પત્રોના ઉત્તરો આપવામાં તે ગુંથાયો. જશલમીરના રાજા મૂળરાજસિંહનો દૂત પોતાના પત્રનો ઉત્તર મેળવવા માટે ત્રણ દિવસથી રાહ જોયા કરે છે એવું જ્યારે તેના સાંભળવામાં આવ્યું ત્યારે બીજા પત્રો બાજૂએ મૂકી તેણે મૂળરાજસિંહનો પત્ર પ્રથમ વાંચી જોયો. થોડા સમય સુધી સ્વગત કશો વિચાર કરી, ઉત્તર લખી તેણે દૂતને આપી દીધો. દૂત પ્રણામ કરી જશલમીર તરફ વિદાય થઇ ગયો.

સંધ્યાકાળ સુધી રાજ્યકાર્ય કરી જાલિમસિંહ પાછો પોતાના એકાન્તગૃહમાં જઈ વિશ્રામસુખ અનુભવવા લાગ્યો. આવા સમયે ગરધનદાસે પિતા પાસે જઇને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા. ગરધનદાસને કોટામાં પોતાની પાસે ઉપસ્થિત થયેલો જોઇ આશ્ચર્ય પામીને જાલિમસિંહે પૂછ્યું:—" તું અહીં ક્યારનો આવ્યો છે ? "

" હું પંચમીની મધ્યરાત્રિના અરસામાં જ અત્રે આવેલો છું. આપને માટે હું ઘણો વ્યાકુળ બની ગયો હતો." ગરધનદાસે ઉત્તર આપ્યો.

"ઝાલોરરાજનન્દિનીને અપરાધિની ઠરાવવાનું એકકે પ્રમાણ ઝાલોરના દુર્ગમાંથી નથી મળી આવ્યું કે?"

"પ્રમાણો તો અનેક મળી આવ્યાં હતાં."

"પ્રમાણો મળી આવ્યા છતાં તું એને સાથે તેડી નહિ લાવતાં એકલો જ આવ્યો છે?"

"હા જી, હું એકલો જ આવ્યો છું, અને અત્યાર સૂધીમાં મ્હારા માણસો પણ ચાલ્યા આવ્યા હોય એમ મ્હને લાગે છે."

આમ કહી નાટકીય—કૃત્રિમ અભિનય ભજવવાના ઉદ્દેશથી ગરધનદાસ રુદન કરવા લાગ્યો. જાલિમસિંહ તેના રુદનનું કારણ નહિં કળી શકાયાથી વિસ્મિત બની જઇને તે સંબંધી તેને વારંવાર પૂછવા લાગ્યો. ગરધનદાસ શો ઉતર આપે? તેની મૂર્ખતાથી જ, ગજસિંહ તેની મહત્વાકાંક્ષાને નિર્મૂળ કરી, અલકાસુંદરીનો ઉદ્ધાર કરી પલાયન કરી ગયો હતો. આ સમયે જો એ સઘળી હકીકત તે જાલિમસિંહને કહી સંભળાવે તો જાલિમસિંહ જ તેનો, મૂર્ખ અને નામર્દ કહીને તિરસ્કાર કરે તેમ હતો; તેથી કેવી રીતે પોતાની હકીકતની પ્રસ્તાવના કરવી તેનો તે કશો નિર્ણય કરી શકતો નહોતો. અંતે જાલિમસિંહના વારંવાર પૂછવાથી સઘળી હકીકત તેણે બ્હીતાં બ્હીતાં કહી સંભળાવીને, મધુરાવ તથા અવન્તીરાવનો શિરચ્છેદ કરી નાખવાની અનુમતિ માગી.

એ હકીકત સાંભળી જાલિમસિંહે કહ્યું:—"એવું શું પ્રમાણ મ્હને મળી આવ્યું છે કે જેથી હું તને મધુરાવ અને અવન્તીરાવનો શિરચ્છેદ કરવાની પરવાનગી આપી શકું? ત્હારી મૂર્ખતાથી જ ગજસિંહ અલકાસુંદરીનો ઉદ્ધાર કરી તેની સાથે જશલમીર પલાયન કરી જવાને સમર્થ થયો છે. ષડયંત્રવિષયક પત્રો મળી આવતાં જ જો

તે ત્હેં વિના વિઘ્ને મ્હને મોકલી આપ્યા હોત તો તે દેખાડીને ત્હારી સાથે અલકાસુંદરીનો વિવાહ કરવાની હું મધુરાવને ફરજે પાડત; પરંતુ ત્હેં તેમ કર્યું નથી. તું પોતે જ સ્વપ્રયત્નથી અલકાસુંદરીને મેળવવા લલચાયો હતો તેનું યોગ્ય પ્રતિફળ તને મળ્યું છે."

"પિતઃ! જે થવાનું હતું તે થઇ ગયું છે. હવે મ્હને આપ જેવી આજ્ઞા કરશો તે પ્રમાણે જ હું વર્તીશ. એ માટે જો કદાચ યુદ્ધ વિગ્રહ ઉપસ્થિત થશે તો તેમાં આગળ પડતો ભાગ હું પોતે જ લઇશ, તથા શત્રુઓના પ્રાણનો સંહાર કરવામાં કદાચ આ જીવ જશે તો તેની ચિંતા પણ હું રાખીશ નહિ."

"જે બનવાનું છે તે બની ગયું છે એમ બોલવાથી હવે કેમ ચાલશે? ત્હેં પ્રત્યેક કાર્યમાં ત્હારી બુદ્ધિહીનતાનો જ પરિચય કરાવ્યો છે. વીર પુરુષને યોગ્ય થઇ પડે એવું એક પણ કાર્ય ત્હેં કર્યું નથી. જ્યારે ગજસિંહે રવિમલ્લને મુષ્ટિપ્રહાર કર્યો ત્યારે શા વિચારથી ત્હેં મૌનાવલંબન કર્યું હતું? જો એ સમયે જ ત્હેં ત્હારા અનુચરોને બોલાવ્યા હોત તો એ અનુચરો તને સહાયતા કરી પોતાનો પ્રાણ આપવામાં પણ પાછી પ્હાની કરત નહિ. જો એમ થાત તો ત્હારી પાસેથી એ પત્રો ગજસિંહ બળાત્કારે લેવાનું સાહસ કરી શકત કે? વળી ગજસિંહને કેદ પકડીને તરત જ ત્હેં મ્હારા તરફ કેમ મોકલાવ્યો નહિ?" જાલિમસિંહે ક્રોધયુક્ત સ્વરે કહ્યું.

આ સમયે જાલિમસિંહના ક્રોધનો પાર રહ્યો નહોતો. તેની આંખોમાંથી જાણે કે, અગ્નિકણની જ વૃષ્ટિ થતી હતી. પિતાનો આવો ભાવાંતર ગરધનદાસ તત્કાળ સમજી ગયો. હવે તેને એમ જ લાગ્યું કે, 'પ્રણયભિક્ષુક થઇને ન્યાય કાર્ય તરફ તેણે દુર્લક્ષ કર્યું હતું.' આથી પોતાના દોષનું ક્ષાલન કરવાનો અન્ય કોઈ માર્ગ નહિ

સંજ્ઞાથી તેણે પુનઃ આક્રંદ કરવા માંડયું. આક્રંદ કરતાં કરતાં અશ્રુજળથી પિતાના ચરણો ધોઇને તેણે કહ્યું:-" પિતાજી ! હું આપને કરગરીને વિનવું છું કે, મ્હારા અપરાધની આપ પુનઃ ઉદારતાથી માફી આપો."

" હવે શી માફી આપવાની છે ? ત્હેં જે અપરાધ કર્યો છે એ અપરાધનું ફળ પણ તને મળી ગયું છે. જો ઝાલોર રાજનન્દિની સાથે ત્હારો વિવાહ થયો હોત તો ત્હારાં માન પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાત. તેમાંનું કાંઇ બન્યું નથી. પિતાનાં વચનોનું ઉલ્લંઘન એ જ ત્હારા પાપનું પ્રાયશ્ચિત્ત છે." જાલિમસિંહે અંતઃકરણનો ઉભરો બ્હાર કાઢયો.

" પિતઃ ' કૃપા કરીને આપ હવે મ્હારો વિશેષ તિરસ્કાર કરશો નહિ. જ્યારથી ગજસિંહ અલકાસુંદરીનો ઉદ્ધાર કરી તેની સાથે પલાયન કરી ગયો છે ત્યારથી મ્હારું હૃદય નિરાશ બની ગયું છે—મ્હારા દુઃખનો કિંવા સંતાપનો પાર રહ્યો નથી. મ્હારા હૃદયમાં એક સાથે જાણે કે, સેંકડો વૃશ્ચિકોએ દંશ દીધો હોય એવી જ દારુણ મર્મવેદના હું અનુભવું છું. પ્રતિહિંસા જ હવે મ્હારા હૃદયનો સાર થઇ છે. કોઇ પણ રીતે હું મ્હારા વૈરનો બદલો અવશ્ય લઇશ જ. આટલા માટે જ ઝાલોરરાજ મધુરાવ અને તેના પુત્ર અવન્તીરાવનો શિરચ્છેદ કરવાની આપની પાસે નમ્રતાપૂર્વક હું અનુમતિ માગું છું." ગરધનદાસે પણ પોતાની આંતર્વ્યથા શબ્દોદ્વારા પ્રકટ કરી.

" ગરધનદાસ ! આ તું અન્યાયી વચનો ઉચ્ચારે છે. હું જો કે રાજા બરાબર છું; છતાં પ્રમાણ સિવાય તને આવી અન્યાયયુક્ત અનુમતિ કેવી રીતે આપી શકું ? વળી મધુરાવ અને અવન્તીરાવનો શિરચ્છેદ થવાથી ત્હારી પ્રતિહિંસા લેવાની પ્રબળ વાસના કેવી રીતે શાન્ત થશે ? જે ગજસિંહે ત્હારી સઘળી ભાગ્યદેવીને ઉલટાવી નાખી

છે તેને કાંઇ નહિ કરતાં તું બન્દીઓના શિરચ્છેદની અનુમતિ માગે છે! હમણાં મ્હેં જયશલમીરાધિપતિ મૂળરાજસિંહના પત્રનો એવો ઉત્તર લખી મોકલ્યો છે કે, હજી સુધી ઝાલોરરાજના અપરાધનાં પ્રમાણ મળી આવ્યાં નથી. જો ગરધનદાસને તેમના અપરાધનું એક પણ પ્રમાણ ઝાલોરદુર્ગમાંથી નહિ મળી આવે તો તે અત્રે આવશે એટલે તેની ખબર મ્હને મળશે. પ્રમાણો નહિ મળી આવે તો હું તેમને કારાગૃહમાંથી અવશ્ય મુક્ત કરીશ."

"આપે તો ઠીક ઉત્તર આપ્યો છે કે, જો પ્રમાણ નહિ મળી આવે તો જ તેમને કારાગૃહમાંથી મુક્ત કરવામાં આવશે; પરંતુ મ્હારા આગમનથી પ્રમાણ પ્રાપ્ત થઇને જો તમે તેમના શિરચ્છેદની આજ્ઞા આપો તો એમાં શો દોષ છે? એ પત્રો જ એમના અપરાધના પ્રમાણ સ્વરૂપ હતા. પરંતુ ગજસિંહ મ્હારા સૈનિકોને માદક પદાર્થ પાઇ, બેશુદ્ધ બનાવી દઇ અલકાસુંદરી સાથે પલાયન કરી ગયો છે. માત્ર એટલું જ નહિ; પણ ગઇ પષ્ઠીના દિવસે તેણે અલકાસુંદરીનું પાણિગ્રહણ કર્યું છે. આવા અપરાધ, ગર્વ અને સ્પર્ધાનું જો તેને યથોચિત પ્રતિફળ ન આપી શકાય તો પછી મ્હારા આ તુચ્છ જીવનનું શું પ્રયોજન છે?" ગરધનદાસે સંતાપયુક્ત વચન ઉચ્ચાર્યાં.

"જેનો અપરાધ હોય તેને શિક્ષા નહિ કરતાં અન્યને શિક્ષા કરવામાં આવે એ શું ન્યાય કહેવાય કે?" જાલિમસિંહે પ્રશ્ન કર્યો.

"પિતઃ! આપ માત્ર અનુમતિ આપો એટલે હું મ્હારા અંતરમાં સળગી ઉઠેલા વૈરના પ્રચંડ અગ્નિને કોઇ પણ રીતે શાન્ત કરીશ. હું મધુરાવ અને અવન્તીરાવનો શિરચ્છેદ કરી તેમનાં મસ્તકો અલકાને ભેટ તરીકે મોકલી આપીશ. એમ થશે એટલે કોનામાં વિશેષ શક્તિ સામર્થ્ય છે એની કલ્પના એ કરી શકશે. પછીથી હું ગજસિં-

હેની શક્તિનો ઉપહાસ કરી, અલકાસુંદરીને રુદન કરતી જોઇને તેની સકળ શાન્તિનો વિનાશ કરીશ.'' ગરધનદાસે ક્રોધાંધ બની જઇને કહ્યું.

"ગરધનદાસ! ત્હારો ક્રોધ વિજાતીય છે. એ ક્રોધથી ઉન્માદગ્રસ્ત બની જઇને જ ત્હેં આવો અનુચિત તથા ભયંકર સંકલ્પ કર્યો હોય એમ મ્હને લાગે છે. કોણ સમસ્ત જીવનપર્યંત માતા પિતાનું સુખ ભોગવી શકે છે? ભાઇ અને પિતાના વિયોગનું દુઃખ કાળક્રમે દૂર થઇ જશે; કિન્તુ ત્હારી આવી નિર્બુદ્ધિતાથી વિના વિલંબે પ્રચંડ રણસંગ્રામનો આરંભ થશે, અને તેના પરિણામે એ નિરપરાધી રાજપુરુષોના પ્રાણનાશની સાથે સાથે જ સેંકડો પ્રાણીઓનો વિના કારણ વિનાશ થશે." જાલિમસિંહે ગંભીરતા ધારણ કરીને કહ્યું.

"પિતા! ત્યારે શું મ્હારાપર આપ સંપૂર્ણ અવિશ્વાસ રાખો છો કે? જો એમ ન હોય તો આપ મધુરાવ અને અવન્તીરાવ નિર્દોષ છે એમ કહો જ નહિ. મ્હને જે પત્રો મળી આવ્યા હતા તે ગજસિંહે બાળી નાખ્યા છે; જો એમ ન બન્યું હોત તો કદાપિ આપ આપના પુત્રનાં વચનોપર અવિશ્વાસ રાખત નહિ." ગરધનદાસે કહ્યું.

વળી પાછો થોડા સમય પછી ગરધનદાસ રડતાં રડતાં કહેવા લાગ્યો:—"પિતા! આપ મ્હને મ્હારું ઇચ્છિત કાર્ય કરવાની રજા આપો. એથી કદાચ જો યુદ્ધનો આરંભ થશે તો યુદ્ધક્ષેત્રમાં હું જ સર્વની આગળ થઈ મ્હારા પ્રચંડ પ્રતિસ્પર્ધી ગજસિંહનો સંહાર કરી નાખીશ. સેનાપતિનું મૃત્યુ થવાથી તેનું સૈન્ય નિરુત્સાહિત બની જઇ પલાયન કરી જશે અને આપના રાજ્યનું કશું અનિષ્ટ થશે નહિ, અને કદાચ ભાગ્યદોષથી આ દાસનું મૃત્યુ થશે તો આપ સહેલાઇથી અંગ્રેજ સરકારની સહાયતા મેળવી ઉપસ્થિત થયેલા વિદ્રોહનું દમન કરી શકશો."

પુનઃ જાલિમસિંહ ક્રોધે ભરાયો. લાલચોળ બની ગએલી આં-

ખોએ ગરધનદાસ તરફ જોઇને તેણે કહ્યું:–" ગરધન ! હિતાહિતનો વિચાર કરવાની શક્તિ ત્હારા ભેજામાંથી ગુમ થઇ ગઈ હોય એમજ મ્હને લાગે છે. હું તને તું માગે છે એવી આજ્ઞા આપી શકીશ નહિ."

આ સમયે નિરાશ બની જઇ અશ્રુજળ સ્વચ્છ કરતો કરતો ગરધનદાસ ત્યાંથી ચાલ્યો ગયો અને જાલિમસિંહ ચિંતાતુર ચિતે એ સ્થળે જ બેસી રહ્યો.

પ્રકરણ ૨૫ મું.

યુદ્ધાર્થે પ્રયાણ.

ગજસિંહ સાથે અલકાસુંદરીનો વિવાહ થઇ ગયો છે. બન્ને જણાં એક બીજાને પ્રાપ્ત કરવાની પોતાના અંતરમાં પ્રબળેચ્છા રાખતાં હતાં. તેમની બન્નેની એ ઇચ્છા પરિપુર્ણ થઇ; છતાં અલકાસુંદરી ઘણી ઉદાસીન રહેતી હતી. ગજસિંહ પાસે બેસી પોતાના ભ્રાતા પિતાનું સ્મરણ કરીને તેણે ઘણું રૂદન કર્યું હતું. હજી સુધી તેના પિતા અને ભ્રાતા કેદખાનામાં જ હતા. રાત્રિ દિવસ અલકાસુંદરી તેમની સ્થિતિની જ ચિંતા કર્યા કરતી હતી. આમ હોવાથી ગજસિંહને ઉદ્દેશીને તેણે કહ્યું:– "નાથ ! આપે આપના જીવને ભયંકર જોખમમાં નાખીને આ દાસીને સંકટમુક્ત કરી છે. પંદર પહેરેગીરો સાથે આપે એકલાએ યુદ્ધ કરી, આપના અપૂર્વ વીરત્વનો પરિચય આપી આ સેવિકાના મનને હરી લીધું છે. અત્યંત બુદ્ધિકૌશલ્યથી ગરધનદાસને કેદી બનાવી આપે મ્હારો સંકટસાગરમાંથી ઉદ્ધાર કર્યો છે. વળી પછી દયા ગુણથી આપે આપના પરમ શત્રુ ગરધનદાસનું અગ્નિશિખાઓમાંથી સંરક્ષણ કર્યું છે; માટે

હવે આ ચરણસેવિકાના પિતા ભ્રાતાનો ઉદ્ધાર કરી મ્હારી ચિંતા દૂર કરો એટલી જ આપને મ્હારી અનન્યભાવથી પ્રાર્થના છે."

"અલકાસુંદરિ ! ગઇ કાલે જ હું તમને કહી ચુક્યો છું કે, આપણો વિવાહ થઇ ગયા પછી હું તમારા પિતા ભ્રાતાને કેદખાનામાંથી છોડાવવાને જઇશ. આજે સપ્તમી તિથિ છે. રાત્રે પિતાજી યથાવિધિ લક્ષ્મીજનાર્દનની પૂજા સંપન્ન કરી મ્હને સેનાપતિ બનાવશે. હું પણ લક્ષ્મીજનાર્દનનો અર્ઘ્ય ગ્રહણ કરી સૈન્યસહ કોટા ચાલ્યો જઇશ." ગજસિંહે કહ્યું.

"આપ યુદ્ધ કરવા જશો તેથી મ્હારી માનસિક યાતના વિશેષ વધી જશે. પિતા ભ્રાતા સહિત જ્યાં સુધી આપ નિર્વિઘ્ને અત્રે નહિ આવી શકો ત્યાં સુધી ચકોરી જેમ ચંદ્રદેવ માટે તલસે તેમ હું આપના માટે તલસ્યા કરીશ." અલકાસુંદરી ચિંતાતુર મુખે કહ્યું.

બીજા દિવસનું પ્રભાત થયું. ગજસિંહ અલકાસુંદરી પાસેથી વિદાય લઇને બ્હાર નીકળ્યો. મૂળરાજ આજે ઘણો વ્હેલો ઉઠયો હતો. તેણે પ્રાતઃકૃત્યાદિથી નિવૃત્ત થઇ સભાગૃહમાં જઇ સૈન્યના સરદારને બોલાવી વ્યવસ્થા સત્વર કરો."

જશલમીરાધિપતિના પ્રશસ્ત ઉદ્યાનમાં લક્ષ્મીજનાર્દનનું મનોહર મંદિર આવેલું હતું. એક પુરોહિત લક્ષ્મીજનાર્દનની દૈનિક પૂજા માટે નિયુક્ત થયેલો હતો. જ્યારે જ્યારે યુદ્ધ વિગ્રહ ઉપસ્થિત થતો ત્યારે ષોડશોપચારથી દેવની પૂજા કરીને યુદ્ધાર્થે જવાનો નિયમ હતો. આ પ્રસંગે અલકાસુંદરીના પિતા અને ભ્રાતાના ઉદ્ધારાર્થે ગજસિંહ કોટા દુર્ગને ઘેરો ઘાલવાનો હતો; તેથી રાજા મૂળસિંહ પોતે લક્ષ્મીજનાર્દનની પૂજા કરી પુત્રને સેનાપતિ બનાવવાનો હતો.

આખો દિવસ લક્ષ્મીજનાર્દનની પૂજાની વસ્તુઓ એકત્રિત કરવામાં પસાર થઇ ગયો. પ્રભાતકાળથી જ ગજસિંહ સૈન્યની સુવ્યવસ્થા કરવામાં રોકાયલો હતો. સંધ્યા થતાં દેવમંદિરમાં ઘંટા, ઝાંઝર વગેરેનો ધ્વનિ થવા લાગ્યો. રાજકુટુંબે સઘળી માંગલિક ક્રિયા પૂર્ણ કરી. પછીથી મધ્યરાત્રિ વીતી જતાં અને શુભ મુહૂર્ત બેસતાં પુરોહિતની સૂચનાનુસાર રાણો મૂળરાજસિંહ, ગજસિંહ, મંત્રી, કુટુંબીજનો તથા અલકાસુંદરી સાથે લક્ષ્મી જનાર્દનના મંદિરમાં ગયો. પાંચહજાર સૈનિકો મંદિર પાસે ઉભા રહ્યા. રાણા મૂળરાજે આસનપર બેસી પુરોહિતના કહેવા પ્રમાણે મંત્રોચ્ચાર કરી ગજસિંહને સેનાપતિના પદપર નિયુક્ત કર્યો. વિવિધ વાદ્યયંત્રોથી મંદિર ગાજી ઉઠયું. રાત્રિનો સમય હોવા છતાં સમસ્ત નગરમાં નૂતન ચૈતન્ય જણાવા લાગ્યું. પછીથી પુરોહિતની સૂચનાનુસાર રાણા મૂળરાજે લક્ષ્મીજનાર્દનના અર્ઘ્ય લઇ, ગજસિંહના મસ્તકપર ધરી રાખી તેને આશીર્વાદ આપીને કહ્યું:—"યુવરાજ ! જેવી રીતે શ્રી રામચંદ્રજી તાડકા વગેરે રાક્ષસોના વંશનો ધ્વંસ કરી ઘેર પાછા ફર્યા હતા તેવી જ રીતે તું પણ કોટાના રાજપ્રતિનિધિ જાલિમસિંહ અને તેના નીચાશય પુત્ર ગરધનદાસનો નાશ કરી ત્હારા શ્વસુર તથા સાળાને કેદખાનામાંથી છોડાવી ઘેર પાછો આવજે."

આ સમયે ગજસિંહે પિતાના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને કહ્યું:—" આપ વીરકુળના અગ્રણી જશલમીરાધિપતિ મ્હારા પિતૃદેવ છો; આપના આશીર્વાદથી હું અવશ્ય રણુસંગ્રામમાં વિજયી થઇ શકીશ."

ગજસિંહ ઉઠીને ઉભો થયો એટલે રાણીએ તેને આશીર્વાદ આપતાં કહ્યું:—"બેટા ! શ્રી જનાર્દન શત્રુઓનો નાશ કરવાનું ત્હારા બાહુમાં બળ આપશે; તેઓ જ ત્હારો પ્રત્યેક સંકટમાંથી ઉદ્ધાર કરશો. જા પુત્ર ! રણુસંગ્રામમાં વિજય મેળવી પિતાના નામને દીપાવ."

ગજસિંહે માતાને પણ સાષ્ટાંગ પ્રણામ કરીને કહ્યું:—"ષડાનન જેવી રીતે હૈમવતીના ગર્ભમાં જન્મ ગ્રહણ કરી તારકાસુરનો સંહાર કરી શક્યો હતો તેવી જ રીતે તમારા પેટે જન્મ ગ્રહણ કરી તમારા આશીર્વાદબળથી હું શત્રુઓનો વિનાશ કરીશ."

પછીથી અલકાસુંદરીએ પણ પતિના તેજોમય કપાળમાં કુંકુમનો ચાંલ્લો કરીને કહ્યું:—"કાર્તિકેયજનની જયદુર્ગા સમરાંગણમાં આપનું રક્ષણ કરશે, તથા આકાશની નક્ષત્રમાળાની માફક આપની વિજય-કીર્તિનો વિશ્વમાં વિસ્તાર થશે."

"તમે મ્હારાં વિવાહિતા વનિતા છો. તમે જ્યારે મનસા, વાચા અને કર્મણાથી મ્હારી મંગળ કામના કરો છો ત્યારે પછી અવશ્ય મ્હારું કલ્યાણ થશે. સમરાંગણમાં વિજય મેળવી, તમારા પિતા તથા ભ્રાતાનો કેદખાનામાંથી ઉદ્ધાર કરી અત્રે પાછો આવીને, સહસ્ત્ર-કિરણ સૂર્યદેવ પ્રભાત કાલીન કમલિનીની માફક તમારા હૃદયનો આનન્દ વધારીશ."

પછીથી ગજસિંહ દેવમૂર્ત્તિ તરફ જોઇ ભક્તિ ગદ્ગદ અંતઃકરણથી કહેવા લાગ્યો:—"હે વિપદભંજન જનાર્દન! નિરંતર તમે દુષ્ટોનું દલન અને શિષ્ટોનું પાલન કરો છો; મ્હેં પણ સરળ હૃદયનાં આ સુંદરીનું ગરધનદાસના પંઝામાંથી રક્ષણ કર્યું છે. હવે હું પાપિષ્ઠ ક્રૂર-મતિના પંઝામાંથી એમના ભ્રાતા પિતાનો ઉદ્ધાર કરવાને યત્નશીલ થયો છું. હે જનાર્દન! પ્રાણનાશથી અવસન્ન બનેલા અર્જુનને તમે જેવું બળ આપ્યું હતું તેવું જ બળ તમે મ્હને પણ દુષ્ટનું દલન કરવા માટે આપો. અર્જુનના સારથિ થઇને અનેક સંકટોમાંથી જેવી રીતે તમે તેનું રક્ષણ કર્યું હતું તેવી જ રીતે રણસંગ્રામમાં મ્હારા ધર્મપક્ષનું રક્ષણ કરજો. હું મનસા વાચા અને કર્મણાથી પરમ ભક્તિપૂર્વક તમને

એવી પ્રાર્થના કરું છું કે, હે ભક્તવત્સલ કમળાકાન્ત! તમે આ ભક્તની અભિલાષા પૂર્ણ કરજો."

ગજસિંહની પ્રાર્થના પૂર્ણ થતાં જ સમરદુંદુભી વાગી ઉઠયાં. ભીમંડળ રાજમહાલય તરફ ચાલ્યું ગયું. રાણા મૂળરાજે મંત્રી તથા ગજસિંહ સાથે મંદિરમાંથી બ્હાર નીકળીને કહ્યું:—" શૂરવીર સૈનિકો! તમે જ મ્હારા રાજ્યરક્ષણની મુખ્ય સહાય છો. તમારી સહાયતાથી કેટલાં સ્થળોએ મ્હેં વિજય પતાકા ઉડાવી છે એ તમારાથી અજ્ઞાત નથી. આ પ્રસંગે યુવરાજ ગજસિંહ ઉમ્મર યોગ્ય થયેલો છે. આજે મ્હેં તેને તમારો સેનાપતિ બનાવ્યો છે. હવે તમે તેની સલાહ અને આજ્ઞાનુસાર જ વર્તજો. જેવી રીતે એ હમ્મેશાં તમારું રક્ષણ કરવાનો પ્રયત્ન કરે છે તેવી જ રીતે તમે સર્વ પણ તેનું રક્ષણ કરજો. કોટાદુર્ગમાં ગજસિંહના શ્વસુર અને સાળા કેદી થઈ પડેલા છે; તેથી તમે સર્વ પ્રાણાન્તપર્યંત તેમનો કેદખાનામાંથી ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરજો."

સૈનિકોએ મહારાણા મૂળરાજસિંહના નામનો વિજયધ્વનિ કર્યો. ગજસિંહ પિતાની ચરણરજ શિરપર ચઢાવી યુદ્ધાર્થે સૈન્યસહ ચાલી નીકળ્યો. નગરજનો તેના પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યાં.

પ્રકરણ ૨૬ મું.

દ્વંદ્વ યુદ્ધ અને પાપનું પ્રતિફળ.

नाधर्मश्चारितो लोके सद्यः फलति गौरिव ।
शनैरा वर्तमानस्तु कर्तुर्मूलानि कृन्तति ॥

मनुस्मृति.

(ભાવાર્થઃ—પૃથ્વિમાં રોપેલું બીજ જેમ તરત જ ફળ આપતું નથી તેમ જગતમાં અધર્મ પણ કરતાં વેંત જ ફળ આપતો નથી; પરંતુ બીજ જેમ ધીમે ધીમે અંકુર રૂપ થઇને ફાલે છે અને પછી ફળ આપે છે, તેમ અધર્મ પણ ધીમે ધીમે વૃદ્ધિ પામીને અધર્મ કરનારનાં મૂળોને કાપી નાખે છે.)

ગજસિંહ સાથે અલકાનો વિવાહ થઇ ગયો છે એવું જ્યારથી ગરધનદાસના સાંભળવામાં આવ્યું હતું ત્યારથી તે પોતાના હૃદયમાં સેંકડો વીંછીઓના દંશનું દારુણ દુઃખ અનુભવતો હતો. પ્રચંડ પ્રતિહિંસાને વશ થઇ ઝાલોરરાજ મધુરાવ અને તેના પુત્ર અવન્તીરાવનો શિરચ્છેદ કરી તેમનાં મસ્તક અલકાસુંદરીને ભેટ મોકલી આપી પોતાના વૈરની વસુલાત લેવાને તેણે દૃઢ સંકલ્પ કર્યો હતો; પરંતુ જાલિમસિંહે તેનો સંકલ્પ અયોગ્ય છે એમ કહીને તેણે તેને મધુરાવ અને અવન્તીરાવનો શિરચ્છેદ કરવાની અનુમતિ આપી નહોતી એ પ્રકાર પાઠકબંધુઓ જાણે છે જ.

પિતાની અનુમતિ નહિ મળવાથી ગરધનદાસ પશ્ચાત્તાપના અગ્નિમાં બળી જવા લાગ્યો. તેણે સ્વગત વિચાર્યુઃ—"ઝાલોરદુર્ગ જ મ્હારા સર્વસ્વના નાશના કારણ રૂપ થયો છે; છતાં હું કોઇ પણ રીતે વૈરનો બદલો લેવાના મ્હારા સંકલ્પનો ત્યાગ નહિ જ કરું પિતાના રોષથી કદાચ મ્હારા પ્રાણનો નાશ થશે યા તો મ્હારે સદાને માટે આ દેશનો ત્યાગ કરવો પડશે તો એ પ્રમાણે હું કરી શકીશ; પરંતુ જે ગજસિંહે મ્હને શૃગાલ કહીને મ્હારો ભયાનક તિરસ્કાર કર્યો છે તેને હું શાન્તિમાં તો નહિ જ રહેવા દઉં."

મધ્યરાત્રિ વીતી ગયા પછી, સકળ મનુષ્યો જ્યારે નિદ્રાધીન થઇ જાય ત્યારે ગુપ્ત રીતે કારાગૃહમાં જઇ મધુરાવ અને અને અવન્તીરાવનો શિરચ્છેદ કરી એક વિશ્વાસુ નોકર સાથે તેમનાં મસ્તક

જશલમીરમાં અલકાસુંદરીને મોકલી આપવાનો ગરધનદાસે દઢ નિશ્ચય કર્યો. પિતા અને ભ્રાતાનું છિન્નમુણ્ડ જોઇ અલકાસુંદરી પોતાની ભૂલ યાદ કરી આક્રંદ કર્યા કરશે એવો વિચાર કરતાં કરતાં ગરધનદાસે પ્રથમ પોતાના વિશ્રામગૃહમાં જઇને પોતાની તલ્વારને મિયાન બ્હાર ખેંચી કાઢી, તપાસી જોઇ. તેના પર કોઇ પણ કલંકચિહ્ન જોવામાં નહિ આવ્યાથી ગરધનદાસે પુનઃ તેને મિયાનમાં સરકાવી દીધી. પછીથી પોતાના વિશ્વાસુ નોકરની શોધમાં તે નીકળી પડયો. માર્ગમાં જ પૃથ્વીસિંહ સાથે તેનો મેળાપ થયો; પરંતુ ગરધનદાસે તેની સાથે કશી વાતચિત કરી નહિ. કોટા દુર્ગના એક ખુણામાં આવેલા એક ન્હાના ઈંટોના બનેલા મકાન પાસે તે ઉપસ્થિત થયો, તો એ મકાનમાં બે માણસોની વાતચિત ચાલતી તેના સાંભળવામાં આવી. એ વાતચિત સાંભળવાની લાલસા નહિ રાખતાં ગરધનદાસે ઉચ્ચસ્વરે કહ્યું:–" યાકુબ ! "

યાકુબખાન ગરધનદાસનો કંઠસ્વર સાંભળી તરતજ બ્હાર આવીને બોલ્યો:–" શી આજ્ઞા છે, હુજુર ? "

" યાકુબ ! જે કાર્ય કરવાનું મ્હેં તને કહ્યું હતું તે આજે રાત્રે જ આપણે કરી નાખવાનું છે; તું તૈયાર છે ને ? "

" હા હુજુર ! આ ગુલામ તૈયાર છે. "

" આ કાર્યના બદલામાં તને દશ સોનામહોર મળશે; વળી જે શાલમાં તું એ છિન્નમુણ્ડ લઇ જઇશ એ શાલ પણ તને ઇનામમાં મળશે. "

" આપની મેહેરબાની માટે આપનો હું આભાર માનું છું. "

આવી રીતે યાકુબ સાથે વાતચિત કર્યા પછી, ગરધનદાસ ત્યાંથી ચાલ્યો ગયો અને ભોજન કરી તે પોતાના શયનગૃહમાં જઇને સૂઈ રહ્યો. ક્યારે ઘટિકાયંત્રમાં રાત્રિના બાર વાગશે, ક્યારે કોટાદુર્ગ

નિસ્તબ્ધ થશે એવી ચિંતાથી ગરધનદાસને બિલકુલ નિદ્રા આવી નહિ. ક્વચિત્ તે શય્યામાં ઉઠી બેઠો થતો હતો તો ક્વચિત્ પાછો સુઇ જતો હતો. શયનગૃહનું દ્વાર બંધ હતું. બ્હારથી કોઈ પણ પ્રકારનો અવાજ સાંભળવામાં આવતો નહોતો. માત્ર શયનગૃહમાં દિવાલ સાથે એક ટાંગેલું ઘડીઆળ 'ટક ટક' અવાજ કરી રાત્રિની ગંભીર નિસ્તબ્ધતાનો ભંગ કરતું હતું. ગરધનદાસનું હૃદય જોસથી ધબકતું હતું. આજે જાણે કે સમય પણ જલ્દી ખૂટતો નહોતો. થોડા સમય સૂધી શય્યામાં પડી રહ્યા પછી ઘટિકાયંત્ર જોવા માટે ગરધનદાસે દીપક સળગાવ્યો. ઉંચી નજર કરતાં તેને એમ લાગ્યું કે, પોતાના બાહુ હલાવી ઘટિકાયંત્ર તેને આવું નીચ કાર્ય કરવાનો નિષેધ કરે છે. અસ્થિર ચિત્તે તે શય્યામાં સુઇ રહ્યો. નેત્રો મીંચી સ્વગત તે ચિંતા કરવા લાગ્યો. તેની મુખ્ય ચિંતા મધુરાવ અને અવન્તીરાવનો શિરચ્છેદ કરવા સંબંધીની જ હતી. એકાએક તેને એમ લાગ્યું કે, મધુરાવ અને અવન્તીરાવનાં છિન્ન મસ્તકો આવી તેની સ્હામે હશે છે. ભયભીત બની જઇ તેણે આંખો ઉઘાડી; કિન્તુ કશી વસ્તુ તેની નજરે પડી નહિ. આ સમયે ઘડીઆળમાં અગીઆર ટકોરા વાગ્યા. આવા સમયે ગજસિંહ સૈન્યસહ કોટાદુર્ગ પાસે આવી પહોંચ્યો હશે એવો વિચાર સુદ્ધાં ગરધનદાસના અંતરમાં ઉપજ્યો નહિ.

યથા સમયે બાર વાગ્યા. ગરધનદાસે શય્યાનો ત્યાગ કરી દ્વાર ઉઘાડીને જોયું તો ચોતરફ ગંભીર નિસ્તબ્ધતાનું સામ્રાજ્ય સ્થાપિત થઇ ગયું હોય એમજ તેને લાગ્યું. વાયુ શાન્ત હોવાથી વૃક્ષપત્રોનો પણ બિલકુલ ખડખડાટ સંભળાતો નહોતો. ગરધનદાસ અસ્ત્ર શસ્ત્રાદિથી સુસજ્જિત થઇ એ નિબિડ અંધકારમાં નીચે ઉતરી પડયો. નીચે ઉતરી મૃદુગતિથી તથા અત્યંત સાવધાનતાથી તે કારાગૃહ તરફ

જવા લાગ્યો. તેનું હૃદય જોશથી ધબકીને આવું નૃશંસ કાર્ય નહિ કરવાની તેને સૂચના કરવા લાગ્યું. ઉદ્યાનમાં આવેલા એક વૃક્ષપરથી આ સમયે એક ઘુવડ બોલી ઉઠયું.

ગરધનદાસ પોતાના રોષની ચિંતા રાખ્યા સિવાય હાથમાં ખુલ્લી તલ્વાર લઇને કારાગૃહ તરફ જતો હતો. પહેલાં પોતાનું કાર્ય પાર ઉતારીને પછીથી તેણે યાકુબને બોલાવવાનો વિચાર કર્યો હતો.

જે મકાનમાં ઝાલોરરાજ અને તેના પુત્રને કેદ કરી રાખવામાં આવ્યા હતા એ મકાનની પાછળ પણ ઉદ્યાનનો થોડો ભાગ આવેલો હતો એ ઉદ્યાનના છેડાપર કોટાના કિલ્લાની મજબૂત દિવાલ આવેલી હતી. એ દિવાલની આસપાસ ગજસિંહના સૈનિકોએ ઘેરો ઘાલ્યો હતો. કિલ્લાપર વિજય મેળવવાની ગજસિંહની ઇચ્છા નહોતી; કેમકે કિશોરસિંહ, પૃથ્વીસિંહ અને વિષ્ણુસિંહ પર તેનો ઘણો પ્રેમ હતો. તે માત્ર મધુરાવ અને અવન્તીરાવને મુક્ત કરવાના ઉદ્દેશથીજ આવ્યો હતો; આથી તેણે પોતાના સૈનિકોને કોઇ પણ પ્રકારનો કોલાહલ કરવાની ચોખ્ખી મના કરેલી હતી.

જે મકાનમાં મધુરાવ અને અવન્તીરાવને કેદ કરવામાં આવ્યા હતા એ મકાનની કુંચી ગરધનદાસે પ્રથમથી જ મેળવી રાખી હતી. એ મકાનને અંદરથી બંધ કરી રાખવાનું એકકે સાધન નહોતું. ગરધનદાસે મકાનના દ્વાર પાસે જઇ ખીસ્સામાંથી કુંચી બહાર કાઢી. પછીથી તેણે એ નિબિડ અંધકારમય સ્થળે ચોતરફ દૃષ્ટિ ફેરવી. કોઇ તેનું અનુસરણ કરે છે કે કેમ એ જાણવાનો જ તેનો ઉદ્દેશ હતો; પરંતુ કોઇ તેની નજરે પડયું નહિ. ઘણે દૂરે આવેલા દુર્ગતોરણ પાસે એક વ્યક્તિને તેણે જોઇ; છતાં એ વ્યક્તિ પોતાના તરફ નહિ આવતી હોવાથી ગરધનદાસે તેના તરફ ધ્યાન આપ્યું નહિ.

અંતે સાહસ એકઠું કરી કારાગૃહનું દ્વાર તેણે ઉઘાડયું. દ્વારને હડસેલતાં તે અસ્પષ્ટ ધ્વનિ સાથે ઉઘડી ગયું. કદાચ બારણાનો અવાજ સાંભળી મધુરાવ કિંવા અવન્તીરાવમાંથી કોઇ જાગી ઉઠયું હશે તો! એવી આશંકાથી ગરધનદાસ પાછો થોડા સમય સુધી કારાગૃહની બ્હાર જ ઉભો રહ્યો. પછીથી જ્યારે તેની શંકાનું સમાધાન થયું ત્યારે ડાબી ડાબીને પગલાં ભરતો તે કારાગૃહમાં ગયો. કારાગૃહમાં ભીષણ અંધકારનો વિસ્તાર થઇ રહેલો હતો. એ અંધકારમાં કશું નજરે પડે તેમ નહોતું. શય્યાપાસે ઉપસ્થિત થઇને, જમણા હાથમાં તલ્વાર પકડી, ડાબા હાથથી શિકાર કયાં સૂઇ રહેલો છે તેની તેણે તપાસ કરી. એ શય્યા તેને તદ્દન ખાલી જણાઇ. આથી શંકાશીલ બની જઇ આખી શય્યામાં તેણે બરાબર હાથ ફેરવી જોયો; કિન્તુ કોઇ નહિ જણાયાથી ચકમકની સહાયતાથી દેવતા પાડીને તેણે દીપક સળગાવ્યો. દીપકના પ્રકાશમાં તેણે વિસ્મિત બની જઇને જોયું કે, હમણાં એ કારાગૃહમાં એક પણ કેદી નહોતો. વળી મધુરાવ અને અવન્તીરાવના ઉપયોગની એકકે વસ્તુ સુદ્ધાં કારાગૃહમાં તેના જોવામાં આવી નહિ. નિરાશાના દારુણ દાવાનળની વેદનાથી ગરધનદાસનું સર્વાંગ રોમાંચિત થયું. અત્યારનો પ્રકાર જોઇ તે સ્તંભિત બની ગયો, તેણે સ્વગત વિચાર્યું:—"ઝાલોરરાજનું હું ખૂન કરી નાખીશ એવી શંકાથી પિતાજીએ તો તેમને અન્ય કોઇ સ્થળે કેદ નહિ કરી રાખ્યા હોય? અગર તો સુયોગ મેળવી તેઓ અહીંથી પલાયન કરી ગયા હશે? જો પિતાજીએ જ એમને અન્ય કોઈ સ્થળે રાખ્યા હોય તો તેઓ આ દુર્ગમાં જ હોવા જોઇએ; પરંતુ તેઓ દુર્ગમાં ન હોય તો પલાયન કરી ગયેલા હોવા જોઇએ; છતાં તેઓ કેવી રીતે પલાયન કરી ગયા? કારાગૃહનું દ્વાર તો બંધ હતું. એ ઉપરથી તેમને કોઇએ ગુપ્ત

રીતે સહાયતા કરી હોય એમજ મ્હને લાગે છે." આ સમયે પૃથ્વીસિંહ માટે ગરધનદાસના અંતરમાં સંશય ઉપજ્યો. આટલા માટે જ કેટલાક દિવસથી પૃથ્વીસિંહ પોતાની સાથે વાતચિત કરતો નહોતો એમ તેને લાગ્યું. વિવિધ ચિંતાથી તેનું ચિત્ત અસ્થિર બની ગયું. તે પોતે આ વિષયનો કશો નિર્ણય કરી શક્યો નહિ. આ સમાચાર પિતાને જણાવવાનો તેણે સંકલ્પ કર્યો. હર્ષમાં વિષાદ ઉપસ્થિત થવાથી તે તદ્દન નિરાશ બની ગયો. તલ્વારને મિયાનમાં સરકાવી દઈ તે કારાગૃહની બ્હાર નીકળી પડ્યો. તે જ્યારે દુર્ગના તોરણ પાસે જઈ પ્હોંચ્યો ત્યારે પૃથ્વીસિંહ સાથે તેનો મેળાપ થયો. તેનું અંગ પુનઃ રોમાંચિત થયું. વિકૃત સ્વરે તેણે પૃથ્વીસિંહને પૂછ્યું:—" પૃથ્વીસિંહ! આવી મધ્યરાત્રે શા ઉદ્દેશથી તમે દુર્ગમાં ફર્યા કરો છો?"

"સ્વાર્થ માટે જ લોકો આવા સમયે ફર્યા કરે છે. મ્હારો પણ સ્વાર્થ હોવાથી જ નિદ્રાનો ત્યાગ કરી આટલી રાત્રે હું ફર્યા કરું છું, અને તમારો પણ સ્વાર્થ હોવાથી તમે અત્યારે ફર્યા કરો છો." પૃથ્વીસિંહે માર્મિક ઉત્તર આપ્યો.

"ઝાલોરરાજ મધુરાવ અને અવન્તીરાવને કારાગૃહમાંથી મુક્ત કરવાનો જ તમારો સ્વાર્થ હશે, કેમ? તમારા સિવાય બીજું કોણ તેમને મુક્ત કરી શકે તેમ છે?" ગરધનદાસ બોલી ઉઠ્યો.

"મધુરાવ અને અવન્તીરાવને મુક્ત કરવાની જેમની ઇચ્છા હતી તેમણે તેમને મુક્ત કર્યા છે; હું શા માટે તેમને મુકત કરું?" પૃથ્વીસિંહે કહ્યું.

"આવી મધ્યરાત્રે તમે શા માટે દુર્ગમાં ફર્યા કરો છો? જો તમે તેમને મુક્ત નહિ કર્યા હોય તો મદદ પણ અવશ્ય કરી જ હશે."

ગરધનદાસ આટલું બોલી રહ્યો હશે એવામાં એકાએક ગજસિંહ

તોરણદ્વારમાં થઇને તેમની પાસે આવી પહોંચ્યો. તેના એક હાથમાં એક દીપક અને બીજા હાથમાં નગ્ન તલ્વાર હતી. ગજસિંહ નજરે પડતાં ગરધનદાસ તેને ઓળખી શક્યો ન હોય એવા ભાવથી પૂછ્યું:–"કોણ છે ?"

"એ તમારો પ્રચંડ પ્રતિદ્વંદ્વી–ભયંકર શત્રુ ગજસિંહ જ છે." ઉત્તરમાં પૃથ્વીસિંહે કહ્યું, તથા વિશેષમાં તેણે કહ્યું–"તેમણે જ મધુરાવ અને અવન્તીરાવને કારાગૃહમાંથી મુક્ત કર્યા છે."

એટલામાં ગજસિંહ પૃથ્વીસિંહ તથા ગરધનદાસની તદ્દન પાસે આવી પહોંચ્યો. તેનું નામ સાંભળતાં તથા દર્શન થતાં જ ગરધનદાસનો ક્રોધ વધી ગયો. તેણે કહ્યું:–"હે ભીરુ નામર્દ! શૃગાલ જેવી રીતે સિંહના ભક્ષ્યને તેનાથી છુપી રીતે લઇ જાય તેવી જ રીતે તું પણ મ્હારી પ્રણયપ્રતિમા અલકાસુંદરીને લઇ શઠતાથી પલાયન કરી ગયો હતો; એટલું જ નહિ પણ વિશેષમાં ત્હેં આજે એક ચોરની માફક કોટાદુર્ગમાં પ્રવેશ કરી અમારા કેદીઓને છોડાવ્યા છે. હવે તું ત્હારાં કાર્યોનું ઉચિત ફળ પ્રાપ્ત કર." આમ કહી હાથમાંની તલ્વાર ગરધનદાસે ગજસિંહપર ઉગામી. ગજસિંહે પોતાની તલ્વારપર એ ઘા ઝીલી લઇ હાથમાંનું ફાનસ પૃથ્વીસિંહને આપીને તેણે કહ્યું:–"થોડા સમય માટે કૃપા કરી તમે આ ફાનસ પકડી રાખો. હું કોટાધિપતિના દાસના દાસીપુત્રનું શૌર્ય વીર્ય જોઇ લઉં." આમ કહી ગરધનદાસને ઉદ્દેશીને તેણે કહ્યું:–"દાસીપુત્ર! મ્હને આવાં વચનો કહી સંભળાવતાં તું બિલ્કુલ શર્માતો નથી ? કયી રીતે તું મ્હારાથી મ્હોટો છે ? કુળ ગૌરવ, સંમાન અધિકાર, બુદ્ધિ કૌશલ વગેરે કયા વિષયમાં તું મ્હારી સમાનતા કરી શકે તેમ છે ?"

"હું દાસીપુત્ર હોવા છતાં કાંઇ શૃગાલ નથી. બળમાં, શૌર્યમાં

તથા વીરત્વમાં ત્હારાથી હું શ્રેષ્ઠ છું. જો ત્હારામાં સાહસ હોય તો તું મ્હારી સાથે દ્વંદ્વ યુદ્ધ કર. " ગરધનદાસે કહ્યું.

આમ કહીને તલ્વારને હાથમાં બરાબર પકડી રાખી ગરધનદાસ ગજસિંહને આઘાત કરવા લાગ્યો. પોતાની ઢાલપર શત્રુની સમશેરના ઘા ઝીલી લઇ અપૂર્વ વીરત્વથી ગજસિંહ તેની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવા લાગ્યો. બન્ને જણા બહાદુર યોદ્ધાઓ હતા. બન્ને જણા એક બીજાના આઘાતને ચામડાની ઢાલપર ઝીલી લેતા હતા. વિશેષ વિલંબ થતો જોઇ—અર્થાત્ દ્વંદ્વ યુદ્ધ લંબાતું જોઇને પૃથ્વીસિંહ અધીર બની ગયો. પોતાના મન સાથે તેણે વિચાર્યું કે, " જો આ સમયે હું ગજસિંહને સહાયતા કરીશ તો અમારા એક શત્રુનો સત્વર વિનાશ થયો જ લેખાશે." આટલો વિચાર ઉપજતાં જ સ્વાભાવિક રીતે જ તેનો હાથ તલ્વારની મુઠ પર પડ્યો. આવો પ્રકાર જોવામાં આવતાં ગરધનદાસ સ્તંભિત અને વિસ્મિત બની ગયો. તેની આ સમયની અસાવધાનતાને વ્યર્થ નહિ જવા દેતાં ગજસિંહે ચતુરાઇથી તેના ગળામાં સખ્ત આઘાત કર્યો. વિના વિલંબે ગરધનદાસનું મસ્તક જમીનદોસ્ત થઇ ગયું અને પાપીને આ પૃથ્વીમાં જ તેના પાપનું પ્રતિફળ મળ્યું.

પ્રકરણ ૨૭ મું.

સંશયનો નાશ અને પ્રેમનો પ્રકાશ.

" રહે પ્રીતિ નેત્રે, નહિ જ હૃદયે પ્રેમ વસતો !
ઉડે સ્થાને સ્થાને, હૃદય સ્થિર ના કોકિલ સમું !
અરે ! આવી મૈત્રી જગતપર દિસે ભટકતી !
ઘણાં હૈયાં ચીરી હૃદયરુધિરે રાસ રમતી ! "

—કલાપી.

સખીના મુખે જ્યારથી અલકાસુંદરીનું નામ પદ્માવતીના સાંભળવામાં આવ્યું હતું ત્યારથી તેનું પ્રફુલ્લ શતદલના જેવું મનોહર, સુંદર મુખમંડળ ચિંતાની છાયાથી મલિન બની ગયું હતું. હવે પૂર્વની તેની સ્ફુર્ત્તિ, કામકાજ કરવાની વ્યસ્તતા વગેરે કાંઇ જોવામાં આવતું નહોતું. જાણે કે તેનો દેહ નિર્બળ બની ગયો હતો. તે જ્યાં બેસતી ત્યાંથી ઉઠતી જ નહિ. ચિંતા જ હવે તેની જીવનસહચરી થઇ પડી હતી. કોઇ જો તેને કશી હકીકત પૂછતું તો તે કશો ઉત્તર આપતી નહોતી. દિવસે દિવસે તેને વિશેષ ક્ષીણ થતી જોઇને એક દિવસે યમુનાએ તેને પોતાની પાસે બેસાડીને કહ્યું:–" બ્હેન ! શા માટે તમે આટલી બધી ચિંતા કરો છો ?" આ પ્રશ્નનો કશો ઉત્તર પદ્માવતીએ આપ્યો નહિ. યમુનાના મુખમંડળ તરફ જોઇ તે અશ્રુજળની વૃષ્ટિ વર્ષાવવા લાગી. આ સમયે યમુનાએ સ્નેહાતિશયથી પદ્માવતીના બન્ને હાથ પોતાના હાથમાં લઇને કહ્યું:–" બ્હેન ! જ્યાં સુધી તમે તમારી ચિંતાનું કારણ કહો નહિ ત્યાં સુધી તેને કેવી રીતે દૂર કરવું ? હું તમારી ભાભી છું. મ્હારાથી તમે શા માટે શર્માઓ છો ? તમે જો તમારી ચિંતાનું કારણ મ્હને કહેશો તો તેને દૂર કરવાનો પ્રયત્ન હું જરૂર કરીશ."

આવાં પ્રેમપૂર્ણ વચનો સાંભળવામાં આવતાં, પદ્માવતીના દુઃખે તેના હૃદયને ઘેરી લીધું. અત્યંત ચિંતાથી તેનો કંઠસ્વર રુંધાઇ ગયો હતો. તેનાં નેત્રોમાંથી વિશેષ પ્રમાણમાં અશ્રુજળની વૃષ્ટિ થવા લાગી. એવામાં રત્નમાળા પણ ત્યાં આવી પહોંચ્યા. પદ્માવતીને ચિંતાતુર સ્થિતિમાં યમુનાદેવી પાસે બેસી રહેલી જોઇને તેણે કહ્યું:–" યમુના બ્હેન ! પદ્માવતી બ્હેન કોણ જાણે કે શા માટે આટલાં બધાં ચિંતાતુર રહે છે. ચિંતાપિશાચિનીએ તેમના પૂર્વના લાવણ્ય, રૂપસૌન્દર્ય

ઉત્સાહ વગેરે દૂર કરી નાખ્યું છે. તેમના મનમાં ગંભીર દુઃખાનલ સળગી ઉઠયો હોય એમ જ લાગે છે."

"હું એમને વારંવાર પૂછું છું કે, 'શા માટે તમે આટલી બધી ચિંતા કરો છો?' પરંતુ તેઓ મ્હારા પ્રશ્નનો કશો ઉત્તર આપતાં નથી. તેઓ ચુપકીદીથી રડયા જ કરે છે. તેમની આવી દુઃખી સ્થિતિ જોઈ મ્હને પણ ઘણું દુઃખ થાય છે. તેથી જ હું એમને એમની ચિંતાનું કારણ પૂછુંછું." યમુનાદેવીએ કહ્યું.

"ખરું છે; જ્યાં સુધી તેઓ પોતાના દુઃખનું કારણ કહે નહિ ત્યાં સુધી તેને દૂર કરવાનું કેવી રીતે બની શકે? પદ્માવતી બ્હેન! અમે તમારું હિત ઇચ્છનાર છીએ. તમારાં નયનયુગલમાંથી અશ્રુજળની વૃષ્ટિ થતી જોઇને અમને ઘણું દુઃખ થાય છે. તમારા ભાઇ મ્હને પોતાના અંતઃકરણથી ચ્હાય છે. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, તેમને કહીને, જે ઉપાયથી તમારું દુઃખ દૂર થાય તેમ હશે તે ઉપાયના અવલંબનથી તમારું સઘળું દુઃખ હું દૂર કરાવીશ. શી ચિંતાથી તમને આટલું બધું દુઃખ થાય છે તે તમે અમને સત્વર કહો?" રત્નમાળાએ પદ્માવતીને ઉદ્દેશીને કહ્યું.

"ભાભી, મ્હારા દુઃખની હકીકત તમને કહેવાથી મ્હારું દુઃખ દૂર થાય તેમ નથી. પરમેશ્વરે જેના ભાગ્યમાં દુઃખ લખેલું છે તે જીવનપર્યંત દુઃખ જ ભોગવશે. ભાભીજી, તમે મ્હારાં પુજનીયા છો. હું તમારા ચરણોમાં નમી પડી તમને એવી પ્રાર્થના કરું છું કે, તમે મ્હને વિરક્ત કરશો નહિ. હું મ્હારે એકાન્તમાં બેસી રહી રડી રડીને મ્હારા હૃદયનો ભાર હલકો કરીશ." પદ્માવતીએ સજળનયને તથા ગદ્‌ગદ કંઠે કહ્યું. આમ કહીને તે ત્યાંથી ઉઠી ગઇ.

યમુના અને રત્નમાળા મૌનાવલંબન કરી થોડા સમય સુધી

વિષણ્ણવદને જ્યાં બેઠી હતી ત્યાં જ બેસી રહી. પછીથી રત્નમાળાએ યમુનાદેવીને સંબોધીને કહ્યું:–" મ્હોટાં બ્હેન ! પદ્માવતીની ચિંતાનું કશું કારણ તમે કળી શકો છો કે ? "

" એમાં શું કળી શકવા જેવું હતું ? પહેલાં હું જેમ કહેતી હતી તેમજ છે. પદ્માવતી બ્હેનના પ્રાણમાં પ્રણયાગ્નિ સળગી ઉઠયો છે. કારાગૃહમાં કેદી થઇ પડેલા અવન્તીરાવનું જ્યારથી તેમણે દર્શન કર્યું છે ત્યારથી તેમના અંતરમાં પ્રણયવ્યથા ઉત્પન્ન થઇ છે. " યમુનાદેવીએ ઉત્તર આપ્યો.

" મ્હેં એમ સાંભળ્યું છે કે, જશલમીરના યુવરાજ ગજસિંહજીએ અત્રે આવીને અવન્તીરાવનો તથા તેમના પિતા મધુરાવનો કારાગૃહમાંથી ઉદ્ધાર કર્યો છે. હવે એમની સાથે વિવાહ નક્કી કરવામાં શી અડચણ છે ? એક વખત તમે મ્હારા જોડને આ વાત પુનઃ કહી જુઓને ? " રત્નમાળાએ કહ્યું.

" તમે ભલામણ કરો તે પૂર્વે જ મ્હેં તેમને આ વાત કહી જોઇ છે, તથા અવન્તીરાવ સાથે પદ્માબ્હેનનો સત્વર વિવાહ કરવાનો ઘણો આગ્રહ સુદ્ધાં કર્યો છે. તેના ઉત્તરમાં તેમણે એમ કહ્યું છે કે, 'કેદી રાજપુત્રની સાથે મ્હારી ભગિનીનો વિવાહ થઇ શકે તેમ નથી. વળી હમણાં રાજ્યમાં એટલી બધી ખટપટ ચાલી રહી છે કે, હું તેમને આ વિષય સંબંધી આગ્રહ કરી શકું તેમ નથી. હવે સત્વર યુદ્ધ થશે એવાં જ ચિહ્ન જોવામાં આવે છે. " ગંભીરભાવ ધારણ કરી યમુદેવીએ કહ્યું.

" યુદ્ધ થશે તેથી કોઇ ભગિનીનો વિવાહ બંધ રાખે કે ? "

" બંધ ન રાખે તો શું કરે ? હમણાં એમની સાથે પૂરતી વાતચિત કરવા જેટલો સમય પણ હું મેળવી શકતી નથી. હમ્મેશાં તેઓ

સ્વરાજ્યોદ્ધારની ચિંતામાં જ વ્યસ્ત રહે છે. ક્યાંથી સૈન્યમાં વૃદ્ધિ કરવી, કયા કયા રાજાની સહાયતા મેળવવી એવી ચિંતામાં જ તેઓ રાત્રિ દિવસ તન્મય હોય છે. મ્હારું મન પણ ઘણું શંકાશીલ બની ગયું છે. જો આટલા પ્રસંગમાંથી ઇશ્વર રક્ષણ કરશે તો સઘળું સારું જ થશે."

આટલી વાતચિત થયા પછી યમુનાદેવી અને રત્નમાળા છુટાં પડયાં. યમુનાદેવી અંતઃપુરમાં જઇ પદ્માવતીને શોધવા લાગી તો પદ્માવતીને કારાગૃહ સ્હામે આવેલા બીજા માળના એક વિશ્રામગૃહમાં બેસી રહી તન્મયતાથી એક ચિત્ર આંકતી તેણે જોઇ. ચિત્ર લગભગ સંપૂર્ણ ચિત્રિત થઇ ગયું હતું. એ ચિત્ર પદ્માવતીના પ્રિયતમ અવન્તીશવનું હોઇ કલ્પનાબળની સહાયતાથી તે ચીતરવામાં આવ્યું હતું. આવો પ્રકાર જોઇ વિસ્મિત બની જઇ યમુનાદેવી બોલી ઉઠીઃ- "પદ્માવતી બ્હેન ! ધન્ય છે તમારી ચિત્ર વિદ્યાની પ્રવીણતાને ! માનસિક કલ્પનાબળની સહાયતાથી તમે ઘણું મનોહર ચિત્ર અંકિત કર્યું છે."

આ શબ્દો સાંભળી પદ્માવતી ચમકી ઉઠી. ગ્રીવા વાંકી કરી તેણે યમુનાદેવી તરફ જોયું. બરાબર આ સમયે જ તેનાં નયનયુગલમાંથી 'દર દર' કરતી અશ્રુધારા સરી પડવા લાગી. થોડા સમય સુધી આવી રીતે અશ્રુવિસર્જન કર્યાં પછી પદ્માવતીએ યમુનાદેવીના ચરણોમાં નમી પડીને કહ્યુંઃ-"ભાભી, હવે તમારાથી કોઇ પણ વાત ગુપ્ત રહેલી નથી. શા માટે રાત્રિ દિવસ હું ચિંતાતુર રહું છું એ હવે તમે જાણી શકયાં છો. હું તમારા ચરણોમાં નમી પડીને તમને પ્રાર્થના કરું છું કે, આ વિષય તમે કોઇને પણ જણાવશો નહિ. જો આ વિષય બીજાં માણસો જાણી શકશે તો મ્હારા અંતરની વ્યથા ઘણી વધી જશે. એટલી બધી વ્યથા હું વેઠી શકીશ નહિ. અવન્તીરાવ હમણાં અત્રે નથી. મ્હારા અંતરની વ્યથા મનમાં જ

શમાઇ રહેલી છે. આ વિષય જો તમે અન્ય કોઇને જણાવશો તો મ્હને જીવિત સ્થિતિમાં જોઇ શકશો નહિ."

પદ્માવતીની આવી શોચનીય સ્થિતિ જોવામાં આવતાં યમુનાદેવી પણ ધૈર્ય ધારણ કરી શકી નહિ. તેણે પદ્માવતીના અધરોષ્ઠપર પ્રેમાતિશયથી ચુંબન કરીને કહ્યું:–"પદ્માવતી બ્હેન! ઇશ્વરકૃપાથી મ્હારે પણ પુત્ર પુત્રી છે. પુત્ર કન્યાની મમતા હું સારી રીતે જાણું છું. મ્હેં ભાઇ ભગિનીનો સ્નેહ પણ અનુભવ્યો છે. તમને હું મ્હારાં પુત્રી સમાન સમજું છું. તમારાપર મ્હારો કેટલો બધો પ્રેમ છે તે હું જ જાણું છું. જે પ્રકારથી તમને પીડા થાય તેમ હશે એ પ્રકાર મ્હારાથી કાળાંતરે પણ નહિ જ બને. તમે વિના કારણ ભય રાખો છો–મ્હારા તરફથી તમારું બિલ્કુલ અહિત થનાર નથી; ઉલટું હું તમને સુખી કરવાનો જ બની શકતો પ્રયત્ન કરીશ. ઇશ્વરને હું એવી પ્રાર્થના કરું છું કે, યુદ્ધમાં તમારા ભાઇને જ વિજયદેવી વરો–હું કોઇ પણ રીતે અવન્તીરાવ સાથે તમારો શુભ વિવાહ કરાવીશ જ."

પદ્માવતી આ વચનો સાંભળી સ્નેહમયી ભાભીના મુખમંડળ તરફ કરુણાપૂર્ણ દૃષ્ટિથી જોઇ રહી. પદ્માવતીને એમજ લાગ્યું કે, અંધકારમય સંસારમાં યમુનાદેવી જ તેની પરમ આત્મીયા છે. સ્નેહશૂન્ય જગતમાં મનુષ્યથી નિવાસ થઇ શકતો જ નથી. પદ્માવતી યમુનાદેવીના સ્નેહમય હૃદયને બરાબર સમજી શકી. તેણે કહ્યું:–"મ્હોટાં ભાભી, તમે મ્હારાં માતાજી સમાન છો. માતા પોતાની કન્યાના સેંકડો અપરાધો હોવા છતાં જેવી રીતે તેને આશ્રય આપે છે તેવી જ રીતે તમે તમારી આ હતભાગિની કનિષ્ઠા ભગિનીને તમારા ચરણોમાં આશ્રય આપજો. મ્હારું દુઃખ તમારાથી દૂર થઇ શકે તેમ નથી જ. ભગવાને જે વ્યક્તિ માટે વિશ્વ સંસારમાં દુઃખ જ નિર્માણ કર્યું હોય છે તેનો દુઃખ ભોગવ્યા સિવાય છુટકો થતો નથી. મ્હારું

સમસ્ત જીવન આવી સ્થિતિમાં જ પસાર થવાનું છે. વિધાતાએ આ અભાગિનીની લલાટલિપિમાં દુઃખના જ લેખ લખેલા છે; છતાં જન-સમાજમાં મ્હારે નીચે જોવું પડે નહિ તથા તિરસ્કૃત થવું પડે નહિ એટલું તમે દયા ભાવે અવસ્ય કરજો."

"પદ્માવતિ! આ શું કહેવાય? તમારાં આવાં વચનો સાંભળી હું સ્થિરતા ધારણ કરી શકતી નથી. એકાએક એવો તે શો ભયંકર પ્રકાર બન્યો છે કે જેથી તમારા સુખનો સદાને માટે નાશ થયો છે? જે થયું હોય તે તમે મ્હને ન કહો તો તમને મ્હારા સમ છે. બ્હેન! જો ઇશ્વર આપણા વિરોધી નહિ હોય તો હું કોઇ પણ પ્રયત્ને તમને અવશ્ય સુખી કરીશ." યમુનાદેવીએ અધીરતાથી કહ્યું.

"ભાભી, આ ચિત્ર જોઇને જ તમે સમજી શકો તેમ છો કે કોને મ્હેં મ્હારા સ્ત્રીજીવનનું સર્વસ્વ સમર્પણ કર્યું છે. અવન્તીરાવના મનમોહન મૂર્ત્તિને હૃદયમંદિરમાં પ્રતિષ્ઠિત કરી મ્હેં તેમના ચરણોની પૂજા કરી છે. પ્રથમ દર્શને જ મ્હેં તેમને મ્હારું મન અને આ પ્રાણ સમર્પણ કર્યાં છે. હું તેમના જ ધ્યાનમાં મ્હારો સમય પસાર કરું છું. હવે એજ મ્હારા હૃદયાધિષ્ઠિત દેવ છે; તેમની અર્ચનામાં જ મ્હેં મ્હારું સમસ્ત જીવન ઉત્સર્ગ કર્યું છે; કિન્તુ હાય! એ સઘળું વૃથા થયું. એ વાત યાદ આવતાં જ મ્હારા હૃદયમાં અસહનીય વેદના થાય છે. ભાભી, જેમને મ્હેં મ્હારા આરાધ્યદેવ ગણ્યા છે, જેમને હું રાત્રિ દિવસ યાદ કર્યા કર્યું છું તેઓ એક અલકાસુંદરી નામની ત્રિભુવનમોહિની રમણીના પતિ છે. આ વાર્ત્તા કોઇને નહિ કહેવાના તમે સોગન ખાઓ. ભાભી, મ્હારા અંતરમાં એ માટે બિલકુલ ઇર્ષ્યા ઉત્પન્ન થયેલી નથી. હું આત્મદાન દઇને જ સંતુષ્ટ રહીશ." પદ્માવતીએ પોતાની ચિંતાના કારણને પ્રદર્શિત કર્યું. એ હકીકત સાંભળી યમુનાદેવી સ્વસ્થ થઇ. તેણે પદ્માવતીના ભ્રમનો ભંજન

કરતાં કહ્યું:-"બ્હેન! વિના કારણ ખોટી કલ્પના કરી તમે અપાર કષ્ટ અનુભવ્યું છે, તથા જો આ વાત હજી તમે મ્હને ન કહી હોત તો તમારે વિશેષ કષ્ટ વેઠવું પડત. તમે હવે બિલકુલ ચિંતા નહિ રાખતાં શાન્ત થાઓ. તમે યોગ્ય પાત્રને જ તમારું હૃદય અને મન સમર્પણ કર્યું છે. અલકાસુંદરી તો અવન્તીરાવનાં ભગિની થાય છે, તથા તે ઝાલોરરાજનાં પુત્રી થાય છે. ગરધનદાસે તેમના પર અમાનુષિક અત્યાચાર ચલાવ્યો હતો. ગરધનદાસના જુલ્મમાંથી યુવરાજ ગજસિંહજી તેમનો ઉદ્ધાર કરીને તેમને જશલમીર લઈ ગયા છે. સતી સ્ત્રીને સંતાપવાથી ગરધનદાસ પણ અકાળે મરણને શરણ થયો છે."

આ સમાચાર સાંભળવામાં આવતાં પદ્માવતીના આનંદની સીમા રહી નહિ. તેનાં નેત્રોમાંથી હર્ષાશ્રુજળ ઉભરાઇ જવા લાગ્યું. પછીથી યમુનાદેવી પાસેથી વિદાય લઇ તે બગીચામાં ચાલી ગઇ. સખી મંડળે પદ્માવતીનો સત્કાર કરી, આજે ઘણા દિવસે તેના મુખમંડળ પર આનંદની છાયા છવાઇ રહેલી જોઇને ગાવા માંડયું કે:-

"આ યૌવન ફુલવાડી, ખીલી જો ડાલી ડાલી,
કેવી નવ નવ રંગની બ્હાર છે?
મદન વસંત વસીને વેલી અંગમાં,
રાગે રંગે રંગિલી રમે રંગમાં;
શોભા સુંદર મનમોહક અપાર છે—"

પદ્માવતી:- કળી કોમળ આ શેં કરમાવો, શરમાઓ કાંઇ શરમાઓરે;
વેલી વિકળ કરી ના ગભરાઓ, દૂર થાઓ હસીના હસાવોરે.

સખીઓ:- સુંદર મનહર વાહરે વાહ નવ શરમા, નવ ગભરા,
ભોગી આવી બાલા રીઝાવશે—

પ્રકરણ ૨૮ મું.

પિતા પુત્રી અને ભ્રાતા ભગિનીનું મિલન.

જે દિવસે રાત્રે ગરધનદાસ સાથે ગજસિંહનું દ્વંદ્વ યુદ્ધ થયું તે રાત્રે લગભગ અગીઆર વાગ્યે ગજસિંહે સૈન્યસહ આવી કોટાના દુર્ગને ઘેરી લીધો હતો. પોતાના સૈનિકોને સહજ પણ કોલાહલ નહિ કરવાનું ફરમાવી તે પૃથ્વીસિંહની શોધમાં નીકળ્યો. તોરણદ્વારના રક્ષકને પૃથ્વીસિંહે પ્રથમથી જ ચેતાવી રાખેલો હોવાથી ગજસિંહ અને તેના સૈન્યનું આગમન થયેલું પોતાના જાણવામાં આવ્યા છતાં એ વિષય તેણે ગુપ્ત રાખ્યો હતો. ગજસિંહે તોરણદ્વારના રક્ષકના હાથમાં એક સોનામહોર આપી પોતાના આગમનના સમાચાર પૃથ્વીસિંહને જણાવવાની તેને આજ્ઞા કરી. વિના વિલંબે એ તોરણદ્વારરક્ષકે ગજસિંહની આજ્ઞાનો અમલ કર્યો, અને પૃથ્વીસિંહ તોરણદ્વાર પાસે આવી પહોંચ્યો. તેણે ગજસિંહનો યથોચિત સત્કાર કર્યો. ત્યાર પછી તેમણે ગજસિંહની સાથે જઇને ઝાલોરરાજ મધુરાવ અને તેના પુત્ર અવન્તીરાવનો કારાગૃહમાંથી ઉદ્ધાર કર્યો, તથા ગજસિંહ તેમને બન્નેને પોતાના સૈન્યમાં રાખી આવ્યો. પછીથી પૃથ્વીસિંહ, પ્રથમથી નક્કી કરી રાખેલા વિચાર પ્રમાણે ગજસિંહ પાસેથી વિદાય લઇ ગરધનદાસને જાગ્રત કરવા જવા લાગ્યો. ગરધનદાસે આજે રાત્રે જ અવન્તીરાવ અને મધુરાવનો શિરચ્છેદ કરવાનો નિશ્ચય કર્યો હશે એવી કલ્પના સુદ્ધાં પૃથ્વીસિંહના અંતરમાં ઉપજી નહોતી. માર્ગમાં જ તેની સાથે ગરધનદાસની મુલાકાત થઇ ગઇ. આ મુલાકાતથી બન્ને જણા વિસ્મિત બની ગયા હતા, તથા તેમની બન્નેની વચ્ચે શી વાતચિત થઇ હતી અને પછીથી ગજસિંહના હાથે દ્વંદ્વ યુદ્ધમાં ગરધનદાસ કેવી રીતે

માર્યો ગયો હતો એ સઘળું વાંચકબંધુઓ જાણે છે.

ગરધનદાસ માર્યો ગયો એટલે જાલિમસિંહનું ખૂન કરવાનો નિશ્ચય કરી ગજસિંહ અને પૃથ્વીસિંહ તેના શયનગૃહ તરફ જવા લાગ્યા. જાલિમસિંહના શયનગૃહનું દ્વાર ખુલ્લું જોવામાં આવતાં તેમના અંતરમાં સંદેહ ઉપજ્યો. શયનગૃહમાં જઇને તપાસ કરતાં જાલિમ-સિંહ ઘણા સમયથી પલાયન કરી ગયો હોય એમ તેમને લાગ્યું. તીક્ષ્ણબુદ્ધિ જાલિમસિંહ ગરધનદાસના વિદાય થયા પછી શય્યામાં સૂઇ રહી અનેક પ્રકારની ચિંતા કર્યા કરતો હતો. એવામાં ગજસિંહના સૈન્યના આગમનનો સામાન્ય કોલાહલ સાંભળવાનાં આવતાં તેના અંતર-માં ઉત્પન્ન થયેલો સંશય દૃઢ થયો. ગજસિંહ જ સૈન્યસહ મૂળરાજના લખી જણાવ્યા પ્રમાણે આવી પહોંચ્યો હશે એમ એક ક્ષણ માત્રમાં જ તેણે વિચારી લીધું. આવા સંકટ સમયે દુર્ગમાં રહેવામાં કલ્યાણ નથી એવો વિચાર કરી કોઇ મિત્ર રાજાનો આશ્રયાર્થી થઇને છુપી રીતે તે દુર્ગમાંથી પલાયન કરી ગયો હતો.

શયનગૃહમાં કોઇ નજરે નહિ પડયાથી પૃથ્વીસિંહે કહ્યું:—"ગ-જસિંહજી, જોયું કે ? આજે જાલિમસિંહની તીક્ષ્ણ બુદ્ધિનો પરિચય તમને થયો કે ? તે રાત્રિ દિવસ સાવધાનતામાં રહેતો હતો."

"તે કોઇ મિત્ર રાજાની સહાયતા મેળવવાને ગયો હોય એમ લાગે છે. હવે આ દુર્ગમાં આપણું શું કર્ત્તવ્ય છે ?" ગજસિંહે કહ્યું.

"ભાઇ! તમારી સહાયતાથી ગરધનદાસ જેવો એક શત્રુ દૂર થયો છે. હવે જો જાલિમસિંહનો વિનાશ કરી શકાય તો સદાને માટે નિશ્ચિંત થવાય." પૃથ્વીસિંહે ઉત્તરમાં જણાવ્યું.

"ત્યારે હાલ તરત તમે મ્હને રજા આપો. હું મ્હારા પૂજ્ય શ્વસુર અને સાળાને જશલમીર લઇ જાઉં. ત્યાં મ્હારા માટે સર્વ ચિંતામગ્ન રહેતાં હશે." ગજસિંહે કહ્યું.

"ભલે જાઓ; પરંતુ ભાઇ ! તમે જ્યાં હો ત્યાં આ કનિષ્ઠ બંધુને કવચિત્ યાદ કરતા રહેજો." પૃથ્વીસિંહે કૃતજ્ઞતાસૂચક સ્વરે કહ્યું.

"હવે આમ કહેવું વ્યાજબી નથી. તમારી સહાયતાથી જ હું મહાભારત સંકટમાંથી બચી શક્યો છું. હું પણ મ્હારાથી બની શકશે એટલી સહાયતા તમને કરવા ચુકીશ નહિ." ગજસિંહે કહ્યું.

આટલી વાતચિત થયા પછી બન્ને જણા વિદાય થયા. ગજસિંહ સર્વની સાથે જશલમીર જઇ પહોંચ્યો. રાણા મૂળરાજસિંહે મધુરાવ અને અવન્તીરાવનો ઘણો સત્કાર કર્યો. અલકાસુંદરીએ પિતા ભ્રાતા પાસે ઉપસ્થિત થઇ તેમને પ્રણામ કર્યા. આ મિલનથી સર્વના આત્માને અત્યાનંદ થયો. પછીથી મૂળરાજસિંહે ગજસિંહ સાથે અલકાસુંદરીનો વિવાહ થઇ ગયાના સમાચાર મધુરાવ અને અવન્તીરાવને કહી સંભળાવ્યા. એ સમાચાર સાંભળવામાં આવતાં તેમના આનંદમાં વધારો થયો. પોતાનો જીવ જોખમમાં નાખીને ગજસિંહે અલકાસુંદરીનો ગરધનદાસના જુલ્મમાંથી ઉદ્ધાર કરેલો હોવાથી તેમણે તેનો આભાર માન્યો. અંતે અલકાસુંદરીને ઉદ્દેશીને મધુરાવે કહ્યું:—"બ્હેન ! તું જેવી રૂપવતી અને ગુણવતી છે તેવી જ રીતે ત્હારા પતિ પણ રૂપવાન્ અને ગુણવાન્ છે. ચિત્રાની સાથે ચંદ્રનું મિલન જેવું શોભાવૃદ્ધિકર છે તેવું જ તમારું મિલન પણ શોભાવૃદ્ધિકર થયું છે. કારાગૃહમાંથી મુક્ત થવાથી મ્હને જેટલો આનંદ થયો નથી તેટલો આનંદ તમારા મિલનથી થયો છે. તમને દંપતિને પરમાત્મા દીર્ઘાયુષી કરો તથા તમારી સઘળી ઇચ્છાઓ સફળ થાઓ એવી તમને હું શુભાશીષ આપું છું."

આ સમયે ગજસિંહ અને અલકાસુંદરીએ મધુરાવને પ્રણામ કર્યા.

પ્રકરણ ૨૯ મું.

પ્રચંડ રણસંગ્રામ.

બ્રિટિશ એજન્ટનો ઉત્તર મળતાં જ કિશોરસિંહ સમજી શક્યો કે, યુદ્ધ થયા સિવાય પોતાનો હેતુ સફળ થઇ શકે તેમ નથી; તેથી તેણે પૃથ્વીસિંહને સૈન્ય એકઠું કરવાની સૂચના કરી અને તે પોતે પણ એ જ કાર્ય કરવામાં ગુંથાયો. જે સઘળા રાજાઓએ યુવરાજ કિશોરસિંહનો પક્ષ સ્વીકાર્યો હતો તેમણે સર્વેએ પોતાની પ્રતિજ્ઞા પાળી. તેમનું તથા કિશોરસિંહનું મળી પાંચ હજાર સૈન્ય થયું. કિશોરસિંહ એ સૈન્યનો સેનાપતિ થઇને કાલી નદીના તીરે શત્રુની રાહ જોવા લાગ્યો; બીજી તરફથી કોટાની આસપાસ આવેલાં રાજ્યોમાંથી બે હજાર સૈનિકોની સહાયતા મેળવી પૃથ્વીસિંહ પણ કિશોરસિંહને જઈ મળ્યો.

યુદ્ધ ચોક્કસ થવાનું જ હોવાથી પૃથ્વીસિંહે આપણા કથાનાયક ગજસિંહને સૈન્યસહ સહાયતા કરવાને આવવા માટે લખી જણાવ્યું. યુદ્ધનું આમંત્રણ થતાં જ ગજસિંહે પોતાના સાળા અવન્તીરાવને સૈન્યસહ યુદ્ધમાં હાજર થવા માટે નમ્રતાપૂર્વક જણાવ્યું હતું. અંતે બેહજાર સૈનિકો લઇ અવન્તીરાવ પણ યુદ્ધક્ષેત્રમાં ઉપસ્થિત થયો. કાલી નદીના તીરપર એ સઘળું લશ્કર એકત્રિત થઇ ગયું. વિના વિલંબે ગજસિંહ પણ પોતાના સૈન્યસહ યુદ્ધક્ષેત્રમાં આવી પહોંચ્યો હતો. સૈન્યના એક ભાગનો સેનાપતિ અવન્તીરાવ અને બીજા ભાગનો પૃથ્વીસિંહ હતો. કિશોરસિંહ અને ગજસિંહ સૈન્યના મધ્ય ભાગમાં રહ્યા હતા.

જાલિમસિંહનું સૈન્ય બે ભાગમાં વહેંચાયલું હતું; તેમાંના એક

ભાગનો સેનાપતિ જાલિમસિંહ અને બીજા પક્ષનો મધુસિંહ હતો. જાલિમસિંહનું સૈન્ય ધીમે ધીમે આગળ વધ્યું તો ખરું; પરંતુ તે કાલી નદી ઓળંગી શક્યું નહિ. એ સમયે આષાઢ માસ હતો. કાલી નદી પૂર્ણવેગથી સાગર સ્વામીને સ્નેહાલિંગન કરવા અધીરી અબળાની માફક પલાયન કરી જતી જોવામાં આવતી હતી. તે જાણે કે ઉભય પક્ષનાં સૈન્યને પોતપોતાનાં સ્થાને પાછાં જવાનો આદેશ કરતી હતી.

પ્રથમ અસ્ત્રવૃષ્ટિ નહિ કરવાની કિશોરસિંહે પ્રતિજ્ઞા કરી હતી. જ્યાં સુધી જાલિમસિંહના સૈન્યમાંથી અસ્ત્રવૃષ્ટિનો આરંભ થાય નહિ ત્યાં સુધી પોતાના કોઈ પણ સૈનિકે અસ્ત્રવૃષ્ટિ કરવી નહિ એવી તેણે સર્વને આજ્ઞા કરી હતી, કિશોરસિંહની આજ્ઞા પ્રમાણે તેના સઘળા સૈનિકો યથાસ્થાને ઉભા રહ્યા હતા. એવામાં જાલિમસિંહના સૈન્યે તેમના તરફ ગોળા છોડવા માંડ્યા. વિના વિલંબે તુમુલ યુદ્ધનો આરંભ થઇ ગયો. યુદ્ધક્ષેત્રે ઘણો ભયંકર દેખાવ ધારણ કર્યો. કમાનાનો વજ્રનાદથી ગગનમંડળ ગાજી ઉઠયું.

મધુસિંહ, ગજસિંહ અને પૃથ્વીસિંહના સૈનિકો સાથે યુદ્ધ કરતો હતો. એવામાં એકાએક ગજસિંહનો એક ગોળો મધુસિંહના હૃદયમાં લાગ્યો. તત્કાળ મધુસિંહ જમીનદોસ્ત થઇ પરલોકપ્રયાણ કરી ગયો. બીજી તરફથી કેટલાક શત્રુઓના હાથે પૃથ્વીસિંહ ઘાયલ થયો, અને તીર વાગવાથી તે ધરાશાયી થયો. આ સિવાય બન્ને પક્ષના ઘણા સૈનિકો માર્યા ગયા. જ્યારે બન્ને પક્ષની આવી સ્થિતિના સમાચાર બ્રિટિશ એજન્ટ મહોદયના જાણવામાં આવ્યા ત્યારે તેમણે યુદ્ધનું નિવારણ કરવાના, અને વિના કારણ નિરપરાધ સૈનિકોનો વિનાશ થતો અટકાવવાના ઉદ્દેશથી લેફ્ટેનન્ટ મિલનની સરદારી નીચે કેટલુંક સૈન્ય ઉભય પક્ષના મધ્યસ્થળમાં મોકલ્યું. બ્રિટિશ

સેનાપતિ શ્વેત પતાકા ઉડતી રાખી, રણવાદ્યો વગડાવતો વગડાવતો બન્ને પક્ષના સૈન્ય વચ્ચે જઈને ઉભો રહ્યો. આથી બન્ને પક્ષ તરફથી ગોળાની જે વૃષ્ટિ થતી હતી તે બંધ થઇ ગઇ. પછીથી એજન્ટ મહોદયે કિશોરસિંહ પાસે જઇને નમ્રતાથી કહ્યું:–"મહારાવ! હવે આપ શા માટે શત્રુતા કરો છો? જાલિમસિંહનો પુત્ર મધુરાવ આ યુદ્ધમાં માર્યો ગયો છે, તેથી હવે જાલિમસિંહનાં વંશનો ધ્વંસ થઇ ગયો છે. હવે જયાં સુધી જાલિમસિંહ જીવતા રહે ત્યાં સુધી આપ તેમને રાજપ્રતિનિધિના પદપર કાયમ રાખો. યુદ્ધ બંધ કરી આપ આપના ઘાયલ થયેલા બંધુની સેવા ચાકરીની સુવ્યવસ્થા કરો. આપ મ્હારો પ્રસ્તાવ માન્ય કરશો એટલે હું અમારા ડૉકટરને ઘાયલ થયેલા માણસોની ઔષધની વ્યવસ્થા કરવા મોકલીશ. હવે આપ સમય ગુમાવશો નહિ. જો વિશેષ સમય વીતી જશે તો આપના બંધુના જીવનનું રક્ષણ થઇ શકશે નહિ."

આ પ્રસ્તાવ કિશોરસિંહે માન્ય કર્યો, અને યુદ્ધ બંધ પડયું. પછીથી કિશોરસિંહ પૃથ્વીસિંહ પાસે ગયો. પૃથ્વીસિંહ બેહજાર સૈનિકોસહ યુદ્ધમાં જોડાયો હતો. ચિરગૌરવાન્વિત હારકુળમાં જન્મ ગ્રહણ કરી તે પોતાના પૂર્વજોના ગૌરવનો ઉદ્ધાર કરવાને પ્રયત્ન-શીલ થયો હતો.

પૃથ્વીસિંહના બરડામાં તીરનો સખ્ત ઘા લાગ્યો હતો. તેણે પોતાની પાસે વડિલ બંધુને ઉપસ્થિત થયેલો જોઇને ગદ્દગદ કંઠે કહ્યું:– "ભાઇ! તમારું હિત કરવાની કામના અંતરમાં રાખી, એ માટે હું પ્રયત્નશીલ થયો હતો; પરંતુ એમાં હું વિફળ મનોરથ થયેલો હોવાથી મ્હને ઘણું દુઃખ થાય છે. મ્હારું મૃત્યુ થવાની તૈયારી છે; પરંતુ એથી મ્હને કશું દુઃખ લાગતું નથી. ગુપ્ત શત્રુએ મ્હારા પ્રાણનો સંહાર કર્યો છે એ વિષયના સ્મરણથી જ હું દુઃખિત થાઉં છું."

કિશોરસિંહ પૃથ્વીસિંહનું સાંત્વન કરી તેને દુર્ગમાં લઇ ગયો. બ્રિટિશ એજન્ટ મહોદયના આદેશાનુસાર વિના વિલંબે ડૉક્ટર, ઘોડેસવાર થઇને આવી પહોંચ્યો. પ્રથમ તેણે પૃથ્વીસિંહના બરડામાં વાગેલું તીર બ્હાર ખેંચી કાઢી ઘાપર ઔષધ પ્રયોગ કર્યો. ઘાયલ થયેલા સૈનિકોના ઔષધાર્થે બીજા બે ચિકિત્સક આવેલા હતા.

વિવાદ મટી જતાં–રાજનૈતિક ષડયંત્ર થઇ જતાં કોટામાં શાન્તિ સ્થાપિત થઇ ખરી; પરંતુ એ યુદ્ધમાં બે મૂલ્યવાન્ જીવનો નાશ થયો–એક પૃથ્વીસિંહ અને બીજો મધુસિંહ. મધુસિંહના મૃત્યુથી જાલિમસિંહના વંશનો લોપ થયો. પૃથ્વીસિંહ ઘાયલ થયા પછી ત્રીજે દિવસે પ્રભાતકાળે આ માયાવી મૃત્યુલોકનો ત્યાગ કરી સ્વર્ગવાસી થયો.

પ્રકરણ ૩૦ મું.

પિંઢારાઓનો અત્યાચાર.

જાલિમસિંહ સાથેના યુદ્ધમાં અવન્તીરાવ પણ ઘાયલ થયો હતો, છતાં સુખનો વિષય એ હતો કે, તેનું જીવન બચવાની સંપૂર્ણ સંભાવના હતી. જ્યારે એક માસ વીતી ગયો ત્યારે તેનામાં હરવા ફરવાનું બળ આવ્યું. પ્રભાતકાળે ઉઠી તે વિસ્તૃત ઉદ્યાનમાં ફરતો હતો. પદ્માવતી આવા સમયે શર્મ, સંકોચ વગેરેનો ત્યાગ કરી પ્રિયતમની રાત્રિ દિવસ સેવા શુશ્રુષા કર્યા કરતી હતી. પોતાના અપૂર્વ વીરત્વથી તથા આત્મત્યાગથી અવન્તીરાવ, કિશોરસિંહ અને વિષ્ણુસિંહનો સ્નેહ મેળવી શક્યો હતો. યથા સમયે અવન્તીરાવના આરોગ્યપ્રાપ્તિના સમાચાર કિશોરસિંહે ઝાલોરરાજ મધુરાવને લખી જણાવ્યા. મધુરાવ કે અવન્તીરાવમાંથી કોઇના અંતરમાં હવે કશી ચિંતા

રહી નહોતી. પદ્માવતીની સેવાથી અવન્તીરાવ ઘણો સંતુષ્ટ થયો. આ પ્રકાર અને સહવાસથી બન્નેના અંતરમાં ઉપજેલો અનુરાગ અત્યંત દઢ થયો. એથી યમુનાદેવી અને રત્નમાળાને પણ આનંદ થયો.

આવી રીતે દિવસો પસાર થયા હતા એવામાં એક દિવસે એક દૂત ઝાલોરરાજ મધુરાવનો પત્ર લઇ કોટા દુર્ગમાં ઉપસ્થિત થયો. પ્રાતઃકાળે અવન્તીરાવ ઉદ્યાનમાં ફરતો હતો એવામાં દૂતે આવી પ્રણામ કરીને તેના હાથમાં પત્ર મૂકયો. એ પત્રનો મર્મ એવો હતો કે, ઘણા પિંઢારાઓ ઝાલોરદુર્ગને ઘેરો ઘાલવા માટે આવતા હતા. પત્ર મળતાં જ અવન્તીરાવ વિશેષ ચિંતાતુર બની ગયો. હજી યુદ્ધમાં ઉતરવા જેટલું બળ તેના શરીરમાં આવ્યું નહોતું; છતાં વૃદ્ધ પિતા દુર્ગમાં જ હોવાથી ત્યાં ગયા સિવાય ચાલે તેમ નહોતું. સાત પાંચનો વિચાર કરી અવન્તીરાવે એ પત્ર કિશોરસિંહને બતાવ્યો. અંતે કોટાના ત્રણ હજાર સૈનિકોસહ વિષ્ણુસિંહે અવન્તીરાવ સાથે ઝાલોરરાજને સહાયતા કરવા જવું એવો નિશ્ચય થયો.

વિશેષમાં અવન્તીરાવે આ સમાચાર ગજસિંહને લખી જણાવી તેને સહાયતા કરવા આવવાની વિનંતિ કરી.

વિદાય થવાનો દિવસ ઉપસ્થિત થયો. રથ તોરણદ્વારમાં ઊભો રહ્યો હતો. દુર્ગની બ્હારનું વિસ્તૃત મયદાન ઘોડેસવાર અને પદાતિક સૈનિકોથી ભરાઇ ગયેલું જોવામાં આવતું હતું. સેનાનાયકો દુર્ગદ્વાર પાસે ઉભા રહી રાજ આજ્ઞા ઉઠાવી લેવા તત્પર થઇ રહ્યા હોય એમ લાગતું હતું. અવન્તીરાવે કિશોરસિંહ પાસેથી વિદાય લીધી; પરંતુ તેનું મન બ્હાર નીકળતાં સંકોચાતું હતું. પદ્માવતી સાથે આજે તેનો મેળાપ થયો નહોતો. પદ્માવતીનો માનસિક સંકલ્પ જાણવાની તેની ઉત્કટ ઇચ્છા હતી; પરંતુ આવી ધામધૂમ હોવાથી કેવી રીતે કોટા-

રાજનન્દિની સાથે એકાન્તમાં તેની મુલાકાત થઇ શકે ? કિશોરસિંહ પોતે જ હમણાં અવન્તીરાવની સાથે હતો. મયદાનમાં ઉભા રહેલા યુદ્ધવિદ્યાવિશારદ સૈનિકો ઉપડવાની તૈયારી કરી રહ્યા હતા. આવા સમયે પદ્માવતીને એક વખત મળવાની પોતાની ઇચ્છા કિશોરસિંહ પાસે પ્રકટ કરવી એ પોતાના ક્ષત્રિય—વીરધર્મને ઉચિત નથી એમ અવન્તીરાવે વિચાર્યું. તે કિંકર્તવ્યવિમૂઢ બની જઇ ગંભીર વિચારમાં પડી ગયો. પદ્માવતીના વડીલ ભ્રાતાનો આશ્રય, પદ્માવતીની સેવા-શુશ્રુષા વગેરેએ તેને પુનઃ જીવન આપ્યું હતું; આમ છતાં પોતે પદ્માવતીપર કેટલો બધો અનુરક્ત થયો છે એ વિષય અન્ય કોઇને જણાવતાં તે ઘણો સંકોચાતો હતો. કિશોરસિંહને પ્રણામ કરી તે રાજમહાલયના મુખ્યદ્વારમાં ઉપસ્થિત થયો, અને વિચારમગ્ન ચિત્તે તોરણદ્વાર પાસે જઇ પહોંચ્યો. કિશોરસિંહ પણ તેને વળાવવા માટે તોરણદ્વાર સુધી ગયો. આ સમયે સઘળા સૈનિકોએ હથિયારો ઉંચકી તેમને માન આપ્યું તથા તેઓ જયધ્વનિ કરી ગગનને ગજવવા લાગ્યા.

બરાબર આ સમયે જ રાજમહાલયમાંથી મંગળવાદ્યોનો ધ્વનિ આવવા લાગ્યો. સર્વેએ અધીરચિત્તે રાજમહાલયના દ્વાર તરફ દૃષ્ટિ કરી તો યમુનાદેવી અને રત્નમાળાની સાથે મૂલ્યવાન્ વસ્ત્રાલંકારોથી વિભૂષિતા થયેલી—અપ્સરા સ્વરૂપિણી પદ્માવતીને તોરણદ્વાર તરફ મૃદુગતિથી લજ્જાવતી લતાની માફક આવતી જોઈ. પુરસ્ત્રીઓ શંખધ્વનિ કરતી કરતી તેમની પાછળ ઉપસ્થિત થઇ. સર્વે વિસ્મયચકિત દૃષ્ટિથી એ મહિલામંડળ તરફ જોઇ રહ્યા.

યમુનાદેવીએ અગ્રેસર થઇ કિશોરસિંહને ઉદ્દેશીને નમ્રતાયુક્ત સ્વરે કહ્યું:—" મહારાજ કોટાધીશ્વર ! પદ્માવતી બ્હેને સ્વેચ્છાથી વીર

કેશરી અવન્તીરાવને પોતાના પતિ તરીકે પસંદ કર્યા છે. માત્ર અગ્નિસાક્ષ્ય કરવાથી જ વિવાહ થાય છે એવું કાંઇ નથી. વીરધર્મ અને શાસ્ત્રમાં ઘણાં વિધાન છે. જેને મનથી સ્વીકારવામાં આવે છે તેને જ પતિ કહી શકાય છે. પદ્માવતી બ્હેનનો વિવાહ સંબંધ કરી નાખવા ઘણી વખત મ્હેં આપને કહ્યું છે; પરંતુ યુદ્ધ વિગ્રહની ઉપાધિવશતઃ એ કાર્ય સંપન્ન કરી નાખવાનો સુયોગ હજી સુધી આપને મળ્યો નથી. અવન્તીરાવની બિમારીમાં, રાજનન્દિની પદ્માવતીના પવિત્ર પ્રણયે ઘનીભૂત થઇ, પરસ્પરની પ્રતિજ્ઞાથી એ વિવાહ કાર્ય સંપન્ન થઇ ગયું છે. હજી પણ યુદ્ધવ્યવસાય વિરામ્યો નથી—અવન્તીરાવને અદ્યાપિ યુદ્ધમાં ઉતરવાનું છે—તેનું કેવું પરિણામ આવશે તત્સંબંધી હમણાં કાંઇ કહી શકાય તેમ નથી જ, તેથી આપના ચરણકમળમાં આ સેવિકાની એવી નમ્ર પ્રાર્થના છે કે, આપ આપની ભગિનીને તેમના ઇચ્છિત પતિ સાથે શ્વસુરપક્ષમાં જવાની આજ્ઞા આપો. ”

પ્રકૃત પવિત્ર પ્રણયનું વિજય નિશાન ઉડતું જોવામાં આવતાં મનુષ્યત્વ અવનત મસ્તકે તેની અભ્યર્થના કરે છે, તથા એમાં કોમળતા આર્દ્ર અને વિગળિત થાય છે. પ્રેમ આત્માની પિપાસા, અને જીવનનો પાયો છે. પ્રેમની સ્ફુર્તિથી અવિનશ્વર આત્માનો વિકાશ થાય છે. આત્મિક ઉદ્યમથી પ્રેમની વૃદ્ધિ અને પરિણતિ થાય છે. પ્રેમધર્મનો પૂર્ણ પરિચય થતાં પુરુષનું શૌર્ય વીર્ય, નારીની માયામમતા સમગ્ર માનવજાતિની ઉદારતા ઉત્પન્ન થાય છે. પ્રેમની ગતિમાં કદાપિ બાધા કરી શકાતી નથી. પ્રેમીની પ્રણયઘોષણા કેવી હોય છેઃ—

“ જગ છો ગમે તે કહો તને હું તો ચમેલી કહિશ જા !
તત્પર ગુણાનુવાદ ગાવા હું હમેશ રહિશ જા !
રહેવા હુઝુરમાં તાહરી દિનરાત દિલમાં ચહિશ જા !

તજીને બધું હું તો અનન્યે દાસ ત્હારો થઈશ જા !
ત્હારા વગરનાં સહુ સુખો ગતિ તુચ્છ હૈય તજીશ જા !
એકાગ્રચિત્તે હ્રેરથી હું તુજને જ ભજીશ જા !
ત્હારી મનોહર મૂર્ત્તિ હું નેનોથી પીશઃ ઠરીશ જા !
હે પ્રાણ ! ત્હારા ! નામનું બ્હાનું હમેશ ધરીશ જા !
તુજ નામની કિરતી થકી ભવ સાગરે ઝીલીશ જા !
ત્હારા બિરદની એકલી ચિત્ત આશ મીઠી ધરીશ જા !
હર રીતથી બ્હાલી તને ખુબ ખૂશ ખૂશ કરીશ જા !
ત્હારી ભલાઈઓથી બધી દશ દીશ હું ગજવીશ જા !
ખુદ ખુબસુરતીને તાહરૂં કરી બ્યાન હું લજવીશ જા !
તું આગળે એ પણ હઠે કહી માન હું તજવીશ જા !
સહુ સૃષ્ટિમાં તું તું ભરી તું એક ભરી એ લહીશ જા !
ત્હારા વગર બીજું ન દેખું હું છચોકે કહીશ જા !
આઠે પ્રહર તુજ પ્રેમની મદિરા પીને હું છકીશ જા !
બની યાદમાં ગુલતાન ભૂલી ભાન નિત્ય બકીશ જા !
મ્હારી ચમેલી રસભરી મ્હારી ચમેલી જપીશ જા !
આ પ્રેમઘેલો છે બનેલો ભલે હું એમ ખપીશ જા ! ”

(દેરાસરી.)

કિશોરસિંહ અવન્તીરાવ અને પદ્માવતીના આંતરિક અનુરાગને સમજી ગયો હતો. તેણે પદ્માવતીનાં વચનો સાંભળી અવન્તીરાવને ઉદ્દેશીને કહ્યું:–“ઝાલોરરાજનન્દન અવન્તીરાવ! હવે તમે ખરેખરા મ્હારા કનિષ્ઠ બંધુ થયા છો. મ્હારી ભગિનીએ જ્યારે તમને પતિ તરીકે સ્વીકાર્યા છે ત્યારે તમે મ્હારા બનેવી થયા છો–મ્હારા આશીર્વાદનું પાત્ર થયા છો. બંધુ ! તમે મ્હારો અપરાધ મનમાં રાખશો

નહિ. યમુનાદેવીએ ઘણા દિવસથી જ તમારી સાથે પદ્માવતીનો વિવાહ કરવાનો પ્રસ્તાવ મ્હારી પાસે કર્યો હતો; પરંતુ એ સમયે તમે જાલિમસિંહની કેદમાં હોવાથી એ પ્રસ્તાવને હું સંમત થઇ શક્યો નહોતો. એ સમયે ગરધનદાસ તમારો દોષ સાબિત કરવાની ખટપટમાં હતો, તથા જો તેને મળી આવેલાં પ્રમાણોનો ઉદારચરિત ગજસિંહજીના હાથે નાશ ન થયો હોત તો તમારો તથા તમારા પિતાનો શિરચ્છેદ થવાની સંપૂર્ણ સંભાવના હતી. જેનું જીવ પદ્મપત્રમાંના જળબિંદુના જેવું સંશયશીલ હતું તેમના હસ્તમાં હું મ્હારી પ્રાણાત્મસ્વરૂપિણી ભગિનીનો હસ્ત કેવી રીતે આપી શકું ? જો વસ્તુસ્થિતિ એવી ન હોત તો ઘણા સમય પૂર્વે જ તમારો બન્નેનો વિવાહ સંપન્ન થઇ ગયો હોત. આ વિષયમાં જો તમને મ્હારો કાંઇ અપરાધ થયેલો લાગતો હોય તો આ શુભ સંબંધના સંધાનથી તમે મ્હને તમારો જ્યેષ્ઠ ભ્રાતા સમજી તેનું વિસ્મરણ કરજો. લ્યો, હું મ્હારી ભગિની પદ્માવતીનો હાથ તમારા હાથમાં સોંપું છું. પરમકૃપાળુ પરમાત્મા તમને બન્નેને આશીર્વાદ આપો." આમ કહીને કિશોરસિંહે પદ્માવતીનો હાથ અવન્તીરાવના હાથમાં સ્થાપિત કર્યો.

આ સમયે પરિચારિકાના હાથમાંના સુવર્ણથાળમાંથી બે પુષ્પમાળાઓ લઇ રત્નમાળાએ તેમાંની એક અવન્તીરાવના અને બીજી પદ્માવતીના હાથમાં આપી. તેમણે પોતાના હાથમાંથી કુસુમમાળા એક બીજાંના કંઠમાં લજ્જાયુક્ત દૃષ્ટિથી પહેરાવી દીધી. દૂધમાં સાકર ભળી. સુવર્ણમાં સુગંધનું મિશ્રણ થયું, અર્થાત્ પ્રણયીયુગ્મનું પ્રણયમિલન થયું. આત્મા સાથે આત્માનું મિલન થવું એને જ વાસ્તવિક મિલન કહી શકાય છે. પાઠકબંધુઓ ! પવિત્ર પ્રણયની મનોહારિણી તસ્વીર આવી ચમત્કારિક હોય છે. જે સૌભાગ્યશાળી

મનુષ્યે એ તસ્વીર મેળવી હોય છે તેને કોઇ પણ વસ્તુનો અભાવ રહેતો નથી. આ નશ્વર જગતમાં એ જ મહાસુખી છે. પ્રેમના જેવો અમૃતમય પદાર્થ વિશ્વમાં બીજો એક પણ નથી. એ અપૂર્વ તસ્વીર કિંવા નિધિ બાઝારમાં વેચાતો મળતો નથી. દ્રવ્યથી પ્રણય પ્રાપ્ત કરી શકાતો નથી. રાજભંડારનાં પણ એ સુધાસ્વરૂપિણી વસ્તુ હોતી નથી. એ વસ્તુ માત્ર મનના અને નેત્રોના આંતર્ભાગમાં જ વસી રહેલી હોય છે. મનસહિત એક વખત જેનું દર્શન કરવામાં આવે છે, તથા એ પ્રસંગે જ મનમાં અને નયનમાં જો ઉભયનું ઐક્ય થઇ જાય છે ત્યારે તેઓ બન્ને એક બીજાના સ્નેહબંધનમાં બંધાય છે. દ્રવ્યથી સ્નેહબંધન બંધાતું નથી માત્ર દાંપત્યપ્રેમ જ નહિ; પરંતુ સર્વ પ્રકારના પ્રેમની રીત આવી જ છે. મન જેને ચ્હાય છે તે દીનહીન કિંવા કંગાલ હોય છે તો પણ પ્રેમિકની દૃષ્ટિમાં લક્ષપતિ લેખાય છે. જેના પ્રતિ પ્રેમ ઉપજે છે તેનું દર્શન નહિ થતાં કેટલું બધું કષ્ટ થાય છે એ પ્રણયી મનુષ્યો સારી રીતે જાણે છે.

વિવિધ વાદ્યધ્વનિથી સર્વત્ર મંગળ મંગળ થઈ રહ્યું. પદ્માવતીએ પોતાના વડિલ ભ્રાતા કિશોરસિંહને પ્રણામ કરી અવનત મુખે કહ્યું:– " ભાઇ ! આ કનિષ્ઠા ભગિનીને ક્ષમા આપજો. આપની અનુમતિ સિવાય અવન્તીરાવના સ્વરૂપ સૌન્દર્ય અને શૌર્યવીર્યથી વિમુગ્ધ બની મ્હેં મ્હારા સ્ત્રીજીવનનું સર્વસ્વ તેમને સમર્પણ કરી દીધું છે; છતાં મ્હારા નમ્ર મતાનુસાર મ્હને એમ લાગે છે કે, એમાં મ્હેં બિલકુલ અન્યાય કર્યો નથી. મ્હેં એક રાજપૂત વીરનારીના ધર્મનું જ પ્રતિપાલન કર્યું છે. હવે હું મ્હારા સ્વામી સાથે જવાની આપની પાસે રજા માગું છું. યમુનાદેવી અને રત્નમાળા ! તમે પણ આ કનિષ્ઠા ભગિનીને આશીષ અને વિદાય આપો."

પદ્માવતીનાં વચનોના ઉત્તરમાં કિશોરસિંહે કહ્યું:–"ના બ્હેન ! હું ત્હારાપર ક્રોધે ભરાયો નથી. ત્હેં કશું અનુચિત કાર્ય કર્યું નથી. તમારો ઉભયનો શુભવિવાહ સત્વર થઇ જાય એવીજ મ્હારી આંતરિક ઇચ્છા હતી; પરંતુ આવશ્યકીય રાજકીય કાર્યના અનુરોધથી આજ સુધી હું મ્હારી ઇચ્છા પૂર્ણ કરી શક્યો નહોતો." આમ કહી તેણે અવન્તીરાવને ઉદ્દેશીને કહ્યું:–" ભાઇ ! આજનો દિવસ ઘણો સુખજનક છે. ગૌરવાભિમાની કોટાધિપતિની કન્યા ઉચ્ચવંશીય ઝાલોરરાજનન્દનની વધૂ થઇ છે–આજે બે મ્હોટા વંશનું મિલન થયું છે. હવે હું તમારા કલ્યાણની જ કામના કરું છું."

આ પ્રમાણે કહીને કિશોરસિંહે બન્ને જણને વિદાય આપતાં વિશેષમાં કહ્યું:–"ભાઇ! તમારા પિતાજી સંકટમાં પડેલા છે. દુર્દમનીય પિંઢારાઓ ઝાલોરદુર્ગપર ક્યારે આક્રમણ કરશે એ સંબંધી હમણાં કાંઇ કહી શકાય તેમ નથી. તમારી સાથે સૈન્યસહ વિષ્ણુસિંહ પણ આવે છે. યુદ્ધ થઇ ગયા પછી પુનઃ તમે પદ્માવતી અને વિષ્ણુસિંહ સાથે અત્રે આવી થોડા દિવસ રહી જશો એવી મ્હને આશા છે." અવન્તીરાવ શિષ્ટજનોને પ્રણામ કરી પદ્માવતી સાથે રથમાં બેઠો. વિષ્ણુસિંહ ઘોડેસવાર થઇ રથ પાસે ઉભો રહ્યો, અને મંગળધ્વનિના, સૈનિકોની વિજયગર્જનાઓના તથા રમણીમંડળના ગીતાલાપમાં સર્વ વિદાય થયાં. જ્યારે સઘળું સૈન્ય દૃષ્ટિ મર્યાદાથી દૂર થયું ત્યારે એક ગાઢ નિશ્વાસ મૂકી કિશોરસિંહથી એમ બોલાઇ જવાયું કે:–"આજે વીરભ્રાતા પૃથ્વીસિંહને જ યુદ્ધાર્થે મોકલવાની જરૂર હતી; પરંતુ પૃથ્વીસિંહ ક્યાં છે ?" આટલું બોલતાં બોલતાંમાં કિશોરસિંહનાં નેત્રોમાં શોકાશ્રુજળ ભરાઇ આવ્યું.

ઉપસંહાર.

વિષ્ણુસિંહ અને અવન્તીરાવ પુષ્કળ સૈન્યસહ ઝાલોર તરફ આવે છે એવા સમાચાર જાણવામાં આવતાં પિંઢારાઓ પલાયન કરી ગયા; તેથી વિષ્ણુસિંહ અને અવન્તીરાવને યુદ્ધ કરવું પડયું નહિ. ઝાલોરરાજને પુત્રવધૂના દર્શનથી અત્યાનંદ થયો. આ સમયે ગજસિંહને નિમંત્રિત કરવામાં આવ્યો. તે અલકાસુંદરી સાથે ઝાલોર જઇને થોડા દિવસ રહ્યો; ત્યાર પછી સર્વ વિષ્ણુસિંહ સાથે કોટા ગયાં. સર્વેના આનન્દની સીમા રહી નહિ. કોટાથી પાછા ફરતી વખતે ગજસિંહ અવન્તીરાવ અને પદ્માવતીને થોડા દિવસ માટે જશલમીર લઇ ગયો. ત્યાં થોડા દિવસ રહ્યા પછી અવન્તીરાવ અને પદ્માવતી પુનઃ ઝાલોર જઇ સ્વર્ગીય સુખ અનુભવવા લાગ્યાં.

સમાપ્ત

લુહાણા-બંધુ કાર્યાલયમાંથી મળતાં નવલકથાઓ
અને બીજાં વિવિધ વિષયો સંબંધીનાં પુસ્તકોનું

નવીન સૂચિપત્ર.

વ્રજલાલ જાદવજી ઠક્કર.

મેનેજર 'લુહાણા-બંધુ' કાર્યાલય.

અમદાવાદ.

Vrajlal Jadavji Thakkar.

Manager 'LUHANA-BANDHU' Office.

Ahmedabad.

मेनेजर 'लुहाणा-बंधु' कार्यालय.

अहमदाबाद.

અમારા ઉદાર ગ્રાહકોને વિનંતિ.

૧ પુસ્તકો મંગાવનાર ગૃહસ્થોએ પોતાનું નામ, ઠામ, ગામ, પોષ્ટ, જીલ્લો વગેરે પુરેપુરૂં લખવું.

૨ અમારે ત્યાંથી દરેક જાતનાં પુસ્તકો ઘણા જ કિફાયત ભાવથી મોકલી આપવામાં આવે છે. કોઈ પણ પુસ્તક કોઇ પણ ઠેકાણેથી મંગાવતાં પહેલાં એક વખત ઑાર્ડર આપી ખાત્રી કરો.

૩ પચીસ રૂપીઆનાં પુસ્તકો સામટાં આ લીસ્ટની અંદરથી મંગાવનારને રૂ. ૬ ની કીંમતનાં પુસ્તકો કમીસનમાં આપીશું,

૪ પંદર રૂપીઆનાં પુસ્તકો એકી વખતે મંગાવનારને ત્રણ રૂપિયાના પુસ્તકો કમીસનમાં આપીશું.

૫ દશ રૂપીઆનાં પુસ્તકો એકી વખતે મંગાવનારને બે રૂપીઆના પુસ્તકો ભેટમાં આપીશું.

૬ પાંચ રૂપીઆનાં પુસ્તકો મંગાવનારને એક રૂપીઆની કીમતનું પુસ્તક ભેટ મોકલી આપવામાં આવશે.

૭ હિંદુસ્તાનની બહાર એટલે અમેરિકા, આફ્રિકા વગેરે સ્થળોના પુસ્તકો મંગાવનારાઓએ ઑાર્ડરની સાથે મનીઓર્ડર અગર પોષ્ટલ ચેક મોકલાવવો, કારણ હિંદુસ્તાનની બહારનાં સ્થળોએ વેલ્યુપેએબલ પાર્સલ જઈ શકતું નથી. વળી હિંસ્તાન કરતાં બમણું પોષ્ટેજ ખર્ચ સમજવું.

પુસ્તકો મળવાનું ઠેકાણું:—

વ્રજલાલ જાદવજી ઠક્કર.

લુહાણા—બંધુ કાર્યાલય—અમદાવાદ.

પિશાચિની કે પ્રેમદા ?—આ નવલકથામાં એક પછી એક એવા ભયંકર અને રુંવાં ઊભાં કરે એવા પ્રસંગો બને છે કે, જેથી વાંચનાર વિસ્મીત બની જાય તેમ છે. ભૂત પ્રેતની ભયંકર લીલાના પ્રરિણામે ઉપજતું ભ્રમમૂલક દુઃખ સુંદરી લીલાવતીનો પ્રણયરંગ, વિધવા કિશોરીની હૃદયવ્યથા વગેરે વાંચતાં વાંચક તલ્લીન બની જાય તેમ છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૫૦, પાકું રૂપેરી પૂઠું કિંમત ૧—૮—૦

કંગાલ કેદી અથવા **સ્નેહબંધન** ભાગ ૧-૨. હતભાગ્ય કેદી રંગનાથનું અપૂર્વ ઘટનામય જીવન, ફોજદારનો જુલ્મ, આદર્શ હરિપ્રસાદનું પરોપકારી જીવન, સતી સ્નેહલતાની હૃદયભેદક સ્થિતિ, સ્ટીમરમાંથી સમુદ્રમાં જળસમાધિ, સ્વામી સ્નેહજ્યોતિનો અપૂર્વ ઉપદેશ વગેરે અસંખ્ય અસરકારક વિષયોનું આ નવલકથામાં આલેખન કરવામાં આવ્યું છે. બન્ને ભાગ જૂદા બાંધેલા છે. આકર્ષક છપાઇ, આઠ મનહર ફોટોગ્રાફિક ચિત્રો, પાકું રૂપેરી પૂઠું; છતાં કિં. માત્ર રૂ. ૧-૮-૦

સંસાર કે નરકાગાર ?—આ નવલકથામાં આધુનિક આર્યસંસાર નરકાગાર સમાન કેમ બની જાય છે, ખરાબ મિત્રોની સોબતનું પરિણામ કેવું પ્રાણહારક આવે છે, ધાર્મિક કેળવણી સિવાય યુવતી વિધવાઓનું જીવન કેવું કલંકિત થાય છે, વાસનાને સ્નેહ સમજી પરદારામાં અને પરપુરુષમાં આ-

સક્ત રહેનારાં પાપી યુવક યુવતીઓનો અંતે કેવો વિનાશ થાય છે, મદ્યપાનાદિ વ્યસનથી સુજ્ઞ અને સદાચારી પુરુષ પણ કેવો દુરાચારી થાય છે, હિન્દુ પત્ની વ્યભિચારી પતિની પણ સેવા સ્વીકારી કેવું આદર્શ ઉદાહરણ પ્રદર્શિત કરે છે, તથા સુધારકનો ડૉળ ઘાલતા શ્રીમંતોનું આંતરિક જીવન કેવું ખરાબ અને તિરસ્કારજનક હોય છે વગેરે અનેક વિષયોનું આલેખન અસરકારક ભાષામાં કરવામાં આવ્યું છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૦૦, પાકું રૂપેરી બાઇન્ડીંગ છતાં કિમ્મત માત્ર રૂ. ૧-૪-૦

મૃગલોચની અથવા માયાપ્રાબલ્ય

આ નવલકથા વાર્તાપ્રિય વાંચકોને એક વખત વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ. શુદ્ધ સ્નેહનું સ્વરૂપ સમજવું હોય, વફાદાર દોસ્તની દિલોજાન દોસ્તીનું દર્શન કરવું હોય, વેશધારીઓના કલ્પનામાં પણ ન ઉપજી શકે એવા અવનવા ચમત્કારોથી પરિચિત થવું હોય, વીરપુરુષોની વીરતા જોવી હોય તો આ નવલકથા અવશ્ય વાંચજો. પ્રેમિક પ્રેમિકાની વિયોગવ્યથાનો હૃદયવિદારક ચિતાર વાંચતાં તમે અશ્રુજળને અટકાવી શકશો નહિ.. પ્રેમ વિરહ, મિલન ચમત્કાર, કર્ત્તવ્યનિષ્ઠા, દેશદ્રોહ, દેશભક્તિ વગેરે સઘળું આ નવલકથામાં છે. આ નવલકથા વાંચતાં તમે આહાર નિદ્રા પણ ભૂલી જશો અને તમારા મુખમાંથી વારંવાર 'વાહ વાહ'ના જ ઉદ્દગાર નીકળશે. આ નવલકથાની લોકપ્રિયતા અને રસિકતા માટે એટલું જ કહેવું બસ છે કે, ઉર્દુ, હિંદી, નેપાલી, અંગ્રેજી આદિ દેશી વિદેશી ભાષાઓમાં આ નવલકથાની અત્યાર સુધીમાં લાખો નકલો વેચાઈ ગઈ છે અને હજી વેચાય છે. આજે જ મંગાવો. મૂલ્ય માત્ર રૂ. ૧—૪—૦

રણઘેલા રજપૂતો યાને **સતીઓનું શૂરાતન** ભાગ ૧-૨. આ નવલકથા એટલી બધી રસિક અને ચિત્તાકર્ષક છે કે અલ્પકાળમાં જ તેની પ્રથમાવૃત્તિ ઘણી ખરી નકલો ખપી ગઇ છે. જે રણઘેલા રજપૂતોએ જનની જન્મભૂમિની સ્વતંત્રતાને માટે યુદ્ધક્ષેત્રમાં પોતાનાં જીવન સમર્પણ કર્યાં હતાં, જે સતી સાધ્વી રજપૂતાણીઓએ યુદ્ધ કરી અપૂર્વ શૂરાતન પ્રદર્શિત કર્યું હતું એ સઘળો ચિતાર આ નવલકથામાં આપવામાં આવ્યો છે. વીર લૂંટારાની અદ્‌ભુત શક્તિ, વિરહવેદના, આદર્શ પતિપ્રેમ, યવનોની વિલાસપ્રિયતા વગેરેથી ભરપૂર. આ નવલકથાની લોકપ્રિયતા જોઇ આજ નામની બીજી એક નવલકથા બ્હાર પડી છે માટે '**સતીઓનું શૂરાતન**' નામ નામ વાંચી ઑર્ડર લખજો. બન્ને ભાગનું પાકું સોનેરી પૂઠું છતા બન્ને ભાગની કિં. રૂ. ૩—૦—૦

અકબર રાજ્ય રહસ્ય (ભાગ ૧-૨.) અકબર બાદશાહના રાજત્વકાળ સમયે બનેલી એક મર્મભેદક ઘટના, શાહજાદા સેલિમની વિલાસપ્રિયતા, નશીબનબીબીની સાહસિકતા, મહારાજ બિરબલ તેમજ જહાન્દારખાનના શિરપર આવેલાં પ્રાણહારક સંકટો, આગ્રાના આરામમંજીલનો અદ્‌ભુત ઇતિહાસ, અકબરશાહનો રંગમહેલ, મહેરઉન્નિસાનો મોહ, અદ્‌ભુત ભૈરવી, ઇસ્કાન્દાર અને સેલિમા તથા સિકન્દર અને સેરિનાનો અપૂર્વ પ્રેમ એ વગેરે વાંચતાં તમે તલ્લીન બની ગયા સિવાય રહેશો નહિ. બન્ને ભાગનું પાકું રૂપેરી પૂઠું. **સચિત્ર.** પૃષ્ઠ સંખ્યા ૬૫૦ મૂલ્ય માત્ર રૂ. ૨-૮-૦

સમાજ સ્વ. સાક્ષર રમેશચંદ્રદત્તકૃત—સંસારનો આબે-હુબ ચિતાર, વૃદ્ધનો વરઘોડો, જુલ્મી જમીનદારનો જુલ્મ, પંડિત રમાનાથનું રહસ્ય, ખૂની કેસ, શરચ્ચંદ્રની પરોપકારિતા, તેમજ વિદ્યાપ્રીતિં, ગામડાનું ગૅઝેટ યાને સ્ત્રીમંડળમાં ચાલતી ચર્ચા વગેરે બનાવોથી ભરપૂર. આ નવલકથાની ઉત્તમતા માટે માત્ર એટલું જ લખવું બસ થઈ પડશે કે નામદાર ગાયકવાડ સરકારના દેશી કેળવણી ખાતાઓમાં આ નવલકથા ઇનામ **લાયબ્રેરી માટે મંજૂર થઇ છે.** પૃષ્ઠ સંખ્યા ૨૬૦ છતાં કિંમત માત્ર બાર આના.

ગુલશાના—**ઐતિહાસિક પ્રેમકથા.** અકબર બાદશાહના સમયની એક મર્મભેદક રહસ્યપૂર્ણ ઘટનાને આધારે આ નવલકથા લખવામાં આવી છે, અકબરશાહની ઉદારતા, દીવાના ઇસ્કાન્દારનું ભાગ્યચક્ર, વીર સોહાણીનું શોચનીય અકાળ મૃત્યુ, કુલસમની પ્રમાણિકતા, શેખજીનો ભ્રમ, બહાદુર રમણી ગુલસાનાનો અપૂર્વ પતિપ્રેમ, મહાત્મા શાહજલાલની શીષ્યપ્રીતિ. રાજકુમારી રૂબિયાનું મરણ પામ્યા પછી સજીવન થવું વગેરે ભેદ ભરેલા બનાવોથી ભરપૂર. એક વખત વાંચવા લીધા પછી હાથમાંથી પડતી મૂકવાનું મન થશે નહિ. વીર, શૃંગાર, કરૂણા તેમજ હાસ્યરસથી ભરપૂર. સુંદર સફેદ ચીકણા ગ્લેજ કાંગળ, મનહર છપાઈ લાયબ્રેરીને શોભાવે એવું **સોનેરી પાકું પૂંઠું** છતાં કિંમત માત્ર રૂ. ૧—૦—૦.

રા. રા. ઠક્કુર નારાયણ વિસનજીકૃત નવલકથાઓ.

રમણી કે રાક્ષસી?—અબળા જ્યારે મદનના મદથી ઉન્મત્ત બની જાય છે, તે વખતે પોતાના વિકારની તૃપ્તિ માટે તે તે કેવાં કેવાં ભયાનક કૃત્યો અને અશ્રુતપૂર્વ સાહસો કરે છે અને તે એટલી હદ સુધી કે કોઇ મહા નીચ અને અત્યંત ઘાતકી પુરુષને પણ તેના સમક્ષ લજ્જાથી માથું નીચું નમાવવું પડે, એનું આ નવલકથામાં આબેહુબ ચિત્ર આલેખાયલું છે. સત્યપ્રેમી જનોના શિરપર એક પછી એક આવતાં અનેક સંકટો, કામીજનોના વિવિધ પ્રકારકા છળપ્રપંચ, નીચ નારીઓની કુટિલતા, કામી પુરુષોની પરવશતા, અને સંસારની વિલક્ષણતા આદિ વિષયો આ નવલકથામાં સરળતાથી વર્ણવાયા છે. ઉત્તમ કાગળ, ઉત્તમ છપાઇ; કપડાનું સોનેરી નામવાળું સુંદર પૂઠું કિમ્મત રૂ. ૧–૮–૦.

આજકાલનું હિન્દુસ્તાન અથવા પ્રાણહારક મૃગજળ—ચાલુ સમયમાં ચાલતા નીંદ્ય સુધારા, ગાડી વાડીના વૈભવ ખાતર ગમે તેવા શ્રીમંત પતિ મેળવવાની લાલસા, શ્રીમંતોના મૃત્યુ સમયે થતા વીલના સ્વપ્ને ન આવે તેવા બનાવ, આદિ સાંસારિક ઘટનાઓનો વાંચવાથી જ ખ્યાલ થશે. આ સાંસારિક નવલકથા એવી અપૂર્વ લખાયેલી છે કે એકવાર વાંચવા લીધા પછી તે પૂર્ણ કર્યા વગર ચેન પડશે

નહિ. સુંદર ફોટોગ્રાફનાં ચાર ચિત્રો, પાકું સોનેરી પૂઠું, ગ્લેજ ઉંચા કાગળ, કિમ્મત રૂ. ૧—૮—૦

ભયંકર ભદ્ર અથવા કેવળ ૨૪ વર્ષના ક્ષણભંગુર સંસાર માટે!—આ સંસારના ક્ષણભંગુર ભોગવિલાસની લાલસાથી મહત્વાકાંક્ષાના પ્રવાહમાં તણાઇને ક્ષુદ્ર માનવી પિશાચના દાસત્વને સ્વીકારીને આ જગતમાં કેવાં કમકમાટી ઉપજાવનારાં કુકૃત્યો કરે છે અને જ્યારે પિશાચની નરકગર્તામાં પડવાનો પ્રસંગ તેમનાં નેત્રો સમક્ષ આવીને ઉભો રહે છે તે વેળાએ તેમની કેવી દયાજનક દુર્દશા થઈ જાય છે, એતું જો તાદસ્ય શાબ્દિક ચિત્ર જોવું હોય, તો તે કેવળ આ અદ્ભુત નવલકથામાં જ દેખાશે. આ નવલકથાનો મૂળ લેખક રૈનોલ્ડ્જ છે અને અનુવાદક ઠક્કુર નારાયણ છે એટલે ગ્રંથની અધિક પ્રશંસા કરવાની આવશ્યક્તા રહેતી જ નથી. લગભગ ૩૦૦ પૃષ્ઠના સોનેરી નામ તથા સુંદર બાઇન્ડીંગના **સચિત્ર** પુસ્તકની કિમ્મત માત્ર રૂ. ૨), પોષ્ટેજ અને વી. પી. ખર્ચ જૂદું.

રા. રા. ચુનીલાલ વર્દ્ધમાન શાહકૃત નવલકથાઓ.

લતા અને લલિતા ભાગ ૧-૨-૩-૪—સંસારની વિલક્ષણ ઘટમાળ દર્શાવનારી, અને લતા તથા લલિતા નામની બે બ્હેનો પોતાના જૂદા જૂદા પ્રકારના સ્વભાવને લીધે કેવાં સુખદુઃખમાંથી પસાર થાય છે તે દર્શાવનારી અને પ્રત્યેક લાયબ્રેરીમાં

અગત્યના પુસ્તક તરીકે માન પામેલી આ સાંસારિક વાર્તા દરેક ગુજરાતી ભાષા જાણનારે વાંચવી જોઇએ. દરેક ભાગનાં લગભગ ૨૦૦ પૃષ્ઠ અને દરેકમાં ચાર ફોટોગ્રાફિક સુંદર ચિત્રો. દરેક ભાગનું મૂલ્ય માત્ર રૂ. ૧.

પિશાચમંદિર– રેનોલ્ડ્ઝના ઍાન્ડઝ સ્ટેચ્યુ પુસ્તકના આધારે આ નવલકથા લખવામાં આવી છે. આમાં ચમત્કારિક ભેદભરમો એવા હૃદયદ્રાવક અને આકર્ષક આપેલા છે કે એકવાર વાંચવા લીધા પછી તે સંપૂર્ણ વાંચ્યા શિવાય મૂકાતું નથી; એટલું જ નહિ પણ આ પુસ્તક પહેલી જ વાર વાંચતાં પાત્રો પ્રત્યે જે ભાવ ઉત્પન્ન થાય છે તે જ ભાવ બીજીવાર વાંચતાં ઘણો સ્પષ્ટ થતો હોવાથી જે સંવાદો અરસપરસ થાય છે તે એવા આકર્ષક જણાય છે કે તે વાંચવાથી અત્યાનંદ થાય છે અને તેટલા જ માટે તેના મૂળ લેખક આ પુસ્તકને બે વાર વાંચવાની ખાસ ભલામણ કરે છે. પુસ્તકમા સુંદર આકર્ષક ફોટો ઝીન્કોનાં પાંચ ચિત્રો આપેલાં છે. આજે જ મંગાવી ખાત્રી કરો. પાકું પૂઠું. મ્હોટી સાઇઝનાં લગભગ ૨૫૦ પૃષ્ઠ છતાં કિં. રૂપિયા બે.

ભાગ્યચક્રનો મહામંત્ર—પ્રેમિક યુગલને વિલક્ષણ ભાગ્યચક્રથી કેવાં ભયંકર સંકટો સહન કરવાં પડે છે, ખુનીને પકડવા માટે કાર્યદક્ષ ડિટેક્ટિવ કેવો પ્રશંસનીય પરિશ્રમ કરે છે, એક સતી સ્ત્રી ઇચ્છિત પતિની પ્રાપ્તિ નહિ થયેલી હોવા છતાં પોતાની વૈધવ્ય સ્થિતિમાં પણ બ્રહ્મચર્યનું પાલન કરી સ્વધર્મ ઉપર કેવી દઢ રહે છે, અને સ્વજીવનનું કર્તવ્ય બજાવી કેવું પરમ કલ્યાણ સાધે છે, આદિ અનેક રસિક વિષયોથી ભરપૂર. આ

વાર્તા 'પ્રજાબંધુ'માં છપાઈ હતી ત્યારે ઘણી પ્રશંસા પામી હતી. પૃષ્ઠ સંખ્યા લગભગ ૪૦૦ સચિત્ર મૂલ્ય રૂ. ૧—૮—૦

કાશ્મીર અને કેસરી—હિન્દુસ્તાનના નેપોલીયન રણજીતસિંહ તથા અફઘાનોની ઝપાઝપીનું હૃદયભેદક વર્ણન. એક મુસલમાન અબળાના પવિત્ર વિચાર વાંચી મનન યોગ્ય છે. ઉંચા કાગળ, પાકું પુઠું છતાં કિં. રૂ. ૧.

રા. ત્ર્યંબકલાલ જી. જોશીકૃત નવલકથાઓ.

મુરાદેવી અથવા **મૌર્યવંશના અભ્યુદયનો આરંભ**—આ પુસ્તકમાં મગધ દેશના રાજકર્ત્તાઓનો સંપૂર્ણ હેવાલ આપવા ઉપરાંત નંદવંશનો નાશ કરીને મહાબુદ્ધિવાન્ અને કૌટિલ્યવિદ્યાવિશારદ ચાણક્યદેવે મૌર્યવંશની સ્થાપના શી રીતે કરી, ચંદ્રગુપ્તને રાજ્યાધિકાર અપાવવા માટે મલયપુરની રાજનંદિની મંદાકિનીએ કેવા કેવા યત્નો કર્યા હતા, મહારાણી મુરાદેવીના કંકણની ચોરી થતાં રાજા ધનનંદની કેવી વિચિત્ર સ્થિતિ થઈ હતી, મિત્રધર્મ બજાવવા માટે પહાડી રાજા સમરકેતુએ કેવી દક્ષતા દર્શાવી હતી આદિ સર્વ ઘટનાઓ વાંચતાં ભારતના પૂર્વ ઇતિહાસનું તેમજ નૈતિક સિદ્ધાંતોનું સારું જ્ઞાન મળી શકે તેમ છે. કાગળ ગ્લેજ ઉંચા, પાકું રૂપેરી નામનું પૂઠું છતાં કિંમત રૂ. ૨).

કલન્દરની કટાર અથવા **સંસાર ખાંડાની ધાર.** આ પુસ્તકમાં અનેક નવીન વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોમળ હૃદયની કામિનીઓ પ્રેમને માટે કેટલા

બધાં સાહસો વેઠીને, જીવનનું બલિદાન આપવાની તૈયારી કરીને તે અન્ય પુરુષના પ્રેમને સંપાદન કરે છે તે વાંચતાં ગાત્ર શિથિલ થઇ જાય છે. તે ઉપરાંત મહાત્માઓના ચમત્કાર, પિશાચોની પાપલીલા, પાપીનો ભયંકર જુલ્મ, જાસૂસોની બહાદુરી, શયતાની ચક્કર, ભોંયરામાંનાં ભેદ ભરેલાં કુકર્મો, છુપી કટારીનું પરાક્રમ આદિ સર્વ વિષયો વાંચતાં આ સંસાર એ ખાંડાની ધાર જ છે. એવો સર્વને ભાસ થયા વિના રહેશે નહિ. પૃષ્ઠ ૩૬૦ પાકું પૂઠું મૂલ્ય રૂ. ૨—૦—૦

બાગે શયતાન અથવા **તલવારનું તૂફાન**—આ એક ડિટેક્ટીવ નવલકથા છે. ડિટેક્ટીવ રામપાલસિંહની અજાયબી ભરેલી ચાલાકી, ભયંકર ખૂનરેજી, કાપાકાપી વગેરે હૃદયદ્રાવક બનાવો એક પછી એક એવા આવ્યા છે કે તે વાંચતાં હૃદય કંપી જાય છે. ગુપ્ત ચાલાકી ભરેલા દાવમાંથી અને છુપા ભેદભરમોથી આ પુસ્તક સંપૂર્ણ ભરેલું છે. કાગળ ગ્લેજ ઉંચા પાકું પૂઠું છતાં કિં. રૂ.૨

કમળાદેવી આ ઐતિહાસિક નવલકથામાં વીર, કરુણા, શૃંગાર આદિ રસનો મહાસાગર છે. માતૃભૂમિનું ગૌરવ, રણશૂરા રજપૂતોની સ્વદેશભક્તિ અને આત્મત્યાગનાં જ્વલંત ઉદાહરણ, વિશુદ્ધ સ્નેહ તેમજ સંયોગ વિયોગના હૃદયભેદક, ચિત્તાકર્ષક અને રસમય પ્રસંગોથી ભરપૂર, સુંદર સફેદ ગ્લેજ કાગળ ૪૦૦ પૃષ્ઠ પાકું સોનેરી પૂઠું છતાં કિમ્મત માત્ર રૂ. ૧—૮—૦

સંતપ્ત શયતાન અથવા **કામાંધનાં કાળાં કામ**—કામાંધ મનુષ્યો આ જગતમાં કેવાં ભીષણ અને કુટિલ કાર્યો કરી જગતને બાહ્યાડંબરથી ઠગી ધર્મના નામે અધર્મનો

આશ્રય સ્વીકારે છે, કહેવાતા શાન્તિરક્ષકોનું જીવન કેવું તિરસ્કારપાત્ર હોય છે, લક્ષ્મીલોભ ઉત્પન્ન થતાં જગતમાં પાપાચારી મનુષ્યો કેવાં કમકમાટી ઉપજાવે એવાં પાપકાર્યો કરે છે, સતીની પતિવ્રતપરાયણતા, વિશુદ્ધ સ્નેહ આદિ અનેકવિધ બોધક, રસિક અને ચિત્તાકર્ષક ઘટનાઓનું આ નવલકથામાં સુંદર ચિત્ર અંકિત થએલું છે. પૃષ્ઠ સંખ્ય લગભગ ૫૦૦, લાયબ્રેરીને શોભાવે એવું પાકું સોનેરી પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૨—૮—૦

રાક્ષસોની રતિક્રીડા અથવા **પીશાચોની પાપલીલા.** સતી સ્ત્રીઓ પોતાના અમૂલ્ય શીયળધનનું અનેક સંકટો આવી પડવા છતાં કેવી રીતે સંરક્ષણ કરે છે, સ્વાર્થાંધ મનુષ્યો સ્વાર્થસિદ્ધિને માટે કેવો અનાચાર ચલાવે છે, માયાવિની માનીનીના ભેદ કેવા ભયંકર હોય છે, તથા તિલસ્માતોથી કેવા અવનવા ચમત્કારો બની શકે છે એ વગેરે વિષયો વાંચતાં રસના સાગરમાં જાણે કે સ્નાન કરતા હોઇએ એવો જ ભાસ થાય તેમ છે. પૃષ્ઠ સંખ્યા ૩૨૫, લાયબ્રેરીને શોભાવે એવું મનહર પાકું રૂપેરી પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧—૮—૦

ચતુર જાપાની **(વર્તમાન કાલોપયોગી રાજનૈતિક નવલકથા)** જાપાને વર્ત્તમાન સમયમાં શીશી ઉન્નતિ કરી છે અને તેનું ખરૂં કારણ શું છે તે દર્શાવવા ઉપરાંત આ નવલકથામાં જાપાનના પ્રિન્સે લંડન શહેરના ભર્યા બઝારમાં તથા ચાલતી સ્પેશીયલમાં અમેરિકાના એલચીઓ તરફ આવતાં જાસૂસોના ભેદી ખૂન કર્યાં તથા તેનો પત્તો છેવટ સુધી શા કારણથી ન મળ્યો; યૂરોપની રાજનીતિ જોવામાં તેણે કેવી કેવી દક્ષતા દર્શાવી

હતી આદિ સર્વ વિષયો આ નવલકથામાં આપવામાં આવ્યા છે. પૃષ્ઠ ૩૦૦ પાકું પૂઠું રૂપેરી નામ અને મૂલ્ય ૨-૦-૦.

સંસારસંગ્રામ (સંસારિક નવલકથા) સોના જેવા સંસારને ધૂળમાં મેળવી દેનાર પિશાચિની પ્રમદાઓ કેવાં કેવાં કારસ્થાન અને કાળાં કામ કરે છે, ધર્મપરાયણા સાધ્વી સતીઓ સંકટના પહાડો તૂટી પડવા છતાં કેવી અડગ અને અચલ રીતે પતિભક્તિમાં લીન રહે છે, સ્વાર્થ સાધુ સગાંવ્હાલાંઓ પોતાના સ્વાર્થને પૂર્ણ કરવા માટે કેવી કેવી દગાબાજીઓ રચે છે, કામાંધ જનો પોતાની કામતૃષ્ણાને પૂર્ણ કરવાના ઉદ્દેશથી સતી સાધ્વી લલનાઓને કેટલી બધી પીડિત બનાવે છે. આદિ સર્વ વિષયો આ નવલકથામાં દર્શાવવામાં આવ્યા છે. પૃષ્ટ ૩૫૦ પાકું પૂઠું. મૂલ્ય રૂ. ૧-૮-૦

ભવાનીનો ભોગ અથવા રાજપૂતોનો રણોન્માદ!

આ એક ઐતિહાસિક નવલકથા છે. વીર શૃંગાર અને કરુણારસથી ભરપૂર છે. પ્રેમની પ્રાતસ્પર્ધામાં બે વીર બાળકો પોતાના પ્રાણની આહુતિ આપવાને પણ તૈયાર થઇ જાય છે. તે ઉપરાંત શૂરા રાજપૂતો પોતાની વીરતાનો પરિચય આપી તલવારના યુદ્ધથી લોહીની નદીઓ વહેવડાવે છે. નિષ્ઠુર હૃદયનો કાકો પોતાના ભત્રીજાનું રાજપાટ છીનવી લઇને તેને માગતો ભીખારી બનાવી દે છે, તેમ છતાં પણ તે પાપાત્માની વૃત્તિ તૃપ્ત ન થવાથી અનેક પ્રકારનાં કારસ્થાનો રચાવી તેને બહુજ હેરાન કરે છે. પવિત્રહૃદયા રાજપૂત બાળાઓ વીરતાને જ વરનારી હોય છે, પણ રૂપમાં મોહાંધ નથી થતી આદિ સર્વ બ-

નાવો વાંચતાં પૂર્વ સમયના રાજપૂતોના ગૌરવનું સ્મરણુ થઈ આવે છે અને આંખોમાંથી ચોધારાં આંસૂ વહેવા માંડે છે. પૃષ્ઠ ૩૫૦ પાકું રૂપેરી પૂઠું. છતાં મૂલ્ય ૨–૦–૦

રત્ન કંકણુ અથવા **દશલાખનો દલ્લો** સુપ્રસિદ્ધ 'મિલિયન ડૅાલર મિસ્ટરી' અથવા દશલાખનો દલ્લો નામક વસ્તુ ઉપરથી આ નવલકથા રા. **દલપતરામ ભાઇશંકર રાવળે** લખીછે. લક્ષ્મીના લોભથી લુચ્ચાં માણુસો આ જગતમાં નિર્દોષ મનુષ્યો ઉપર પણુ કેવો હૃદયભેદક જુલ્મ ગુજારે છે, ભાગ્યચક્રના અદ્દભુત ચક્રના પરિણામે નિર્દોષ માણુસને પણુ કેટલું બધું દુઃખ સહન કરવું પડે છે, એક અબળા પણુ દ્રવ્ય લોભની લાલસાથી પ્રબળા બની કેવાં રોમાંચ ઉપજાવે એવાં કારસ્થાનો કરે છે, શુદ્ધ સ્નેહનું સ્વરૂપ કેવું હોય છે, ધર્મનો જય અને પાપીઓનો પરાજય કેવી રીતે થાય છે આદિ અનેકવિધ વિષયોનું શાબ્દિક ચિત્ર જોવું હોય, તો આ નવલકથા અવશ્ય વાંચો. ઉંચા ગ્લેજ કાગળ, પાકું રૂપેરી નામનું પુઠું. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૨૫. છતાં કિમ્મત માત્ર રૂ. ૨–૦–૦

ખૂન કે જાદૂ ? આ ડિટેક્ટીવ નવલકથા એટલી અદ્દભૂત છે કે વાંચક તેના પ્રવાહમાં ખેંચાતાં સમજી શકશે નહિ કે પોતે જે બનાવ વાંચે છે તે ખરેખરો બનાવ હશે કે જાદૂનો કોઈ પ્રયોગ હશે ? લગ્નને દિવસે જ એક કુમારિકા બાળા ગૂમ થાય છે અને તેની પથારી લોહી લોહાણુ થયેલી જોવામાં આવે છે. એ બનાવ ઘણો ભેદભર્યો હોઇને સંજીવચંદ્ર નામનો ડિટેક્ટીવ તેની પાછળ પડીને જીવના જોખમે જે તપાસ ચલાવે છે અને ગુન્હો કરનારાઓને શોધી કાઢે છે, તે વાંચતાં તમારાં રૂંવાટાં ઊભાં

મારી ભયંકર સંસારયાત્રા-અથવા એક નિ-રાધાર અબળા-**નો આર્ત્તનાદ!** આ સામાજિક નવલકથામાં સંસાર વ્યવહારમાં પ્રચલિત થઇ પડેલી કેટલાક વિષયોનું એવી શાસ્ત્રીય દૃષ્ટિથી અવલોકન કરવામાં આવ્યું છે કે, જેમાંથી ઘણું શીખવાનું મળી શકે તેમ છે. બાળવિધવાની હિન્દુ સમાજમાં કેવી શોચનીય સ્થિતિ છે, લગ્ન કોને કહેવાય છે, પુનર્લગ્નની ઉત્પત્તિ કેવી રીતે થઇ છે, જ્ઞાતિહિત કેવી રીતે સાધી શકાય તથા જ્ઞાતિના સડાઓને કેવી રીતે દૂર કરી શકાય છે આદિ અનેક ઉપયોગી વિષયોની ચર્ચા આ નવલકથામાં ઘણી રસિકતાથી કરેલી છે. પાકું રૂપેરી પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૨-૦-૦

સ્વર્ગમાં શયતાન-(પ્રયોજક, વ્રજલાલ જાદવજી ઠક્કર) ઉપરથી મહાત્મા જેવા દેખાતા અને સંસારમાં સાધુ લેખાતા; પરંતુ હૃદયમાં હળાહળ ભરી રહેલા પુરુષો પોતાના ઉપર ઉપકારો કરનારનું પણ કેવું ભયંકર અનિષ્ટ કરે છે, દ્રવ્યલોભથી કેટલીક વખત મનુષ્ય પિશાચનું સ્વરૂપ ધારણ કરી કેવાં પૈશાચિક અને રૂંવાં ખડાં કરે એવાં નિષ્ઠુર કાર્યો કરે છે, ખોટાં મૃત્યુપત્ર કેવી રીતે તૈયાર થાય છે વગેરે અનેક રસિક, ચમત્કારિક અને આકર્ષક ઘટનાઓથી ભરપૂર નવલકથા, **સ્વર્ગમાં શયતાન** અવશ્ય વાંચો. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ લગભગ ૨૦૦ મનહર છપાઇ, પાકું રૂપેરી લાયબ્રેરીને શોભાવે એવું આકર્ષક પૂઠું છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૪-૦.

મનોહારિણી માયા—(પ્રયોજક, વ્રજલાલ જાદવજી ઠક્કર) આ નવલકથાની વસ્તુસંકલના એટલી બધી રસિક, મનોરંજક અને કરુણાજનક છે કે એક વખત પુસ્તક વાંચવા માટે હાથમાં લીધા પછી પડતું

મૂકવાનું મન થશે નહિ. એક ત્રિભુવનમોહિની બાળિકાના પ્રેમના બે પ્રતિસ્પર્ધી યુવકો એક બીજાની વિરુદ્ધ કેવાં પ્રાણહારક ષડયંત્રો રચે છે, સંસારત્યાગી મહાત્માના અંતરમાં ક્વચિત્ સ્વાર્થનો સંચાર કેવી રીતે થાય છે, સરળ હૃદયની બાળિકા જીવસટોસટના પ્રસંગોમાં પણ પોતાના પ્રિયતમના પ્રણય પ્રતિ કેવી દૃઢ રહે છે, દુરાચારી અધમ મનુષ્યો પોતાની સત્તાનો દુરુપયોગ કરી અંતે કેવા પસ્તાય છે વગેરે આકર્ષણીય ઘટનાઓનું દર્શન કરવું હોય તો આ નવલકથા અવશ્ય વાંચો. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૦૦ પાકું રૂપેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૧—૮—૦ આજેજ મંગાવો.

રાજનૈતિક ષડયંત્ર અથવા મરૂભૂમિની મોહિની—(પ્રયોજક, વ્રજલાલ જાદવજી ઠક્કર.) રણશૂરા રાજપૂતોના ઇતિહાસને અનુસરીને આ નવલકથા લખવામાં આવી છે. કોટામાં જે સમયે જાલિમસિંહ મહારાવ કિશોરસિંહનો રાજપ્રતિનિધિ હતો તે સમયે તેણે પોતાનો અધિકાર વંશાનુક્રમિક ચાલૂ રાખવા માટે કેવા ભગીરથ પ્રયત્ન કર્યા હતા, સુચતુર અંગ્રેજોએ જાલિમસિંહ સાથે સ્નેહસંબંધ રાખી પોતાનું પ્રાબલ્ય કેવી રીતે પ્રતિષ્ઠિત કર્યું હતું, ઝાલોરરાજનન્દિની અલકાસુંદરીને મેળવવા માટે જસલમીરરાજનન્દન ગજસિંહે કેવાં ભયંકર અને સાહસિક કાર્યો કર્યાં હતાં, જાલિમસિંહનો પુત્ર ગરધનદાસ કેવી રીતે પોતાના પ્રણયપ્રતિસ્પર્ધીના હાથે અકાળે આલોકનો ત્યાગ કરી ગયો હતો, સ્વાધીનતા મેળવવા માટે કોટાના રાજકુમારોએ કેટલું બધું કષ્ટ ઉઠાવ્યું હતું આદિ અનેકવિધ મનોમુગ્ધકર, વિસ્મયકર અને ચિત્તહર ઘટનાઓથી આ નવલકથા પરિપૂર્ણ છે. મૂલ્ય રૂ. ૧—૪—૦ વી. પી. પોષ્ટેજ જૂદું.

તારાસુંદરી—આ એક ઐતિહાસિક નવલકથા છે. બાળાઓની ધાર્મિકતા તથા કઠોરમાં કઠોર સંજોગોમાં પણ તેમની પતિવ્રતના રક્ષણની કુશળતા જોવી હોય, આદર્શ સંન્યાસીઓના સંસારત્યાગનાં ઉજ્જવલ દૃષ્ટાંત જોવાં હોય, યોગની સાધનાનો પ્રભાવ, વીરતાનું ગૌરવ આદિ સર્વ જોવું હોય તો અદ્ભુત રસથી ભરેલી, વીર, શૃંગાર અને કરુણારસથી છલકાતી આ મનોહર નવલકથા જરૂર વાંચજો. પાકું પુંઠું ગ્લેજ કાગળ, કિંમત રૂ. ૨

ભેદી ખજાનો—ડિટેક્ટીવોની ચાલાકી, ભેદમાંથી ભેદ પકડી પાડવાની દિલને હેરત પમાડનારી બહાદુરી, ચોરોની ચતુરાઇ, અબળાઓની અજાયબી ભરેલી ભૂલથાપ ખવડાવનારી બાહોશી વાંચતાં દિલ કમકમી ઉઠે છે. ખૂનપર ખૂન, જાસુસપર જાસુસ અને ચોરના પણ ચોર એવા એટલા બધા ભેદી બનાવો આ પુસ્તકમાં આબેહુબ રીતે લખેલા છે કે, ખૂની કોણ છે? ચોર કોણ છે અને જાસુસ કોણ છે, એ આખર સુધી સમજાતું જ નથી. અરે એનો વિચાર પણ મનમાં આવી શકતો નથી. પાકું પૂઠું મૂલ્ય રૂ. ૧—૧૨—૦.

રાજા દેવીદાસ—જ્યારે સોનાનો બંગાળા કલંકની કાળાશથી મલિન થયો નહોતો, નિરાશા અને ગમગીનીથી જીર્ણ થયો નહોતો, તે વખતની આ વાર્તા લખવામાં આવી છે. હિન્દુઓ પોતાના ધર્મ માટે પુત્રના પ્રાણનું બળિદાન આપતા હતા, હલકી જાતિના લોકો પણ પોતાના માલિકના ભલાની ખાતર શરીરનું લોહી રેડતા હતા, તે બધું આ વાર્તામાં આબેહુબ દેખાડવામાં આવ્યું છે. પાકું રૂપેરી પૂઠું. પૃ૪ ૩૨૫ મૂલ્ય રૂ. ૨—૦—૦

લીધા પછી ખાવું પીવું ઉંઘવું વગેરે ભૂલી જશો. છતાં આ પુસ્તકની કીંમત રૂ. ૧—૧૨—૦ રાખવામાં આવી છે.

મધુ-માલતી અથવા વીસમીસદીનું વિશ્વ-દર્શન!

(લેખક:-વ્રજલાલ જાદવજી ઠક્કર.) આ સામાજિક સચિત્ર નવલકથામાં સામાજિક વિષયોનું ઘણું રસિક આલેખન કરેલું છે. સ્વતંત્રતા અને સુધારાના બાહ્યાડંબરથી એક બાળિકા સંસારમાં અધર્માચરણ આચરી કેવી સ્વેચ્છાચારી બની જાય છે, ધર્મશૂન્ય કેળવણીનું કેવું અનિષ્ટકારક પરિણામ આવે છે, એક સુશિક્ષિતા સ્વધર્મપરાયણા બાળિકા પોતાના સ્ત્રીજીવનની સાર્થકતા કેવી રીતે કરે છે, વીસમીસદીના અર્ધદગ્ધ યુવકો પ્રેમના બદલે માયાની જાળમાં ફસાઇ અંતે કેવા દુઃખી થાય છે વગેરે જ્ઞાનોત્તેજક અને બોધક વિષયોનું શાબ્દિક ચિત્ર આ ચિત્તરંજક નવલકથામાં આલેખવામાં આવ્યું છે. પૃષ્ઠ સંખ્યા ૨૫૦, મનહર છપાઇ, સોનેરી પાકું પુઠું છતાં કીંમત માત્ર રૂ. ૧—૮—૦.

ગેબીખૂન અથવા શયતાની ચક્કર.

ખૂન, મારામારી અને ભેદી મામલાઓથી ભરેલી આ નવલકથા વાંચવાથી રૂંવેરૂંવાં ઉભાં થઇ જાય છે. ખરો ખૂની કોણ છે અને ખૂનનો આરોપ કોનાપર આવી પડે છે, એનું પરિણામ કેવું વિકટ આવે છે, વગેરે એક પછી એક એવા ગેબી બનાવો બનતા જાય છે કે જેની આખર સુધી કોઇને કશી ખબર પણ પડતી નથી. છેવટે ચાલાક ડિટેકટીવ બધા મામલાઓની બરાબર તપાસ કરી ઘણી જ ખુબીની સાથે સઘળા ભેદો ફોડી ખરા

ખૂનીને પકડી કાઢે છે અને કોઇની કલ્પનામાં પણ ન આવે એવી અદ્દભુત બહાદુરી બતાવે છે. કિ. ૧-૧૨-૦

અઠંગ ઉઠાવગીર અથવા **તરકટી ટોળી.** અસંખ્ય ભેદ ભરમોથી ભરપૂર ડિટેકટીવ નવલકથા—ઉઠાવગીરોના અદ્દભુત અડ્ડા, તરકટી ટોળીનાં ભયંકર કારસ્થાન, ચાલાક ચોરોની તાલમબાજીઓ વગેરે એવા એવા બનાવો બન્યે જાય છે કે, ભલભલા જાસૂસો પણ ચક્કર ખાઇને સપડાઈ જાય છે. પ્રેમઘેલા પેમલાઓની કેવી બરબાદી થાય છે, ક્ષયતાનો પણ જાસૂસોના સપાટામાં સપડાવા છતાં કેવી થાપ આપી દે છે વગેરે એટલા બધા અજાયબી ભરેલા બનાવોથી આ વાર્ત્તા ભરેલી છે કે જેનો ખ્યાલ પણ કરાવી શકાતો નથી. હરેક ડિટેકટીવ વાર્ત્તાના શોખિનને અમે આ વાર્ત્તા વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. પાકું પુંઠું પૃષ્ઠ ૩૨૦ મુલ્ય ૧-૧૨-૦.

વસંત-વિજય યાને ચઢતી પડતીનાં ચમત્કારઃ જે દુરાચરણી રાજા મહારાજાઓની સ્વાર્થવૃત્તિથી, વિલાસપ્રિયતાથી અને એક બીજા પ્રત્યેના દ્વેષથી આ નંદનવન સમાન ભારતભૂમિની દુર્દશા થઈ છે તેવા એક નિષ્ઠુર હૃદયના નૃપતિનાં રાક્ષસી કુકર્મોનો અસરકારક ચિતાર આ નવલકથામાં આપેલો છે. તદુપરાંત સ્વદેશ પ્રત્યેના પ્રેમે વીર યોદ્ધાઓએ ધરણીને ધ્રુજાવી અપૂર્વ શૌર્ય દર્શાવી સર્વસ્વનું બળિદાન કેવી રીતે આપ્યું હતું વગેરે અનેક બોધક વિષયો સમાવવામાં આવ્યા છે. ગ્લેઝ કાગળો સાથે દળદાર પુસ્તક હોવા છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦ રાખ્યું છે.

કલ્યાણી અથવા હજાર વર્ષ પૂર્વેનું હિંદુસ્તાન—ગૌડ શહેર એક હજાર વર્ષ પહેલાં પોતાના ગૌરવની કેવી વિજયઘોષણા કરી રહ્યું હતું તથા તે નગરના રાજવંશીઓની કીર્તિ અને સત્તા કેટલી પ્રબળ હતી તેનું આબેહુબ વર્ણન આ નવલકથામાં આપવામાં આવ્યું છે. ગૌડ રાજ્યની તથા આખા ભારતની દુર્દશા થતી અટકાવવાને ગૌડ નગરના મહાન્ ચક્રવર્તી રાજા ધર્મપાલદેવની આદર્શ રાણી કલ્યાણીદેવીએ દેશના હિતને માટે પોતાના આત્માનો જે ભોગ આપ્યો છે, તે ઘટના વાંચતાં વાચકની આંખોમાંથી અશ્રુબિંદુઓ સરી પડે તેમ છે! પાકુ પુંઠુ કિં. ૨–૦–૦

અલાઉદ્દીનનો ઉદય—દિલ્હીના સુપ્રસિદ્ધ પાદશાહ અલાઉદ્દીન કપટથી પોતાના કાકા જલાલુદ્દીનને મારીને કેવી રીતે પાદશાહ થયો અને પાદશાહ થયા પછી જલાલુદ્દીનના બન્ને દીકરાની કેવી નિર્દયતાથી આંખો ફોડી નાંખી તેનું આબેહૂબ ચિત્ર આ નવલકથામાં આલેખાયલું છે. આર્ય સન્નારીઓના શિયળનું રક્ષણ કરવા માટે તે વખતના રાજપૂત રાજાઓ પોતાનો કેવો આત્મભોગ આપતા અને આર્યમહિલાઓ પણ પોતાના પાતિવ્રતનું રક્ષણ કરવા માટે કેવાં ભયંકર દુઃખો સહન કરતી હતી, તેનું વર્ણન આ નવલકથામાં કરવામાં આવ્યું છે. **પાંચ સુંદર ચિત્રો** પાકુ રૂપેરી પુઠું, કિ. રૂ. ૨–૦–૦.

મહાકાળીનું ખડ્ગ—પતિવ્રતા ભક્તિપ્રભાનો તેના સ્વામી પ્રત્યેનો અથાગ પ્રેમ, પતિપત્નીએ ઘોર અંધારી રાત્રે કાલિકા માતાનું દર્શન કરવા સ્મશાનમાં જવું, સ્મશાનમાં કાલિકા માતાની અદ્ભુત લીલા, માતાનું

ભયંકર સ્વરૂપ અને સ્મશાનનો દેખાવ છે. પદ્મસિંહનો વિચિત્ર સુર-તરંગ અને તે સુરતરંગમાં મૃગ અને મૃગલીનું મોહિત થઇ જવું, મદનપ્રભાની જાદુઇ શક્તિ અને તેમાં રહેલું ગુપ્ત રહસ્ય, વિક્રમસિંહનું પરાક્રમ અને તેની ઉદારતા, મહાકાળી માતાએ પ્રસન્ન થઇને આપેલું ખડ્ગ અને તેનો અદ્ભુત ચમત્કાર વગેરે બાબતો વાંચતાં વાચકની ઉત્સુકતા અત્યંત વૃદ્ધિ પામતી જાય છે. સુંદર પાકું પુંઠું. મૂલ્ય રૂ. ૨—૦—૦

નવદંપતીને શીખામણ—અજ્ઞાન, વહેમ ખરાબ સોબત, કુટેવો, વિવાહનો અતિયોગ, સ્ત્રીઓની આરોગ્ય સંબંધી અણસમજ, વાંઝીયાપણું, જુવાન વયમાં થતાં અનેક ભયંકર તથા ગુપ્ત દર્દો, ગર્ભસંચાર, પ્રસવ અને બાળકની માવજત સંબંધી અજ્ઞાનતા વગેરે કારણથી દુઃખી થતાં પતિપત્નીઓએ આ પુસ્તક પોતાના નિત્યના મિત્ર તરીકે સાથે રાખવું જોઇએ. તેમાંની માહિતી એટલી સ્પષ્ટ છે કે સ્ત્રીઓ પણ તે વાંચી શકે છે અને તેમાં જે ઉપચારો દર્શાવેલા છે તે એવા સરળ છે કે નાના ગામડામાં પણ કરી શકાય છે. ટુંકામાં દુઃખી ગૃહસંસારને સુખી બનાવવા અને શરીરને નિરોગી રાખવા માટે આ પુસ્તક પ્રત્યેક પરણેલા પુરુષ કે સ્ત્રી પાસે હોવું જોઇએ. ૫૦ પ્રકરણ, ૩૦૦ પૃષ્ઠ, પાકું પુંઠું મૂલ્ય માત્ર રૂ. ૧॥.

કમનસીબ લીલા—ફેશન આડંબરવાળી ઉચ્છૃંખલ સ્વેચ્છાચારિણી અબળા સાથે વિવાહ કરવાની પ્રાણહારક મહત્વાકાંક્ષા રાખનાર યુવકોની કેવી ખાનાખરાબી અને પાયમાલી થાય છે, પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે તેઓ કેવાં કમકમાટી ઉપજે એવાં કુટિલ કાર્યો કરે છે, સમજુ

યુવકોનું શું કર્તવ્ય છે, આદર્શ જીવન કેવું હોવું જોઇએ વગેરે અનેક સાંસારિક ઘટનાઓ તાદૃશ્ય દૃષ્ટિ સમક્ષ ઉભી જ હોય એવું વર્ણન આલેખવામાં આવ્યું છે. ચિત્તાકર્ષક વિષયોથી ભરપૂર. **ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો.** પાકું રૂપેરી પૂઠું; છતાં કિમ્મત માત્ર રૂ. ૧—૧૨—૦

કલંકિત કાઉન્ટેસ યાને ખૂની કોણ?—આ એક ઘણું જ અસરકારક ડિટેક્ટિવ નોવેલ છે. મેડમોઇઝેલ શાંડેઝેનો અચળ પ્રેમ, એના હૃદયની દૃઢતા, શૌર્ય, પ્રેમને માટે લક્ષ્મીને તુચ્છ ગણવાની દિવ્યવૃત્તિ, હૃદયની કોમળતા અને પ્રેમાળ હૃદયનું માધુર્ય અને ઘડીભર પ્રેમના રસપૂર્ણ હૉજમાં સ્નાન કરાવી બાળકો કાઉન્ટેસ કલોડયુઝની સુંદરતા, જેકસ પ્રતિનો મોહ, નિષ્ઠુરતા અને અંતે સ્ત્રીહૃદયની સાહજિક કોમલતા આદિ વિષયોથી પરિપૂર્ણ. પાકું પુંઠું કિમ્મત. રૂા. ૨.

કલંકિત કુમારિકા—આ નવલકથામાં એક શાપભ્રષ્ટ કુમારિકા જીવને જોખમમાં નાખીને પણ કેવાં પરોપકારી કાર્યો કરે છે, વંશાનુક્રમિક ઉતરી આવેલું શયતાની લાલ ચક્કર તેને કેવાં પ્રાણહારક સંકટોમાં ફસાવે છે, એ કુમારિકા ભલભલા પોલિસ ખાતાના અમલદારોને પણ ભૂલથાપ આપી અંતપર્યંત પોતાનું કેવી ચતુરાઇથી રક્ષણ કરે છે, રહસ્યભેદક લાલ ચક્કરનો ભેદ જાણવા માટે કેવી મહેનત ઉઠાવે છે વગેરે અસંખ્ય રસિક વિષયો છે. આનંદસહ ચતુરાઇ મેળવવી હોય તો આ ભેદભરેલી નવલકથા જરૂર વાંચો. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૨૦ પાકું રૂપેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૧૨-૦

કબીર કાવ્ય—આ પુસ્તક ફક્ત એકજ વાર વાંચવાથી તે વારંવાર વાંચવાનો પ્રેમ થાય એવો એમાં અદ્દભુત રસ છે. આમાં સામર્થ્યઅંગ, સ્મરણઅંગ, ચિતાવનીઅંગ, જીવનમૃતકઅંગ, કામઅંગ આદિ ૨૦ અંગ છે અને તે એકથી એક એવા અદ્દભુત છે કે તેનો ખરો ખ્યાલ વાંચવાથી જ થશે. સિવાય આમાં નીચે જણાવેલાં ત્રણ સુંદર ફોટોગ્રાફિક ચિત્રો આપેલાં છે (૧) કબીરને ગુરુની પ્રાપ્તિ (૨) કબીરના અદ્દભુત ચમત્કારથી કાજી સાહેબે ચિડાઇ જઇ બાદશાહ મારફત કબીર સાહેબને બોલાવી તેમને લોઢાની પેટીમાં પૂરી ઉપરથી મજબુત તાળું લગાડી તે પેટીને ઉંડા પાણીમાં ડુબાવી દેવી અને બીજી બાજૂએ કબીર સાહેબનું સમાધિ અવસ્થામાં પાણીપર તરવું (૩) કમાલના મૃતદેહને બાદશાહની સમક્ષ મુર્દે ઉઠ કુદરતકે કમાલસે એમ કહી સજીવન કરવું વગેરે ચિત્રોના દેખાવો ખાસ જોવા લાયક છે. સર્વ સાધારણોની સગવડ ખાતર આ પુસ્તક ગુજરાતી અક્ષરમાં છપાવ્યું છે. કાગળ ગ્લેજ ઊંચા, પાકા પુંઠા ઉપર કબીર સાહેબનો રૂપેરી વરખથી છાપેલો ફોટો, બાંધણી મજબુત હોવા છતાં કિંમત માત્ર રૂ. ૧।।।

પીનલકોડ (બીજી આવૃત્તિ)

કર્તાઃ—શ્રી૦ ચતુર્ભુજ માણેકશ્વર ભટ્ટ.

(ઈડર સ્ટેટના માજી જ્યુડીશીયલ સેક્રેટરી અને સેશન જજ.)

ફોજદારી ગુન્હાઓમાંથી આત્મરક્ષણ કરવા, મારામારી વગેરેથી બચવા, કેવા પ્રકારની મારામારી મહાવ્યથા ગણાય છે ? ગર્ભપાત, મનુષ્યહરણ, ગુલામી, વિશ્વાસઘાત, ચોરાયલી મિલકત લેવા બાબત, દગાઈ, ખોટાં બનાવટી ખતો, નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા, લગ્ન સંબંધીના ગુન્હા, ચલણી નોટો, ધમકી, આબરુ લેવા બાબત વગેરે દરેક બાબતો સંબંધીની કલમો તથા તેના વિસ્તૃત અને માર્ગદર્શક ખુલાસા આપેલા છે. આ કાયદો તદ્દન નવો એટલે ઇ. સ. ૧૯૧૫ માંજ બહાર પડેલો છે. કાગળ ગ્લેજ ઉંચા, પાકું સોનેરી પૂઠું, છતાં આ મ્હોટા રામાયણ જેવડા ગ્રંથની કિમ્મત માત્ર રૂ. ૭-૦-૦ છે.

કોકશાસ્ત્ર:—આ અમૂલ્ય અદ્વિતિય ગ્રન્થ સર્વોપરી છે. એમાં ઘણાં જુનાં જુનાં પુસ્તકો શોધીને યુવાન સ્ત્રી પુરુષોને અતિ ઉપયોગી થઇ પડે એવા ગુપ્ત વિષયો-દવાઓ પ્રકટ થયાં છે. એમાં સ્ત્રી પુરુષની ચાર જાતિ, તેમનાં લક્ષણ, કામદેવનાં રહેવાનાં સ્થળ, ગુપ્ત આસનોમાં વર્ણન, સંયોગ માટે તીથી, વાર, નક્ષત્રનો વિચાર, અદ્ભુત વાજીકરણ, વશીકરણ પ્રયોગો, ગર્ભ રહેવાના ઉપાય, ગર્ભપાત-ગર્ભસ્ત્રાવની રામબાણ અનુભવસિદ્ધ દવાઓ, અનેક રોગો ઉપર ઉત્તમ ટુચકા, ઇચ્છાનુસાર પુત્રપુત્રી ઉત્પન્ન કરી શકાય એવા પ્રયોગો, પુરુષ અને સ્ત્રીનાં ગુપ્ત લક્ષણો, રજોદર્શન ફળ, રજસ્વળા કર્તવ્ય, પુત્રપુત્રી થવાના દિવસો, ગર્ભપરીક્ષા. યુવાવસ્થા, વીર્યપ્રભાવ, નપુંસકતા તેને માટે અનેક ઔષધો, ધાતુની નિર્બળતા, તેની દવાઓ,